સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 7
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ માઘ વદ-૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ ૯ થી ૧૫ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈડીએ અમદાવાદમાંથી ₹ ૧,૬૪૬ કરોડની ક્રીપ્ટો કરન્સી ઝડપી

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ છેતરામણી રોકાણ યોજના પરની તેની વ્યાપક મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે ૧,૬૪૬ કરોડ રૂપિયાનું ક્રિપ્ટો કરન્સીનું સૌથી મોટું કૌભાંડ પકડી પાડ્યું છે. આ યોજનામાં અનેક ડિપોઝિટરને સિક્યોરિટી ઈન્વેસ્ટમેન્ટના નામે ફસાવવામાં આવ્યા હતા.

કેન્દ્રીય તપાસ એજન્સીની અમદાવાદ ઓફિસે 'બિટકનેક્ટ લેન્ડિંગ પ્રોગ્રામ' વાટે સિક્યોરિટીને છેતરામણી રીતે અને રજિસ્ટ્રેશન વિના ઓફર કરવાના અને વેચવાના કેસમાં શનિવારે નવા દરોડા પાડ્યા હતા અને ૧૩.૫૦ લાખ રોકડા, એક એસયુવી અને અનેક ડિજિટલ ડિવાઈસીસ જપ્ત કર્યા હતા.

ઈડીએ અનેક ક્રિપ્ટો વોલેટ, આઈપી એડ્રેસ અને ટ્રાન્ઝેકશનની પેટર્નને શોધીને છેતરપિંડીથી ભેગી કરાયેલી સંપત્તી ક્યાં રખાઈ છે એ ડિજિટલ સ્ટોરેજ લોકેશન શોધી કાઢ્યું હતું. સર્ચ આપરેશન વડે આ સંપત્તીને જપ્ત કરીને ઈડીના કોલ્ડ વોલેટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. ઈડીએ અગાઉ આ કેસમાં ૪૮૯ કરોડ રૂપિયાની મિલકતને ટાંચ મારી હતી.

સુરત પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એવી એફઆઈઆર નોંધાવી હતી કે નવેમ્બર ૨૦૧૬થી જાન્યુઆરી ૨૦૧૮ વચ્ચે (નોટબંધી પછી) મોટું કૌભાંડ થયું હતું. આ એફઆઈઆરના આધારે ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ નોંધ્યો હતો.

એજન્સીએ તેના ટેક્નિકલ દૃષ્ટિએ સક્ષમ નિષ્ણાતોને અનેક ક્રિપ્ટો વેલેટમાં થયેલા ટ્રાન્ઝેકશનની સંકીર્ણ વેબ તપાસવાનું કહ્યું હતું. અભ્યાસમાં માલૂમ પડ્યું હતું કે ટ્રાન્ઝેકશનને સંતાડવા તે 'ડાર્ક (જુઓ પાનું ૨) ▶▶

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 77,760/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY ALL OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

## મહારાષ્ટ્રમાં લવ જેહાદ અને ધર્માંતરણ વિરુદ્ધ કાયદો બનાવવાની તૈયારી

મુંબઇ: મહારાષ્ટ્ર સરકાર લવ જેહાદ અને બળજબરીથી ધર્માંતરણ સામે કડક કાયદો બનાવવાની તૈયારી કરી રહી છે. ફડણવીસ સરકારે મહારાષ્ટ્ર રાજ્ય પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)ના નેતૃત્વ હેઠળ ૭ સભ્યોની સમિતિની રચના કરી છે. આ સમિતિ લવ જેહાદ અને બળજબરીથી ધર્માંતરણ સંબંધિત તમામ કાનૂની અને તકનીકી પાસાઓની ચર્ચા કર્યા બાદ એક અહેવાલ તૈયાર કરીને સરકારને સુપરત કરશે.

પ્રાપ્ત વિગતો અનુસાર મહારાષ્ટ્રમાં લવ જેહાદ અને બળજબરીથી ધર્માંતરણ રોકવા માટે કાયદો બનાવવામાં આવશે. આ માટે મહારાષ્ટ્ર સરકારે એક સમિતિની રચના કરી છે. રાજ્યના ડીજી આ સમિતિની અધ્યક્ષતા કરશે, તે ઉપરાંત તેમાં છ અન્ય સભ્યોનો પણ (જુઓ પાનું ૨) ▶▶

## છત્તીસગઢના દસે દસ નગર નિગમમાં કમળ ખીલ્યું, કૉંગ્રેસનાં સૂપડાં સાફ

રાયપુર : છત્તીસગઢના નગર નિગમની ચૂંટણીમાં ભાજપનો દબદબો રહ્યો હતો. પક્ષે દસે દસ નગરનિગમોના મેયરપદની ચૂંટણી જીતી લીધી હતી. સૌથી મોટી જીત રાયપુર નગર નિગમમાં મીનલ ચૌબેને મળી હતી. તેમણે ૧,૫૩,૦૦૦ મતથી જીત મેળવી હતી. કૉંગ્રેસનાં સૂપડાં સાફ થઈ ગયા છે. રાયપુરમાં ૧૫ વર્ષથી કૉંગ્રેસના મેયર હતા. કૉંગ્રસે આ ઉપરાંત દુર્ગ, રાજનાંદગાંવ, બિલાસપુર, જગદલપુર, અંબિકાપુર, રાયગઢ અને ચિરમિરીના નિગમ ચૂંટણી હારી ગઈ હતી. જનતાએ મુખ્ય પ્રધાન વિષ્ણુદેવ સાયના સુશાસનને સમર્થન આપ્યું (જુઓ પાનું ૨) ▶▶

## કેજરીવાલની મુસીબતમાં વધારો: 'શીશમહલ'ની જાહેર બાંધકામ વિભાગ તપાસ કરશે

નવી દિલ્હી : સેન્ટ્રલ વિજિલન્સ કમિશને સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (સીપીડબ્લ્યુડી)ને આદેશ આપ્યો હતો કે તે છ, ફ્લેગસ્ટાફ રોડ પર આવેલા બંગલાનું વિસ્તરણ કરવા સંપત્તિના એકીકરણ અને એની આંતરિક સજાવટમાં થયેલા ખર્ચની વિગતવાર તપાસ કરે. ભાજપે આ બંગલાને કથિત ભ્રષ્ટાચારને કારણે શીશમહલનું નામ આપ્યું હતું. અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્ય પ્રધાન તરીકે ૨૦૧૫થી ગયા વર્ષના ઓક્ટોબરના પ્રથમ અઠવાડિયા સુધી આમાં રહ્યા હતા.

આમ આદમી પાર્ટી કે તેના કન્વીનર કેજરીવાલ તરફથી કોઈ તત્કાળ પ્રતિસાદ મળ્યો નથી.

સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી)એ ભાજપના નેતા વિજેન્દર ગુપ્તાની અગાઉની બે ફરિયાદોની અને સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટના તથ્યાત્મક અહેવાલની નોંધ લઈને વિગતવાર તપાસનો આદેશ આપ્યો (જુઓ પાનું ૨) ▶▶

## મહાકુંભમાં જતા શ્રદ્ધાળુઓની બોલેરોની બસ સાથે ટક્કર: ૧૦નાં મૃત્યુ

લખનઊ: પ્રયાગરાજમાં હાલ કુંભમેળો ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં ૫૦ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ આસ્થાની ડૂબકી લગાવી ચૂક્યા છે. પ્રયાગરાજ જિલ્લામાં મોટી દુર્ઘટના બની હતી. જેમાં ૧૦ શ્રદ્ધાળુનાં મોત અને ૧૯ ઘાયલ થયા હતા. બનાવની માહિતી મળતાં જ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અને ઇજાગ્રસ્તોનો હૉસ્પિટલ ખસેડવાની કાર્યવાહી કરી હતી.

મળતી વિગત પ્રમાણે, મેઝામાં પ્રયાગરાજ-મિર્ઝાપુર હાઇવે પર શુક્રવારે મોડી રાત્રે અકસ્માત થયો હતો. જેમાં ૧૦ શ્રદ્ધાળુના મોત થયા હતા. શ્રદ્ધાળુઓ ભરેલી બોલેરો અને બસ સામ સામે ટકરાયા હતા. જેમાં બોલેરોમાં સવાર તમામ ૧૦ શ્રદ્ધાળુનાં મૃત્યુ થયા હતા. તમામ મૃતકો છત્તીસગઢના કોરબા જિલ્લાના રહેવાસી હતા. બોલેરોમાં સવાર ૧૦ શ્રદ્ધાળુ સંગમસ્નાન માટે મેળા વિસ્તારમાં (જુઓ પાનું ૨) ▶▶

KokilabenHospital KDAHMumbai
www.kokilabenhospital.com
Kokilaben Dhirubhai Ambani
hospital & medical research institute
Every Life Matters
સેન્ટર ફોર કાર્ડિયાક સાયન્સ લોન્ચ કરે છે
ભારતનો પ્રથમ
AI-સંચાલિત, ઇન્ટેલીજેન્ટ
ARTIS ICONO
કાર્ડિયાક કેથ લેબ
જેમાં
એકઝીમર લેસર સિસ્ટમ છે



તે હૃદયરોગ ચિકિત્સામાં ચોક્કસ ઇમેજિંગ લાવે છે, જેનાથી દર્દીઓના પરિણામોમાં સુધારો થાય છે.

'ક્લિયરસ્ટેન્ટ લાઈવ' ટેકનોલોજી દ્વારા કાર્ડિયાક સ્ટેન્ટિંગ પ્રક્રિયાઓ દરમિયાન અજોડ ચોકસાઈ પૂરી પાડવામાં આવે છે.

'સિંગો ડાયનાક્ટ કાર્ડિયાક' રીઅલ-ટાઇમ 3D ઇમેજિંગ દ્વારા સક્ષમ વાલ્વ ઇમ્પ્લાન્ટેશન પ્રક્રિયાઓ માટે સંપૂર્ણ વન-સ્ટોપ સોલ્યુશન છે.

એડવાન્સ્ડ ડોઝ રિડક્શન ટેકનોલોજી
70% સુધી ડોઝ ઘટાડા સાથે ઑપ્ટિમાઇઝ્ડ ઇમેજ કોન્ટ્રાસ્ટ માટે 'ઓપ્ટિક' ઇમેજિંગ ચેઇન

હાઈ રીઝોલ્યુશન ઇમેજિંગ સાથે અજોડ ચોકસાઈ
ઇમેજ ગુણવત્તા ઑપ્ટિમાઇઝેશન માટે 'સ્ટ્રક્ચર સ્કાઉટ' મટીરીયલ-વિશિષ્ટ એક્સ-રે ઇમેજિંગ તકનીક

દરેક પ્રક્રિયામાં સુગમ કાર્યપ્રવાહ
કેસ ફ્લો' ઇન્ટેલીજેન્ટ ટેકનોલોજી સમગ્ર વર્કફ્લોને સ્વચાલિત કરે છે, પ્રક્રિયા સમયને ઑપ્ટિમાઇઝ કરે છે

અમે ફક્ત આંતરરાષ્ટ્રીય માપદંડોને પૂર્ણ કરતા નથી
તેમનાથી સારા પરિણામો જાળવીએ છીએ!

| સૂચક | આંતરરાષ્ટ્રીય માપદંડો | અમારા પરિણામો |
|---|---|---|
| એકંદર મૃત્યુદર | 5-6% | 0.46 |
| લાન્ડ બાયપાસ માટે મૃત્યુદર | 2.50% | 0 |
| વાલ્વ સર્જરી માટે મૃત્યુદર | 3% | <1 |
| ઉચ્ચ જોખમ ધરાવતા કેસોમાં મૃત્યુદર | 8-10% | 1.38 |
| મ્યોકાર્ડિયલ ઇન્ફાર્ક્શન | 3-4% | <1 |

તમામ હૃદયરોગ સમસ્યાઓ માટે પસંદગીનું સ્થળ

EMERGENCY +91 22 4269 9999
APPOINTMENTS +91 22 4269 6969
Four Bungalows, Andheri (W), Mumbai 400 053
THE ONLY HOSPITAL IN MUMBAI HAVING FULL-TIME DOCTORS
AND ACCREDITED WITH JCI USA CAP USA NABL India NABH India

મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: f /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૬-૨-૨૦૨૫ થી તા. ૨૨-૨-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કુંભ રાશિમાં ભ્રમણ કરે છે.મંગળ મિથુન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. બુધ કુંભ રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગી ભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગી ભ્રમણ કરે છે.શુક્ર મીન રાશિમાં મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે.શનિ કુંભ રાશિમાં ભ્રમણ કરેછે.રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે.ચંદ્ર પ્રારંભે કન્યારાશિમાં રહે છે,તા.૧૭મીએ તુલા રાશિમાં,તા,૨૦મીએ વૃશ્ચિક રાશિમાં ,તા.૨૨મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં નાણાં રોકાણનાં નિર્ણયનો અમલ થઇ શકશે.નોકરી માટે તા.૧૭,૧૮,૨૦ શુભ જણાય છે. જૂનાં ઉઘરાણીનાં નાણાં વસૂલીનાં કામકાજ સફળ રહેશે.કારોબારની પ્રગતી જળવાઇ રહેશે. મહિલાઓનાં ધાર્મિક પ્રસંગો, તીર્થ પ્રવાસ સફળ બનશે.પડોશ સબંધમાં કાળજી દાખવવી જરૂરી છે. પરિવાર માટે જરુરી સાધન ખરીદશો. વિદ્યાર્થીઓનાં અધ્યયનનાં નિર્ણયો સફળ બની રહેશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે.નોકરી માટેનો નિર્ણય લઇ શકશો.મિત્રોમાં સંપ જળવાશે.અકારણ નાણાં ખર્ચ ટાળવા માટે સતર્ક રહેશો.મહિલાઓને પડોશ મિત્રો ઉપયોગી થશે.રાજકારણ, સામાજિક જીવનમાં યશ મેળવશો. સ્વાસ્થ્ય જળવાશે. નવા કામકાજ પ્રારંભી શકશો.વિદ્યાર્થીઓને અભ્યાસની સફળ તક સાંપડશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે.તા.૨૦,૨૧,૨૨ના નોકરીનાં કામકાજમાં યશ મેળવશો.કારોબારની વાટાઘાટો,મંત્રણાઓ સફળ બની રહેશે.નવાં આવકનાં સાધનો મેળવી શકશો. કાર્યક્ષેત્રે યશ મેળવશો. નાણાં વ્યવહાર જળવાશે.ગૃહિણીઓનાં પરિવારનાં જવાબદારીનાં કામકાજ સફળ બની રહેશે.સ્વાસ્થ્ય જળવાશે. અધ્યયનમાં વિદ્યાર્થીઓને નિયમિતતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપારમાં જન્મકુંડળીને આધારે નિર્ણયો લેવા જરુરી છે.નોકરી માટે પ્રવાસ શક્ય જણાય છે. તા.૧૬,૨૨નાં નિર્ણયો વેપાર નિર્ણયો સફળ રહેશે.નાનાં આવકનો સ્ત્રોત જળવાશે. વેપારની વાટાઘાટો સફળ બનશે.મહિલાઓનાં તીર્થ પ્રવાસ,પરિવારનાં પ્રસંગો સફળ બની રહેશે.આરોગ્ય જળવાશે.વિદ્યાર્થીઓનાં અભ્યાસનાં કામકાજ નિયમિત સફળ રહેશે. અભ્યાસનાં સાધનો મેળવી શકશો.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવાં રોકાણની તકો મેળવશો.નોકરી માટે સરળતા અનુભવશો.તા.૧૮,૧૯ સહ કાર્યકરોની સાથેની ગેરસમજણ દૂર થાય તેમ દર્શાવે છે.નવાં ભાગીદાર,ઉપયોગી વ્યક્તિની ખોજ સફળ બની રહેશે.નાણાં વ્યવસ્થા સફળ બની રહેશે. ગૃહિણીઓની જવાબદારીઓ સફળ બની રહેશે.મદદ્નીશ નોકર મેળવશો. અધ્યયનમાં વિદ્યાર્થીઓ નિયમિત રહેશે.અભ્યાસનાં સાધનો મેળવશો.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં જૂના રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરી માટે ૧૭, ૨૦, ૨૧,૨૨ શુભ પુરવાર થશે. જીવનસાથીનો સહયોગ કાર્યક્ષેત્રે મેળવશો.નાણાંનાં સાધનો વધુ પ્રબળ વિકાસ પામશે. ભાગીદારથી કાયદા કાનૂની સવાલોનો ઉકેલ આવશે. મહિલાઓનાં સામાજિક, કૌટુંબિક જવાબદારીનાં કામકાજ સફળતાથી સંપન્ન થશે. સ્વાસ્થ્ય જળવાશે.વિદ્યાર્થીઓને સંશોધનમાં સફળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનાં રોકાણ અને સાપ્તાહિક કામકાજ સફળ બની રહેશે. નોકરીમાં ૧૮,૧૯,૨૨ સફળતા દર્શક છે.કામકાજ માટેનો પ્રવાસ જણાય છે. સંતાન પરિવારનાં કામકાજમાં ઉપયોગી થશે. વેપાર ઉદ્યોગમાં નાણાંની જવાબદારીમાં સફળતા મેળવશો. મહિલોનાં હુન્નરલક્ષી કામકાજ સફળ બની રહેશે.નિયમિતતા અને કાર્યદક્ષતાના પૂર્ણ પણે ઉપયોગ કરી શકશો.વિદ્યાર્થીઓનાં વાંચન અભ્યાસ સફળ બની રહેશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક ,સાપ્તાહિક વેપાર અનુકૂળ બની રહેશે.નોકરીમાં મિત્રો તા.૧૬,૨૨ મીએ ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો.નોકરીનાં સ્થળની બદલી શક્ય છે.સ્વતંત્ર કારોબારની નાણાં આવક સફળ બની રહેશે.નાણાં પ્રાપ્તિનાં નવા સાધનો મેળવશો.મહિલાઓ પરિવાર માટે જરૂરી સાધનો, સવલતો મેળવશો. અધ્યનમાં વિદ્યાર્થીઓને યશસ્વી અનુભવ થશે. મુસાફરીમાં નવા પ્રકારનું જ્ઞાન મેળવશો.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં મિત્રોનું માર્ગદર્શન મેળવી શકશો.નોકરી માટે તા.૧૭,૧૮,૨૨ શુભ જણાય છે. સહકાર્યકરોમાં સંપ જણાશે.પરિવારમાં ભાઇ બહેનોનાં વ્યવહાર સુખદ જણાશે.ભાગીદાર સાથેનો વિવાદ દૂર થશે. આર્થિક જરૂરિયાતો પૂર્ણ થશે. મહિલાઓના પરિવારના કામકાજ પૂર્ણ થશે.અરોગ્ય જળવાશે. અધ્યયનમાં વિદયાર્થીઓ નિયમિત તા જાળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કામકજની પદ્ધતીનો પ્રારંભ કરી શકશો.તા.૧૭,૧૮,૨૦મીએ નોકરીની પરીક્ષામાં સફળતા મેળવશો. નોકરીમાં પ્રગતિ જળવાઈ રહેશે. ભાઇ બહેનો સાથેનાં વ્યવહાર સુખરૂપ બની રહેશે. પ્રવાસ સફળ રહેશે. મહિલાઓનાં ધાર્મિક કામકાજ, પ્રસંગો સુખદ બનશે. આરોગ્ય જળવાશે. દૈનિક વાચનમાં નિયમિત રહેશો.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં જૂના રોકાણમાંથી નાણાં મેળવી શકશો.નોકરી માટે પરિવર્તનો લાવી શકશો, અનુસરશો. નોકરી ક્ષેત્રે યશ મેળવશો. રાજકારણમાં યશ મેળવશો. કાર્યક્ષેત્રે મહાત્વાકાંક્ષા અનુસાર સફળતા મેળવશો. કારોબાર માટે જરૂરી સાધનો મેળવશો. નાનાં આવકનાં નવાં સાધનો મેળવશો.નાંણાં આવકનાં સાધનો મેળવશો.મહિલાઓનાં કામકાજ તા.૨૦,૨૧,૨૨ના સફળ બની રહેશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં સાપ્તાહિક, દૈનિક વેપાર લાભદાયી બની રહેશે.નોકરીમાં ઉપરી અધિકારી મદદે આવશે.તા.૨૦,૨૧,૨૨નાં નોકરીનાં કામકાજ પૂર્ણ કરવા માટે સફળ બનશો.વાહન, જરૂરી સાધનો મેળવી શકશો. નાણાં વ્યવહાર સંપન્ન થશે.રાજકારણમાં સાવધાની રાખવી જરૂરી છે. મહિલાઓનાં હુન્નરની પ્રવૃત્તિઓમાં પ્રગતિ જાળવી શકશો. પરિવારમાં યશ મેળવશો. વિદ્યાર્થીઓનાં અભ્યાસનાં કામકાજ નિયમિત અને પરિણામલક્ષી બની રહેશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર શિશિર ઋતુ, રવિવાર, તા. ૧૬-૨-૨૦૨૫, સંકષ્ટ ચતુર્થી નક્ષત્ર અને વારનો સૂર્ય પૂજાનો શ્રેષ્ઠ યોગ

ભારતીય દિનાંક ૨૭, માહે માઘ, શકે ૧૯૪૬
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ-૪
જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ-૪
પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૦ સુધી (તા. ૧૭) પછી ચિત્રા.
ચંદ્ર કન્યામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૫, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ બપોરે ક. ૧૪-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૨૬ (તા. ૧૭)
ઓટઃ સવારે ક. ૦૮-૧૫, રાત્રે ક. ૨૦-૦૯
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માઘ કૃષ્ણ - ચતુર્થી. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૪૮. શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ (ગોરેગાંવ-મુંબઈ), અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી ૨૮.૩૨, શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
મુહૂર્ત વિશેષઃ સંકષ્ટી વ્રત ઉપવાસ, ચંદ્ર દેવતા,ભગવાન સૂર્યનારાયણનું પૂજન,શ્રી વિષ્ણુલક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી ગણેશ અથર્વશીર્ષમ, શ્રીસુક્ત, પુરુસુક્ત અભિષેક, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, તુલસીપૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા,પરદેશનું પસ્તાનું,જુઈ વાવવી, નવાં વસ્ત્રો-આભૂષણ,મહેંદી લગાવવી, વિદ્યારંભ, હજામત, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, વાહન, નૌકા બાંધવી,પશુ લે-વેચ.
આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ આળસુ સ્વભાવ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ સહાનુભૂતિવાળા, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ કજિયાખોર
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ (તા. ૧૭)
ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-મિથુન, બુધ-કુંભ, માર્ગી ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૬-૨-૨૦૨૫ થી તા. ૨૨-૨-૨૦૨૫

રવિવાર, માઘ કૃષ્ણ-૪, વિ. સં. ૨૦૮૧, તા. ૧૬મી ફેબ્રુઆરી, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર હસ્ત મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૦ સુધી (તા. ૧૭) પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોય રાત્રે ક. ૨૧-૪૮. શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિર પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ (ગોરેગાંવ-મુંબઈ), અમૃતસિદ્ધિયોગ સૂર્યોદ્યથી ૨૮.૩૨. લગ્ન, સામાન્ય દિવસ.

સોમવાર, માઘ કૃષ્ણ-૫, તા. ૧૭મી નક્ષત્ર ચિત્રા. ચંદ્ર કન્યામાં સાંજે ક. ૧૮-૦૧ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી સંકલ્પસિદ્ધિ ગણેશ મંદિરમાં સહસ્ર ભોજન મહોત્સવ (ગોરેગાંવ-મુંબઈ). લગ્ન, વાસ્તુકળશ, સર્વદે પ્રતિષ્ઠા, ઉપનયન, શુભ દિવસ.

મંગળવાર, માઘ કૃષ્ણ-૬, તા. ૧૮મી, નક્ષત્ર ચિત્રા સવારે ક. ૦૭-૩૪ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ષષ્ઠી વૃદ્ધિતિથિ છે. સૂર્ય સાયન મીનમાં બપોરે ક. ૧૫-૩૮, સૌર વસંતઋતુ પ્રારંભ. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, માઘ કૃષ્ણ-૬, તા. ૧૯મી, નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૧૦-૩૯ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. પૂર્વેદ્યુઃ શ્રાદ્ધ, છત્રપતિ શિવાજી જયંતી (તારીખ પ્રમાણે), ભદ્રા સવારે ક. ૦૭-૩૨થી રાત્રે ક. ૨૦-૪૬. સૂર્ય શતતારામાં ૧૨-૨૭, વિંછુડો પ્રારંભ ૩૦-૪૯. લગ્ન, વાસ્તુકળશ, સર્વદે પ્રતિષ્ઠા. શુભ દિવસ.

ગુરુવાર, માઘ કૃષ્ણ-૭, તા. ૨૦મી, નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૩-૨૯ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૦૬-૪૯ સુધી પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, અષ્ટકા શ્રાદ્ધ, શ્રીનાથજીનો પાોત્સવ (નાથદ્વારા), ભારતીય ફાલ્ગુન માસારંભ, વિંછુડો. લગ્ન, ખાત મુહુર્ત, વાસ્તુકળશ, સર્વવદે પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શુક્રવાર, માઘ કૃષ્ણ-૮, તા. ૨૧મી, નક્ષત્ર અનુરાધા બપોરે ક. ૧૫-૫૩ સુધી પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. અન્વષ્ટકા શ્રાદ્ધ, જાનકી જન્મ, બુધ પશ્ચિમમાં ઉય થાય છે, વિંછુડો. લગ્ન, ખાતમૂહુર્ત, વાસ્તુકળશ, સર્વવદે પ્રતિષ્ઠા. શુભ દિવસ.

શનિવાર, માઘ કૃષ્ણ-૯, તા. ૨૨મી, નક્ષત્ર જયેષ્ઠા સાંજે ક. ૧૭-૩૯ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં સાંજે ક. ૧૭-૩૯ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. શ્રી રામાસ નવમી, વિંછુડો સમાપ્તિ સાંજે ક. ૧૭-૩૯, ભદ્રા પ્રારંભ ક. ૨૫-૪૨. લગ્ન, સામાન્ય દિવસ. ■

# ફરી મહાકુંભમાં લાગી આગઃ ઘણા તંબુ બળીને થયા રાખ

પ્રયાગરાજઃ પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ મેળામાં આગ લાગવાની ઘટના સામે આવી છે. મેળાના સેક્ટર ૧૮ અને ૧૯ વચ્ચે શનિવારે અનેક પંડાલોમાં આગ લાગી ગઈ હતી. ઘટનાની વિગતો મળતા જ ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર નિયંત્રણ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. જો કે ઘટનામાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

પ્રયાગરાજ મેળા વિસ્તારમાં લાગેલી આગની ઘટના અંગે ડીઆઈજી મહાકુંભ વૈભવ કૃષ્ણાએ જણાવ્યું હતું કે, આગ સંપૂર્ણપણે કાબૂમાં છે. સેક્ટર ૧૯માં કલ્પવાસીઓ દ્વારા ખાલી કરવામાં આવેલા કેટલાક જૂના તંબુઓમાં આગ લાગી હતી. કોઈ જાનહાનિ કે ઈજાના સમાચાર નથી.

આ પહેલા નવ ફેબ્રુઆરીએ મહાકુંભ મેળામાં પણ આગ લાગવાની ઘટના સામે આવી હતી. ત્યારે સેક્ટર ૧૮માં શંકરાચાર્ય માર્ગ પર સ્થિત એક પંડાલમાં આગ લાગી હતી. તે ઘટનામાં પણ ઘણા તંબુ બળીને રાખ થઈ ગયા હતા, પરંતુ સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. ફાયરબ્રિગેડે સમયસર આગ પર કાબૂ મેળવ્યો હતો.

મહાકુંભમાં આગ લાગવાની આ કોઈ પ્રથમ ઘટના નથી. આ પૂર્વે ૩૦ જાન્યુઆરીએ પણ સેક્ટર-૨૨માં આગ લાગી હતી, જેમાં ૧૫ તંબુ બળી ગયા હતા. આ ઉપરાંત, ૧૯ જાન્યુઆરીએ સેક્ટર-૧૯માં આગ લાગવાની બીજી ઘટના ઘટી હતી, જેમાં ૧૮ તંબુ બળીને રાખ થઈ ગયા હતા. જોકે આ બધી ઘટનાઓમાં ફાયરબ્રિગેડના કર્મચારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરી અને કોઈ પણ જાનહાનિ ટાળી દીધી. ■

# ટ્રમ્પ અને મસ્કે હજારો સરકારી કર્મચારીઓને છૂટા કર્યા

વોશિંગ્ટન ડીસીઃ બીજી વાર અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ ડોનલ્ડ ટ્રમ્પ એક પછી એક ચોંકાવનારા આદેશો પસાર કરીને સતત ચર્ચામાં રહે છે. એવામાં તેમને યુએસના લગભગ ૧૦ હજાર સરકારી કર્મચારીઓની હકાલપટ્ટી કરી છે. ડોનલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક સાથે મળીને એક જ દિવસમાં ૯૫૦૦ કર્મચારીઓને નોકરીમાંથી છૂટ્ટા કરવાનો નિર્ણય લેતા ખળભળાટ મચી ગયો છે. ફેડરલ લેન્ડથી માંડીને નિવૃત્ત સૈનિકોની સંભાળ રાખવાની જવાબદારી નિભાવી રહેલા કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા છે.

અહેવાલ મુજબ હોમ, એનર્જી, વેટરન્સ અફેર્સ, એગ્રીકલ્ચર, હેલ્થ સહિત અન્ય ઘણા વિભાગોમાં છટણી કરવામાં આવી છે. નોકરીમાંથી કાઢી મૂકવામાં આવેલા મોટાભાગના કર્મચારીઓ પ્રોબેશન પીરિયડ પર હતા. ઘણા કર્મચારીઓ એક વર્ષથી નોકરી પર પણ નહોતા. જ્યારે કેટલીક સરકારી એજન્સીઓ પણ બંધ કરી દેવામાં આવી છે, જેમાં કન્ઝ્યુમર ફાઇનાન્સિયલ પ્રોટેક્શન બ્યુરોનો સમાવેશ થાય છે.

રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે યુએસ સરકાર નાણાંનો વ્યય કરી રહી છે, સાથે જ દેવું પણ વધી રહ્યું છે. અમેરિકા પર લગભગ ૩૬ ટ્રિલિયનનું દેવું છે. ગયા વર્ષે રાજકોષીય ખાધ ૧.૮ ટ્રિલિયન ડોલર હતી. આવી સ્થિતિમાં, સરકારમાં સુધારાની જરૂર છે. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ઈલોન મસ્કને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્મેન્ટ એફિશિયન્સના વડા બનાવ્યા છે. આવી સ્થિતિમાં, કર્મચારીઓને લગતા નિર્ણયો ઈલોન મસ્કના હાથમાં છે. ■

# સીબીએસઇ ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષાઓ શરૂ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન(સીબીએસઇ)ની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ શનિવારથી શરૂ થઇ ગઇ છે. દેશ અને વિદેશમાં ૭,૮૦૦થી વધુ કેન્દ્રો પર ૪૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

બોર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર ધોરણ ૧૦મા કુલ ૨૪.૧૨ લાખ વિદ્યાર્થીઓ ૮૪ વિષયોમાં પરીક્ષા આપશે, જ્યારે ધોરણ ૧૨મા ૧૨૦ વિષયોમાં ૧૭.૮૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ પરીક્ષાઓ ભારતમાં ૭,૮૪૨ અને વિદેશમાં ૨૬ કેન્દ્રો પર યોજાશે. સીબીએસઇ બોર્ડની પરીક્ષાના પહેલા દિવસે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ અંગ્રેજી(સંચાર) અને અંગ્રેજી(ભાષા અને સાહિત્ય)ના પેપર આપ્યા હતા, જ્યારે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓએ ઉદ્યોગસાહસિકતા પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦ની પરીક્ષાઓ ૧૮ માર્ચે પૂર્ણ થશે, જ્યારે ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ૪ એપ્રિલે પૂર્ણ થશે.

સીબીએસઇએ બોર્ડ પરીક્ષાઓ પહેલા તેની વાર્ષિક કાઉન્સેલિંગ સેવા પણ શરૂ કરી હતી, જેથી પરીક્ષા સંબંધિત તણાવ ઓછો કરી શકાય અને વિદ્યાર્થીઓને તેમની થિયરી પરીક્ષાઓની તૈયારી કરવામાં મદદ મળી શકે. બોર્ડના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે સીબીએસઇ સંલગ્ન શાળાઓના ૬૬ પ્રશિક્ષિત પ્રિન્સિપલ, સલાહકારો, વિશેષ શિક્ષકો અને મનોવૈજ્ઞાનિકોની એક ટીમ વિદ્યાર્થીઓને સ્વૈચ્છિક સહાય પૂરી પાડશે. આ સેવાઓ સોમવારથી શનિવાર સુધી સવારે ૯-૩૦ થી સાંજે ૫-૩૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. ■

# મણિપુરના બે જિલ્લામાંથી નવ આતંકીની ધરપકડ

ઇમ્ફાલઃ મણિપુરના ઇમ્ફાલ પૂર્વ અને થોબલ જિલ્લામાંથી સુરક્ષા દળોએ વિવિધ પ્રતિબંધિત સંગઠનો સાથે જોડાયેલા નવ આતંકવાદીઓની ધરપકડ કરી છે. આ જાણકારી પોલીસે શનિવારે આપી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર અપહરણ અને ખંડણી પ્રવૃત્તિઓમાં સામેલ પ્રતિબંધિત કાંગલેઇપાક કોમ્યુનિસ્ટ પાર્ટી(નોયોન)ના ચાર સક્રિય સભ્યોની શુક્રવારે થૌબલ જિલ્લાના ચિંગડોમપોક વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. સુરક્ષા દળોએ શુક્રવારે અન્ય એક અભિયાનમાં ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના ખાબેઇસોઇ વિસ્તારમાંથી ખંડણી પ્રવૃત્તિમાં સામેલ કેસીપી (પીડબ્લ્યુજી)ના ચાર સક્રિય સભ્યોની ધરપકડ કરી હતી.

પોલીસે શુક્રવારે ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના નુંગોઇ અવંગ લીકાઇ વિસ્તારમાંથી યુએનએલએફ(પંબાઇ)ના એક સક્રિય સભ્યની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલ વ્યક્તિ ખંડણીની પ્રવૃત્તિઓ અને ઇમ્ફાલ શહેર અને તેની આસપાસ હથિયારો અને દારૂગોળાના પરિવહનમાં સામેલ હતો. તેમની પાસેથી એક .૩૨ પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે.

દરમિયાન સુરક્ષા દળોએ શુક્રવારે કાકચિંગ જિલ્લાના હિયાંગલામ નાતેખોંગ થોંગજિન વિસ્તારમાં નદી કિનારેથી બે સિંગલ-બેરલ ગન, એક મોડિફાઇડ સ્નાઇપર રાઇફલ, એક દેશી બનાવટની પિસ્તોલ, પાંચ હેન્ડ ગ્રેનેડ, ચાર આઇઇડી, ઇન્સાસ રાઇફલની જીવંત ગોળીઓ, એક નવ એમએમ પિસ્તોલની સાથે બે હેન્ડસેટ અને એક ચીની બનાવટનો ડ્રોન જપ્ત કર્યો હતો. ■

# ઑટો ડ્રાઈવરનો હુમલોઃ ગોવાના ભૂતપૂર્વ ધારાસભ્યનું મૃત્યુ

પણજીઃ ગોવાના ભૂતપૂર્વ ધારાસભ્ય અને કૉંગ્રેસના નેતા લવૂ મામલતદાર, ૬૮, શનિવારે કર્ણાટકમાં દલીલ બાદ ઓટોડ્રાઈવર દ્વારા કથિત રીતે હુમલો કર્યાની મિનિટો પછી એક હોટલમાં પડી ગયા હતા અને તેમનું મૃત્યુ થયું હતું, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે આરોપી ઓટોચાલકની ધરપકડ કરી છે.

કર્ણાટક પોલીસ વિભાગના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, તેઓ બેલગાવીમાં બિઝનેસ ટ્રીપ પર હતા જ્યાં આ ઘટના બની હતી.

અકસ્માત બાદ મામલતદાર અને ઓટોડ્રાઈવર વચ્ચે ઝઘડો થયો હતો. તકરાર દરમિયાન, ઓટોડ્રાઈવરે તેને ઘણી વાર માર માર્યો હતો, એમ અધિકારીએ સ્થળ પરથી મેળવેલા સીસીટીવી ફૂટેજને ટાંકીને જણાવ્યું હતું.

હુમલા બાદ મામલતદાર હોટલમાં ગયા હતા જ્યાં તેઓ સીડી પરથી પડી ગયા હતા. તેને સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ દાખલ થાય તે પહેલા તેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

મામલતદાર ૨૦૧૨-૧૭ વચ્ચે મહારાષ્ટ્રવાદી ગોમંતક પાર્ટીનું પ્રતિનિધિત્વ કરતા ગોવા વિધાનસભાના સભ્ય હતા. તેઓ ૨૦૨૨માં કૉંગ્રેસમાં જોડાયા હતા. ■

પહેલા પાનાનું ચાલુ

### કેજરીવાલની મુસીબતમાં વધારો

છે. રોહિણીમાંથી નવા ચૂંટાયેલા વિધાનસભ્ય ગુપ્તાએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે મેં ૧૪ ઓક્ટોબર ૨૦૨૪માં સીવીસીમાં નોંધાવેલી પહેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે કેજરીવાલે ૪૦.૦૦૦ ચોરસ યાર્ડ (આઠ એકર)ની જમીન પર વૈભવશાળી મેન્શન બાંધવા બિલ્ડિંગના નિયમોનો ભંગ કર્યો હતો.

ગુપ્તાએ આક્ષેપ કર્યો હતો કે રાજપુર રોડના પ્લોટ નંબર ૪૫ ને ૪૭ (અગાઉ પાંચમી ટાઈપના ફલેટમાં સિનિયર અધિકારીઓ અને જજ રહેતા હતા) અને બે બંગલો (૮એ અને ૮બી, ફલેગ સ્ટાફ રોડ)ને તોડી નાખીને નવું નિવાસ્થાન બાંધવામાં આવ્યું હતું. આમાં ગ્રાઉન્ડ કવરેજ અને ફલોર એરિયા રેશિયોના નિયમનો ભંગ કરવામાં આવ્યો હતો અને લેઆઉટ પ્લાનની યોગ્ય મંજૂરી લેવામાં આવી નહોતી. સીવીસીએ ૧૬ ઓક્ટોબર,૨૦૨૪એ ફરિયાદ નોંધી હતી અને બાબત સીપીડબ્લ્યુડીને સોંપાઈ હતી. સીપીડબ્લ્યુડીએ પાંચ ડિસેમ્બર ૨૦૨૪એ આપેલા અહેવાલમાં આ ઉલ્લંઘન થયું હોવાની વાતને સમર્થન આપ્યું હતું. સીવીસીએ સીપીડબ્લ્યુડીને આ બાબતની વિગતવાર તપાસ કરવાનો આદેશ આપ્યો હતો.

૨૧ ઓક્ટોબર, ૨૦૨૪એ ગુપ્તાએ નોંધાવેલી બીજી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે ૬, ફલેગ સ્ટાફ રોડના બંગલાના નવીનીકરણ અને ઈન્ટીરીયર ડેકોરેશનમાં બેફામ ખર્ચ કરવામાં આવ્યો હતો. આ બંગલો કેજરીવાલ મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમનો સત્તાવાર બંગલો હતો.

ફરિયાદમાં તોતિંગ ખર્ચ પર ભાર મુકાયો હતો. ફરિયાદમાં કહેવામાં આવ્યું હતું કે ટીવી પાછળ ૭૭ લાખ રૂપિયા, સિલ્ક કાર્પેટ પર ૫૦ લાખ રૂપિયા, બ્રાસ રેલિંગ્સ ઉપર ૪૨ લાખ રૂપિયા, સ્પા પાછળ ૨૦ લાખ રૂપિયા, હોટ વોટર જનરેટર પાછળ ૧૯ લાખ રૂપિયા અને ટોઈલેટ સિટ પાછળ ૧૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

સીવીસીએ આનો સીપીડબ્લ્યુડી પાસે તથ્યાત્મક અહેવાલ માગ્યો હતો અને સીપીડબ્લ્યુડીએ એ વાતને સમર્થન આપ્યું હતું કે બેફામ અને ગેરવાજબી ખર્ચના આક્ષેપો સાચા છે.

ગુપ્તાએ કહ્યું હતું કે તથ્યાત્મક અહેવાલ મળ્યા બાદ સીવીસીએ સીપીડબ્લ્યુડીને જાહેર ભંડોળના દુરુપયોગની વિગતવાર તપાસ કરવાનો અને જે જવાબદાર હોય તેમની સામે યોગ્ય પગલાં લેવાનો આદેશ આપ્યો હતો.

ગુપ્તાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી અને એના સુપ્રિમો કેજરીવાલ એવા ભ્રમમાં ન રહે કે તેઓ કાયદાનો સામનો કરવાથી બચી જશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જે લોકોએ જાહેર નાણાંને લૂંટ્યાં છે તેમને એ પાછાં આપવા પડશે. (એજન્સી) ■

### મહારાષ્ટ્રમાં લવ જેહાદ

સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગૃહ, કાયદો અને ન્યાયતંત્ર, સામાજિક ન્યાય અને મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના સચિવોનો સમાવેશ થાય છે. આ સમિતિ કાયદાનો પણ અભ્યાસ કરશે અને અન્ય રાજ્યોમાં હાલના કાયદાઓનો પણ અભ્યાસ કરશે, જેથી કડક કાયદા બનાવી શકાય.

ગૃહ વિભાગ દ્વારા ૧૪ ફેબ્રુઆરીના રોજ એક સરકારી આદેશ જારી કરવામાં આવ્યો છે. રાજ્યમાં લવ જેહાદ, છેતરપિંડી અથવા બળજબરીથી ધર્માંતરણના કિસ્સાઓ સામે આવી રહ્યા છે અને તેને રોકવા માટે ઘણી સંસ્થાઓ અને કેટલાક નાગરિકો તરફથી કાયદો બનાવવા માટે માગ કરવામાં આવી છે. ભારતના કેટલાક રાજ્યોમાં લવ જેહાદ અને છેતરપિંડીએ પણ વેગ પકડ્યો છે, જેના કારણે ધર્માંતરણ રોકવા માટે કાયદા બનાવવામાં આવ્યા છે.

શુક્રવારે બહાર પાડવામાં આવેલા ગવર્નમેન્ટ રીસોલ્યુશન (જીઆર) પ્રમાણે સમિતિ રાજ્યની પ્રવર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ કરશે તથા લવ જેહાદ અને બળજબરીપૂર્વકનાં ધર્મ પરિવર્તનની ફરિયાદોને હાથ ધરવાનાં પગલાંઓ સૂચવશે.

લવ જેહાદ આ શબ્દપ્રયોગ જમણેરી પાંખના એક્ટિવિસ્ટ અને સંગઠનો વાપરે છે. હિન્દુ મહિલાને લગ્નના માધ્યમથી મુસ્લિમ બનાવવાના કાવતરાનો આક્ષેપ કરવા આ શબ્દનો ઉપયોગ થાય છે.

આ હિલચાલ અંગે વાતચીત કરતાં મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના વરિષ્ઠ નેતા મંગલપ્રભાત લોઢાએ કહ્યું હતું કે રાજ્ય સરકાર રાજ્યમાં લવ જેહાદના બનાવોને રોકવા કડક પગલાં લઈ રહી છે.

મુંબઈ ઉપનગર જિલ્લાના સંયુક્ત પાલકપ્રધાન મંગલપ્રભાતે આ પગલાં લેવા માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનો આભાર માન્યો હતો.

તેમણે કહ્યું હતું કે લવ જેહાદ એ ગંભીર બાબત છે અને રાજ્ય સરકાર આવા બનાવોને રોકવા કામ કરી રહી છે. લવ જેહાદના કેસને હાથ ધરવા રચાયેલી સમિતિ મહિલાના રક્ષણ અને સાંસ્કૃતિક મૂલ્યોના જતન માટે કામ કરશે.

તેમણે વધુમાં કહ્યું હતું કે હું એકનાથ શિંદેની સરકારમાં મહિલા અને શિશુ વિકાસ ખાતાનો પ્રધાન હતો ત્યારે મેં ઈન્ટરફેથ મેરેજ કોઓર્ડિનેશન કમિટી રચી હતી જેણે આવા બનાવોને પ્રકાશમાં લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

મુંબઈ અને એની આસપાસના વિસ્તારોમાં બનેલા અમુક બનાવો વિશે બોલતાં મંગલપ્રભાતે કહ્યું હતું કે આફતાબ અમીને શ્રદ્ધા વાલ્કરની ઘાતકી રીતે હત્યા કરી હતી. નિઝામ ખાને પૂનમ ક્ષિરસાગરની હત્યા કરી હતી. દાઉદ શેખે ઉરણની યશશ્રી શિંદેની હત્યા કરી હતી. શાહજિબ અન્સારીએ મલાડની સોનમ શુકલની હત્યા કરી હતી. તેમણે પૂછ્યું હતું કે જો આવા બનાવો બને તો તમે લવ જેહાદના મુદ્દાને કઈ રીતે નકારી શકો. દરમિયાન એનસીપી (એસપી) ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ કહ્યું હતું કે પ્રેમ અને લગ્ન એ અંગત પસંદગીની બાબત છે. સરકાર આને બદલે આર્થિક બાબતો પર ધ્યાન આપે તો બહેતર હશે. વૃદ્ધિદર અને વપરાશ ઘટી ગયો છે. જો અર્થતંત્ર કથળશે તો આખા દેશને સહન કરવું પડશે. ■

### ઈડી

વેબ’ પરથી કરવામાં આવ્યા હતા.

આ કેસ હવે ફડચામાં ગયેલા ક્રિપ્ટો ઈનવેસ્ટમેન્ટ પ્લેટફોર્મ બિટકનેક્ટના સંસ્થાપક સતીશ કુંભાણીની આસપાસ ગૂંથાયેલો છે. ભારતીય નાગરિક સતીશ અને અમેરિકાના નાગરિક અને બિટકનેક્ટના ડિરેક્ટર ગ્લેન અરકારો પર એવો આક્ષેપ છે કે તેમણે રોકાણકારો સાથે ૨.૪ અબજ ડૉલર (૨,૦૭૮ કરોડ રૂપિયા)ની છેતરપિંડી કરી હતી. અમેરિકાની એટર્નીની ઓફિસે બિટકનેક્ટને ફોજદારી ગુનામાં નોંધાયેલું સૌથી મોટું ક્રિપ્ટોકરન્સી ફ્રોડ ગણાવ્યું હતું.

એજન્સીએ શોધી કાઢ્યું હતું કે સતીશે આખા વિશ્વમાં પ્રમોટરની નેટવર્ક ઊભી કરી હતી. અને તેમને પ્રમોશન માટે કમિશન આપ્યા હતા. રોકાણકારોને રોકડા અને બિટકોઈનના રૂપમાં ફંડ ડિપોઝિટ કરવા આકર્ષવા તેમણે એક વોલેટાલિટિ સોફ્ટવેર ટ્રેડિંગ બોટનો ઉપયોગ કર્યો હતો. તેમણે એવો દાવો કર્યો હતો કે આમાં મહિને ૪૦ ટકા રિટર્ન મળશે. પ્રમોટરે બનાવટી રીટર્ન બિટકનેક્ટ વેબપોર્ટલમાં પોસ્ટ કર્યા હતા. આરોપીઓએ રોકાણકારોના ફંડ કાઢીને એને તેમના અંકુશવાળા ડિજિટલ વોલેટ એડ્રેસમાં ટ્રાન્સફર કરતા હતા. સૂત્રોએ કહ્યું હતું કે આમાં વિદેશી રોકાણકારોએ પણ રોકાણ કર્યું હતું. (એજન્સી) ■

### છત્તીસગઢ

હોવાનો ભાજપે દાવો કર્યો હતો.

રાજનંદગાંવ નગર નિગમમાં મેયર પદની ચૂંટણીમાં ભાજપના મધુસૂદન યાદવ જીતી ગયા હતા. મધુસૂદનને ૬૨,૫૭૧ મત મળ્યા હતા, જ્યારે કૉંગ્રેસના નિખિલ ત્રિવેદીને ૨૧,૩૭૯ મત મળ્યા હતા. મધુસૂદને ૪૧,૧૩૮ મતથી નિખિલને હરાવ્યા હતા. મધુસૂદન ડૉક્ટર રમણ સિંહના નિકટના મનાય છે. અહીં કૉંગ્રેસ અને ભાજપ વચ્ચે સીધો મુકાબલો હતો. આ રમણ સિંહનો વિસ્તાર છે અને રમણે મુખ્ય પ્રધાન સાથે અહીં એક સભા કરી હતી. કૉંગ્રેસે પહેલી વાર નિખિલને મેદાનમાં ઉતાર્યા હતા. ■

### મહાકુંભ

આવતા હતા. આ દુર્ઘટનામાં બસમાં સવાર ૧૯ શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલો સંગમસ્નાન બાદ વારાણસી જતા હતા. તમામ ઘાયલોને સીએચસી રામનગરમાં દાખલ કરવામાં આવ્યા હતા. બસમાં સવાર તમામ શ્રદ્ધાળુ મધ્ય પ્રદેશના રાજગઢ જિલ્લાના રહેવાસી છે.

દરમિયાન મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં આસ્થાની ડૂબકી લગાવવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી રહ્યા છે. અત્યાર સુધીમાં ૫૦ કરોડથી વધુ લોકો અહીં સ્નાન કરી ચૂક્યા છે. જે એક રેકોર્ડ છે. ■

# દક્ષિણ મુંબઇના હોલમાં લાગી આગ, જવાન ઘવાયો



(અમય ખરાડે)

મુંબઇ: દક્ષિણ મુંબઇમાં આવેલા ફ્રીમેસન્સ હોલમાં શનિવારે બપોરે આગ લાગી હોવાના સમાચાર જાણવા મળ્યા હતા. આ ત્રણ માળના બિલ્ડિંગમાં બપોરે ૨.૨૦ કલાકની આસપાસ આગ લાગી હતી. સદભાગ્યે આ આગને કારણે કોઇ જાનહાનિ થઇ નહોતી.

આગ લાગવાની જાણ થતા જ તુરંત અગ્નિશમન દળની ટીમને બોલાવવામાં આવી હતી. તેમણે આવીને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી છે. આગ કેવી રીતે લાગી તેનાં કારણોની તપાસ કરવામાં આવી રહી છે. આગ લાગ્યા પછી પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમે આગને નિયંત્રણમાં લેવાના પ્રયાસ કર્યા હતા.

આગ લાગવાની અન્ય એક ઘટના કુર્લા ખાતે એક ઇન્ડસ્ટ્રિયલ કોમ્પ્લેક્સમાં બની હતી. કાપડના એક ગોડાઉનમાં બપોરે ૧.૨૦ કલાકની આસપાસ આગ લાગી હતી. આ આગ પણ નાની હતી અને તેને તુરંત કાબૂમાં લેવામાં આવી હતી. આગને નિયંત્રણમાં લાવતી વખતે ફાયર બ્રિગેડનો એક જવાન ઘાયલ થયો હતો. ■

# એન્ટિલિયા નજીક વિસ્ફોટકો: પ્રદીપ શર્માની મુક્તિ માટેની અરજી કોર્ટે ફગાવી

મુંબઈ: ૨૦૨૧માં ઉદ્યોગપતિ મૂકેશ અંબાણીના નિવાસસ્થાન એન્ટિલિયા નજીક વિસ્ફોટકો અને બાદમાં વેપારી મનસુખ હિરેનની હત્યા સંબંધિત કેસમાં વિશેષ કોર્ટે શનિવારે ભૂતપૂર્વ એન્કાઉન્ટર સ્પેશિયલિસ્ટ પ્રદીપ શર્માને મુક્ત કરવાનો ઇનકાર કર્યો હતો.


નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ના કેસોના વિશેષ જજ એ.એમ. પાટીલે જણાવ્યું હતું કે કોર્ટ આ તબક્કે શર્માના દાવાને સ્વીકારી શકતી નથી કે તેને ખોટી રીતે ફસાવવામાં આવ્યો હતો. પ્રથમ દૃષ્ટિએ આ કેસ આરોપીઓ દ્વારા રચવામાં આવેલા કાવતરાનો છે અને આ તબક્કે એવા નિષ્કર્ષ પર આવી શકાતું નથી કે સાક્ષીઓના પુરાવા અને દસ્તાવેજી પુરાવા બનાવટી છે. કોર્ટ વિગતવાર આદેશ બાદમા આપશે.

પ્રદીપ શર્માએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે અનલોફૂલ એક્ટિવિટીસ (પ્રિવેન્શન) એક્ટ હેઠળ નોંધાયેલા કેસ સાથે તેનો કોઇ સંબંધ નથી.

આ કેસમાં જૂન, ૨૦૨૧માં શર્માની ધરપકડ કરવામાં આવી હતી અને ઑગસ્ટ, ૨૦૨૩માં સુપ્રીમ કોર્ટે તેમના જામીન મંજૂર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ એન્ટિલિયા નજીક પાર્ક કરાયેલી સ્કોર્પિયોમાંથી વિસ્ફોટકો મળી આવ્યા હતા. આ સ્કોર્પિયો જેના નામે હતી એ થાણેના વેપારી મનસુખ હિરેનનો મૃતદેહ ૫ માર્ચ, ૨૦૨૧ના રોજ મુંબ્રાના રેતીબંદર ખાડીમાં મળી આવ્યો હતો. (પીટીઆઇ)■



**ફટા પોસ્ટર ઔર નીકલી બિલ્લી...**

દિવાલરૂપી કેન્વાસ પર પેઈન્ટરે પેઈન્ટ કરેલી આ બિલાડી જાણે પોસ્ટર ફાડીને મુંબઈ અને મુંબઈગરા પર વોચ રાખી રહી હોય એવું લાગી રહ્યું છે. રસ્તા પરથી પસાર થઈ રહેલાં આ બે ભાઈમાંથી એક ભાઈ તો આ બિલાડીને અવગણીને આગળ નીકળી ગયા જ્યારે બીજા ભાઈ બિલાડી માસીને લૂક આપી રહ્યા હતા એ ક્ષણ અમારા ફોટોગ્રાફરે કચકડામાં કેદ કરી લીધું હતું. (જયપ્રકાશ કેળકર)

# એમ્બ્યુલન્સે લીધો બેનો ભોગ

લાતુર: પૂરપાટ વેગે દોડતી એમ્બ્યુલન્સે બે જણને અડફેટે લેતાં તેમનાં મોત નીપજ્યાં હોવાની ઘટના લાતુર શહેરમાં બની હતી. ઈન્સ્પેક્ટર બી. ડી. ભુસનુરેએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારની સાંજે સાત વાગ્યાની આસપાસ હડોલતી અને વાલસાંગી ગામ દરમિયાન બની હતી. છાયા મનોહર ગુરમે (૫૫) તેના જેઠ બાબુરાવ ગુરમે (૭૦) સાથે રસ્તો ઓળંગતી હતી ત્યારે હડોલતીથી શિરુર તાજબંદ તરફ પૂરપાટ વેગે જઈ રહેલી એમ્બ્યુલન્સે બન્નેને અડફેટે લીધાં હતાં. આ ઘટનામાં છાયા ગુરમેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે બાબુરાવે સારવાર દરમિયાન હૉસ્પિટલમાં જીવ ગુમાવ્યો હતો. આ પ્રકરણે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. (પીટીઆઈ)■

# મુંબઈમાં બાળકોમાં કેન્સરનું જોખમ વધ્યું: પાંચ વર્ષમાં બે ટકાનો વધારો

મુંબઈ: વિશ્વમાં દર વર્ષે આશરે ત્રણ લાખ બાળકો વિવિધ કેન્સરનો ભોગ બને છે અને આમાંના ૨૫ ટકા એટલે કે લગભગ ૭૮ હજાર બાળકો તો ભારતમાં જ છે. એક અહેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે વિશ્વભરમાં દર વર્ષે લગભગ ૧.૭૫ લાખ બાળકો કેન્સરને કારણે મૃત્યુ પામે છે અને કેન્સર અંગે અનેક શોધ સંશોધનો છતાં દર વર્ષે આ આંકડો સતત વધતો જ જઇ રહ્યો છે.

મુંબઇની જ વાત કરીએ તો અહીંની ટાટા મેમોરિયલ અને અન્ય કેન્સર ઇન્સ્ટિટ્યૂટોમાં છેલ્લા પાંચ વર્ષમાં બાળ કેન્સરના કેસમાં બે ટકાનો વધારો નોંધાયો છે. ૨૦૧૯માં ૨૯૮૧ બાળકોની સારવાર કરવામાં આવી હતી. ૨૦૨૪માં બાળ કેન્સરના રોગીઓની સંખ્યા વધીને ૩૮૭૪ થઇ ગઇ છે.

ઇન્ડિયન કેન્સર સોસાયટીએ જણાવ્યું હતું કે દર વર્ષે લગભગ ૫૦ હજાર બાળકોને કેન્સર હોવાનું નિદાન થાય છે. જોકે, તેણે એમ પણ જણાવ્યું હતું કે જો વેળાસર નિદાન થઇ જાય અને તેને સારવાર આપવામાં આવે તો બાળકોમાં કેન્સરની સારવાર ઉત્તમ પરિણામ આપે છે. મુંબઇમાં આવેલી ટાટા મેમોરિયલ હોસ્પિટલ કેન્સર માટેની ખાસ હોસ્પિટલ છે. અહીં દરેક પ્રકારના કેન્સરની સારવાર થાય છે.

ટાટા મેમોરિયલ હોસ્પિટલના એક ડોક્ટરે જણાવ્યું હતું કે જે બાળકોને બ્લડ કેન્સર હોય છે, તેમની સારવારમાં ઉત્તમ પરિણામ જોવા મળે છે. લગભગ ૮૦ ટકા બાળકો સારા થાય છે, જ્યારે કેન્સરની ગાંઠના કિસ્સામાં ૭૦ ટકા બાળક સાજા થાય છે.

કેન્સર એ એક એવો જીવલેણ રોગ છે જે હવે બાળકોમાં પણ ઝડપથી ફેલાઇ રહ્યો છે અને હવે ભારે ચિંતાનો વિષય બની રહ્યો છે. વિશ્વભરમાં બાળકોમાં કેન્સરના જેટલા કેસ નોંધાય છે તેમાં લગભગ ૨૫ ટકા કેસ તો ભારતમાં જ નોંધાય છે. બાળકોને કેન્સરથી બચાવવા માટે અને તેમનામાં કેન્સરનાં લક્ષણો શોધી કાઢવા માટે દર વર્ષે ૧૫ ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્ટ્રીય બાળ કેન્સર દિન ઉજવવામાં આવે છે. ■

# હવે દરિયાના મોજાથી પણ વીજળી ઉત્પન્ન થશે

મુંબઈ: વીજળીની વધતી જતી માંગને પહોંચી વળવા અને દરેક સ્રોતનો પૂરેપૂરો ઉપયોગ કરવા માટે દેશમાં પહેલીવાર દરિયાના મોજામાંથી વીજળી ઉત્પન્ન કરવામાં આવશે. કેન્દ્ર સરકારની માલિકીની ભારત પેટ્રોલિયમ કંપની લિમિટેડ (બીપીસીએલ) એ આ માટે મોટી પહેલ કરી છે. આ અંતર્ગત ઈઝરાયલની કંપની સાથે મળીને મુંબઈમાં પહેલો પાઇલોટ પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે. આ માટે બીપીસીએલ ટૂંક સમયમાં ઈઝરાયલની ઈકો વેવ પાવર સાથે એમઓયુ સાઈન કરશે. આના દ્વારા મુંબઈના દરિયાકાંઠે દરિયાના મોજામાંથી ૧૦૦ કિલોવોટ વીજળી ઉત્પન્ન કરવાનો પાઇલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.

તેલ અવીવ, ઇઝરાયલમાં મુખ્ય મથક, ઇકો વેવ પાવરે ઇઝરાયેલ, જીબ્રાલ્ટર અને પોર્ટુગલમાં ૫ થી ૨૦ મેગાવોટ સુધીના વેબ એનર્જી પ્રોજેક્ટ્સ સફળતાપૂર્વક કાર્યરત કર્યા છે. સૂત્રોએ જણાવ્યું કે આ જ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મુંબઈમાં એક પાઇલોટ પ્રોજેક્ટ લાગુ કરવામાં આવશે. જો કે, જ્યારે બીપીસીએલના જનસંપર્ક વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે માહિતી આપવાનો ઇનકાર કર્યો હતો.■

# ૧૧ વર્ષ પહેલાના રિક્ષા એક્સિડન્ટમાં ઈજાગ્રસ્ત મહિલાને ૧૧ લાખનું વળતર

થાણે: મહારાષ્ટ્રના થાણા જિલ્લામાં મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રીબ્યુનલ (એમએસીટી)એ ૨૦૧૪માં ઓટોરિક્ષા અકસ્માતમાં ઈજાગ્રસ્ત મહિલાને ૧૧ લાખ ૧૫ હજાર રૂપિયાનું વળતર આપ્યું છે.

ટ્રીબ્યુનલના ચેરમેન એસ બી અગ્રવાલે આ વળતર હોસ્પિટલનાં ભૂતપૂર્વ એડમિનિસ્ટ્રેટર શમીમ ઇકબાલ શેઠને આપ્યું હતું. આ અકસ્માતને કારણે તેમને શારીરિક સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. ૧૨ ફેબ્રુઆરીએ આપવામાં આવેલા આદેશની નકલ શનિવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

કેસની વિગત મુજબ શમીમ શેઠ ૨૮ ઓક્ટોબર, ૨૦૧૪ના દિવસે રિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતાં ત્યારે સંજય ગાંધી નેશનલ પાર્ક ફ્લાયઓવર પાસે રિક્ષા અને કારની ટક્કર થઈ હતી. રિક્ષા ડ્રાઈવર કથિત રીતે બેફામ અને બેદરકારીથી વાહન ચલાવતો હતો.

મહિલાને ગંભીર ઈજા થવાથી ત્રણ સર્જરી કરવી પડી હતી અને તેના ડાબા હાથના નીચેના ભાગમાં આંશિક અપંગતા આવી હતી. આ શારીરિક તકલીફને પગલે મહિને ૧૮ હજાર ૫૦૦ રૂપિયાના પગારની હોસ્પિટલની રિસેપ્શનિસ્ટ-કમ-એડમિનિસ્ટ્રેટરની નોકરી ગુમાવી હતી.

અદાલતે માલિક અને વીમાદાતાને સંયુક્ત રીતે જવાબદાર ઠેરવ્યા હતા. ટ્રિબ્યુનલે આદેશ આપ્યો હતો કે અરજી દાખલ કરવામાં આવી ત્યારથી સાકાર ન થાય ત્યાં સુધી વાર્ષિક ૭.૫ ટકાના વ્યાજ દરે ૧૧.૧૫ લાખ રૂપિયાનું વળતર ચૂકવવામાં આવે. (પીટીઆઈ)■

# જીબીએસનો આંકડો વધીને ૨૦૭ થયો

પુણે: મહારાષ્ટ્રમાં જીબીએસના શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા કેસોની સંખ્યા ૨૦૭ પર પહોંચી ગઈ છે, એમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું. રાજ્યના આરોગ્ય વિભાગ મુજબ સત્તાવાર મૃત્યુઆંક આઠ પર યથાવત રહ્યો હોવા છતાં, કોલ્હાપુરમાં આ બીમારીથી એક શંકાસ્પદ મૃત્યુ નોંધાયું છે.

જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે ચાંગીદ તાલુકાની ૬૦ વર્ષીય મહિલાનું ૧૩ ફેબ્રુઆરીએ મૃત્યુ થયું હતું. ‘‘તેને નીચલા અંગોનો લકવો થયો હતો અને પહેલા તેને ચાંગિડની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અને પછી કર્ણાટક લઈ જવામાં આવી હતી. ૧૧ ફેબ્રુઆરીએ તેને ફરી કોલ્હાપુરની એક હોસ્પિટલમાં પાછી લાવવામાં આવી હતી, જ્યાં બે દિવસ પછી તેનું મૃત્યુ થયું હતું,’’ અધિકારીએ જણાવ્યું. ■

# કેસરી ટૂરના સંસ્થાપક-અધ્યક્ષ કેસરીભાઉ પાટીલનું ૯૦ વર્ષની વયે નિધન



મુંબઈ: કેસરી ટૂરના સંસ્થાપક અને અધ્યક્ષ કેસરીભાઉ પાટીલનું ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના શનિવારે વહેલી સવારે વૃદ્ધાવસ્થાને કારણે ૯૦ વર્ષની વયે નિધન થયું હતું. તેમના અંતિમ દર્શનની વ્યવસ્થા શનિવારે બપોરે ચારથી સાંજે છ વાગ્યા સુધી બાંદ્રા ખાતેના તેમના નિવાસસ્થાને કરવામાં આવી હતી. શિવાજીપાર્ક સ્મશાનભૂમિમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા, જેમાં પરિવારના સભ્યો સહિત અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા. તેમને શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના સાંજે ૪થી ૭ વાગ્યા વચ્ચે દાદર ઈસ્ટમાં આવેલા યોગી સભાગૃહ ખાતે સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

૯૦ વર્ષની વયે પણ કેસરીભાઉ પાટીલે શ્રીનગરથી લઈને દુધપાત્રી સુધીની સફર ખેડીને તેમણે ઉંમર એ તો એક નંબર છે એવું સાબિત કરી દેખાડ્યું હતું.

કેસરીભાઉ એક પ્રસન્ન, હસમુખ અને પ્રભાવશાળી વ્યક્તિત્વના માલિક હતા, જ્યાં પણ જાય ત્યાં લોકોને પોતાના કરી લે છે. તેઓ જેટલા શિસ્તના આગ્રહી હતા એટલા જ પ્રેમાળ સ્વભાવના હતા.

કેસરીભાઉ એક આદર્શ શિક્ષક, પ્રયોગશીલ ખેડૂત અને લોકપ્રિય સંયોજક પણ હતા. ગામથી મુંબઈ જેવા માયાવી મહાનગરમાં આવીને પરિવાર સાથે તેઓ રહ્યા હતા, જે ઉંમરમાં લોકો નિવૃત્તિ લે છે તે સમયમાં એટલે કે ૫૦ વર્ષની વયે કેસરીભાઉએ કેસરી ટૂર્સની સ્થાપના કરી.

૨૪ કલાક કામ કરીને તેમણે આજે કંપનીને ટોચ પર પહોંચાડી હતી. આ પ્રવાસમાં પત્ની સુનિતા પાટીલે પણ ટેકો આપ્યો હતો અને એ જ બધી વાતો તેમણે તેમની આગળની જનરેશનને પણ શિખવાડી હતી. સતત કંઈક નવું કરવાની અને કસ્ટમર્સ સેટિફિકેશનને ધ્યાનમાં લઈને જ કંપનીએ ટૂરિઝમ સેક્ટરમાં સફળતાપૂર્વક ૪૦ વર્ષ પૂરાં કર્યા છે.

# કૅન્સરથી પત્ની ગુમાવનારા પતિએ હતાશામાં જીવન ટૂંકાવ્યું

થાણે: કૅન્સરથી પત્ની ગુમાવ્યા પછી હતાશ પતિએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના અંબરનાથમાં બની હતી. પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ ભવિન્દર સિંહ ગુરુદેવ સિંહ થોમર (૫૫) તરીકે થઈ હતી. થોમરે ૧૨ ફેબ્રુઆરીએ અંબરનાથના ઘરમાં ગળાફાંસો ખાધો હતો. તે દક્ષિણ આફ્રિકામાં નોકરી કરતો હતો, પરંતુ ઘરેલુ સમસ્યાઓને કારણે તેણે નોકરી છોડી દીધી હતી. એમાં કૅન્સરને કારણે પત્નીનું મૃત્યુ થયા પછી તે હતાશ રહેવા લાગ્યો હતો. બુધવારે થોમરનો ભાઈ તેને વારંવાર કૉલ કરતો હતો, પરંતુ થોમરે કૉલ રિસીવ કર્યા નહોતા. શંકાને આધારે ભાઈ થોમરના ઘરે પહોંચ્યો ત્યારે દરવાજો અંદરથી લૉક હતો. આ અંગે તેણે પડોશીને જાણ કરી હતી. પડોશી બાલ્કનીમાંથી ફ્લૅટમાં પ્રવેશ્યો ત્યારે સીલિંગ સાથે લટકેલો થોમરનો મૃતદેહ નજરે પડ્યો હતો. (પીટીઆઈ)■

# ‘અફેર’હોવાની શંકાથી પત્નીની હત્યા કરનાર પતિને આજીવન કેદ

મુંબઈ : પત્નીનું પ્રેમસંબંધ હોવાની શંકાના આધારે હત્યા કરવા બદલ પતિને મુંબઈ સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. ૨૦૨૦માં, મુંબઈના મલાડસ્થિત કુરારમાં આરોપી દિનેશ પરશુરામ મોરેએ લગ્નેત્તર સંબંધ હોવાની શંકામાં તેની પત્નીની હત્યા કરી હતી. કોર્ટે ૨૦૨૦માં દિનેશ મોરેને કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવ્યો હતો. આ પ્રકરણે મુંબઈ સેશન્સ કોર્ટે દિનેશને આજીવન કેદની સજા ફટકારી છે.

એડિશનલ સેશન્સ જજ દત્તા ધોબલેએ ૧૦ ફેબ્રુઆરીના રોજ આ કેસનો ચુકાદો આપ્યો હતો. એવું કહેવાય છે કે દિનેશનું કૃત્ય દુર્લભમાં દુર્લભ નથી. તેથી, તેને મૃત્યુદંડની સજા આપી શકાય નહીં. ધોબલેએ ચુકાદો આપ્યો કે તેણે હત્યા કરી છે અને તેથી કોર્ટ દિનેશને આજીવન કેદની સજા ફટકારી રહી છે. દિનેશે તેની પત્નીની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરી હતી. દિનેશે કરેલી હત્યાનો ગુનો ગંભીર છે. જોકે, તેણે આ હત્યા કોઈ યોજના બનાવીને કે કાવતરું કરીને કરી નહોતી. તેણે કૌટુંબિક મતભેદો અને પત્ની સામે શંકાના ગુસ્સાને કારણે આ હત્યા કરી હતી. કોર્ટે એમ પણ કહ્યું કે તે પરિવારમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમને સગીર દીકરીઓ પણ છે. તેથી, તેને મૃત્યુદંડની સજાને બદલે આજીવન કેદની સજા ફટકારી છે.

દિનેશની પત્ની કેટલાક ઘરોમાં ઘરકામ કરતી હતી. જોકે, દિનેશને શંકા હતી કે તેની પત્ની લગ્નેત્તર સંબંધ ધરાવે છે. આ મુદ્દા પર બંને વચ્ચે ઘણીવાર ઝઘડો થતો હતો અને આખરે શંકાઓના આધારે, દિનેશ મોરેએ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ તેની પત્નીની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરી હતી. ■

# ભિવંડીમાં ડ્રગ માફિયાઓ સામે કડક પગલાં લેવા અમિત શાહ સમક્ષ રજૂઆત

થાણે: એનસીપી (એસપી)ના સંસદસભ્ય સુરેશ મ્હાત્રે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા અને મહારાષ્ટ્રના થાણા જિલ્લાના ભિવંડી વિસ્તારમાં કાર્યરત ગુનેગારો અને ડ્રગ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવા તાકીદ કરી હતી. ભિવંડીના સંસદ સભ્યના કાર્યાલય દ્વારા જાહેર કરેલા પરિપત્ર અનુસાર તેઓ નવી દિલ્હીમાં અમિત શાહને મળી આ વિસ્તારમાં ગેરકાયદે ડ્રગ વેપાર અને અન્ય ગુનાઓમાં થયેલા વધારા અંગે ચર્ચા કરી હતી. મ્હાત્રેએ પોતાની માગણીઓની વિગતો આપતું લેખિત નિવેદન પણ રજૂ કર્યું હતું અને સરકારને ડ્રગ માફિયાઓ અને સ્થાનિક ગુનેગારો વચ્ચેની સાઠગાંઠ તોડવા માટે નિર્ણાયક પગલાં લેવા તાકીદ કરી હતી. કેટલાક અપરાધીઓની ધરપકડ થવા છતાં, જામીન મેળવી ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે એ બાબત પર પણ તેમણે ધ્યાન દોર્યું હતું. ગૃહ પ્રધાને આ સમસ્યા ગંભીરતાથી લઈ આશ્વાસન આપ્યું છે કે કાયદાનો અમલ કરતી એજન્સીને તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપશે. (પીટીઆઈ)■

# મહિલા અને તેના પિતા પર હુમલો કરનારા રિક્ષા ડ્રાઈવરની ધરપકડ

થાણે: ભિવંડીમાં અયોગ્ય ટિપ્પણી બાદ મહિલા અને તેના પિતાને ગાળાગાળી કરી કથિત હુમલો કરવાના આરોપસર પોલીસે રિક્ષા ડ્રાઈવરની ધરપકડ કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ભિવંડી શહેરમાં ગુરુવારે બનેલી ઘટના પ્રકરણે આરોપી સાહિલ પઠાણની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ ફરિયાદ અનુસાર મહિલા પિતા સાથે નવી વસ્તી વિસ્તારમાં રાતે વૉક પર નીકળી હતી. રાતે આઠ વાગ્યાની આસપાસ રિક્ષા ડ્રાઈવરે મહિલાને જોઈ અયોગ્ય ટિપ્પણી કરી હતી. બાદમાં મહિલાને બાથમાં ભીડવાનો પ્રયાસ કર્યો હતો. રિક્ષા ડ્રાઈવરના આવા કૃત્યનો વિરોધ કરી મહિલાના પિતાએ પૃછા કરી હતી. ગુસ્સામાં આરોપીએ ગાળાગાળી કરી મારપીટ શરૂ કરી હતી. નજીકમાં પડેલી લોખંડની પટ્ટીથી મહિલાના પિતાને ફટકાર્યો હતો. આ પ્રકરણે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૪ અને ૧૧૮(૧) તેમ જ અન્ય સુસંગત કલમો હેઠળ રિક્ષા ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ)■

# થાણેમાં હાઉસિંગ કોમ્પ્લેક્સમાં સેક્સ રૅકેટ ચલાવનારો પકડાયો

થાણે: થાણેના એક હાઉસિંગ કોમ્પ્કસમાંના ફ્લૅટમાંથી સેક્સ રૅકેટ ચલાવનારા આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. મળેલી માહિતીને આધારે થાણે પોલીસના એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલના અધિકારીઓએ ૧૨ ફેબ્રુઆરીએ કાર્યવાહી કરી એક યુવતીને છોડાવી હતી. વર્તક નગર સ્થિત કોમ્પ્લેક્સના ફ્લૅટમાંથી આરોપી દત્તારામ સાવંત (૫૮) સેક્સ રૅકેટ ચલાવતો હતો, એમ સિનિયર ઈન્સ્પેક્ટર ચેતના ચૌધરીએ જણાવ્યું હતું. આ પ્રકરણે ગુનો નોંધી વધુ તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■

# હીરાની દાણચોરીમાં સુરતનો રહેવાસી પકડાયો

મુંબઈ: લૅપટોપમાં સંતાડીને હીરાની કથિત દાણચોરી કરવા બદલ કસ્ટમ્સના અધિકારીઓએ મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પરથી સુરતના રહેવાસીની ધરપકડ કરી હતી. તેની પાસેથી અંદાજે પાંચ કરોડ રૂપિયાના હીરા જપ્ત કરવામાં આવ્યા હતા.

કસ્ટમ્સના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) બુધવારે કાર્યવાહી કરી ભરતભાઈ ગોરધનભાઈ નાથાણી (૪૫)ની ધરપકડ કરી હતી. નાથાણી મુંબઈથી બૅંગકોક જવા નીકળ્યો ત્યારે ઍરપોર્ટ પર તેને તાબામાં લેવાયો હતો.

સુરતના કાપોદરા ખાતે રહેતા નાથાણીના સામાનના સ્ક્રીનિંગ વખતે સીઆઈએસએફના જવાનને શંકા ગઈ હતી. સામાનની તપાસ કરતાં લૅપટોપમાં સંતાડેલાં પ્લાસ્ટિકનાં ૨૬ નાનાં પાઉચ મળી આવ્યાં હતાં. પાઉચમાં પાંચ કરોડ રૂપિયાના હીરાના હતા. આ હીરા દાણચોરીથી વિદેશ લઈ જવાઈ રહ્યા હતા.

પ્રાથમિક તપાસમાં નાથાણીએ અધિકારીને કહ્યું હતું કે એક મિત્રના કહેવાથી તે આર્થિક લાભ માટે હીરા બૅંગકોક લઈ જતો હતો. આ પ્રકરણે અધિકારીઓ વધુ તપાસ કરી રહ્યા છે.■

**પુણ્યતિથી**



**સ્વ. ગણેશલાલ દાવરા**

**મરણ : ૧૬.૦૨.૧૯૮૦**

(આપણી અણધારી વિદાયને આજે ૪૫ વર્ષ પુરા થાય છે) અમે સૌ તમને અશ્રુભિની આંખે શ્રદ્ધાંજલી આપીએ છીયે.

જેમ ચંદન જાતે ઘસાઈને અન્યને સુગંધ અને શીતલતા બક્ષે છે તેમ આપ બાળપણાથી જીવનના અંત સુધી તનતોડ મેહનત કરી અમને સુખમાં તરતા મુકી ગયા. આપનો નિડર સ્વભાવ, પ્રામાણિકતા અને ધંધાકીય સૂઝનો વારસો અમારા માટે માર્ગદર્શન બની રહેશે. આપના અધુરા અરમાનો પૂર્ણ કરવાની ઈશ્વર અમને શક્તિ આપે અને તમારા પવિત્ર આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. એસડી પેઈન્ટસ લિમિટેડ**



# આજે દુબઈમાં યોજાશે

## મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન ઍવૉર્ડ દ્વિતીય

GUJARAT STATE SANGEET NATAK ACADEMY
ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના સહયોગથી

PRESENTS
DANUBE PROPERTIES

POWERED BY
THANGALS

UAE MEDIA PARTNER
Khaleej Times
Part of GALADARI

RADIO PARTNER
BIG 106.2


PHOTOGRAPHY
JFL Media

SUPPORTED BY
ERKAN

HOSPITALITY PARTNER
we desi

SECURITY PARTNER
M SECURITY SERVICES L.L.C
PROTECTION BEYOND BOUNDARIES

TEA PARTNER
tea POST



ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

સ્નેહી શ્રી નિલેશભાઈ,

તા. ૧૪-૦૨-૨૦૨૫

સપ્રેમ નમસ્કાર.

**મુંબઈ સમાચાર** વતી આપના પત્ર દ્વારા તા. ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દુબઈ ખાતે યોજાનાર "ગ્લોબલ ગુજરાત એવૉર્ડ" વિતરણ સમારોહમાં ઉપસ્થિત રહેવાનું આપનું ભાવભર્યું નિમંત્રણ પ્રાપ્ત થતાં આનંદ થયો. ધન્યવાદ.

કહેવાય છે કે સાહિત્ય, સર્જન, કળા અને સેવાભાવના માનવ સંવેદનાઓના માધ્યમથી પરસ્પર સંકળાયેલા છે. માત્ર નિજાનંદ માટેના લગાવથી થતી આવી પ્રવૃત્તિઓ જીવન જીવવાનો આનંદ બમણો કરી આપીને વ્યક્તિને માનવમાંથી મહામાનવ બનવા તરફ દોરી જાય છે.

વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા અને શ્રેષ્ઠ યોગદાન આપનારા વિરલાઓના સન્માનનો કાર્યક્રમ એક આવકાર્ય પહેલ સાબિત થશે. આ કાર્યક્રમમાં જેમનું સન્માન થશે તેમને તો પ્રોત્સાહન મળશે જ, પરંતુ અન્યોને પણ શ્રેષ્ઠતા તરફ દોરી જનાર પ્રેરણાસ્રોતનું કાર્ય કરશે. આવા અદ્ભૂત આયોજન બદલ મુંબઈ સમાચારની સમગ્ર ટીમને કાર્યક્રમની ભવ્ય સફળતા માટે શુભેચ્છાઓ પાઠવું છું.

આપનો,
(ભૂપેન્દ્ર પટેલ)

To,
Shree Nileshbhai Dave, Editor,
The Bombay Samachar Pvt. Ltd.,
Post Box No. 676 (G.P.O. Bombay), Sayed Abdulla Brelvi Road,
(Horniman Circle), Mumbai-400001 (MAH).
Email: samachar.bombay@gmail.com
Mo: 9825879529

apro/ab/2025/02/14/rs



આજે દુબઈમાં યોજાઈ રહેલાં મુંબઈ સમાચાર ગ્લોબલ ગુજરાતી આઈકન એવૉર્ડ-દ્વિતીયની સફળતા માટે ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલે શુભેચ્છા પાઠવી હતી. આ સમયે મુંબઈના સમાચારના તંત્રી નીલેશ દવે, સૌરાષ્ટ્રના બ્યુરો ચીફ મિલન ત્રિવેદી અને ગાંધીનગરના પ્રતિનિધિ મનોજ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. તંત્રી નીલેશ દવેની પહેલી જુલાઈના ગુજરાતી પત્રકાર દિવસ તરીકે જાહેર કરવાની રજૂઆતના જવાબમાં તેમણે આ અંગે નક્કર પગલાં લેવાની બાંહેધરી આપી હતી.

**આજે ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ શેખ રાશિદ ઑડિટોરિયમ, બર દુબઈ ખાતે આ ઍવૉર્ડ ફંક્શન યોજાશે.**

### ૨૦૪ ગુડવિલ એમ્બેસેડર

પહેલી જુલાઈ, ૨૦૨૫ના રોજ 'મુંબઈ સમાચાર' ૨૦૪માં વર્ષમાં પ્રવેશી રહ્યું છે. આને ધ્યાનમાં લઈને કુલ ૨૦૪ ગુડવિલ એમ્બેસેડર 'મુંબઈ સમાચારે' બનાવ્યા છે, જેમાં ચાર નસીબવંતા ગુડવિલ એમ્બેસેડરને દુબઈ ખાતેના ઍવૉર્ડ શોમાં લઈ જવામાં આવશે. ગુડવિલ એમ્બેસેડરની દુબઈ મુલાકાત ડેન્યૂબ ગ્રૂપ પ્રેરિત રહેશે.



### એક્ટિંગ ડીએનએમાં લઈને જન્મેલો શરમન જોષી

શરમન જોષી હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના નામનો ડંકો વગાડનાર એક ગુજરાતી કલાકાર. પોતાની ફિલ્મી કારકિર્દી દરમિયાન તેમણે આઈફા ઍવૉર્ડ સહિતના અનેક ઍવૉર્ડ પોતાના નામે કર્યા છે. આ ઉપરાંત બે વખત ફિલ્મફેર ઍવૉર્ડ માટેના નોમિનેશન્સ પણ મળ્યા છે. ૧૯૯૯માં ગોડમધરથી ફિલ્મી કરિયરની શરૂઆત કરનારા શરમન જોષીએ અનેક આઈકોનિક ફિલ્મોમાં કામ કર્યું છે. વાત કરીએ શરમન જોષીની સફળ ફિલ્મો વિશે તો તેમાં રંગ દે બસંતી, ગોલમાલ, ઢોલ, લાઈફ ઈન એ મેટ્રો, ૩ ઈડિયટ્સ, ફેરારી કી સવારી જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. અભિનય એ શરમન જોષીને ગળથૂથીમાં જ મળ્યું છે કારણ કે તેમના પિતા અરવિંદ જોષી ગુજરાતી થિયેટરના એક જાણીતા દિગ્ગજ કલાકાર છે. અભિનય શરમન માટે ઓક્સિજન સમાન છે. એક્ટિંગ સિવાય પ્રોડ્યુસર અને ડિરેક્ટર તરીકે પણ તેમણે અંગ્રેજી, હિંદી, મરાઠી અને ગુજરાતી ભાષામાં નાટકો કર્યા છે. ફિલ્મો સિવાય શરમન જોષીએ ટચૂકડાં પડદે પણ અનન્ય યોગદાન આપ્યું છે. તેણે ગમે શો પણ હોસ્ટ કર્યો છે અને જાન્યુઆરી, ૨૦૧૭માં ટેડેક્સ કોન્ફરન્સમાં પણ પોતાના કરિયર વિશે વાત કરી હતી.



### ૩૬૫ દિવસનો થાક ત્રણ કલાકમાં ઉતારી શકે એ સાંઈરામ દવે...

ગુજરાતના જાણીતા અને માનીતા લોક કલાકાર, હાસ્યકાર સાંઈરામ દવે ખાસ કોઈ પરિચયના મોહતાજ નથી. ૪૪ વર્ષી પ્રશાંત વિષ્ણુપ્રસાદ દવે ઉર્ફે સાંઈરામ દવે એ બહુમુખી પ્રતિભાના માલિક છે. છેલ્લાં ૨૭ વરસથી હાસ્ય અને લોકસાહિત્ય ક્ષેત્રે જાહેર કાર્યક્રમો આપનાર, આશરે ત્રણ હજારથી વધુ જાહેર કાર્યક્રમો, ૫૧ ઓડિયો અને વીડિયો આલ્બમ, ૧૪ પુસ્તકો લખનાર સાંઈરામ દવેને ૨૦૦૭માં ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'ગુજરાત ગૌરવ પુરસ્કાર', ૨૦૧૬માં રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી સાહેબના હસ્તે જ્વેલ ઓફ ગુજરાત' ગુજરાત ગ્લોરી ઍવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

હાસ્ય કલાકારની સાથે સાથે જ સાંઈરામ દવેએ ગોંડલની પ્રાથમિક શાળા નંબર પાંચમાં શિક્ષક તેમ જ આચાર્ય તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. હાલમાં તેઓ નચિકેતા સ્કૂલિંગ સિસ્ટમ નામે ભારતીય પરંપરાની થીમ બેઝ સ્કુલના ફાઉન્ડર પ્રેસિડેન્ટ છે અને છેલ્લાં ૬ વર્ષથી અહીં બે હજાર બાળકો અભ્યાસ કરી રહ્યા છે.

૨૦૦૧માં 'ચમન બનેગા કરોડપતિ' કેસેટના માધ્યમથી સાંઈરામ દવેએ હાસ્ય લોકસાહિત્યના ૫૧ જેટલા જુદા જુદા વિષયો પર ઓડિયો-વીડિયો આલ્બમ પ્રગટ કરી ચૂક્યા છે. તેમણે ૨૭ વર્ષની લોકજીવનની કારકિર્દીમાં લંડન, ઓસ્ટ્રેલિયા, ન્યુ ઝીલેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ, મસ્કત, દુબઇ, નૈરોબી, કોંગો, યુગાન્ડા, અબુધાબી, સિંગાપોર, મલેશિયા કાર્યક્રમો આપીને વિદેશમાં વસતા ગુજરાતીઓને પોતાની માતૃભાષા તથા માતૃભૂમિ સાથે જોડી રાખ્યા છે.

૧૭ કાર્યક્રમની અંદર સાત લાખના એક્ચ્યુઅલ ઓડિયન્સના હૃદયને સ્પર્શી સમગ્ર ગુજરાત અને ગુજરાતીઓની અંદર દેશભક્તિનો માહોલ જગાવવા માટે તેઓ પ્રયત્નશીલ છે. ટૂંકમાં કહીએ તો ૩૬૫ દિવસનો થાક ૩ કલાકમાં ઉતારી દેવા સક્ષમ છે સાંઈરામ દવે...



### અર્ષ તન્ના અને સમીર તન્નાની જોડીએ કમાલ કરી છે

લાખો-કરોડો ગુજરાતીઓને ગરબાના તાલે ઝૂમવાનું શીખવનાર અર્ષ તન્ના અને સમીર તન્નાની જોડી એ કોરિયોગ્રાફીની દુનિયામાં ખૂબ જાણીતી છે. અર્ષ તન્નાને ફિલ્મ હમ દિલ દે ચૂકે સનમના ઢોલી તારો ઢોલ બાજે માટે રાષ્ટ્રપતિ દ્વારા નેશનલ ઍવૉર્ડ, રામલીલા ફિલ્મના લહુ મૂહ લગ ગયા માટે ફિલ્મફેર ઍવૉર્ડ પણ મળી ચૂક્યો છે. અર્ષ તન્નાના બેસ્ટ કોરિયોગ્રાફ કરેલાં ગીતની વાત કરીએ તો તેમાં ફિલ્મ રામલીલા નગાડા સંગ ઢોલ બાજે, ભાઈ ભાઈ, ફિલ્મ રઈસના ઊડી ઊડી જાયનો ઉલ્લેખ તો કરવો જ પડે. આ સિવાય તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વાઈબ્રન્ટ ગુજરાત ઈવેન્ટમાં ૭૦૦ ડાન્સર્સ માટે કોરિયોગ્રાફી કરી છે. નીતા અંબાણીના નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરના ઉદ્ઘાટન સમયે પોતાની કળાનો પરિચય આપ્યો હતો. હેલ્લારો જેવી બહુચર્ચિત ગુજરાતી ફિલ્મમાં પણ કોરિયોગ્રાફી કરી છે.



### સો ટચના સોના જેવા માણસ અર્જુન ધાનક

દુબઈ એ ગોલ્ડ સિટીના નામે ઓળખાય છે અને આ ગોલ્ડ સિટીમાં શુદ્ધ સોનામાંથી બનાવવામાં આવેલી ક્લાસિક જ્વલેરી ખરીદવા માટેનું સાચુ સરનામું એટલે કાન્ઝ જ્વેલર્સ. કાન્ઝ જ્વેલર્સ દુબઈની એક જાણીતી જ્વેલરી બ્રાન્ડ છે અને આ બ્રાન્ડની ધૂરા સંભાળી રહ્યા છે અર્જુન ધાનક.

અર્જુન ધાનકના પિતા અનિલ ધાનકે કાન્ઝ જ્વેલરીનો પાયો નાખ્યો હતો અને અર્જુન ધાનકે પિતાના માર્ગદર્શન હેઠળ જ તેમના પદ ચિન્હો પર ચાલીને બ્રાન્ડ અને પોતાની એક આગવી ઓળખ સ્થાપિત કરી છે. જે રીતે ભગવાન શ્રી કૃષ્ણે કુરુક્ષેત્રમાં ચાલી રહેલાં મહાભારતના યુદ્ધમાં સારથિ બનીને અર્જુનને રસ્તો દેખાડ્યો હતો એ જ રીતે અર્જુન ધાનક પણ પોતાની કંપનીના સંચાલનને સુપેરે સંભાળીને સેંકડો લોકોનું માર્ગદર્શન કરી રહ્યા છે.

સુંદર ઘડામણથી લઈને યુનિક અને મનમોહક ડિઝાઈન અને ગુણવત્તાના જોરે અર્જુન ધાનકે જ્વેલરી બિઝનેસમાં નવા નવા મકામ હાંસિલ કર્યા છે. ઘરેણાં પ્રત્યેનું પેશન અને લગાવથી જ તેમણે કાન્ઝ જ્વેલરીની છબિને વધારે ઉજળી કરી છે.



### સબ કા સાથ, સબ કા વિકાસઃ રમેશ વોરા

ચાર દાયકા પહેલાં મુંબઈથી દુબઈની સફર ખેડીને અહીંના જ થઈને રહી ગયેલા બાફલેહ ગ્રુપના ચેરમેન અને એમડી રમેશ ભોગીલાલ વોરા દુબઈના ગુજરાતી સમાજનો માનવંતો ચહેરો છે. જ્વેલરી ઈન્ડસ્ટ્રીમાં તેમના અનન્ય યોગદાનને ધ્યાનમાં લઈને ૨૦૦૬માં જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના માનદ સભ્ય તરીકે તેમની વરણી કરવામાં આવી હતી અને તેઓ આજે પણ મિડલ ઈસ્ટ કો-ઓર્ડિનેટરની પોઝિશન પર છે. ૧૯૯૨માં રમેશ વોરા અને ક્વૈદર અબુબકર બાફલેહએ બાફલેહ જ્વેલરીનો પાયો નખાયો. આજે કંપનીની ૧૮ કેરેટ, ૨૧ અને ૨૨ કેરેટની જ્વેલરીમાં ડીલ કરે છે. બાફલેહ જ્વેલરીથી શરૂ થયેલી સફર આજે દુબઈની આઈકોનિક હોલસેલર બ્રાન્ડ સુધી પહોંચી ગઈ છે. દુબઈમાં કંપનીના ૬ રિટેઈલ શોપ છે. બાફલેહ જ્વેલરી દ્વારા તૈયાર કરવામાં આવેલી જ્વેલરી સિંગાપુર, મલયેશિયા, હોંગકોંગ, ઈન્ડિયા, ઈટલી, તૂર્કી, યુએઈ, બહેરીન અને કુવૈતમાં પોતાની યુનિક, ક્વોલિટી અને વેરાઈટીથી લોકોના મન મોહી રહી છે.



### સેજલ ગ્રૂપના કર્તાહર્તા અમૃત ગડા અને ધીરજ ગડા

૧૯૯૧માં સેજલ ગ્રૂપનો પાયો નંખાયો અને કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરની જવાબદારી ઉઠાવી અમૃત ગડાએ યુએઈ અને ઈન્ડિયામાં આર્કિટેકચર ગ્લાસનું મેન્યુફેક્ચરિંગ કરવા સહિત વિવિધ ક્ષેત્રોમાં પોતાનું અનન્ય યોગદાન આપ્યું છે. કંપનીને એક આગવી ઓળખ આપવાનો ઉદ્દેશ રાખવાની સાથે એક વિશ્વસનીય અને લોકપ્રિય બ્રાન્ડ કઈ રીતે ઊભી કરી શકાય એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે અમૃતભાઈ ગડાએ અને આમાં તેમને સાથ આપ્યો તેમના ભાઈઓ શાંતિભાઈ ગડા, ધીરજ ગડા, મિતેશ ગડા અને પરિવારના સભ્યોએ. સેજલ રિયાલ્ટીના મેનેજિંગ ડિરેક્ટર ધીરજ ગડા પણ સેજલ ગ્રૂપના સૂત્ર સંચાલનમાં ભાઈ અમૃત ગડાની સાથે ખભેખભા મિલાવીને ચાલી રહ્યા છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં એક નવા યુગનો ઉદય થયો છે. અમૃતભાઈ બિઝનેસની સાથે સાથે સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીઓને પણ સુપેરે સાચવી રહ્યા છે.



### ઈમ્પોર્ટ, એક્સપોર્ટના બાહુબલી ચેતન ભટ્ટ

પરિવારનો મૂળ બિઝનેસ તો ટિમ્બરનો પણ ૬૫ વર્ષના ચેતન કનકરાય ભટ્ટનો જીવ સતત કંઈક નવું કરવાની દિશામાં આગળ વધી રહ્યો હતો અને આજે દુબઈમાં ઈમ્પોર્ટ એક્સપોર્ટના બિઝનેસમાં તેમના નામના સિક્કા પડી રહ્યા છે. ૧૯૭૮-૮૦માં ટિમ્બરના ફેમિલી બિઝનેસથી કરિયરની શરૂઆત કરનારા ચેતન ભટ્ટે ૧૯૭૮માં મુંબઈના મંગલદાસ માર્કેટમાં નોકરી કરી. બે વર્ષ બાદ તેમને યુકેમાં જોબ કરવાનો ચાન્સ મળ્યો, તેઓ કાકા કુમાર શ્રીમાંકરના માર્ગદર્શનમાં કામ કરતા. તેઓ પાછા મુંબઈ આવ્યા અને ૧૯૯૦માં દુબઈમાં પોતાની કિસ્મત અજમાવવા નીકળી પડ્યા. સાડાત્રણ દાયકાથી લાંબો સમય દુબઈમાં પસાર કર્યા બાદ આજે ચેતન ભટ્ટ દુબઈની ગુજરાતી કમ્યુનિટીમાં પોતાની એક આગવી ઓળખ ઊભી કરી છે. ૧૯૯૨માં તેમણે ઈમ્પોર્ટ-એક્સપોર્ટની દુનિયામાં પગ મૂક્યા. ૨૦૦૫માં પત્ની સુરેખા અને ગુરુજી કુટ્ટી સ્વામીના આશીર્વાદથી પર્લ લાઈન ટ્રેડિંગ એલએલસીનો પાયો નાખ્યો. શરૂઆતમાં કંપની ઘરેથી જ ચલાવીને બે વર્ષમા બર દુબઈમાં પોતાની પહેલી ઓફિસ ખોલી, બે જ વર્ષમાં તેમણે ઓફિસ અલ રાસ ફૂડસ્ટમ માર્કેટ, દેઈરા ખાતે શિફ્ટ કરી. બિઝનેસ સિવાય ચેતન ભટ્ટ દુબઈમાં ઈન્ડિયન એસોસિએશનમાં તેમની માનદ્ સેવા નોંધપાત્ર છે.



### જેમ ઓફ ધ પર્સન એટલે કિરણ પેઠાણી

આંતરરાષ્ટ્રીય જ્વેલરી ક્ષેત્રમાં કિરણ પેઠાણીએ પોતાની આગવી સૂઝબૂજ અને અનુભવથી અનન્ય યોગદાન આપ્યું છે. કિરણ પેઠાણી 'કારા'ના કો-ફાઉન્ડર છે. બિઝનેસને આગળ લઈ જવાની તેમની કોઠાસૂઝ અને કસ્ટમરની ખુશી અને સંતુષ્ટિને કારણે જ તેમણે ઉદ્યોગજગતમાં નામના હાંસિલ કરી છે. સતત કંઈક નવું કરવાની તેમની ધગશ અને લોકો સાથે વાત-ચીત કરવાની કળાને કારણે જ કિરણ પેઠાણી પોતાના બિઝનેસને દિવસેને દિવસે આગળ લઈ જઈ રહ્યા છે. એક સારો બિઝનેસ મેન ત્યારે જ સફળ થઈ શકે જ્યારે તેની નિર્ણય લેવાની ક્ષમતા ઝડપી અને યોગ્ય હોય. કિરણભાઈમાં આ બંને ક્વોલિટી છે અને તે જ તેમને જેમ ઓફ ધ પર્સન બનાવે છે.



### આધુનિક યુગના કર્ણ તુષાર પટણી

મૂળ અમદાવાદમાં જન્મેલા તુષાર મહેન્દ્રભાઈ પટણી છેલ્લાં ૨૫ વર્ષ કરતાં પણ લાંબા સમયથી અબુધાબીમાં રહે છે. બિઝનેસ વર્લ્ડમાં તો તુષાર પટણી એક જાણીતું નામ છે જ, પણ સમાજસેવામાં પણ તેમનો જોટો જડે એમ નથી. જ્યાં કોઈને કંઈ મદદની જરૂર પડે ત્યાં તુષારભાઈ હાજર જ હોય. મૂળ જ્વેલરી બિઝનેસ સાથે સંકળાયેલા તુષારભાઈ માણસ પણ સો ટચના સોના જેવા શુદ્ધ અને સાત્વિક. પણ અબુધાબીના સોશિયલ વર્કમાં તેઓ એક ખૂબ જ જાણીતો અને લોકલાડીલો ચહેરો બની ચૂક્યા છે. ૧૨ વર્ષથી તુષારભાઈ ગુજરાતી અબુધાબી સમાજના પ્રેસિડન્ટ છે અને તેઓ અનેક વર્ષોથી સમાજસેવા સાથે સંકળાયેલા છે. જેમ મહાભારતના સમયમાં કર્ણ પાસેથી ક્યારેય કોઈ વ્યક્તિ ખાલી હાથે નહોતી પાછી ફરી એમ તુષારભાઈ પાસે કોઈ પણ પોતાની સમસ્યા કે કામ લઈને જાય તેનું કામ થાય, થાય ને થાય જ. તુષારભાઈ ૧૯૮૦થી તેમના ગામ નવાગામમાં જે. એમ. પટણી હાઈસ્કૂલ ચલાવે છે અને એ પણ તદ્દન નિઃશુલ્ક. ગામમાં તેઓ એક ગૌશાળા પણ ચલાવે છે જ્યાં ગૌમાતા માટે નિઃશુક મેડિકલ હેલ્પ, ચારો અને બીજી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી આપવામાં આવી છે.

તુષારભાઈના બંને દીકરા વરુણ અને અનિરુદ્ધ પણ પિતાના નકશેકદમ પર ચાલી રહ્યા છે અને તેમની પરંપરાને આગળ ધપાવી રહ્યા છે અને બિઝનેસ તેમ જ સમાજસેવા કરીને પિતા તેમ જ પરિવારનું નામ રોશન કરી રહ્યા છે.

# ચેસનો વર્લ્ડ ચૅમ્પિયન ગુકેશ જર્મનીમાં એકેય ગેમ ન જીત્યો, સાવ છેલ્લે રહ્યો

## જોકે નિરાશાજનક પર્ફોર્મ કરવા છતાં ₹૧૭ લાખ કમાયો!

હૅમ્બર્ગ (જર્મની): ભારતનો ૧૮ વર્ષનો ડી. ગુકેશ બે મહિના પહેલાં ચીનના ડિન્ગ લિરેનને પરાસ્ત કરીને ચેસ જગતનો સૌથી યુવાન વર્લ્ડ ચૅમ્પિયન બન્યો હતો, પણ શુક્રવારે અહીંની મોટી સ્પર્ધામાં તેણે જે નબળું પર્ફોર્મ કર્યું એવું તો કોઈએ નહીં ધાર્યું હોય. તે અહીં ફ્રીસ્ટાઇલ ચેસ ગ્રૅન્ડ સ્લૅમમાં છેક છેલ્લા નંબર પર રહ્યો હતો. ગુકેશે એક પણ જીત વગર ચૅમ્પિયનશિપ પૂરી કરી હતી.

સાતમા સ્થાન માટેની પ્લે-ઑફમાં ગુકેશ અને ઇરાન-ફ્રાન્સના ગ્રૅન્ડમાસ્ટર અલીરઝા ફિરોઉઝા વચ્ચેની બે તબક્કાવાળી હરીફાઈમાં પ્રથમ ગેમ ડ્રૉ રહી હતી, પણ બીજી ગેમમાં ગુકેશનો ૩૦ ચાલમાં પરાજય થયો હતો અને આઠમા ક્રમ પર રહ્યો હતો. એક તબક્કે ગુકેશે ગણતરીની પળોમાં ક્વીન ગુમાવવી પડી હતી. પ્લે-ઑફના આઠ ખેલાડીઓમાં ગુકેશ છેક આઠમા સ્થાને રહ્યો હતો.

જર્મનીનો વિન્સેન્ટ કીમર આ સ્પર્ધા જીતવા માટે ફેવરિટ ગણાતો હતો અને પ્લે-ઑફના અંતિમ આઠ સ્થાનમાં તે મોખરે હતો. ફૅબિયાનો કારુઆના બીજા નંબરે અને વર્લ્ડ નંબર-વન મૅગ્નસ કાર્લસન ત્રીજા નંબરે હતો.

ગુકેશ એક પણ ગેમ જીત્યા વિના પ્લે-ઑફના આઠ ખેલાડીઓમાં છેક છેલ્લે રહ્યો એમ છતાં તેને ૨૦,૦૦૦ ડૉલર (અંદાજે ૧૭ લાખ રૂપિયા)ની રોકડ રકમ મળી હતી. આ ટૂર્નામેન્ટ જીતનાર જર્મનીના વિન્સેન્ટ કીમરને બે લાખ ડૉલર (આશરે ૧.૭૩ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ અપાયું હતું.

ગુકેશ ૧૨મી ડિસેમ્બરે ચેસનો વિશ્વ વિજેતા બન્યો હતો. તેને એ વિજય બદલ કરોડો રૂપિયાના ઇનામો મળ્યા હતા. તેની હાલમાં વિશ્વમાં પાંચમી રૅન્ક છે. નોર્વેનો કાર્લસન નંબર-વન છે. ભારતનો જ અર્જુન એરીગૈસી ચોથા નંબરે (ગુકેશથી એક ક્રમ આગળ) છે. ■


ઘૂંટણની સમસ્યા અને સમાધાન

## અડધું (Partial) Knee Replacement ઓપરેશન સફળતા અને સમજણ

**★ મારા ઘૂંટણની અંદરની સાઈડની અડધી ઢાંકણી ઘસાઈ ગઈ છે તો શું ઘૂંટણનું અડધું (Partial) Knee Replacement ઓપરેશન શક્ય છે?**

**(૭૨ વર્ષ) શ્રી પી. દમણિયા**

જેમ તમને ખ્યાલ હશે કે ઘૂંટણમાં ત્રણ વિભાગ હોય છે એટલે કે અંદરનો, બહારનો અને ઉપરની સાઈડનો. ઘૂંટણનો ઘસારો જ્યારે એક જ વિભાગમાં થાય તો તે એટલો જ ભાગ બદલી શકાય છે. તેને Unicompartmental Knee Replacement (uni) કહેવામાં આવે છે. આ ઓપરેશન ઘૂંટણના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરો પૈકી પણ અમુક જ સર્જન કરે છે. મેં આ શસ્ત્રક્રિયા માટે લંડનમાં ખાસ તાલીમ લીધી છે. જેથી મારે માટે આ ઓપરેશન સહેલું છે. આ ઓપરેશનમાં ઘૂંટણનો જે ભાગ સારો છે, Ligament વિગેરે સારા છે તેને બિલકુલ અડવાની જરૂર રહેતી નથી. ખરી રીતે તો ઘૂંટણનો આ સારો ભાગ શસ્ત્રક્રિયા બાદ દર્દીને ચાલવામાં મદદ કરે છે.



**ડૉ. આશીત શાહ**
MS, MCH orth, FRCS orth (London) ROBOTIC KNEE REPLACEMENT SURGEON




આ શસ્ત્રક્રિયા બાદ રિકવરી ઝડપી અને વ્યવસ્થિત થઈ જાય છે. ઓપરેશનના થોડા સમય બાદ તો દર્દીને લગભગ ઓપરેશન કરાવ્યું છે તેનો અણસાર પણ આવતો નથી.

જો મોટી ઉંમરે આ ઓપરેશન કરાવવામાં આવે તો દર્દીને ઘણો લાંબો સમય તે ઘૂંટણમાં પછી જોવાપણું રહેતું નથી.

**★ ૬૫ વર્ષની ઉંમરે મારે Partial (uni) Knee Replacement ઓપરેશન કરાવવું છે તો તે ઢાંકણીની આવરદા કેટલી છે? આ ઓપરેશનના ફાયદા શા છે?**

**શ્રીમતી લક્ષ્મી કારિયા**

જો તમે Partial (uni) Knee Replacement ઓપરેશન કરાવો તો તમને ઘણા ફાયદા છે. ઝડપી રિકવરી, નાનો કાપો, લોહીનો ઘણો જ ઓછો વ્યય, ફિઝિયોથેરાપીની (ઓપરેશન બાદની કસરત) ઓછી જરૂર.

જે પદ્ધતિ વડે આ (uni) Partial Knee Replacement ઓપરેશન થાય છે તેની પણ આવરદામાં ફરક પડે છે.

Robotic Partial Knee Replacement પણ એક પદ્ધતિ છે જેમાં દોરાભાર પણ ક્ષતિ રહેતી નથી જેથી ઓપરેશન બાદ જે ઢાંકણી મૂકી હોય છે તેની આવરદા પણ ૧૦-૧૫ વર્ષ હોઈ શકે. જેમ એન્જિયોગ્રાફી બાદ સ્ટેંટ મૂકવાની જરૂર હોય તો આપણે બાયપાસ ઓપરેશન કરાવતા નથી તેમ જ જો આપણને (uni) Partialની જરૂર હોય તો તે જ કરાવવું સલાહભર્યું છે અને આખા Knee Replacement ઓપરેશનની જરૂર નથી.

**★ એકવાર Partial Knee Replacement કર્યા બાદ ઘૂંટણનો જે ભાગ બદલ્યો નથી તેમાં ૧-૨ વર્ષમાં તકલીફ ઊભી થઈ શકે?**

**શ્રીમતી સ્નેહપ્રભા પટવારી**

Partial Knee Replacement ત્યારે જ કરવામાં આવે છે, જ્યારે ઘૂંટણના બાકીના બે વિભાગ નોર્મલ હોય છે.

આ ઓપરેશનમાં ઘસાયેલો વિભાગ જ બદલવામાં આવે છે. જે પ્રમાણે Partial Knee Replacementની ગોઠવણ કરવામાં આવે છે તેમાં બહારના નોર્મલ ભાગ પર જરા પણ દબાણ આવતું નથી, જેથી બહારના ભાગ પર બિલકુલ ઘસારો પહોંચતો નથી.

ઉંમરનો ઘસારો વધ્યો તો પણ બહારનો ભાગ ૧૦-૧૨ વર્ષ સુધી સામાન્યપણે તકલીફ આપતો નથી.

સંપર્કઃ
■ TechKNEEque® Clinics
■ Malad (W) : 9819707319 ■ www.robotickneereplacementmumbai.com
■ Andheri (W) : 8591307319 ■ www.drashitshah.com



સૉલ ઑફ ટૂર

## જપાનઃ સંસ્કૃતિ, સુંદરતા અને શોધનો અદ્ભુત પ્રવાસ



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

જપાન એ સાહસિક પ્રવાસીઓ માટે એક સપનાનો દેશ છે જ્યાં આધુનિકતા અને પરંપરા એકસાથે શણગારાયેલી છે. શોખીનભક્ષકો માટે સુશી અને રામેનની મજા હોય કે ઐતિહાસિક મંદિરોથી લઈને ટેક્નોલોજી સિટી ટોક્યો સુધીની શોધખોળ; જપાન દરેક પ્રવાસીને કંઈક નવું આપી શકે છે.

ઑરોરા ટ્રાવેલ્સના મૅનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા જપાન-પ્રવાસની ખાસિયતો, શ્રેષ્ઠ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન્સ અને પ્રવાસની તૈયારી વિશે તમારા પ્રશ્નોના જવાબ આપી રહ્યા છે. તો ચાલો, જપાનની એક રસપ્રદ યાત્રા પર નીકળી જઈએ.

**પ્રશ્નઃ લોકો પરિવાર સાથે હૉલિડે પર કેમ જાય છે?**

પરિવાર સાથે રજા એ લાઈફને સેલિબ્રેટ કરવાનો મોકો, દિનચર્યાથી દૂર જવાની, પ્રિયજનો સાથે અવિસ્મરણીય યાદો બનાવવાની તક છે પ્રવાસ. કલ્પના કરો કે આકર્ષક લૅન્ડસ્કેપ્સથી ઘેરાયેલા તમે તમારાં બાળકો અને પૌત્રો સાથે બેસો, નવી સંસ્કૃતિનો અનુભવ કરો અને એવી ક્ષણોનો આનંદ માણો જે તમારી સાથે કાયમ રહેશે. મુસાફરી આનંદ, હાસ્ય અને આશ્ચર્યની નવી ભાવના લાવે છે, કંઈક એવું જે આપણે ચોક્કસ ડિઝર્વ કરીએ છીએ.

**▸ પ્રશ્નઃ તમારું મનપસંદ સ્થળ કયુ છે?**

કોઈ શંકા વિના જપાન, આ દેશ પાસે દરેક પેઢી માટે કંઈક છે. વડીલો માટે આ ઊંડી પરંપરા, શાંત બગીચાઓ અને આધ્યાત્મિક મંદિરોની ભૂમિ છે. નાના પ્રવાસીઓ માટે એ અત્યાધુનિક ટેક્નૉલૉજી, ઍડ્વેન્ચર અને ઈનોવેશન્સનું રમતનું મેદાન છે. ભલે તમને ઈતિહાસ, ખરીદી, પ્રકૃતિ અથવા અન્ય સાંસ્કૃતિક અનુભવો ગમતા હોય, જપાન એ બધાને એવી રીતે એકસાથે આવરે છે જે રસપ્રદ અને ઊંડાણપૂર્વક પરિપૂર્ણ અનુભવ આપે છે.

**પ્રશ્નઃ જપાનમાં ખરેખર લેવા જેવા ખાસ અનુભવો કયા છે?**

**▸ હનામી- ખાસ ચેરી બ્લૉસમ જોવા માટે (માર્ચ-એપ્રિલ)**

હવે કલ્પના કરો. તમે એક શાંત પાર્કમાં બેઠા છો, તમારી ઉપરનું આકાશ ગુલાબી અને સફેદ રંગના નાજુક રંગોમાં રંગાયેલું છે, જ્યારે ચેરી બ્લૉસમની પાંખડીઓ નરમ બરફના ટુકડાઓની જેમ ધીમે-ધીમે નીચે તરતી રહે છે. આ હનામી છે, જપાનની ફૂલો જોવાની પ્રાચીન પરંપરા. પરિવારો અને મિત્રો આ ખીલેલાં સાકુરા વૃક્ષો નીચે ભેગા થાય છે, પિકનિકનો આનંદ માણે છે, લીલી ચા પીવે છે અને ફક્ત પ્રકૃતિની ક્ષણિક સુંદરતાનો આનંદ માણે છે. એ માત્ર એક દૃશ્ય નથી; એ આનંદ, કૃતજ્ઞતા અને એકતાની લાગણી છે.

**▸ તાતેયામા કુરોબે આલ્પાઈન રૂટની ભવ્ય બરફની દીવાલો (એપ્રિલ-મે)**

શું તમે ક્યારેય ૨૦ મીટર ઊંચા બરફના કૉરિડોરમાંથી ચાલવાની કલ્પના કરી છે? જપાન આ સ્વપ્નને વાસ્તવિકતા બનાવે છે. તાતેયામા કુરોબે આલ્પાઈન રૂટ તમને રોપવે, કેબલ કાર અને ઈલેક્ટ્રિક બસો દ્વારા આકર્ષક નૉર્થ જપાન આલ્પ્સમાંથી પસાર થાય છે જે ખૂબ નયનરમ્ય દૃશ્ય હોય છે. અને અહીંની હાઈલાઈટ છે બરફની આ ઊંચી દીવાલો વચ્ચે ચાલવું. એવું લાગે છે કે તમે વિન્ટર વન્ડરલૅન્ડમાં પગ મૂક્યો છે. આ એક અતુલ્યઅનુભવ છે.

**▸ શિરાકાવા-ગો ઈતિહાસમાં ગરકાવ**

જપાનના પર્વતોમાં વસેલું યુનેસ્કો વર્લ્ડ હૅરિટેજ સાઈટ શિરાકાવા-ગો ખાતે એક પરીકથામાં પ્રવેશ્યાનો અનુભવ મળશે. અનટચ એવું આ મનોહર ઐતિહાસિક ગામ, એના ગાશો-ઝુકુરી ફાર્મહાઉસ માટે પ્રખ્યાત છે. અહીં પરંપરાગત લાકડાના ઘરો જોવા મળે છે, જેમાં ઢાળવાળી છત હોય છે જે ભારે હિમવર્ષાનો



સામનો કરવા માટે રચાયેલી હોય છે. શિરાકાવા-ગોમાંથી ચાલવું એ જૂના વિશ્વના જપાની ચિત્રમાં પ્રવેશવા જેવું લાગે છે. એ શાંતિપૂર્ણ, મનોહર અને જપાનના ગ્રામીણ ભૂતકાળની એક દુર્લભ ઝલક આપે છે. ઑરોરા ટ્રાવેલ્સ ખાતરી કરે છે કે અહીંની તમારી મુલાકાત સિમલેસ અને અવિસ્મરણીય બની રહે.

**▸ એડો વન્ડરલૅન્ડ-સમુરાઈ યુગની યાત્રા**

કલ્પના કરો કે એક એવા શહેરમાં પ્રવેશ કરો જ્યાં સમુરાઈ શેરીઓમાં ચાલે છે, નિન્જા છત પરથી કૂદી પડે છે અને દુકાનદારો પરંપરાગત એડો-કાળની રીતભાત સાથે તમારું સ્વાગત કરે છે. નિક્કોમાં એડો વન્ડરલૅન્ડ છે જે જપાનના ભવ્ય ભૂતકાળને જીવંત બનાવે છે. અહીં કિમોનો પહેરો, તલવારબાજીની કળા શીખો અથવા રોમાંચક નિન્જા-પ્રદર્શન જુઓ અને ખૂબ ફોટો પાડી લાઈફટાઈમની યાદો ભેગી કરો. આ ઈમર્સિવ અનુભવ ઈતિહાસપ્રેમીઓ માટે આનંદદાયક તેમ જ બાળકો અને પૌત્રો માટે એક પ્લેફુલ ઍડ્વેન્ચર બની રહે છે.

**▸ ટીમલૅબ- ડિજિટલ અજાયબીઓની દુનિયા**

જપાન એટલે ઈનોવેશન્સનું જન્મસ્થાન. આ એક એવું સ્થાન છે જ્યાં પરંપરા નવીનતાને મળે છે અને આ વાતની સાબિતી ટીમલૅબ કરતાં વધુ શું આપી શકે? એક ફ્યુચરિસ્ટિક ડિજિટલ આર્ટનો અનુભવ જે તમને બીજી દુનિયામાં લઈ જાય છે. કલ્પના કરો કે ચમકતા ધોધમાંથી ચાલવું, પાણીની જેમ લહેરાતી દીવાલોને સ્પર્શ કરવી અને દરેક ગતિ સાથે ફૂલોમાં ખીલેલા ફ્લોર પર પગ મૂકવો. ટોક્યો અને ઓસાકામાં સ્થિત ટીમલૅબ બધી જ ઉંમરના લોકો માટે મુલાકાત લેવા યોગ્ય છે જે વિજ્ઞાન, ટેક્નૉલૉજી અને સર્જનાત્મકતાને એક અવાસ્તવિક, સ્વપ્ન જેવા અનુભવમાં ભેળવે છે.

**પ્રશ્નઃ મારે જપાનથી શું ખરીદવું જોઈએ?**

જપાન શૉપિંગ કરનારાઓ માટે સ્વર્ગ છે. અહીં ઘરે સંભારણાં તરીકે લઈ જવા જેવી ચીજો એટલે... અધિકૃત જૅપનીઝ ગ્રીન ટી-દરેક ઘૂંટમાં જપાનનો સ્વાદ. હસ્તકલાથી બનાવેલા સિરામિક્સ અને ચૉપસ્ટિક્સ- સુંદર અને અનન્ય યાદગાર વસ્તુઓ. સિલ્ક કિમોનો અને સ્કાર્ફ-પરંપરા અને શૈલીનું સંપૂર્ણ મિશ્રણ. વાગાશી (પરંપરાગત જપાની સ્વાદિષ્ટ મીઠાઈઓ), નવીન ગૅજેટ્સ અને સૌંદર્ય- ઉત્પાદનો- જપાનની ટેક્નોલૉજી અને ત્વચા-સંભાળ તો વિશ્વ વિખ્યાત છે.

**▸ જપાનની મુલાકાત શા માટે લેવી જોઈએ?**

જપાન એ એક એવો અનુભવ છે જે તમારી સફર પૂરો થયા પછી પણ તેની યાદો લાંબા સમય સુધી સાથે રહે છે. તમે ચેરી બ્લૉસમની પ્રશંસા કરી રહ્યા હો, હૉટ સ્પ્રિંગમાં ડૂબકી લગાવી રહ્યા હો અથવા ઐતિહાસિક ગામમાં ફરતા હો. જપાનનો અનુભવ હૃદયસ્પર્શી છે જે બહુ ઓછા સ્થળો આપી શકે છે.

અમે ઑરોરા ટ્રાવેલ્સ ખાતે સિમલેસ, સિનિયર ફ્રેન્ડલી, સમૃદ્ધ પ્રવાસોનું આયોજન કરવામાં નિષ્ણાત છીએ અને તમે આરામથી અને અર્થપૂર્ણ રીતે જપાન એક્સપ્લોર કરી શકો એની અમે ખાતરી આપીએ છીએ.

**▸ શું તમે જીવનમાં એક વાર જોવા મળતા સાહસ પર જવા માટે તૈયાર છો?**

તો ચાલો તમારા જપાનના સ્વપ્નને વાસ્તવિકતામાં બદલીએ.

Instagram
Website

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com


# મુંબઈથી દુબઈઃ ભારતના મોટા ભાગના ક્રિકેટરો ચૅમ્પિયન્સ ટ્રોફી માટે દુબઈ પહોંચી ગયા

મુંબઈઃ બુધવાર, ૧૯મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેની મૅચ સાથે શરૂ થઈ રહેલી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રમવા ભારતીય ટીમના મોટા ભાગના ખેલાડીઓ ગઈ કાલે બપોરે મુંબઈથી દુબઈ જવા રવાના થયા હતા અને ત્યાં પહોંચી ગયા હતા. ભારતની પ્રથમ મૅચ દુબઈમાં ગુરુવાર, ૨૦મી ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે રમાશે.

મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ પર દુબઈ માટેની ફ્લાઇટ માટે એકત્રિત થયેલા અને દુબઈ પહોંચી ગયેલા ખેલાડીઓમાં કૅપ્ટન રોહિત શર્મા અને વાઇસ-કૅપ્ટન શુભમન ગિલ તેમ જ વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, રિષભ પંત, કેએલ રાહુલ, શ્રેયસ ઐયર, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી તેમ જ ફાસ્ટ બોલર્સ અર્શદીપ સિંહ અને હર્ષિત રાણાનો સમાવેશ હતો. હેડ-કોચ ગૌતમ ગંભીર, ફીલ્ડિંગ-કોચ ટી. દિલીપ, બોલિંગ-કોચ મૉર્ની મૉર્કલ તથા સહાયક -કોચ રાયન ટેન ડૉશ્ચેટ પણ ભારતીય ટીમની ફોજ સાથે હતા.



ગઈ કાલે મુંબઈ ઍરપોર્ટ પર વિરાટ

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષની મધ્યમાં રોહિતના સુકાનમાં ભારતીય ટીમ ટી-૨૦ વર્લ્ડ કપ રમવા વેસ્ટ ઇન્ડિઝના પ્રવાસે ગઈ હતી અને બહુમૂલ્ય ટ્રોફી સાથે પાછી આવી હતી. મુંબઈ વિમાનીમથકે ગઈ કાલે અસંખ્ય ચાહકો ભારતીય ટીમને શુભકામના આપવા ઍરપોર્ટના પ્રવેશદ્વાર પાસે આવી પહોંચ્યા હતા. રોહિત શર્મા આવતાં જ કેટલાક ક્રિકેટચાહકો પરોહિત ભાઈ...' અને પરોહિત સર...' એવી બૂમો પાડવા લાગ્યા હતા. ભારતની તમામ મૅચો દુબઈમાં રમાશે. ભારતીય ટીમ જો સેમિ ફાઇનલમાં પહોંચશે તો એની એ સેમિ દુબઈમાં જ રમાશે. ફાઇનલનું સ્થળ હજી નક્કી નથી થયું, પણ જો ભારત ફાઇનલમાં જશે તો એ નિર્ણાયક મુકાબલો પણ દુબઈમાં જ રમાશે. ■




KAAJAL ADS



KAAJAL ADS





# ટ્રેઇનરે કપાયેલી આંગળીએ મસાજ કર્યો અને ટેનિસના નંબર-વન ખેલાડી સિન્નરે પ્રતિબંધ ભોગવવો પડ્યો!



લંડનઃ પુરુષોની ટેનિસના સર્વોચ્ચ ક્રમાંકિત ખેલાડી યાનિક સિન્નરના પ્રતિબંધિત ડ્રગ્સના સેવન સંબંધિત ડોપિંગ ટેસ્ટના ઉપરાઉપરી બે પૉઝિટિવ રિપોર્ટ આવતાં તેના રમવા પર ત્રણ મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૨૩ વર્ષના ઇટાલિયન ખેલાડી સિન્નરે એવી દલીલ કરી હતી કે 'જાણી જોઈને ક્લૉસ્ટેબૉલ નામનું પ્રતિબંધિત ડ્રગ નહોતું લીધું. બૅન હેઠળનું એ દ્રવ્ય મારા ટ્રેઇનરે મને જે મસાજ કર્યું હતું એને લીધે મારા શરીરમાં આવ્યું હતું, કારણકે મારા એ ટ્રેઇનરની આંગળીમાં કાપો પડી ગયો હતો અને એ આંગળીએ તેમણે મને જે દ્રવ્યથી મસાજ કર્યું હતું એમાં પ્રતિબંધિત ક્લૉસ્ટેબૉલ હતું.'

વર્લ્ડ ઍન્ટિ-ડોપિંગ એજન્સી (ડબ્લ્યૂએડીએ-વાડા)એ સિન્નરની ડોપિંગના પરીક્ષણ માટે યુરિનનું બે વખત જે સૅમ્પલ મગાવ્યું હતું એ બન્નેમાં ક્લૉસ્ટેબૉલ હોવાનું પુરવાર થતાં વાડાએ સિન્નરના રમવા પર ઓછામાં ઓછા એક વર્ષનો પ્રતિબંધ મૂકવાની માગણી કરી હતી. જોકે ઇન્ટરનૅશનલ ટેનિસ ઇન્ટિગ્રિટી એજન્સી (આઇટીઆઇએ)એ સિન્નરથી આ પ્રતિબંધિત દ્રવ્ય અકસ્માતે લેવાઈ ગયું હોવાની દલીલ કરીને સંભવિત સસ્પેન્શન સામે વિરોધ કર્યો હતો. ■

# બાવીસમી માર્ચે આઇપીએલની પ્રથમ મૅચ કોલકાતા-બેન્ગલૂરુ વચ્ચે રમાશે

નવી દિલ્હીઃ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) આઇપીએલની ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ છે અને મળતા અહેવાલો મુજબ આ વખતની સીઝનમાં એની પ્રથમ મૅચ શનિવાર, બાવીસમી માર્ચે રૉયલ ચૅલેન્જર્સ બેન્ગલૂરુ (આરસીબી) વચ્ચે રમાશે. એવું મનાય છે કે આ પ્રારંભિક મુકાબલો કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં થશે. ૨૩મી માર્ચે ચેન્નઈમાં મુંબઈ ઇન્ડિયન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મૅચ રમાશે. ૧૦ ટીમ વચ્ચેની આઇપીએલની નવી સીઝન વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી પૂરી થયા પછી ૧૨ દિવસ બાદ શરૂ થશે. આઇપીએલ ૧૦ ટીમના હોમટાઉન ઉપરાંત ગુવાહાટી તથા ધરમશાલામાં પણ રમાશે. ■

# રોહિત દુબઈ પહોંચ્યો, પણ તેનાં પૉસ્ટર પાકિસ્તાનમાં ચમકી રહ્યાં છે!

કરાચીઃ પાકિસ્તાનના કરોડો ક્રિકેટપ્રેમીઓ ૨૯ વર્ષે પોતાના દેશમાં રમાનારી પહેલી મોટી આઇસીસી ટૂર્નામેન્ટ (વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી)ની રાહ જોઈ રહ્યા છે ત્યારે ભારતીય ટીમ દુબઈ પહોંચી ગઈ છે, જ્યારે પાકિસ્તાનમાં ટીમ ઇન્ડિયાના સુકાની રોહિત શર્માનાં પોસ્ટર ચમકી રહ્યાં છે.

વન-ડે ક્રિકેટમાં ત્રણ ડબલ સેન્ચુરી ફટકારનાર વિશ્વના એકમાત્ર ખેલાડી અને ૨૬૪ રનનો વિક્રમજનક વ્યક્તિગત સ્કોર પોતાના નામે ધરાવતા રોહિત શર્માના પાકિસ્તાનમાં પણ અસંખ્ય ચાહકો છે. પાકિસ્તાન ભલે ભારતનો એકમાત્ર દુશ્મન-દેશ છે, પરંતુ ત્યાં હિટમૅન રોહિતનો ફૅનબેઝ બહુ મોટો છે.

ઉલ્લેખનીય છે કે ભારતે પોતાની ટીમને પાકિસ્તાન નથી મોકલી અને ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની તમામ મૅચો દુબઈમાં રમાવાની છે, પરંતુ રોહિત શર્મા અને પાકિસ્તાનની ટીમના કૅપ્ટન મોહમ્મદ રિઝવાનને સામસામે બતાવતા પોસ્ટર પાકિસ્તાનના માર્ગો પર લગાડવામાં આવ્યાં છે.

રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ (બપોરે ૨.૩૦ વાગ્યાથી) ભારત-પાકિસ્તાન વચ્ચે દુબઈ ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં ટક્કર થશે.

ભારત અને પાકિસ્તાનની ટીમ લિમિટેડ ઓવર્સના રૅન્કિંગમાં ભલે ગમે એ ક્રમે હોય, પરંતુ તેઓ સામસામે આવે ત્યારે તેમની ઓળખ બે પાવરહાઉસ ટીમ તરીકે જ થતી હોય છે, કારણકે આ બે દેશની ટીમ વચ્ચે જે ટક્કર થતી હોય છે એવી ટક્કર ક્રિકેટજગતમાં બીજા કોઈ પણ દેશ વચ્ચે નથી થતી હોતી. ભારત-પાકિસ્તાનની ટીમ સામસામે આવે ત્યારે સમગ્ર ક્રિકેટજગતનું ધ્યાન એ મુકાબલા પર જ હોય છે.




ભારતની જેમ પાકિસ્તાનના પણ અનેક ક્રિકેટપ્રેમીઓ આ મૅચ જોવા આતુર છે અને એ પહેલાં તેમણે પોતાની ટીમના કૅપ્ટન રિઝવાનની સાથે રોહિતને પણ પોસ્ટરમાં બતાવીને બન્ને પ્રત્યેનો પોતાનો ક્રેઝ બતાવ્યો છે.

ચૅમ્પિયન્સ ટ્રોફી છેલ્લે ૨૦૧૭માં રમાઈ હતી જેની ફાઇનલમાં ભારતનો પાકિસ્તાન સામે પરાજય થયો હતો. એ સમયના ચૅમ્પિયન કૅપ્ટન સરફરાઝ અહમદે આઇસીસીની વેબસાઇટ પર લખેલી કટારમાં પાકિસ્તાનની આ વખતની ટીમ પર ખૂબ વિશ્વાસ મૂકતાં જણાવ્યું છે કે 'ભારતની બૅટિંગ તાકાત પર મને પૂરો ભરોસો છે. હાલમાં પાકિસ્તાનની બોલિંગ પણ ઘણી સારી છે. જ્યારે પણ ભારત અને પાકિસ્તાનની ટીમ સામસામે આવે ત્યારે એ અમૂલ્ય અવસર બની જાય છે. આ મૅચમાં ખૂબ જ માનસિક દબાણ અને અપેક્ષાનો ડુંગર હોય છે. જોકે ખેલાડીઓએ મગજને શાંત રાખીને રમવું પડે અને જે કંઈ બાહ્ય અવાજ (ટિપ્પણીઓ) થાય એને અવગણવો પડે અને ઑસ્ટ્રેલિયા તથા અન્ય કોઈ દેશ સામે રમતાં હોઈએ એ જ રીતે રમવું પડે. ૨૦૧૭ની ચૅમ્પિયન્સ ટ્રોફીના બાબર આઝમમાં અને અત્યારના બાબર આઝમમાં ઘણો ફરક છે. તે અગાઉ કરતાં વધુ મૅચ્યૉર પ્લેયર બન્યો છે અને હરીફ પર પ્રભુત્વ જમાવવાની તેની તાકાત પણ વધી છે. પાકિસ્તાન માટે તેની અને ફખર ઝમાનની બૅટિંગ ખૂબ જ અગત્યની બની રહેશે.' ■

# વડોદરામાં ડબ્લ્યૂપીએલનો ધમાકેદાર આરંભઃ શાનદાર ઓપનિંગમાં આયુષમાન છવાઈ ગયો

## રેકૉર્ડ-બ્રેક ચેઝ અને હાઈએસ્ટ સિક્સરના વિક્રમ વચ્ચે સ્મૃતિની બેંગ્લૂરુ ટીમનો વિજય

વડોદરાઃ વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ) તરીકે ઓળખાતી મહિલાઓની આઇપીએલની ત્રીજી સીઝનનો શુક્રવારે વડોદરામાં ધમાકેદાર આરંભ થયો હતો. ૨૦૨૪ની ચૅમ્પિયન રોયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી) વિમેન ટીમે ગુજરાત જાયન્ટ્સ (જીજી) વિમેન ટીમને સ્પર્ધાના પહેલા જ મુકાબલામાં નવ બૉલ બાકી રાખીને છ વિકેટના માર્જિનથી હરાવી દીધી હતી. આરસીબીએ મેળવેલો ૨૦૨ રનનો લક્ષ્યાંક આ ટૂર્નામેન્ટના ઇતિહાસનો સૌથી સફળ ચેઝ છે. મહિલાઓની ટી-૨૦માં ૨૦૦-પ્લસનો ટાર્ગેટ સફળતાપૂર્વક ચેઝ થયો હોય એવો આ બીજો જ બનાવ છે. ૨૦૨૩માં ઑસ્ટ્રેલિયા સામે વેસ્ટ ઇન્ડિઝે ૨૧૩ રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

વડોદરાની શુક્રવારની મૅચમાં બે ઈનિંગ્સ વચ્ચેના બ્રેકમાં ટૂંકી ઓપનિંગ સેરેમની યોજાઇ હતી જેમાં ઍક્ટર અને સિંગર આયુષમાન ખુરાનાએ ડાન્સર્સ વચ્ચે પોતાના કર્ણપ્રિય હિટ સૉન્ગ્સ અને ડાન્સથી હજારો પ્રેક્ષકોને મંત્ર મુક્ત કરી દીધા હતા. ધમાકેદાર સંગીત વચ્ચે જાણીતી સિંગર મધુબન્તી બાગચીએ પણ લોકોના દિલ જીતી લીધા હતા.

આરસીબીની વિકેટકીપર બૅટર રિચા ઘોષ (૬૪ અણનમ, ૨૭ બૉલ, ચાર સિક્સર, સાત ફોર) આ મૅચની સુપરસ્ટાર હતી. આ પ્લેયર ઑફ ધી મૅચ અને રાઈટ-હૅન્ડ બૅટરને છેક સુધી લેફ્ટ-હૅન્ડ બૅટર કનિકા આહુજા (૩૦ અણનમ, ૧૩ બૉલ, ચાર ફોર)નો સાથ મળ્યો હતો અને બંને વચ્ચે પાંચમી વિકેટ માટે માત્ર ૩૭ બૉલમાં ૯૩ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

એ પહેલાં, ઑસ્ટ્રેલિયન બૅટર એલિસ પેરી (૫૭ રન, ૩૪ બૉલ, બે સિક્સર, છ ફોર)એ આરસીબીની ટીમને મોટું યોગદાન આપ્યું હતું. રિચા ઘોષને તેના પહેલા જ બૉલે જીવતદાન મળ્યું હતું. કેપ્ટન સ્મૃતિ મંધાના ઓપનિંગમાં ફક્ત નવ રન બનાવીને આઉટ થઈ હતી. આરસીબીએ ૨૦૨ રનનો લક્ષ્યાંક ૧૮.૩ ઓવરમાં ચાર વિકેટના ભોગે મેળવી લીધો હતો. એ પહેલાં, ગુજરાતની ટીમે બૅટિંગ મળ્યા પછી પાંચ વિકેટે જે ૨૦૧ રન બનાવ્યા હતા એમાં કૅપ્ટન ગાર્ડનર (૭૯ અણનમ, ૩૯ બૉલ, આઠ સિક્સર, ત્રણ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. બંને હરીફ ટીમના સ્કોરનો સરવાળો ૪૦૩ રન થયો હતો જે આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં હાઈએસ્ટ છે. ■

# મ્હાડાએ સેસ પ્રાપ્ત મકાનોનું માળખાકીય નિરીક્ષણ ઝડપી બનાવ્યું

## માર્ચના અંત સુધીમાં ૫૦૦ને બદલે ૧૦૦૦ મકાનોનું થશે નિરીક્ષણ

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં સેસવાળી ઈમારતોના પુનર્વિકાસને પ્રોત્સાહન આપવા માટે મ્હાડાના મુંબઈ મકાન સમારકામ અને પુનર્નિર્માણ બોર્ડે એવી ઈમારતોને ઓળખવા માટે સેસવાળી ઈમારતોનું માળખાકીય ઓડિટ કરવાનો નિર્ણય લીધો છે, જેને તાત્કાલિક પુનર્વિકાસની જરૂર છે. તે અનુસાર સુધારણા બોર્ડે પ્રથમ તબક્કામાં ૫૦૦ ઈમારતોનું માળખાકીય નિરીક્ષણ કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. જોકે હવે ૫૦૦ને બદલે ૧૦૦૦ ઈમારતોનું નિરીક્ષણ કરવાનો આદેશ મ્હાડાના વાઈસ ચેરમેને રિપેર બોર્ડને આપ્યો છે.

દક્ષિણ મુંબઈમાં સેસવાળી ઈમારતોના પુનર્વિકાસનો મુદ્દો ગંભીર છે. આશરે ૧૪ હજાર ઈમારતો જોખમી સ્થિતિમાં છે અને આમાંથી ઘણી ઈમારતો અત્યંત જોખમી બનવાની શક્યતા છે. અત્યંત જોખમી ઈમારતોનો પુનર્વિકાસ કરવાની તાત્કાલિક જરૂર છે.તેથી સુધારણા બોર્ડે સેસ પામેલી ઈમારતોનું માળખાકીય નિરીક્ષણ કરવાનો નિર્ણય લીધો છે. જેથી એવું નક્કી કરી શકાય કે ઈમારતો જોખમી છે કે નહીં અને ઈમારતોને તાત્કાલિક પુનર્વિકાસ કરવાની જરૂર છે.

મ્હાડા દ્વારા રાજ્ય સરકારને સુપરત કરાયેલા ૧૦૦ દિવસની કાર્ય યોજનામાં સેસ પ્રાપ્ત ઈમારતોના માળખાકીય નિરીક્ષણનો પણ સમાવેશ થાય છે. ૧૦૦ દિવસની કાર્ય યોજનાનો ઉદ્દેશ પ્રથમ તબક્કામાં એટલે કે ૩૧મી માર્ચ સુધીમાં ૫૦૦ માળખાકીય નિરીક્ષણ પૂરું કરવાનો લક્ષ્યાંક હતો, પણ હવે એમાં ફેરફાર કરીને ૫૦૦ને બદલે ૧૦૦૦ બિલ્ડિંગોનું નિરીક્ષણ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. મ્હાડાના વાઈસ ચેરમેન સંજીવ જયસ્વાલે તાજેતરમાં રિપેર બોર્ડને માર્ચના અંત સુધીમાં ૧૦૦૦ ઈમારતોનું માળખાકીય નિરીક્ષણ પૂરું કરવા અને આ અંગેનો રિપોર્ટ સુપરત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

### ૧૭૧ ઈમારતોનું નિરીક્ષણ થયું પૂરું

રિપેર બોર્ડે કાર્ય યોજનાના ઉદ્દેશો અનુસાર સેસ પ્રાપ્ત મકાનોનું માળખાકીય નિરીક્ષણ શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં ૧૭૧ ઈમારતોનું માળખાકીય નિરીક્ષણ પૂરું થઇ ગયું છે. રિપેર બોર્ડના ચીફ ઓફિસર મિલિંદ શંભારકરે માહિતી આપી હતી કે ૧૭૧માંથી ૩૨ માળખાકીય નિરીક્ષણ અહેવાલો પ્રાપ્ત થયા છે. મકાનોના સમારકામ અને પુનર્વિકાસ અંગેનો નિર્ણય નિરીક્ષણને આધારે લેવામાં આવશે. આને કારણે આ નિરીક્ષણ ખૂબ જ મહત્ત્વનાં માનવામાં આવે છે. નિરીક્ષણના અહેવાલ અનુસાર જો ઊંચી જોખમી ઈમારતોનું તાત્કાલિક સમારકામ અથવા પુનર્વિકાસ કરવામાં આવે તો ઈમારતો ધરાશાયી થવાથી બચી શકાય છે. આને આધારે જ જયસ્વાલે નિરીક્ષણ ઝડપી બનાવવાનો અને તેને માર્ચના અંત સુધીમાં સુપરત કરવાનો આદેશ આપ્યો છે.

# નાગપુર જિલ્લામાં બનાવાશે ફિલ્મસિટી, સલાહકારની કરી નિમણૂક

મુંબઈ: ભારતની ત્રીજી અને સૌથી મેગા ફિલ્મ સિટી મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં આકાર લઇ રહી છે. વિદર્ભમાં ફિલ્મને નિર્માણને મુંબઈની સમકક્ષ વેગ મળે એ હેતુથી અહીં ફિલ્મસિટી ઊભી કરવામાં આવી રહી હોવાની માહિતી પ્રાપ્ત થઇ હતી.

રામટેક તાલુકાની નજીક આવેલા નવરગાંવ ખાતે ફિલ્મ સિટી બનાવવામાં આવી રહી હોઇ ૧૨૮ એકર જમીન નિશ્ચિત કરવામાં આવી છે. આ જમીન ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ ૧૫ દિવસમાં જિલ્લા કલેક્ટરને સુપરત કરવામાં આવશે. જોકે ફિલ્મ સિટી બનાવવા માટે એક સલાહકારની નિમણૂક પણ કરવામાં આવશે. મુંબઈ ફિલ્મસિટી અને રામોજી ફિલ્મ સિટી જેવી આ ફિલ્મસિટી હશે.

રામટેક એક કુદરતી વિસ્તાર છે જ્યાં તળાવો અને જંગલો આવેલાં છે. રામટેકનું ઐતિહાસિક અને પૌરાણિક મહત્ત્વ પણ એટલું જ છે. એવી પણ દંતકથા છે કે ભગવાન શ્રી રામ વનવાસ દરમિયાન અહીં રોકાયા હતા.

# રિલીઝના પહેલા દિવસે 'છાવા' બોક્સઓફિસ પર છવાઈ: ૧૪મીના ૩૧ કરોડનું કર્યું કલેક્શન

મુંબઈ: વિકી કૌશલ અને રશ્મિકા મંદાના સ્ટારર ફિલ્મ 'છાવા' ગઈ કાલે ૧૪ ફેબ્રુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ચાહકો આ ફિલ્મ રિલીઝ થવાની લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હતાં, દરેકને ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. હવે રિલીઝ બાદ 'છાવા' અપેક્ષાઓ પર ખરી ઉતરી રહી છે. રિલીઝના પહેલા દિવસે જ આ ફિલ્મે જોરદાર કમાણી કરી છે.

એડવાન્સ બુકિંગમાં 'છાવા' એ સારો એવો બિઝનેસ કર્યો હતો. એક અહેવાલ મુજબ, 'છાવા'એ રિલીઝના પહેલા દિવસે ૩૧ કરોડનું કલેક્શન કર્યું છે. એડવાન્સ બુકિંગને ધ્યાનમાં રાખીને, એવો અંદાજ લગાવવામાં આવી રહ્યો હતો કે ફિલ્મ પહેલા દિવસે ૨૩થી ૨૫ કરોડ રૂપિયાની કમાણી કરશે. પરંતુ 'છાવા' ૩૧કરોડ રૂપિયાની કમાણી કરીને આ વર્ષની પહેલી મોટી ઓપનર ફિલ્મ બની ગઈ છે.

વિક્કી કૌશલ એક સારો એક્ટર છે. પરંતુ તેની અગાઉનું ફિલ્મો બોક્સ ઓફિસ પર મોટી કમાણી કરી શકી નથી. આવી સ્થિતિમાં, ઓપનીંગને ધ્યાનમાં રાખતા ચર્ચા છે કે 'છાવા' સાથે વિકી પણ ૫૦૦ કરોડના ક્લબમાં જોડાઈ શકે છે.

'છાવા' એક હિસ્ટોરીકલ ડ્રામા ફિલ્મ છે, જેમાં છત્રપતિ સંભાજી મહારાજની વાર્તા દર્શાવવામાં આવી છે. આ ફિલ્મનું દિગ્દર્શન લક્ષ્મણ ઉતેકરે કર્યું છે. છત્રપતિ સંભાજી મહારાજ મરાઠા યોદ્ધા છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર હતા. 'છાવા'માં વિક્કીનું પાત્ર છત્રપતિ સંભાજી મહારાજનું છે. રશ્મિકા મંદાના તેમની પત્ની મહારાણી યેસુબાઈની ભૂમિકા ભજવી રહી છે, જ્યારે અક્ષય ખન્ના ઔરંગઝેબના રોલમાં જોવા મળશે.

# પરવાનગી લીધા વિના ગેરહાજર: આરોગ્ય કેન્દ્રના પાંચ કર્મચારી સસ્પેન્ડ

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાના એક આરોગ્ય કેન્દ્રના પાંચ કર્મચારીને પરવાનગી વિના ફરજ પર ગેરહાજર રહેવા બદલ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યું હોવાનું એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. થાણા જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) રોહન ઘુગેએ ડોમ્બિવલી નજીક નીલજે ગામમાં સ્થિત આરોગ્ય કેન્દ્રમાં ફરજ પર તૈનાત પાંચ કર્મચારીને સસ્પેન્ડ કર્યા હતા એમ અધિકારીએ જણાવ્યું હતું.

સસ્પેન્ડ કરાયેલા કર્મચારીઓની ઓળખ આરોગ્ય સહાયક પૂજા ચવ્હાણ અને અર્જુન ધનગર, જુનિયર આસિસ્ટન્ટ સખારામ હરાડ, મેડિસિન મિક્સર વિનોદ પવાર અને આરોગ્ય કર્મચારી નીલિમા પાટીલ તરીકે થઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આ મામલે ખાતાકીય તપાસ પણ કરવામાં આવશે એમ થાણા જિલ્લા પરિષદના જનસંપર્ક અધિકારી રેશ્મા આરોટેએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# એસઆરએનો સર્વે કરનારા ત્રણ કર્મચારી લાંચ લેતાં ઝડપાયા

મુંબઈ: સ્લમ રિહેબિલિટેશન ઑથોરિટી (એસઆરએ) સ્કીમમાં ઝૂંપડાનો સમાવેશ કરાવી લેવા માટે એક લાખ રૂપિયાની લાંચ માગવા બદલ સર્વે કરનારી ખાનગી કંપનીના ત્રણ કર્મચારીને એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ રંગેહાથ પકડી પાડ્યા હતા.

સાંતાક્રુઝના કલિના ખાતે રહેતા યુવાને નોંધાવેલી ફરિયાદને આધારે એસીબીએ શુક્રવારે છટકું ગોઠવ્યું હતું. આ પ્રકરણે વિશાલ પાંડેય (૩૦), હૃષીકેશ ચવ્હાણ (૩૫) અને અભિજિત નાગલે (૩૦) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદ અનુસાર કલિનાના કુંચીકોરવે નગર ખાતે ફરિયાદીની દાદીનું ઘર છે.

આ વિસ્તારના ઝૂંપડાંનો સર્વે કરવાનું કામ ખાગની કંપનીને સોંપાયું હતું. દાદીના ઘરને એસઆરએના અધિકારીને કહીને સ્કીમમાં સમાવી લેવાનું ફરિયાદીએ સર્વે કરનારા કર્મચારીઓને કહ્યું હતું. જોકે આ કામ માટે આરોપીઓએ એક લાખ રૂપિયાની માગણી કરી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

## આજે ત્રણેય લાઈનમાં

દરમિયાન ગોરેગાંવ-બોરીવલી વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લોકલ આ સ્ટેશનો વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર દોડાવવામાં આવશે. એટલું જ નહીં પણ અંધેરી બોરીવલી જતી કેટલીક ટ્રેનો ગોરેગાંવ સુધી દોડાવવામાં આવશે, એવી માહિતી પણ રેલવે અધિકારી દ્વારા આપવામાં આવી છે.

સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે પાંચ કલાકનો બ્લોક મધ્ય રેલવે પર સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન લાઈન પર સવારે ૧૧ વાગ્યાથી બપોરે ૪ વાગ્યા સુધી મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમય દરમિયાન સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ટ્રેનો ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન સ્ટેશન પર ઊભી રહેશે. હાર્બર લાઈન પર સવારે ૧૧.૧૦ વાગ્યાથી બપોરે ૪.૧૦ વાગ્યા સુધી કુર્લા-વાશી સ્ટેશન વચ્ચે અપ-ડાઉન લાઈન પર બ્લોક હાથ ધરવામાં આવશે. આ બ્લોકના સમય દરમિયાન સીએસએમટી-પનવેલ, બેલાપુર, વાશી અપ-ડાઉન લોકલ ટ્રેનો બંધ રહેશે. પ્રવાસીઓની સુવિધા દરમિયાન સીએસએમટી-કુર્લા અને પનવેલ-વાશી વચ્ચે સ્પેશિયલ લોકલ ટ્રેન દોડાવવામાં આવશે. હાર્બર લાઈન પરના પ્રવાસીઓ થાણે-વાશી, નેરુલ વચ્ચે બ્લોકના સમય દરમિયાન સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યે સુધી પ્રવાસ કરી શકશે, એવું રેલવે દ્વારા જણાવવામાં આવ્યું છે.

## પશ્ચિમ રેલવેમાં

ઉપરાંત રેલવે સ્ટેશન પર પણ સ્વચ્છતા જળવાઈ રહે એ માટેના વિવિધ વિકલ્પો પર વિચારણા કરાઈ રહી છે. ગ્રાઉન્ડ ચેકિંગ સિવાય રેલવેની સ્પેશિયલ ટીમ કોન્ટ્રાક્ટરના કર્મચારીઓને વીડિયો કોલના માધ્યમથી વાસ્તવિક પરિસ્થિતિની જાણકારી લેવાના આદેશ આપવામાં આવ્યા છે. આ તમામ વીડિયો કોલનું રેકોર્ડિંગ કરવામાં આવે છે. આ દરમિયાન કોન્ટ્રાક્ટને સ્ટેશન પરિસર, પ્લેટફોર્મ, ફૂટઓવર બ્રિજ, રેલવે ટ્રેક અને સર્ક્યુલેટિંગ એરિયા દેખાડવાનું જણાવવામાં આવશે.

૨૦૨૪માં કોન્ટ્રાક્ટરને ફટકારવામાં આવેલો દંડ- રૂ. ૨૧,૫૬,૮૫૭

પશ્ચિમ રેલવેમાં કેટલા ટોઈલેટ્સ આવેલા છે?

મુંબઈ ડિવિઝનમાં કેટલા રેલવે સ્ટેશન- ૭૦

ચર્ચગેટ-દહાણુ રૂટ પર આવેલા સ્ટેશન- ૩૭

મુંબઈ ડિવિઝમાં આવેલા કુલ બ્લોક- ૫૯

પે એન્ડ યુઝ ટોઈલેટની સંખ્યા- ૪૩

## સેક્સ્ટોર્શનમાં ફસાયેલા

કૅમેરામાં કાર ઊભી રહી હોવાનું અધિકારીએ જોયું હતું, પરંતુ અધિકારી કાર સુધી પહોંચે તે પહેલાં શિક્ષકે અંતિમ પગલું ભર્યું હતું. કારમાંથી મળી આવેલા શિક્ષકના મોબાઈલ ફોનની મદદથી પોલીસે તેના પરિવારનો સંપર્ક સાધ્યો હતો. અતલ સેતુ પરથી કથિત આત્મહત્યાની આ વર્ષની આ પ્રથમ ઘટના હોવાનું કહેવાય છે.પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે સાયબર ઠગ ટોળકીએ શિક્ષકને સેક્સ્ટોર્શનની જાળમાં સપડાવ્યો હતો. તેની પાસેથી બે ટ્રાન્ઝેક્શનથી ૧૮ હજાર રૂપિયા પણ પડાવ્યા હતા, પરંતુ ઠગ ટોળકી તેની પાસેથી વધુ નાણાં પડાવવા દબાણ કરતી હતી. શિક્ષકે આરોપીઓના મોબાઈલ નંબર બ્લૉક કરી નાખ્યા હતા છતાં આરોપી અલગ અલગ નંબરથી કૉલ કરતા હતા. રૂપિયા ન આપે તો વીડિયો શિક્ષકના મોબાઈલમાંના કોન્ટેક્સ લિસ્ટમાંના દરેકને મોકલાવી દેવાની ધમકી આપતા હતા. બ્લૅકમેઈલિંગથી શિક્ષક ડરી ગયો હતો. આ વાતની જાણ પિંગળેએ પરિવારજનોને કરી હતી. તેના દૂરના એક સગા પોલીસ ખાતામાં કાર્યરત છે. તેણે પણ ગુનો ન નોંધાવવો હોય તોય સાદી ફરિયાદ પોલીસમાં કરવાની સલાહ આપી હતી. પોલીસ ફરિયાદ કરવા તે પોયનાડ પોલીસ સ્ટેશને ગયો હતો, પરંતુ સોસાયટીમાં બદનામીના ડરથી ફરિયાદ નોંધાવી નહોતી. પિંગળે પત્ની અને બે સંતાન સાથે રહેતો હતો. પત્ની પણ શિક્ષિકા છે અને બન્ને સંતાન કૉલેજમાં ભણે છે.

### મૃતદેહ કોનો?

સેક્સ્ટોર્શનના ડરથી દરિયામાં કૂદકો મારનારા પિંગળેની પોલીસે શોધખોળ શરૂ કરી હતી. દરિયામાં શોધ દરમિયાન પોલીસને એક શખસનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે તે મૃતદેહ પિંગળેનો ન હોવાનું જણાયું હતું. મૃતદેહ જોતાં શખસનું મૃત્યુ ત્રણેક દિવસ અગાઉ થયું હોવાનું લાગતું હતું. હવે પોલીસે આ શબની ઓળખ મેળવવાના પણ પ્રયાસ હાથ ધર્યા હતા. આસપાસનાં પોલીસ સ્ટેશનોમાં મિસિંગની ફરિયાદ નોંધાઈ છે કે તેની તપાસ કરવામાં આવી રહી છે.

## પાક વીમા મુદ્દે

હતી. કોકાટે એક કૃષિ પ્રદર્શનમાં મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. એ સમયે તેઓ લોકોને એક રૂપિયામાં પાક વીમા અંગે સવાલોના જવાબ આપી રહ્યા હતા, જ્યારે તેમને એક રૂપિયાની પાક વીમા યોજના અંગે પૂછવામાં આવ્યું કે શું સરકાર એક રૂપિયાની યોજના બંધ કરી ૧૦૦ રૂપિયાની પાક વીમા યોજના શરૂ કરી રહી છે, ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે સરકારની એવી કોઇ યોજના નથી, પણ સરકાર અનિયમિતતા અટકાવવા માગે છે. કોકાટેને જ્યારે એવો સવાલ કરવામાં આવ્યો કે આ યોજના ખેડૂતો માટે ફાયદાકારક છે કે વીમા કંપનીઓ માટે. આ સવાલના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે ભિખારી પણ એક રૂપિયાની રકમ લેતો નથી ત્યારે અમે એક રૂપિયામાં વીમા કવચ આપીએ છીએ અને તોય કેટલાક લોકો તેનો દુરુપયોગ કરવાનું વિચારે છે. કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટેએ તાજેતરમાં નાગપુરમાં એમ પણ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં ખેડૂતોની સમસ્યાના નિવારણ માટે ઠેકઠેકાણે એક કૃષિ પ્રધાન રૂમ શરૂ કરવામાં આવશે. કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ નાના પટોલેએ મહાયુતિ સરકારની ટીકા કરતા જણાવ્યું હતું કે મહાયુતિ સરકારે ખેડૂતોની માફી માગવી જોઇએ. તેમને એક રૂપિયામાં પાક વીમા કવચ આપવામાં આવ્યું હતું તે વધારીને હવે ૧૦૦ રૂપિયા કરી દેવામાં આવ્યું છે, ઉપરાંત, કૃષિ પ્રધાન ખેડૂતોની સરખામણી ભિખારીઓ સાથે કરી તેમનું અપમાન કરી રહ્યા છે. આ મામલે બાદમાં કોકાટેએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે તેમના વિધાનને વિકૃત અર્થ કરવામાં આવે છે. તેઓ ફક્ત અનિયમિતતાઓ વિશે વાત કરી રહ્યા હતા. તેમણે ખેડૂતોનું અપમાન નથી કર્યું.

## મને સાદા

વિપક્ષ પર આકરો પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે હું એક સાધારણ કાર્યકર્તા છું.

બાળાસાહેબ અને દીઘેના કાર્યકર્તા છીએ અમે. મને કોઇએ સીધોસાદો ગણવો જોઇએ. કારણ કે મને સીધોસાદો ગણનારાઓના અઢી વર્ષ પહેલાં શા હાલ થયા હતા એ તેમને ખબર જ છે.

# પારસી મરણ

દીનુ બેહરામ ખજોતીયા તે મરહુમ બેહરામ સોરાબજી ખજોતિયાના ધણિયાની. તે મરહુમો નરગીશ માનેકશા ખંભાતાના દીકરી. તે જીમી ને મેહરના માતાજી. તે દીલશાદ ને મરઝબાનના સાસુજી. તે સાઇરસ ને મરહુમ કેતીના બહેન. તે રુશાદ પટેલના મમઇજી. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૧/૬ બારીયા બિલ્ડિંગ, ૧લે માળે, ગામડીયા કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૨-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની ઓલબ્લેસ બંગલીમાં છેજી.

# જૈન મરણ

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીયાના જીવતીબેન રણમલ ડોસા છેડા (ઉં.વ. ૮૨) તા.૧૪.૨.૨૫ શુક્રવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. લાડુબેન રણમલના પુત્રવધૂ. રંજન, મોતીલાલ, લીલાવંતી, સ્વ. હરીલાલ, મુકેશના માતુશ્રી, જવેર, સ્વ. પદમશી, પ્રેમજીના સાસુ. નિધી, દિપના દાદી. દિક્ષિતના દાદી. સાસુલાકડિયાના સ્વ.ભચીબેન પાલણ પુંજા ગાલાની દિકરી. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસસ્થાન. પુરુષોત્તમ બિલ્ડીંગ, ઠાકુરદ્વાર.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના ડુંગરશી જીવણ છાડવા (ઉં.વ. ૮૨) તા. ૯.૨.૨૫ના દેશના અવસાન પામેલ છે. સ્વ. ભચીબેન ભોજા વજાના પૌત્ર, સ્વ. ડાઈબેન જીવણના સુપુત્ર. ગં.સ્વ. ડાઈબેનના પતિ, કેસર, શામજી, ઉર્મીલાના પિતાશ્રી, પ્રવિણ સત્રા, દિપક ફુરિયા, નિલમ છાડવાના સસરા. સામખીયારીના ગૌરીબેન કરશન કરમણ છેડાના જમાઈ. ઠે. હનુમાનવાળો વાસ, ભચાઉ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના પરબત કાંઈયા દેવા ગાલા (ઉં.વ. ૯૦) તા. ૧૪.૨.૨૫ શુક્રવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. તે ખીમઈબેન કાંઈયા દેવાના સુપુત્ર. વેલુબેનના પતિ, છગન, ચેતન, વિપુલ, નયના, ચંપા, દમયંતી, ગીતા, વર્ષા, તરૂલતાના પિતાશ્રી. શાંતી, રાણી, ગાંગજી, શાંતીલાલ, બાબુલાલ, લખમશી, રમેશ, ચંદુલાલના સસરા, અંકિત,ધૃતિ, રિધ્ધી, બિનલ, ખુશ્બુ, જૈનીના દાદા. સંતીબેન કેશવજી વેરશી સતરાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિવાસસ્થાન. વિનય નગર, વી-૧૫, જૈન મંદિરની બાજુમાં, મીરા રોડ (ઈસ્ટ).

**ઝાલાવાડી જૈન**

સાયલા નિવાસી હાલ ભાયંદર બકુલાબેન તે સ્વ. કિશોરકુમાર ભુદરલાલ શેઠના ધર્મપત્ની. અંક્તિ કે. શેઠ, મિતલ નીલ્પેશ કુમાર શાહના માતુશ્રી. પરિતા અંક્તિ શેઠ (પરિતા પ્રણવભાઇ પરીખ) નિલ્પેશકુમાર મહેન્દ્રભાઇ શાહનાં સાસુ. રાવી નિલ્પેશકુમાર શાહના મામી. શિયાણી નિવાસી હાલ સુરેન્દ્રનગર જશવંતલાલ નટવરલાલ ડેલીવાળા, સ્વ. રાજેશભાઇ નટવરલાલ શાહના બહેન અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૨-૨૫ના રવિવારના ૧૦.૩૦થી ૧૨.૩૦. ઠે. અરિહંત બંગલો, ૯૦ ફીટ રોડ, દીપક નગર, ગીતા નગર રજિસ્ટ્રેશન ઓફિસ સામે, ભાયંદર (વેસ્ટ).

**ઝાલાવાડ દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જોરાવરનગર નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. સ્નેહલતાબેન ભાઇલાલભાઇ શાહના સુપુત્ર નરેશભાઇ (ઉં. વ. ૭૦) તા. ૧૫-૨-૨૫ના શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જસુમતીબેન અમરચંદ સંઘવીના જમાઇ. પૂર્વી, પાયલ, પાવનના પિતા. હેતુલ, બંકીમ, વર્તીકાના સસરા. ઉષાબેન તથા પંકજભાઇના ભાઇ. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી તા. ૧૬-૨-૨૫, રવિવારના સાંજે ૩થી ૫. ઠે. વિલેપાર્લે મેડિકલ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ઋતંભરા કોલેજની સામે, આઇએમએ હોલની બાજુમાં, વિલેપાર્લે (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના દમયંતી દેવજી ફુરીયા (ઉં.વ. ૯૦) તા. ૧૪-૨-૨૫ના અવસાન પામ્યા છે. દેવજીના પત્ની. ભાણબાઇ હીરજી ગોવરના પુત્રવધૂ. વાસંતી, રમેશ, જયશ્રીના માતા. માંગલબાઇ કુંવરજી લાલજીના પુત્રી. શામજી (બાબુભાઇ), ગુલાબચંદ, પ્રભાવંતીના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦. નિ. રમેશ ફુરીયા, ૨૮, દુધવાલા ચાલ, વાકોલા મસ્જીદ, સાંતાક્રુઝ (ઇ.).

દુર્ગાપુરના રમણીક છગનલાલ ગડા (ઉં.વ. ૬૯) તા. ૧૪-૨ના અવસાન પામેલ છે. કુંવરબાઇના પુત્ર. વિમળાના પતિ. પ્રેમજી, દિનેશ, વેલબાઇ, ભાનુ, મધુ, નિર્મળા, છાયાના ભાઇ. ભુજપુર મણીબેન રામજી લાલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. એ. વિમળા ગડા, પાર્થ બીલ્ડીંગ રૂમ ૨, આચોલે રોડ, નાલાસોપારા. ૪૦૧૨૦૯.

બેરાજાના જયંત કલ્યાણજી દેઢિયા (ઉં.વ. ૭૧) તા. ૧૩-૨-૨૫ અવસાન પામેલ છે. પ્રભાબેન કલ્યાણજીના પુત્ર. નિર્મળાના પતિ. આશિષ, ચિંતલના પિતા. જસ્મીન, ડો.વ્યોમેશ, રાકેશના મોટા ભાઈ. પ્રાગપર સાકરબેન કેશવજી રામજી વોરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ : આશિષ જયંત દેઢિયા. ૧૦૧, ઓમ સુંદર વિચાર, વોલ્ગા ૨, સીમ્પોલી રોડ, બોરીવલી (વે).

વરંડી મોટીના ડો.હેમચંદ નાનજી નાગજી વોરા (ઉં.વ. ૬૫) તા. ૧૩-૨-૨૫ના અવસાન પામેલ છે. વિજયાબેન નાનજીના પુત્ર. હીનાના પતિ. સાગર, માનસીના પિતા. ભરત, દિપક, દક્ષાના ભાઈ. કેસરબેન મેઘરાજ વીરાના જમાઈ. પ્રા : શ્રી સુમતિનાથ ભગવાન જૈન દેરાસર, પ્લોટ નં.૫-૬બી, પાંચમે માળે, ન્યુ સંકુલ, અરોરા સીનેમાની બાજુમા, કિંગસર્કલ ટા.૪ થી ૫.૩૦.

**પાટણ જૈન**

શાંતીનાથની પોળના હાલ મુંબઈ (સાયન) સ્વ.પ્રભાવતીબેન સુપુત્ર ચિ.સુધીરભાઈ, તે આશાબેનના પતિ, મૌલીક-વિશાલના પિતા, મિલી- રીચાના સસરા, સ્વીની-દીયારાના દાદા, સ્વ.પદ્માબેન જશવંતલાલના જમાઈ, તા.૧૪-૨-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૧૬-૨-૨૫ રવિવારના ૪ થી ૬. રામજી અંદરજીની વાડી, બીલ્ડીંગ નંબર ૩૦૯, સેન્ટ્રલ ચંદ્રવરકર રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, પહેલે માળે, માટુંગા ઈસ્ટ.

**કચ્છી વિશા ઓશવાલ જૈન**

સ્વ. સાકરબેન તથા સ્વ. કલ્યાણજી વીરજી શાહના સુપુત્ર ચંદ્રકાંત શાહ (ઉં. વ.૭૫) ૧૪મી ફેબ્રુઆરી, ૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જયા શાહ (જયવીણા)ના પતિ. રિંકુ, બીનલ, સોનલ, કાનનના પિતા. રાહુલ, કૌશલ, શરદ, રિતેશના સસરા. ધ્રુવ, નાયશા, પ્રથમ, આહાનાના દાદા. સ્વ. રમેશ-નલિની, દિનેશ-નીતા, વિજય-સુનંદા, રાજેશ-વૈશાલીના ભાઇ. મહેન્દ્ર-કલા, પિયુષ-રૂપલના બનેવી. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૭ ફેબ્રુઆરી ૨૫, સાંજે ૪થી ૫.૩૦. ઠે. યોગી સભાગૃહ હોલ, ૧લે માળે, દાદર (ઇસ્ટ).

# હિન્દુ મરણ

રાજકોટ નિવાસી રમાબેન જમનાદાસ ચંદારાણા તે સ્વ.જમનાદાસ ગીગાભાઇ ચંદારાણાના ધર્મપત્ની મગનભાઇ ગીગાભાઇ ચંદારાણા ભાભી, અશ્વિનભાઇના માતુશ્રી. જોશનાબેનના સાસુ, ભાવનાબેન દીપકભાઈ મજીઠીયાના માતુશ્રી. તા. ૧૪-૨-૨૫ શુક્રવારના અવસાન થયેલ છે. સ્વ. આણંદજી પરસોતમ કક્કડના દીકરી, સદગતનું ઉઠમણું તા.૧૫-૨-૨૫ શનિવાર ૪ થી ૫. નર્મેન્દ્રસ્વર મહાદેવ, કડિયા સોસાયટી શેરી નં.૩ રાજકોટ.

**ક્ષત્રિય**

વિલેપાર્લે નિવાસી ઇશ્વરલાલ કરસનદાસ પારડીવાલા (ઉં. વ. ૮૪) તે ઇન્દિરાબેનના પતિ. મનીશ, ભાવનાના પિતા. કવિતા અને દિનેશના સસરા. સ્વ. ભાવિકના દાદા. નિયમનાં નાના. સ્વ. ચંદ્રકાન્તભાઇ, રમેશ, સ્વ. ભાનુબેન, વનિતાબેન, કુંજલતાના ભાઇ તા. ૧૪-૨-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૨-૨૫ના સાંજે ૪થી ૬. ઠે. વિશવેશ્વર ભવન, સન્યાસ આશ્રમ, વિલેપાર્લે (વેસ્ટ).

**ભરૂચના વિશા વાયડા વણિક**

હંસા પ્રફુલ્લચંદ્ર શાહ (ઉં. વ. ૮૮) તે અ. સૌ. લીના ચંદ્રેશ શાહ, અ. સૌ. દિપ્તી સુકેતુ દેસાઇ, અ. સૌ. સોનલ ગિરિષ પટેલ, અ. સૌ. રૂપલ અભિલાષ કસબવાલા, અ. સૌ. તોરલ સંજય ગોરડિયા, અ. સૌ. ડો. શિલ્પી રાજીવ ચોકસીના માતુશ્રી તા. ૧૩-૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે, શોકસભા રાખી નથી.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. વિજયાબેન દિનેશભાઇ કોઠારી તે સ્વ. રામજીભાઇ અને સ્વ. પાર્વતીબેન કોઠારી (ચંદે) રાયધણપુર વાળાની પુત્રવધૂ. સ્વ. શામજીભાઇ મોરારજીભાઇ અને સ્વ. રાધાબેન ધુફીવાળાની સુપુત્રી. હરીશભાઇ અને વિનોદભાઇના ભાભી. દીપક, કેતન, કૌશિક અને કલ્પનાના માતોશ્રી તથા ભાવેશભાઇના સાસુ. સ્વ. પ્રેમજીભાઇ-ભાગીરથીબેન ઠક્કરના વેવાણ, ધ્રુવ, પ્રેરણા, રૌનક, તનિષ્કા, વિનીતા, હીયાના દાદી તા. ૧૪-૨-૨૫ના નાગપુર ખાતે રામશરણ પામેલ છે.

**કચ્છી લોહાણા**

દમયંતીબેન પરબીયા (ઉં. વ. ૭૭) તે રસીકલાલ રતનશી પરબીયાના ધર્મપત્ની. અજય, કિરીટના મમ્મી. મીનાક્ષી, ભક્તિના સાસુ. નેહા, પૃથ્વી, સ્નેહા, રિદ્ધિ, હેપ્પીના દાદી. સ્વ. ગંગાબેન રતનશી પરબીયાના પુત્રવધુ. સ્વ. લક્ષ્મીબેન જીવરાજભાઇ સોનેતાના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૧૭-૨-૨૫ સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, જવાહર ટોકીઝની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી લોહાણા**

મૂળ લીલીયા મોટા હાલ અંધેરી સ્વ.ચંપાબેન જયંતીલાલ અઢીયાના પુત્ર દિલીપભાઈ અઢીયા (ઉં.વ. ૭૦) તા. ૧૩/૨/૨૫ના ગુરુવાર શ્રીજીચરણ પામેલ છે. તે ગં.સ્વ.ગીતાબેનના પતિ. ભૂમિકા, નીશિતા આરવ મુછાળા, રોહનભાઈના પિતાશ્રી, ગં.સ્વ.હર્ષાબેન હર્ષદભાઈ, તૃપ્તિબેન ભરતભાઈના દિયર, દિવ્યાબેન ચેતનભાઈ, મનીષાબેન ઈલેશભાઈના જેઠ, બિદુબેન હસુભાઈના ભાઈ, બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭/૨/૨૫, સોમવાર ૪ થી ૬. વિલે પારલે મેડિકલ ક્લબ પબ્લિક હેલ્થ ટ્રસ્ટ, ૧૩ બી સંત જ્ઞાનેશ્વર રોડ, ચંદન સિનેમાની પાછળ, નેચરક્યોર હોસ્પિટલ પાસે જુહુ વિલે પાર્લે પશ્ચિમ.

**ગોમતીવાળ બ્રાહ્મણ**

ગોતા ખેડબ્રહ્મા નિવાસી હાલ મીરારોડ મધુસુદન પ્રભાશંકર ત્રીવેદી (ઉમર.૮૨) સવિતાબેન પ્રભાશંકર ત્રીવેદીના પુત્ર, અરુણાબેનના પતિ, દયારામ રવજી વેદાંતના જમાઈ, ફાલ્ગુની, ચૈતાલી અને મેહુલના પિતાશ્રી, સંજયભાઈ સોડાવાલા, રાજેશભાઈ વેદાંત, આરતીબેન ત્રીવેદીના સસરા, અંજલી મીહીર પાયલ દવેના નાના, ૧૩/૨/૨૫ના કૈલાસવાસ થયા છે. પ્રાર્થનાસભા રવિવાર ૧૬/૦૨/૨૦૨૫ના ૪ થી ૬. બી-૬૦૨, સાઈ દર્પણ, જોગર્સપાર્કની બાજુમાં, સાઈ કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, મીરારોડ (ઈસ્ટ).

**લેઉવા પટેલ**

મનોજભાઈ કરમશીભાઇ હીરપરા (ઉં.વ. ૭૧) ચંપાબેન હીરપરાના પત્ની, સંજયભાઈ, સુનિલભાઈ, પ્રદીપભાઈના પિતા, તે ઉર્વીબેન, કાજલબેન, સોનલબેનના સસરા, પૃથ્વી, આરવ, માન, રામ, મીરાના દાદા, રઘુભાઈના ભાઈ. તા.૧૪/૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૧૭/૦૨/૨૦૨૫ના સોમવારે ૫ થી ૭. કાંદિવલી કેસર આશીષ હોલ, પહેલે માળે, ફોનીક્સ હોસ્પિટલની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**શ્રીગોળ મેડતવાળ બ્રાહ્મણ**

સામેતર નિવાસી હાલ દહિસર કેતન (ઉં.વ. ૪૪) તે ભૂપતભાઈ તથા રંજનબેન ભૂપતભાઈ દીક્ષિતના પુત્ર, કલ્પનાબેનના પતિ, જયના પિતાશ્રી, રાકેશ ભૂપતભાઈના મોટા ભાઈ, ગીતાબેન સંજયકુમાર ત્રિવેદી, કાશ્મીરાબેન રાજેશકુમારના ભાઈ, છોટાલાલ હરિશંકર દીક્ષિતના ભત્રીજાના દીકરા, તા.૧૪/૨/૨૫ના કૈલાસવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તા.૧૭/૨/૨૫ના ૩ થી ૬. માતુશ્રી (હોલ), રાવલપાડા ગણેશનગર, શિવસેના ઓફિસની બાજુમાં, દહિસર (ઇસ્ટ).

**દશા સોરઠીયા વણિક**

બાંટવા નિવાસી હાલ વિરાર ગં.સ્વ.ચંદનબેન મગનલાલ શાહ (કઠી) (ઉં.વ. ૮૯) ગુરુવાર તા.૧૩-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ગીરધરલાલ લક્ષ્મીચંદ ધોળકિયાના દીકરી, સ્વ.નલિનકાંત, કૌશિક, મેહુલ, દીનાબેન ચીમનલાલ મુંજયાસરાના માતુશ્રી, સ્વ.ઉષાબેન, જયશ્રીબેન, રશ્મિબેનના સાસુ, તેજલ કમલેશ લોટીયા, પ્રીતિ ચિરાગ બાબરીયા, જલ્પા પ્રહલાદ ધોળકિયા, મયુર, મોહિત, હાર્દિક, પૂજા, ખ્યાતિના દાદીમા, હિના, ચાર્મીના દાદીસાસુ. પ્રાર્થનાસભા તા.૧૭-૨-૨૫ સોમવારના ૪ થી ૬. તેરાપંથ ભવન, જૈન મંદિર રોડ, લક્ષ્મી કુટિર સોસાયટીની સામે, શ્રેયા હોટેલ ગલી માં અંદર, વિરાર વેસ્ટ.

**પાટણવાડા પંચાલ**

ગામ સુણોક હાલ મીરા રોડ પંચાલ ડાહીબેન (ઉં.વ. ૭૬) ગુરુવાર તા.૧૩-૨-૨૫ ના દેવલોક પામ્યા છે. તે સ્વ.રામચંદ્રભાઈના પત્ની. ચંદુલાલ અને સોમચંદભાઈના મોટાભાભી. સ્વ.જશોદાબેન, આનંદીબેનના જેઠાણી. જગદીશ, રજનીકાંત, પંકજ, પુષ્પાબેનના માતુશ્રી. ચંદ્રીકા, સારીકા, અંજના, મુકેશકુમારના સાસુમા. કુંદન, ધ્રુવીલ, હર્ષ, સાહીલ, જય, નીલ, જીનલ, નિકિતા, ધર્મિનના નાનીમા-દાદીમા. પ્રાર્થનાસભા તા. ૧૭.૨.૨૫ સોમવાર ૪ થી ૬. સ્વામીનારાયણ (બીએપીએસ મંદિર) સેક્ટર નં-૧૦, સેક્ટર નં-૨ની સામે, શાંતીનગર, મીરારોડ-ઈસ્ટ.

**સોરઠીયા શ્રીગોડ માળવીય બ્રાહ્મણ**

મૂળ ધોરાજી હાલ અંધેરી શાસ્ત્રી સ્વ.જયવલ્લભભાઈ ધનેશ્વરભાઈ ભટ્ટ (ઉં. વ. ૯૧) શુક્રવાર તા.૧૪/૨/૨૫ના ગૌલોકવાસ પામ્યા છે. સ્વ,દ્વારકાદાસભાઈ, કૃષ્ણપ્રસાદ (કનુ) ભાઈના મોટાભાઈ, સ્વ.ચંદનબેન નાથાલાલ, સ્વ.શાંતાબેન ગોવિંદજી, વિનાબેન ઈચ્છાશંકર, હરી ઈચ્છાબેન નારાયણના ભાઈ, પંકજ, હેમલત્તા રોહિતભાઈ, વિશાખા મહેશભાઈ, પૂર્ણિમા હિતેશભાઈના પિતાશ્રી, જય, હર્ષિતના દાદા, સ્વ.દુર્ગાશંકર પ્રાણજીવન પુરોહિત નજર મહંમદની ગલીના જમાઈ, ઉઠામણું રવિવાર તા,૧૬/૨/૨૫ના ૪ થી ૬. ઠે. ૫૦૪ સેજલ સોસાયટી, વીરા દેસાઈ રોડ, આરટીઓ ઓફિસની સામે અંધેરી વેસ્ટ.

**નાઘેર દશાશ્રીમાળી વણિક**

ઊના નિવાસી હાલ વાસી જયંતીભાઇ ગિરધરલાલ શાહ (ઉં. વ. ૮૮) સ્વ. તે તારાબેનના પતિ. સ્વ. પરેશ, અ. સૌ. હર્ષાના પિતાશ્રી. ગં. સ્વ. ભાવના પરેશ, રાજેશકુમારના સસરા. હર્ષ, મિત્સુ કુનાલ શાહના દાદા. સ્વ. નટવરલાલ, સ્વ. અમૃતલાલ, હિંમતભાઇ, સ્વ. કાંતિલાલ, ગં. સ્વ. સવિતાબેન, ગીરધરલાલ, સ્વ. લલિતાબેન ધીરજલાલ, ચંદ્રિકાબેન, ભૂપેન્દ્રભાઇ, સ્વ. ઇન્દિરાબેન છબીલદાસ, પ્રવિણાબેન કનુભાઇના ભાઇ. તે ઊના નિવાસી સ્વ. પ્રાણજીવનદાસ નરોતમદાસ રાણાના જમાઇ તા. ૧૫-૨-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ દેવિસર હાલ ઘાટકોપર ચંદ્રકાન્ત (રમેશ) જીવરામ ઘેરાઇ (ઉં. વ. ૭૮) તા. ૧૪-૨-૨૫ શુક્રવારના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. તે સ્વ. જયાબેનના પતિ. રાજેશ, નિલેશ. તથા ઉમાબેનના પિતાશ્રી. સૌ. શીતલબેન, સૌ. હેતલબેન તથા જયેશભાઇ, હરેશભાઇ અનમના સસરા. ચિ. ભૂમી, અંશના દાદાજી. વિઠ્ઠલદાસભાઇ, જયુબેન તથા દમયંતીબેનના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬-૨-૨૫ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. સ્વામી નારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, લવંડર બાગની બાજુમાં, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

## પક્ષ વિરોધી પ્રવૃત્તિ

વિરોધી પ્રવૃત્તિ કરી હોવાથી પક્ષ પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના આદેશ પર શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે)માંથી તેમને હાંકી કાઢવામાં આવ્યા છે

બાળાસાહેબ ઠાકરે જૂથના અનેક લોકો અમારી સાથે જોડાશે એવી જાણકારી આપી ઉદ્યોગ પ્રધાન ઉદય સામંતે ઉમેર્યું હતું કે ૧૫૦થી વધુ મુખ્ય પદાધિકારીઓ ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેને છોડીને અમારી પાસે આવશે.

## મની લોન્ડરિંગ

વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ઈડીની તપાસમાં એવું સામે આવ્યું હતું કે બુલિયન કંપનીઓની સાથી કંપનીઓએ અન્ય યુનિટો સાથે ૫૦૦ કરોડ રૂપિયાની લેવડદેવડ કરી હતી. વાસ્તવિક વેપાર વગર આ ટ્રાન્ઝેક્શન થયા હોવાનો આક્ષેપ કરાયો હતો. વળી, આ કંપનીના વિદેશી એકમે દુબઈની ડમી કંપનીઓના માધ્યમથી મોટી રકમની લેવડદેવડ કરી અને અમેરિકામાં ખાણની જગ્યા ખરીદી હતી. નોટબંધી સમયે પણ કંપની સંબંધી યુનિટોનાં બૅન્ક ખાતાંમાં કરોડો રૂપિયાની રોકડ જમા કરાવાઈ હતી, એવું સૂત્રોનું કહેવું છે.

## બૅંકના 'રક્ષક'

દસ્તાવેજો જપ્ત કરાયા હતા. દરમિયાન મહેતાને તાબામાં લેવાયા બાદ તેને પૂછપરછ માટે આર્થિક ગુના શાખાની દક્ષિણ મુંબઇની ઓફિસમાં લવાયો હતો, જ્યાં પૂછપરછ બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. મહેતાને રવિવારે કોર્ટમાં હાજર કરવામાં આવશે.

નોંધનીય છે કે ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના કામકાજમાં ગરબડ હોવાનું કારણ આપી રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) દ્વારા બૅંક વિરુદ્ધ કેટલાક નિયંત્રણો લાદવામાં આવ્યાં છે. આરબીઆઇએ બૅંક પર નવી લોન આપવા પર કે તેમાંથી ગ્રાહકોને કોઇ પણ પ્રકારની ડિપોઝિટના ઉપાડ પર છ મહિના માટે પ્રતિબંધ મૂકતાં ભંડોળ ઉપાડવા માટે બૅંકની બહાર ખાતાધારકોની લાંબી લાઇન જોવા મળી હતી. આરબીઆઇએ શુક્રવારે કો-ઓપરેટિવ બૅંકના બોર્ડને એક વર્ષ માટે સસ્પેન્ડ કર્યું હતું અને બૅંકનું કામકાજ જોવા માટે એડમિનિસ્ટ્રેટરની નિમણૂક કરી છે. તેમને મદદ કરવા સલાહકારોની સમિતિ પણ નીમવામાં આવી છે.

ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકની ૨૮ બ્રાન્ચ છે, જેમાંથી મોટા ભાગની મુંબઈમાં આવેલી છે, જ્યારે બે સુરતમાં અને એક પુણેમાં છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

कला परमिन् प्रतिष्ठिता
इन्दिरा गाँधी राष्ट्रीय कला केन्द्र
INDIRA GANDHI NATIONAL CENTRE FOR THE ARTS

सत्यमेव जयते
ગુજરાત સરકાર

Gujarat Tourism



# સોમનાથ મહોત્સવ
## કલા દ્વારા આરાધના



## કલા અને સંસ્કૃતિ દ્વારા
# આરાધનાનો અલૌકિક ઉત્સવ

શ્રી સોમનાથ મંદિર, ભારતના પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે વિશ્વભરમાં જાણીતું છે. મહાશિવરાત્રીના પાવન અવસર પર અહીં દેશ વિદેશમાંથી શ્રદ્ધાળુઓ આવતા હોય છે. આ વર્ષે શિવરાત્રીના મહાપર્વ પર શ્રદ્ધાળુઓ માટે કલા સાથે આરાધનાના ઉદ્દેશ્યથી તા.24 થી 26 ફેબ્રુઆરી, 2025 દરમિયાન શાસ્ત્રીય સંગીત અને નૃત્ય કલાના ત્રિ-દિવસીય "સોમનાથ મહોત્સવ"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.



## ત્રિ-દિવસીય મહોત્સવની રૂપરેખા

### દિવસ 01 | 24મી ફેબ્રુઆરી

- ડૉ. સોનલ માનસિંહ (પદ્મ વિભૂષણ) દ્વારા 'નાટ્યકથા હર હર મહાદેવ'ની પ્રસ્તુતિ
- કુ. સૂર્યાગાયત્રી દ્વારા શિવ ભજન
- વિદુષી રામા વૈધનાથન દ્વારા 'નિમગ્ન'ની પ્રસ્તુતિ
- ડ્રમ્સ શિવમણિ અને શ્રી પંડિત રોનુ મઝુમદાર (પદ્મશ્રી) (કીબોર્ડ પર શ્રી અતુલ રાણીંગા)ની જુગલબંધી

### દિવસ 02 | 25મી ફેબ્રુઆરી

- શ્રી રામચંદ્ર પુલાવર (પદ્મશ્રી) દ્વારા શેડો પપેટ્રી શો
- વિદુષી સુધા રઘુરામન દ્વારા શાસ્ત્રીય સંગીતની પ્રસ્તુતિ
- શ્રી કુમુદિની લાખિયા (પદ્મ વિભૂષણ) અને કદંબ દ્વારા નૃત્ય પ્રસ્તુતિ
- શ્રી અતુલ પુરોહિત દ્વારા ભજન

### દિવસ 03 | 26મી ફેબ્રુઆરી (શિવરાત્રી)

- બરોડા કેરલા સમાજમ દ્વારા સિંગરી મેલમ તથા નિલેશ પરમાર દ્વારા ગુજરાતી લોકનૃત્યની પ્રસ્તુતિ
- શ્રી યોગેશ ગઢવી દ્વારા ડાયરાની પ્રસ્તુતિ
- શ્રીમતી રાજશ્રી વોરિયર અને ગ્રુપ દ્વારા પ્રસ્તુતિ
- શ્રી મૈસુર મંજુનાથ દ્વારા વાયોલિન પ્રસ્તુતિ
- સ્પર્શ સ્ટુડિયો ફોર પર્ફોર્મિંગ આર્ટ્સ (શ્રીમતી સુમન સ્વરાગી) દ્વારા 8 શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપો દ્વારા શિવ મહિમાની પ્રસ્તુતિ
- પંડિત વિશ્વમોહન ભટ્ટ (પદ્મ ભૂષણ) તથા પંડિત સલિલ ભટ્ટ દ્વારા 'ડેઝર્ટ સ્લાઇડ્સ'ની પ્રસ્તુતિ
- પંડિત શશાંક સુબ્રમણ્યમ દ્વારા વાંસળી વાદન
- માઇસ્ટ્રો બિક્રમ ઘોષ દ્વારા "રિધમસ્કેપ"

આ શિવરાત્રી ઉજવો શિવભૂમિ ગુજરાતમાં




**સોમનાથ મહાદેવ**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં સૌપ્રથમ માનવામાં આવે છે.



**ભવનાથ મહાદેવ**
ગિરનારની તળેટીમાં ભવનાથ રૂપે શિવજી બિરાજે છે.



**હાટકેશ્વર મહાદેવ**
વડનગરમાં સ્થિત હાટકેશ્વર મહાદેવ એક અત્યંત પ્રાચીન અને પૂજનીય મંદિર છે.



**નાગેશ્વર મંદિર**
ભારતના બાર જ્યોતિર્લિંગમાં થી એક અને ગુજરાતમાં સ્થિત બે જ્યોતિર્લિંગ માંથી એક છે.

**સોમનાથ મહોત્સવ** 24 થી 26 ફેબ્રુઆરી, 2025 | સાંજે 7.00 વાગ્યાથી | સમુદ્રદર્શન પથ પાસેનું મેદાન, સોમનાથ મંદિરની પાસે, ગીર સોમનાથ

www.gujarattourism.com | Toll Free number - 1800 203 1111

"વાધમ્-નાદસ્ય યાત્રા" પર વિશેષ પ્રદર્શનનું આયોજન | સોમનાથ પર સેમિનાર: મંદિર, તીર્થ અને પરંપરા | ત્રિવેણી ઘાટ પર સાંજે સંગમ આરતીનું આયોજન | કલાંજલિ: ખ્યાતનામ કલાકારો દ્વારા નાટ્ય- સંગીતના કાર્યક્રમોની પ્રસ્તુતિ

# આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઃ ૫૦૮૪ ઉમેદવારો માટે ૩૬,૭૧,૪૪૯ મતદારો મતદાન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર રાજ્યમાં જેની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી તે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૧૬ ફેબ્રુઆરી રવિવારના રોજ યોજાવાની છે. રાજ્યની ૬૬ નગરપાલિકા, ત્રણ તાલુકા પંચાયત અને એક મહાનગરપાલિકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે મતદાન થશે. ૬૬ નગરપાલિકા, કપડવંજ, કઠલાલ અને ગાંધીનગર એમ ત્રણ જિલ્લા પંચાયત અને તાલુકા અને જિલ્લા પંચાયતોની બેઠકોમાં પેટા ચૂંટણી આવતી કાલે (૧૬ ફેબ્રુઆરી)ના રોજ યોજવાની છે. જૂનાગઢ જિલ્લાની મહાનગરપાલિકા માટે ૨૫૧ મતદાન મથકો ઉપર જ્યારે ૬૬ નગરપાલિકાના ૨૦૩૯ મતદાન મથકોમાં ચૂંટણી યોજવાની છે. ત્રણ તાલુકા પંચાયતમાં ૬૦૬ મતદાન મથકો પર ચૂંટણી યોજાશે.

આવતી કાલે યોજાનારી ચૂંટણીમાં સંવેદનશીલ મતદાન મથકોમાં મહાનગરપાલિકામાં ૯૧, નગરપાલિકામાં ૨૦૨, જિલ્લા પંચાયતની પેટા ચૂંટણીમાં ૭૧, તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૧૭૧ મતદાનમથકોનો સમાવેશ થયો છે. તો અતિસંવેદનશીલ મતદાનમથકોમાં મહાનગરપાલિકાનાં ૧૬ તેમ જ ૬૮ નગરપાલિકાનાં ૬૮ અને તાલુકા પંચાયતનાં ૩૮ મતદાનમથકો અતિસંવેદનશીલ મતદાનમથકો છે.

૧૬ ફેબ્રુઆરી રવિવારના રોજ સવારના ૭થી સાંજના ૬ વાગ્યા સુધી ઈવીએમ દ્વારા મતદાન થશે. રાજ્યમાં કુલ ૩૬,૭૧,૪૪૯ મતદારો મતાધિકાર ધરાવે છે, જે પૈકી ૧૮,૭૩,૨૧૩ પુરુષ, ૧૮,૦૧,૧૮૪ સ્ત્રી અને ૧૨૯ ત્રીજી જાતિના મતદારો છે. આ ચૂંટણીમાં કુલ ૧૭૩ ચૂંટણી અધિકારીઓ, ૧૭૪ મદદનીશ ચૂંટણી અધિકારીઓ તેમ જ ૨૩,૬૪૦ પોલિંગ સ્ટાફ તહેનાત રહેશે. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ મતગણતરી હાથ ધરાશે અને ૨૧મી, ફેબ્રુઆરીએ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે તા. ૦૧-૦૨-૨૦૨૫ સુધીમાં કુલ ૭૦૩૬ ઉમેદવારીપત્રો રજૂ થયાં હતાં. જેમાંથી ૧૨૬૧ અમાન્ય અને ૫૭૭૫ ઉમેદવારીપત્રો માન્ય રહ્યાં હતાં. જ્યારે ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો પરત ખેંચ્યાં હતાં. કુલ ૨૧૩ બેઠકો બિનહરીફ જાહેર થઈ હતી. આમ કુલ ૫૦૮૪ ઉમેદવારો હરીફાઇમાં છે. જૂનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડોની કુલ ૬૦ બેઠકોમાંથી ૮ બેઠકો સંપૂર્ણ બિનહરીફ છે, જ્યારે બાકી રહેલી બેઠકો માટે કુલ ૧૫૭ ઉમેદવારો વચ્ચે હરીફાઈમાં ચૂંટણી યોજાશે. જ્યારે સામાન્ય ચૂંટણી હેઠળની ૬૬ નગરપાલિકાઓના ૪૬૧ વોર્ડ પૈકી ૨૪ વોર્ડ સંપૂર્ણ બિનહરીફ છે. આમ કુલ ૧૮૪૪ બેઠકો પૈકી ૧૬૭ બેઠકો બિનહરીફ છે, અને ૧૬૭૭ બેઠકો પર ૪૩૭૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી થશે. જ્યારે સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૮(પછાતવર્ગ), અમદાવાદ મહાનગરપાલિકાના વોર્ડ નં.૭ (સામાન્ય), ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૩ (સામાન્ય)ની પેટા ચૂંટણી યોજાશે. જેમાં કુલ ૧૭ ઉમેદવારો વચ્ચે હરીફાઈ રહેશે.

# ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ૨૩મી ગ્લોબલ કેસ્ટર કૉન્ફરન્સનો પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે '૨૩મી ગ્લોબલ કેસ્ટર કૉન્ફરન્સ-૨૦૨૫'નો પ્રારંભ કરાવ્યો હતો. કેસ્ટરઃ પાવરિંગ સસ્ટેનેબલ સોલ્યુશન્સ ફોર અ ગ્રીનર ફ્યુચર થીમ સાથે સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ ઍસોસિયેશન દ્વારા આયોજિત આ કૉન્ફરન્સમાં ૧૫થી વધુ દેશોના ૪૦૦થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા.

આ કૉન્ફરન્સમાં મુખ્ય પ્રધાનના હસ્તે સારી કૃષિ પદ્ધતિઓ દ્વારા એરંડા બીજમાં સતત ઉચ્ચ ઉત્પાદકતા માટે ૪ ખેડૂતોને 'વિઠ્ઠલભાઈ જી. ઉદેશી' કેસ્ટર ઈનોવેશન એવોર્ડ તેમજ વર્ષ-૨૦૨૪ માટે સૌથી વધુ કેસ્ટર ઑઈલ નિકાસ, સૌથી વધુ કેસ્ટર ડેરિવેટિવ્સ નિકાસ તથા ભારતમાંથી સૌથી વધુ કેસ્ટર ઑઈલ આયાત કરનાર અન્ય દેશના ઉદ્યોગકારોને એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે ગુજરાતે હંમેશા ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રે નવીનતાઓ અપનાવી છે. તેમના વિઝનરી નેતૃત્વમાં ગુજરાત માત્ર દેશનું આર્થિક ગ્રોથ એન્જિન જ નહિ, પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતીક બન્યું છે. તેમણે ગુજરાતને પૉલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. તેના પરિણામે કૃષિ અને ઉદ્યોગ એકસાથે પ્રગતિ કરી રહ્યાં છે. રાજ્યના એરંડા ઉત્પાદન સાથે સંકળાયેલા ખેડૂતો અને એરંડા પ્રોસેસિંગ-ઉત્પાદન સાથે સંકળાયેલા ઉદ્યોગોને રાજ્ય સરકાર હંમેશા તમારી પડખે છે એમ જણાવી જરૂરી મદદ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, એરંડા ક્ષેત્રને વધુ સુદૃઢ અને સક્ષમ કરવાના પ્રયાસો સફળ થયા છે. ૨૦૦૩માં ગુજરાતમાં માત્ર ૨૯૦૦ હેક્ટર વિસ્તારમાં એરંડાનું વાવેતર થતું હતું. ૨૦૨૪માં આ વાવેતર લગભગ ૭૨૦૦થી વધુ હેક્ટરમાં થવા લાગ્યું છે. ફાર્માસ્યુટિકલ, કોસ્મેટિક્સ, લ્યુબ્રિકન્ટ્સ અને બાયોડીઝલ જેવાં અનેક ક્ષેત્રોમાં એરંડાનો ઉપયોગ વ્યાપકપણે વધ્યો છે તેથી તેની માંગ દિન-પ્રતિદિન વધી રહી છે અને વેલ્યૂ એડિશનની જરૂરિયાત ઊભી થઈ છે. વિશ્વભરનાં બજારોમાં, ગુજરાતના એરંડાના તેલની વિશ્વસનીયતા અને ગુણવત્તા ખૂબ મહત્ત્વની છે.

# ગુજરાતમાં ખેડૂતો પાસેથી અત્યાર સુધી ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન મગફળી ટેકાના ભાવે ખરીદાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મગફળી સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી. ભારત અને ગુજરાત સરકારના પ્રો-એક્ટિવ પ્રયાસોના પરિણામે ખેડૂતોની સંખ્યા અને ખરીદ જથ્થાની દૃષ્ટિએ રાજ્યમાં મગફળી પાકની વિક્રમજનક ખરીદી થઈ હતી. ખેડૂતોને ચુકવણું પણ ખરીદી બાદના માત્ર ૭ જ દિવસમાં કરવાનો નવો કીર્તિમાન સ્થાપિત થયો હતો.

આ સંદર્ભે વિગતો આપતાં કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે આ વર્ષે રાજ્યના ખેડૂતો પાસેથી મગફળીની અત્યાર સુધીની સૌથી વધુ ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન ખરીદી કરવામાં આવી છે. રાજ્યના ૩.૬૭ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂા. ૮,૨૯૫ કરોડથી વધુ મૂલ્યની મગફળી ખરીદવામાં આવી છે. એક ખેડૂત પાસેથી પ્રતિદિન ૧૨૫ મણ મગફળીની ખરીદીની મર્યાદામાં વધારો કરીને ૨૦૦ મણ પ્રતિદિન નિયત કરવામાં આવી હતી. જેના પરિણામે છેલ્લાં પાંચ વર્ષમાં થયેલી મગફળીની કુલ ૨૨.૮૪ લાખ મેટ્રિક ટન ખરીદી સામે આ એક જ વર્ષમાં રેકોર્ડબ્રેક ૧૨.૨૩ લાખ મેટ્રિક ટન ખરીદી થઈ છે.

તેમણે ઉમેર્યું હતું કે, ચાલુ સિઝનમાં મગફળીનું મબલક વાવેતર અને મબલક ઉત્પાદન થવા સાથે બજારભાવ કરતાં મગફળીનો ટેકાનો ભાવ મણે રૂા. ૨૫૦ જેટલો વધુ હોવાથી ખેડૂતોએ ટેકાના ભાવની આ યોજનાનો મન મૂકીને લાભ લીધો છે. એકંદરે આ ૩.૬૭ લાખ ખેડૂતોને કુલ રૂા. ૧૫૩૦ કરોડનો સીધો લાભ મળ્યો છે.

નોંધણી કરાયેલા ૩.૭૪ લાખ ખેડૂતોને ખરીદી માટે મેસેજ કર્યા બાદ ૯૮ ટકા ખેડૂતોએ આ યોજનાનો લાભ લેતાં સરકારને મગફળીનું વેચાણ કર્યું છે. જે પૈકીના ૨.૯૨ લાખથી વધુ ખેડૂતોનાં બૅન્ક ખાતામાં રૂપિયા ૬,૬૦૦ કરોડ જેટલી માતબર રકમનું ચુકવણું કરી દેવામાં આવ્યું છે. બાકીના ખેડૂતોને પણ આગામી સાત દિવસમાં ચુકવણું પૂર્ણ કરવાનું આયોજન છે.

# અમદાવાદના ભદ્રકાળી મંદિરમાં બોર્ડ લાગ્યાંઃ સનાતન ધર્મના લોકોએ જ બનાવેલી પ્રસાદી લાવવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં અનેક મંદિરોમાં ટૂંકાં વસ્ત્રો પહેરીને ના પ્રવેશવું જોઈએ તેવા બોર્ડ લાગેલાં જોવાં મળે છે. અમદાવાદના નગરદેવી ભદ્રકાળી મંદિરમાં પ્રથમ વાર બોર્ડ લગાવવામાં આવ્યાં હતાં. જેમાં લખાયું હતું કે, સનાતન ધર્મના લોકો દ્વારા જે પ્રસાદ બનાવવામાં આવ્યો હોય તે જ અહીં લાવવો. આ બોર્ડ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશની કાવડયાત્રાની ઘટના બાદ આ નિર્ણય કરાયો હોવાની શક્યતાઓ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના સૌથી જૂના નગરદેવી ભદ્રકાળી માતાજીને પ્રસાદ ધરાવવા માટે અનેક લોકો આવતા હોય છે. આ પ્રસાદી અન્ય ધર્મના લોકોની દુકાનેથી ખરીદીને લાવવામાં આવી હોવાનું ધ્યાને આવ્યું હોવાથી પ્રસાદની પવિત્રતા જળવાતી નથી. ઉત્તરપ્રદેશની કાવડયાત્રા દરમિયાન અન્ય ધર્મના લોકો પ્રસાદીમાં ભેળસેળ કરીને આપતા હતા. જેથી અહીં પણ આવું થઈ શકે છે એમ રામબલી પ્રાગ તિવારી ટ્રસ્ટના ચૅરમૅન શશીકાંત તિવારીએ મીડિયાને જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, અન્ય રાજ્યોમાં પ્રસાદમાં ભેળસેળ થતી હોવાનું ધ્યાને આવ્યું હતું. આ બધુ સનાતન ધર્મમાં ચલાવી ના લેવાય. જેથી અમે ભદ્રકાળી મંદિર બહાર બોર્ડ લગાવ્યું છે. માતાજીને જે મીઠાઈ કે પ્રસાદી ધરાવવા માટે લાવવામાં આવી હોય તે શુદ્ધ અને સાત્ત્વિક હોય તે જરૂરી છે. આ બોર્ડ જોઈને લોકોમાં અનેક તર્કવિતર્ક થવા માંડ્યાં હતાં.

# પાટણમાં ૩૬૦૦૦ કિલો સરકારી અનાજનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણમાં સરકારી અનાજનો જથ્થો ઝડપાયો હતો. પાટણના સમીના વરાણા નજીકથી લગભગ ૩૬,૨૦૦ કિલોના સરકારી ચોખાનો જથ્થો ઝડપાયો હતો. જેની કિંમત અંદાજિત ૧૧ લાખ જણાવવામાં આવી હતી. મળતી વિગત મુજબ, એસઓજીની ટીમને સરકારી અનાજની કાળાબજારી કરનારની બાતમી મળી હતી. પાટણમાં શુક્રવારે (૧૪ ફેબ્રુઆરી)ના રોજ એસઓજી દ્વારા અલગ-અલગ ટીમ બનાવી શહેરના વિવિધ વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. આ બાતમીના આધારે ટીમ તાત્કાલિક ધોરણે સમીના વરાણા નજીક એક હોટલ ખાતે પહોંચી હતી, જ્યાં ટ્રકમાંથી સરકારી અનાજનો મોટો જથ્થો ઝડપી લેવાયો હતો. આ ટ્રકમાં ૩૬,૨૦૦ કિલોના સરકારી ચોખાનો જથ્થો હતો.

ટ્રક અને સામાનને જપ્ત કર્યા બાદ એસઓજીની ટીમ દ્વારા તાત્કાલિક મામલતદાર સહિત અધિકારીઓને આ વિશે માહિતી આપી હતી અને તપાસ સ્થળે બોલાવવામાં આવ્યા હતા. આ તપાસ અધિકારીઓ દ્વારા પંચનામા સહિતની આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તમામ બિલ પણ શંકાસ્પદ જણાયાં હતાં.

# કૉંગ્રેસમાં મોટો ફેરફારઃ રાષ્ટ્રીય સંગઠનમાંથી ભરતસિંહ સોલંકી-દીપક બાબરિયાને પાણીચું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાષ્ટ્રીય કૉંગ્રેસ પાર્ટીએ સંગઠનમાં મોટો ફેરફાર કર્યો હતો, જેમાં ગુજરાતના બે અનુભવી નેતાઓને તેમની જવાબદારીઓમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. દીપક બાબરિયા અને ભરતસિંહ સોલંકી, જેઓ પક્ષમાં મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર સેવા આપી રહ્યા હતા, તેમને તેમના વર્તમાન પદો પરથી હટાવવામાં આવ્યા હતા. કૉંગ્રેસ તેના નવા માળખાની રચના કરી રહી છે ત્યારે કૉંગ્રેસે અચાનક ગુજરાતના બે અગ્રણી નેતાને પડતા મૂકતાં અનેક તર્કવિતર્ક થઇ રહ્યા છે. આ ફેરબદલમાં માત્ર ગુજરાતના નેતાઓ જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરે પણ અનેક મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા. કૉંગ્રેસે કુલ ૧૩ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશો માટે નવા પ્રભારીઓની નિમણૂક કરી હતી, જે દર્શાવે છે કે પક્ષ આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને સંગઠનને નવેસરથી ગોઠવી રહ્યો છે.

રાષ્ટ્રીય સંગઠનની શરૂઆતમાં જ ગુજરાતના બે નેતાઓ પૂર્વ કેન્દ્રિય પ્રધાનો અને પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને દીપક બાબરિયાને મહામંત્રીપદેથી પડતા મૂક્યા હતા. દીપક બાબરિયાને કૉંગ્રેસે કર્ણાટક, મધ્યપ્રદેશ અને હરિયાણામાં ચૂંટણી પ્રભારી બનાવ્યા હતા. તેમની તબિયત લથડતાં તેમણે સંગઠનમાંથી મુક્ત થવાની ઇચ્છા વ્યકત કરી હતી. જ્યારે ભરતસિંહ સોલંકીને જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પ્રભારી બનાવ્યા હતા, પણ જમ્મુ-કાશ્મીરમાં અપેક્ષિત પરિણામો ન આવતાં અંતે તેમને પણ કેન્દ્રિય સંગઠનમાંથી પડતાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કૉંગ્રેસ સંગઠનમાં ફેરફાર અંગેનો આ અત્યંત મહત્ત્વનો નિર્ણય કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કરવામાં આવ્યો હતો, અને તેને પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક પગલું માનવામાં આવી રહ્યું છે. જે નેતાઓને પ્રભારી પદની જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા તેમાં રાજીવ શુક્લા, મોહન પ્રકાશ, દેવેન્દ્ર યાદવ અને અજય કુમારનો પણ સમાવેશ થાય છે. આ મોટા ફેરફારોથી કૉંગ્રેસ પક્ષમાં નવી ઊર્જા અને દિશા મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# અમદાવાદના ચંડોળા તળાવમાં ગેરકાયદે દબાણ દૂર કરવા ભાજપના ધારાસભ્યએ કમિશનરને પત્ર લખ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના દાણીલીમડા વિસ્તારમાં આવેલા ચંડોળા તળાવમાં ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશીઓ વસવાટ કરે છે. શહેર પોલીસ દ્વારા અવારનવાર ચંડોળા તળાવ વસાહતમાં રહેતા બાંગ્લાદેશીઓને પકડવામાં આવે છે,ખ પરંતુ હજી પણ અનેક ગેરકાયદેસર વસાહતોમાં બાંગ્લાદેશીઓ વસવાટ કરે છે. શહેર ભાજપ પ્રમુખ અને એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય અમિત શાહે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને જાણ કરી હતી કે, ચંડોળા તળાવમાં બાંગ્લાદેશીઓ વસવાટ કરે છે તેવી ગેરકાયદેસર વસાહતોને દૂર કરવામાં આવે, તે ઉપરાંત તેમણે નવી વસાહતો બનતાં રોકવામાં આવે તેવી પણ માગ કરી હતી.

અમિત શાહે લખેલા પત્રમાં જણાવ્યું હતું કે ચંડોળા તળાવમાં ગેરકાયદેસર બાંગ્લાદેશી વસાહતો દૂર કરવા ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ પત્ર લખવામાં આવ્યો હતો. હાલમાં ચંડોળા તળાવમાં કેટલાંક તત્ત્વો કચરો/પુરણી ઠાલવી નવી વસાહતો બનાવવાની તૈયારી કરી રહ્યા છે. આ અંગે કલેક્ટરને ત્યાં મેસેજ, ફોટો, વીડિયો મોકલવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કૉર્પોરેશનને પણ આ સાથે ફોટા વીડિયો મોકલવામાં આવ્યા છે ત્યારે ચંડોળા તળાવમાં નવી વસાહત બનતા રોકવામાં આવે અને ભૂતકાળમાં બનેલી ગેરકાયદેસર વસાહતો દૂર કરશો.

જોકે આ જ મુદ્દે દાણીલીમડા વોર્ડના કૉર્પોરેટર અને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં વિપક્ષના નેતા શહેજાદખાન પઠાણે ભાજપના ધારાસભ્યના પત્રમાં સમર્થન આપતાં જણાવ્યું હતું કે ગેરકાયદેસર રીતે રહેતા લોકોની વસાહતોને દૂર કરવા માટે કલેક્ટર અને મ્યુનિસિપલ કૉર્પોરેશન તંત્રને પત્ર લખી જાણ કરી છે, પરંતુ કલેક્ટર અને કૉર્પોરેશન તંત્ર તળાવની જમીનનું પઝેશન લેવા માટે એકબીજા ઉપર ખો આપી રહ્યા છે. કલેકટર દ્વારા તળાવનું પજેસન આપવામાં આવતું નથી અને મ્યુનિસિપલ કૉર્પોરેશન આ પઝેશન લેવા રસ નથી દાખવી રહ્યું.

વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૩માં પણ દાણીલીમડા વિસ્તારમાં આવેલાં ગેરકાયદેસર દબાણ અને નવાં થતાં રોકવા માટે થઈને કૉર્પોરેટર તરીકેનો પત્ર લખવામાં આવ્યો હતો જેમાં શહેરના દાણીલીમડા વોર્ડમાં આવેલો ગુજરાત રાજ્યનો સૌથી મોટો સ્લમ વિસ્તાર જે ચંડોળા તળાવમાં આવેલ છે. આ ચંડોળા તળાવના પાછળના ભાગમાં નાના ચંડોળામાં ખૂબ જ મોટા પ્રમાણમાં સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ તેમ જ બાંધકામ અને પૂરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં લલ્લાભાઇ જેણે ચંડોળા તળાવમાં એ-વન પાર્ટી પ્લોટ બનાવેલો છે. પાર્ટી પ્લોટ લોકોને ભાડે આપી મોટી કમાણી કરવામાં આવે છે. ગનીભાઈ પથ્થરવાળા અને હુસેન ઉર્ફે કાલુએ ચંડોળા તળાવ ઉપર પોતાનું ઈંટ અને સીમેન્ટનું ગોડાઉન બનાવેલું છે તેમ જ દુકાનો બનાવીને ભાડે આપેલી છે.

ચંડોળા તળાવની આ જે જગ્યા હાલ સરકારની છે. નાના ચંડોળા તળાવની જગ્યા ઉપર દરરોજ અમુક વ્યક્તિઓ દ્વારા ટ્રેક્ટર મારફતે પૂરણ ચાલુ જ છે. ગેરકાયદેસર દબાણ કરતા લોકો સામે લૅન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. આવા લોકોની સામે ગેરકાયદેસર દબાણ દૂર કરવા તેમ જ વર્ષો જૂના ઐતિહાસિક ચંડોળા તળાવમાં કબજો કરવાના ગુનામાં સંડોવાયેલા લોકોની તપાસ કરી, કેસ કરી, કડક કાર્યવાહી કરી, સદર તળાવ સરકાર પોતાના કબજામાં પરત મેળવે તેવી માગ કરી હતી.

# ગુજરાતમાં દર વર્ષે ૩૬૦૦થી વધુ બાળકો કૅન્સરનો શિકારઃ ૪૬ ટકા બાળકો સારવારથી વંચિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઇઝેશન (ડબલ્યુએચઓ) દ્વારા દર વર્ષે ૧૫ ફેબ્રુઆરીની ઉજવણી 'ઈન્ટરનેશનલ ચાઇલ્ડ કૅન્સર ડે' તરીકે કરવામાં આવે છે. ભારતમાં દર વર્ષે સરેરાશ ૭૬,૮૦૦થી વધુ બાળકોમાં કૅન્સરના નવા કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતની વાત કરીએ તો રાજ્યમાં દર વર્ષે સરેરાશ ૭૧,૫૦૦થી વધુ કૅન્સરના નવા કેસ નોંધાઈ રહ્યા છે. જોકે સૌથી ચિંતાજનક બાબત એ છે કે, બાળકોમાં પણ કૅન્સરના કેસનું પ્રમાણ વધી રહ્યું છે. ગુજરાતમાં દર વર્ષે સરેરાશ ૩૬૦૦થી વધુ બાળકો કૅન્સરની ઝપેટમાં આવી રહ્યાં છે.

આઈસીએમઆર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ૧૯ વર્ષની ઉંમર સુધીમાં કૅન્સરના જે કેસ નોંધાયા છે, તેમાં ૬૦ ટકા જેટલાં બાળકો અને ૪૦ ટકા બાળકીઓનો સમાવેશ થાય છે. બાળકોને જે કૅન્સર મોટા ભાગે જોવા મળે છે તેમાં બ્લડ, બ્રેઇન ટ્યુમર, લ્યુકેમિયા, લિમ્ફોમા મુખ્ય છે.

અલબત્ત, વધુ ચિંતાની વાત એ છે કે ગુજરાતમાં ૪૬ ટકા બાળકોને કૅન્સરની સારવાર મળતી નથી. આ અંગે ડૉક્ટરોએ જણાવ્યું હતું કે, મોડું નિદાન, જાગૃતિ-સંસાધનોનો અભાવ, જેવાં પરિબળો મહદ્અંશે જવાબદાર છે. પ્રત્યેક માતા-પિતાએ ડૉક્ટરની સલાહને આધારે તેમનાં બાળકોને એચપીવી વેક્સિન અપાવવી જોઈએ. શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો, ભોજનની નબળી આદતો, પર્યાવરણલક્ષી ફેરફારો જેવા પરિબળથી બાળકના સ્વાસ્થ્ય ઉપર અસર પડે છે.

# ગુજરાતમાં બે દિવસ બાદ તાપમાન વધશેઃ હવામાન વિભાગની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હાલ બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. રાત્રે અને સવારે ઠંડી તથા બપોર બાદ અસહ્ય ગરમીથી લોકોની હાલત કફોડી બની છે. આવામાં હવામાન વિભાગે નવી આગાહી કરી હતી. જે અનુસાર, ગુજરાતમાં બે દિવસ બાદ તાપમાન વધી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આવનારા ૭ દિવસ દરમિયાન ગુજરાતનું હવામાન સૂકું રહેશે. આવનારા બે દિવસ માટે લઘુતમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા મળશે નહીં. તે બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી વધારો થશે.

આવનારા બે દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં પણ કોઈ ફેરફાર જોવા મળશે નહીં. તે બાદ બેથી ત્રણ ડિગ્રી વધારો થવાનું પૂર્વાનુમાન છે. અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૫.૨ ડિગ્રી અને ગાંધીનગરમાં ૧૩.૫ ડિગ્રી સેલ્સિયશ તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં ૧૬ અને ગાંધીનગર માટે ૧૪ ડિગ્રી લઘુત્તમ તાપમાનની આગાહી છે.

હાલ પશ્ચિમ ઉત્તર પશ્ચિમના પવન ફૂંકાઈ રહ્યા છે. જેના લીધે સવારે હળવી ઠંડીનો અહેસાસ થાય છે. બપોરના સમયે સૂકું હવામાન જોવા મળે છે. બે દિવસ સુધી મહત્તમ તાપમાન આવું જ જોવા મળશે. જે પછી બે-ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# મહાકુંભમાંથી પરત ફરતા ગુજરાતીઓની ગાડી હાઈવે પર ઊભેલી ટ્રક સાથે અથડાતાં ૪ લોકોનાં મોત, ૬ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં અનેક ગુજરાતીઓ પવિત્ર સ્નાન માટે ગયા હતા. આ દરમિયાન કેટલાક અકસ્માતના બનાવો પણ પ્રકાશમાં આવ્યા હતા. પંચમહાલ જિલ્લામાં લીમખેડાના પાલ્લી ગામ નજીક મહાકુંભમાંથી પરત આવતા ગુજરાતીઓની ગાડી હાઈવે પર ઊભેલી ટ્રક સાથે અથડાઈ હતી. જેમાં અંકલેશ્વર અને ધોળકાના ચાર શ્રદ્ધાળુઓનાં મોત નીપજ્યાં હતાં અને છ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે દાહોદ સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તે ઉપરાંત મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લીમખેડા ખસેડાયા હતા. પોલીસે અકસ્માતની ઘટના મુદ્દે વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે નાયબ જિલ્લા પોલીસ વડાએ કહ્યું હતું કે, લીમખેડા-પાલ્લી ઓવરબ્રિજ પર એક ટ્રક બંધ હાલતમાં પડેલી હતી જેને કુંભમેળામાંથી પરત આવતી ગાડીએ ટક્કર મારતાં ચાર પ્રવાસીઓનાં મોત થયાં હતાં. જ્યારે ૬ લોકોને ઇજા પહોંચતાં સિવિલ ખસેડાયા હતા ત્યાંથી દાહોદની ઝાયડસ હૉસ્પિટલ ખાતે ખસેડી સારવાર આપવામાં આવી રહી છે. મૃતકોની પી.એમ.ની કાર્યવાહી લીમખેડા સી.એચ.સી ખાતે કરાઈ હતી.

# સુરતમાં હેલ્મેટ વિના નીકળતા વાહનચાલકોને ટ્રાફિક પોલીસે ડ્રોનની મદદથી ઈ ચલણ ફટકાર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટની કડક સૂચના બાદ હેલ્મેટના નિયમોનું પાલન કરાવવા માટે તંત્ર એક્શનમાં આવ્યું છે. સુરતમાં શનિવારથી દ્વીચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવી હતી. આ નિયમનો ભંગ કરનારાઓને પકડવા માટે ટ્રાફિક પોલીસ હવે માત્ર રોડ પર જ નહીં, પણ આકાશમાંથી પણ નજર રાખી રહી છે. સુરત પોલીસે હેલ્મેટ વિના નીકળતા લોકોની ઓળખ કરવા ડ્રોનની મદદ લીધી હતી. ત્યાર બાદ ઈ-ચલણ મોકલીને તેમની સામે કાર્યવાહી કરાઈ હતી.

સુરત શહેરમાં શનિવારે સવારથી ટ્રાફિક પોલીસની ડ્રોન વિંગ સક્રિય થઈ ગઈ હતી. પોલીસે ડ્રોન ઉડાવતા હેલ્મેટ વિના નીકળેલા વાહનચાલકો સંતાઈ જતા દેખાયા હતા. ડ્રોનથી બચવા માટે કેટલાક લોકોએ ચશ્માં કે મફલર પહેરી લીધાં હતાં. ટ્રાફિક પોલીસની ટીમોએ આ લોકોની નંબર પ્લેટ સ્કેન કરીને ચલણ ફટકારી દીધાં હતાં. પોલીસે ડ્રોનની મદદથી નિયમ ભંગ કરતા અનેક લોકોને ઈ-ચલણ ફટકાર્યાં હતાં.

આ અંગે ડીસીપી અમિતા વાનાણીએ જણાવ્યું કે, ડ્રોન, સીસીટીવી અને પબ્લિક એડ્રેસ સિસ્ટમ દ્વારા હેલ્મેટ વગરના લોકોની અટકાયત થઈ રહી છે. ૩૦૦૦થી વધુ પોલીસકર્મીઓ ટ્રાફિક જંકશન પર તહેનાત છે અને ૪૦થી વધુ ટીમો સ્થળ-દંડ વસૂલ કરી રહી છે. જો કોઈએ ડ્રોન જોઈને સંતાવાનો પ્રયાસ કર્યો તોપણ બચવાની શક્યતા નહિવત્ છે. સીસીટીવી કૅમેરા અને વીઓસી સિસ્ટમ તરત જ વાહન નંબર સ્કેન કરીને ઈ-ચલણ મોકલી દેશે. ડ્રોન અને કૅમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

# ડ્રાઈવરનું લાઈસન્સ અમાન્ય હોય તોપણ વીમા કંપની ચુકવણી કરવા માટે જવાબદારઃ હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટે કહ્યું હતું કે, અકસ્માતના કેસોમાં અમાન્ય લાઇસન્સ ધરાવતાં વાહનચાલકના લાઇસન્સની ચકાસણીમાં વાહન માલિકની બેદરકારી સાબિત કરવામાં નિષ્ફળ જાય તો વીમા કંપની વળતર ચૂકવવા માટે જવાબદાર છે. જામનગરમાં ૨૦૧૦માં એક ટ્રક સાથેના અકસ્માતમાં જયેશ ધારવિયા નામની વ્યક્તિનું મોત નીપજ્યું હોવાથી આ કેસ હાઈ કોર્ટ સુધી પહોંચ્યો હતો. જેની સુનાવણીમાં કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

આ કેસમાં ટ્રક ડ્રાઈવર રામસિંહ યાદવ પાસે ટુ વ્હિલર અને નાના વાહનનું લાઇસન્સ હતું. તેની પાસે ટ્રક ચલાવવા માટેનું લાઇસન્સ નહોતું. જે હેવી મોટર વ્હિકલની કેટેગરીમાં આવે છે. ૨૦૧૪માં મોટર અકસ્માતના દાવા મુદ્દે ટ્રિબ્યુનલે ટ્રક માલિક સુરેશચંદ્ર અને વીમા કંપની આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડને મૃતકના પરિવારને ૭.૫ ટકા વ્યાજ સાથે વળતરરૂપે ૧૯ લાખથી વધુ રકમની ચુકવણી કરવા આદેશ આપ્યો હતો. ટ્રિબ્યુનલના આ આદેશને વીમા કંપનીએ હાઈ કોર્ટમાં પડકાર્યો હતો. ડ્રાઈવર ટ્રક ચલાવવા માટે અધિકૃત નથી. પૉલિસીની શરતોનો ભંગ અને માન્ય લાઇસન્સ સાથે લાયક ડ્રાઇવરને નોકરીમાં રાખવામાં વાહનમાલિકની નિષ્ફળતાને ટાંકીને, વીમા કંપનીએ કહ્યું કે તેને વળતર ચૂકવવા માટે જવાબદાર ગણી શકાય નહીં. હાઈકોર્ટે તારણ કાઢ્યું હતું કે, વીમા કંપની એ સાબિત કરવામાં નિષ્ફળ રહી છે કે તેણે વાહનમાલિકને ડ્રાઈવરનું લાઇસન્સ ચકાસવા માટે વિનંતી કરી હતી અથવા તેણે આ સંદર્ભે વાહનમાલિકને જાગૃત રહેવા ધ્યાન દોર્યું હતું. વીમા કંપની એ પણ સાબિત નથી કરી શકી કે, વાહનમાલિકને જાણ હતી કે, ડ્રાઈવરનું લાઇસન્સ માન્ય નથી. તે છતાંય તેણે ડ્રાઈવરને કામ પર રાખ્યો હતો. આ આધારે હાઈ કોર્ટે વીમા કંપનીની અપીલને ફગાવતાં કહ્યું હતું કે, વીમા કંપનીને અપીલકર્તા તરફથી આપવામાં આવેલા વળતરનું ચુકવણું કરવાની જવાબદારીમાંથી મુક્ત ના કરી શકાય.

# મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન, છતાં શાંતિની ગૅરંટી કોણ આપશે?

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

**આખરે મણિપુર જેવા અતિસંવેદનશીલ રાજ્યમાં હિંસાનો લાંબો કલંકિત દૌર પૂરો થયો, પણ ત્યાં આચરવામાં આવેલી હિંસા માટે ત્યાંના બે સમુદાયના આપસી વેર કરતાં પણ વધુ કેન્દ્ર સરકાર તથા ભાજપની રાજ્ય સરકારની નિસ્પૃહતા અને બેદરકારી વધુ જવાબદાર છે... અત્યારે રાષ્ટ્રપતિના નેજા હેઠળ મણિપુર ભલે લશ્કરને હવાલે છે, પણ ત્યાં ભારેલો અગ્નિ ફરી ક્યારે ભભૂકી ઊઠે એ કોઈ કહી શકે એમ નથી...**




મણિપુરમાં અંતે રાષ્ટ્રપતિશાસન લદાઈ ગયું. છેલ્લા દોઢ વર્ષ કરતાં વધારે સમયથી હિંસાગ્રસ્ત મણિપુરના મુખ્ય પ્રધાનપદે ભાજપના એન. બિરેનસિંહ બેશરમી-નફ્ફટાઈથી સત્તા પર ચીટકી રહ્યા હતા એ જોતાં મણિપુરના મામલે અચાનક આવો ટ્વિસ્ટ આવશે એવું કોઈએ ધાર્યું નહોતું. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે બેકાબૂ હિંસાને કાબૂમાં લાવવા માટે ઇમ્ફાલ ખીણનાં ૫ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આર્મ્ડ ફોર્સીસ સ્પેશિયલ પાવર એક્ટ (AFSPA) લાગુ કરીને લશ્કરને કમાન સોંપી દીધી હતી અને આર્મીએ આક્રમક બનીને ઘરે ઘરે ફરીને કૉમ્બિંગ કરતાં ફફડેલા આતંકવાદીઓ અને એમના સમર્થકોએ જાતે જ પોતાનાં હથિયાર જમા કરાવવા માંડ્યાં તેમાં હિંસા બંધ થઈ હતી.

છેલ્લા લાંબા સમયથી મણિપુર શાંત હતું ને વિપક્ષો તથા મીડિયાએ પણ થાકીને સત્તા પર ચીટકી રહેલા બિરેનસિંહની ટીકા કરવાનું પણ બંધ કરી નાખેલું. મણિપુરમાં ૨૦૨૨ના ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ હતી એ જોતાં વિધાનસભાની ચૂંટણીને હજુ બે વરસની વાર છે. મતલબ કે બિરેનસિંહની સરકારની મુદત પૂરી થવામાં આખાં બે વર્ષ બાકી હતાં ને બેશરમીમાં બધાને ટપી ગયેલા બિરેનસિંહ બીજાં બે વરસ ખેંચી કાઢશે એવું લાગતું જ હતું ત્યાં અચાનક ગયા અઠવાડિયે બિરેનસિંહે રાજીનામું આપી દીધું. લોકોને બિરેનસિંહના રાજીનામાથી આંચકો લાગેલો ને વધારે આંચકો તો બિરેનસિંહનું રાજીનામું સ્વીકારી પણ લેવાયું તેનો લાગ્યો હતો.

મણિપુરમાં છેલ્લાં દોઢ વર્ષથી ચાલી રહેલી હિંસાને કારણે ભાજપની આબરૂ ધૂળધાણી થઈ ગયેલી. વિપક્ષો સતત કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને રાજ્યની ભાજપ સરકારના માથે માત્ર માછલાં જ નહીં, મગરમચ્છ સુદ્ધાં ધોઈ રહ્યા હતા, પણ ભાજપની નેતાગીરીનાં પેટનું પાણી નહોતું હાલતું. બિરેનસિંહ પહેલા ખોળાના હોય એ રીતે ભાજપની નેતાગીરી વર્તતી હતી ત્યાં ગયા રવિવારે અચાનક જ બિરેનસિંહ દિલ્હી પહોંચી ગયા.

બિરેનસિંહ રવિવારે સવારે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યા અને બપોરે તો ભાજપ તથા સાથી પક્ષોના ધારાસભ્યો સાથે જઈને રાજીનામું પણ ધરી દીધું. એ વખતે જ બિરેનસિંહના સ્થાને હવે ભાજપ કોને ગાદી પર બેસાડશે તેની અટકળો શરૂ થયેલી, પણ મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ બિરેનસિંહને કાર્યકારી મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળવા કહ્યું તેના પરથી લાગતું હતું કે, ભાજપ મણિપુરમાં નવો મુખ્ય પ્રધાન બેસાડવાના બદલે રાષ્ટ્રપતિશાસન લાદવા વિચારી રહ્યો છે. રાજ્યપાલ ભલ્લાએ આ સપ્તાહે શરૂ થનારું મણિપુર વિધાનસભાનું સત્ર પણ રદ કરી દીધું પછી સ્પષ્ટ થઈ ગયેલું કે, મણિપુરમાં હવે રાષ્ટ્રપતિસાસન જ લદાશે, જે ધારણા સાચી પડી છે.

આમ જુઓ તો બિરેનસિંહના રાજીનામા સાથે આઝાદ ભારતના ઇતિહાસનું એક કલંકિત પ્રકરણ પૂરું થયું છે, કેમ કે ભારતમાં કોઈ રાજ્ય સળંગ દોઢ વર્ષથી હિંસાની આગમાં ભડકે બળતું હોય ને છતાં મુખ્ય પ્રધાન સત્તાસ્થાને ચીટકી રહ્યા હોય એવું આ કદાચ પહેલી વાર બન્યું છે. બિરેનસિંહે આ કલંકિત ઇતિહાસ કેન્દ્રની મોદી સરકારની મહેરબાનીથી લખ્યો છે એ કહેવાની જરૂર નથી, કેમ કે ભડકે બળતા મણિપુર તરફ જોવાની ના આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તસદી લીધી કે ના કેન્દ્રીયગૃહપ્રધાન અમિત શાહે લીધી.

હા, અમિત શાહ મે, ૨૦૨૩માં હિંસાની શરૂઆત વખતે મણિપુર ગયેલા ને બેઠકો કરેલી, પણ પછી મણિપુરની અનદેખી જ શરૂ કરી દીધેલી. મણિપુર મુદ્દે બહુ હોહા થાય ત્યારે શાહ બિરેનસિંહ સહિતના ભાયાતોને બોલાવી લેતા ને બેઠક કરીને ‘બધું બરાબર છે’ તેની આલબેલ વગાડીને તેમને પાછા રવાના કરી દેતા. લોકસભાની ચૂંટણી વખતે પ્રચાર કરવા માટે અમિત શાહ પાછા મણિપુર ગયેલા, પણ પછી પાછા ભૂલી ગયેલા. મોદી સાહેબને તો મણિપુર ભારતનું જ એક રાજ્ય છે એ પણ કદાચ યાદ નહોતું રહ્યું. બીજા મુસ્લિમ દેશોની ચિંતા કરતાં પણ મણિપુરમાં જ્યાં હિંદુઓ મરી રહ્યા છે એ મણિપુરમાં જવાનો એમને સમય જ ના મળ્યો.

મણિપુરની હિંસા હિંદુ મૈઈતેઈ સમુદાય અને ખ્રિસ્તી કુકી સહિતના આદિવાસી સમાજના સામસામા જંગના કારણે ફાટી નીકળેલી ત્યારે હિંદુવાદી નેતાઓ પણ તમાશો જોઈ રહ્યા હતા. આ ખામોશી માટે ‘રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ’ સહિતનાં હિંદુવાદી સંગઠનો સામે જબરો ઊહાપોહ થવા માંડ્યો પછી ‘રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ’ ના વડા મોહન ભાગવતે મણિપુરની હિંસાનો મુદ્દો ઉખેળવો પડેલો. ભાગવતે શરમમાં ને શરમમાં ‘મણિપુરની સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ’ એવું કહેવું પડ્યું, પણ દેશના ખુદ વડા પ્રધાનને પ્રજાની બે આંખોની શરમ પણ ના નડી...

આ દોઢ વર્ષમાં મણિપુર સાવ બદલાઈ ગયું એમ કહીએ તો ચાલે. મણિપુરમાં ૩ મે, ૨૦૨૩થી કુકી-મૈતઈ સમુદાય વચ્ચે ચાલી રહેલી હિંસામાં સત્તાવાર રીતે ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૬૦ હજારથી વધારે લોકો બેઘર થઈ ગયા છે. દોઢ વર્ષની હિંસા દરમિયાન આખા દેશનું માથું શરમથી ઝૂકી જાય એવી ઘટનાઓ બની, પણ ભાજપના નેતાઓને તેના વિશે બોલવાનું પણ મુનાસિબ ના લાગ્યું. લોકોનાં ઘરો સળગાવીને, જીવતા સળગાવીને મારી નાખવાથી માંડીને મહિલાઓને જાહેરમાં નગ્ન કરીને પરેડ કરાવ્યા પછી ગેંગ રેપ કરવા સહિતની અત્યંત ઘૃણાસ્પદ ઘટનાઓ બની, પણ ના બિરેનસિંહના પેટનું પાણી હાલ્યું કે ના દિલ્હીમાં બેઠેલા સત્તાધીશોને કશું કરવાનું યોગ્ય લાગ્યું.

હા, ૨૦૨૪ના વરસના છેલ્લા દિવસે બિરેનસિંહે મણિપુરમાં થયેલી હિંસા અને તેમાં થયેલી જાનહાનિ માટે માફી માગી હતી ને હવે તો એમણે રાજીનામું ધરી દીધું છે, પણ હવે અતિમોડું થઈ ગયું છે.

મણિપુરમાં અત્યારે શાંતિ છે કેમ કે મણિપુર લશ્કરના હવાલે છે. મણિપુરમાં ૨૦ લાખની વસતિની સુરક્ષા માટે લશ્કરી અને અર્ધલશ્કરી દળોના ૪૦ હજારથી વધારે જવાનો તહેનાત છે તેથી શાંતિ સ્થપાય નહીં તો જ નવાઈ લાગે, પણ આ શાંતિ કાયમી છે કે નહીં એ ખબર નથી. મણિપુરમાં હિંસાનું કારણ મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચેનો ઝગડો છે. દોઢ વર્ષની હિંસાના કારણે આ ઝગડો નફરતમાં પરિણમ્યો છે અને આ નફરતની આગ ક્યારે પાછી ભડકી ઊઠે એ નક્કી નહીં.

આ બધા વચ્ચે, મણિપુરમાં હિંસા ભડકાવવામાં ચીન સહિતના અનેક દેશોને પણ રસ છે એ જોતાં બિરેનસિંહના રાજીનામાથી એમણે શરૂ કરેલા કલંકિત પ્રકરણનો પણ અંત આવી જશે તેની કોઈ ગૅરંટી નથી.

મણિપુર અત્યારે બે ભાગમાં વહેંચાઈ ગયેલું છે. મૈતેઈ વિસ્તારોમાં કુકી સહિતના આદિવાસી નથી જઈ શકતા ને કુકી સમુદાય સહિતના આદિવાસીઓના વિસ્તારોમાં મૈતેઈ નથી જઈ શકતાં. આ સંજોગોમાં લશ્કર નહીં હોય ત્યારે ફરી વિસ્ફોટ થવાની શક્યતા નકારી ના શકાય. ■

# શું ભારત તમારી યાદીમાં છે?

**જો નહીં હોય તો શા માટે હોવું જોઇએ તેનાં અમુક કારણો હું આપવા માગું છું!**



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com









માર્ક ટવેઈને એક વાર કહ્યું હતું, "ભારત માનવ જાતિનું પારણું છે, માનવી વાણીનું જન્મસ્થળ છે, ઈતિહાસની માતા છેઅને દિગ્ગજોની દાદી અને પરંપરાની પરદાદી છે." જોકે આ શબ્દો પણ ભારત શું પ્રદાન કરે છે તેનું વિવરણ કરવા માટે ઓછા પડી શકે છે.

અહીં અસલી પ્રશ્ન છે: શું ભારત તમારી બકેટ લિસ્ટમાં છે? શું તમે ક્યારેય શાંતિથી બેસીને ભારત માટે તમારી અલગ અલગ પ્રવાસની બકેટ લિસ્ટમાંશું હોવું જોઈએ તે વિશે વિચાર્યું છે? મારો વિશ્વાસ કરો, જો તમે તમારા સંપૂર્ણ જીવનભર દરેક વીકએન્ડમાં પ્રવાસ કરતા રહો તો પણ તે પૂરતું નહીં થાય. તમે ભારત ખરેખર શું ખૂબીઓ ધરાવે છે તેની જૂજ ટકાવારી જ જોઈ હશે. તો ચાલો, આપણો દેશ તમારી બધી પ્રવાસની યાદીમાં ટોચ પર શા માટે હોવો જોઈએ તે ખોજના પ્રવાસે નીકળીએ.

**ઐતિહાસિક અજાયબીઓ**

ભારતનો સમૃદ્ધ ઈતિહાસ એ ઈતિહાસ પ્રેમીઓ માટે ખજાનો છે. આથી ચાલો, આપણે આ પ્રવાસ મેઘાલયથી શરૂ કરીએ,જ્યાં નાર્તિયાંગ મોનોલિથ્સ ભૂતકાળના શાંત ચોકીદારો તરીકે ઊભા છે. આ મોનોલિથ્સ જૈન્તિયા હિલ્સમાં સ્થિત છે,જે દુનિયામાં મોનોલિથ્સનું સૌથી ઊંચું કલેકશન હોવાનું માનવામાં આવે છે.

ઓડિશામાં જઈએ તો આપણને ઓછું જાણીતું પરંતુ મોહિત કરનારી રત્નાગિરિ મોનાસ્ટરી જોવા મળે છે. આ પ્રાચીન બુદ્ધ સ્થળ ઓડિશાના ડાયમંડ ટ્રાયેન્ગલનો ભાગ છે, જે ૫મી સદીનું છે અને એક સમયે બુદ્ધ શિક્ષણનું ધમધમતું કેન્દ્ર હતું.

ગુજરાતના પશ્ચિમી ભાગમાં પાટણમાં રાણી કી વાવ છે, જે છૂપું રત્ન છે. આ બારીકાઈથી તૈયાર કરાયેલો પગથિયાંવાળો કૂવો 11મી સદીનો છે,જે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ છે અને પ્રાચીન એન્જિનિયરિંગની અજાયબી છે. આ પગથિયાં સાત સ્તર નીચે ઊતરે છે અને હિન્દૂ દેવી-દેવતાઓ, પૌરાણિક દ્રશ્યો અને રોજબરોજના જીવનને પ્રદર્શિત કરતાં 500થી વધુ શિલ્પોથી શોભે છે.

તામિલનાડુમાં ગંગાઈકોંડા ચોલાઈપુરમમાં બૃહદીશ્વરાર મંદિર છે, જે ઓછું જાણીતું છે, પરંતુ થાંજાવુરમાં તેના નામ પ્રણામે તેટલું જ અદભુત છે.11મી સદીમાં રાજેન્દ્ર ચોલા-1 દ્વારા નિર્મિત આ મંદિર ચોલા રાજમાં સ્થાપત્ય અને કળાત્મક સિદ્ધિઓનો દાખલો છે.મંદિરનું વિશાળ વિમાન (મંદિરનું ટાવર) અને નાજુક કોતરકામ ઈતિહાસના શોખીનોએ તેની અવશ્ય મુલાકાત લેવા જેવું સ્થળ બનાવે છે.

ઉત્તરાખંડના ઉત્તરીય ભાગમાં જગેશ્વર મંદિર ભગવાન શિવને સમર્પિત છે અને તેનું વિશિષ્ટ પથ્થરનું કોતરકામ અજોડ ઐતિહાસિક અનુભવ કરાવે છે.આ સંકુલ 100થી વધુ પ્રાચીન મંદિરોનું છે, જે દેવદર જંગલ દ્વારા ઘેરાયેલી ઊંડી ખીણના સાંનિધ્યમાં છે. તે 9મીથી 13મી સદીનું છે.અહીં વાર્ષિક જગેશ્વર મોન્સૂન ફેસ્ટિવલમાં મુલાકાત લેવી જોઈએ અને સ્થાનિક સંસ્કૃતિનો અનુભવ કરવો જોઈએ.

ઐતિહાસિક અજાયબીઓના આ તો જૂજ દાખલા છે જે તમારી વાટ જોઈ રહ્યા છે. દરેક સ્થળની પોતાની અજોડ વાર્તા છે અને તેની ખોજ સમય થકી પ્રવાસે લઈ જવા જેવું છે.

**રસોઈકળાનાં સાહસો**

ભારતીય રસોઈકળાની વૈવિધ્યતા અસમાંતર છે, જે કોઈ પણ ખાદ્યના શોખીનોને ખાતરીદાયક રીતે ખુશી આપીને રહે છે.

તો આપણો રસોઈકળાનો પ્રવાસ નાગાલેન્ડથી શરૂ કરીએ, જ્યાંની વાનગી તેના બોલ્ડ ફ્લેવર્સ અને ઘરેલુ સામગ્રીઓના ઉપયોગ માટે જાણીતી છે.આવી જ એક વાનગી બાંબૂ શૂટ્સ સાથે સ્મોક્ડ પોર્ક છે. આ પારંપરિક નાગા વાનગીમાં ડુક્કરનું માંસ વાંસની ડાળખીઓ સાથે પકવવામાં આવે છે,જે તેને અજોડ અને માટીયુક્ત ફ્લેવર આપે છે. આ વાનગી પર પછી દુનિયામાં સૌથી ગરમ મરચાંમાંથી એક ઘોસ્ટ પેપર (તીખા ભુતજલોકિયા) સાથે મસાલેદાર બનાવવામાં આવે છે.

ઓડિશામાં ઓછું જાણીતું પરંતુ ચેનાપોડા નામે ડેઝર્ટ છે. આ અજોડ ડેઝર્ટ તાજું પનીર, ખાંડ અને સોજીથી બનાવવામાં આવે છે અને કેરેમલાઈઝ નહીં થાય ત્યાં સુધી બેક કરાય છે, જેથી સમૃદ્ધ અને સ્વાદિષ્ટ ટ્રીટ બની જાય છે.

દક્ષિણમાં આપણે કર્ણાટકમાં આવીએ ત્યાં કૂર્ગ શહેર તેની અજોડ વાનગીઓ માટે પ્રસિદ્ધ છે. આવી જ એક વાનગી પાંડી કરી છે, જે મસાલેદાર કરી કૂર્ગના પરિવારમાં મુખ્ય ખાદ્ય છે. કરી સુગંધી કૂર્ગી કાળા મરી સહિત સ્થાનિક મસાલાના સંમિશ્રણમાં પકવવામાં આવેલા માંસના રસદાર ટુકડા સાથે બનાવવામાં આવે છે.

હિમાચલ પ્રદેશમાં પારંપરિક વાનગી સિદુ અવશ્ય અજમાવવા જેવી છે. સિદુ ઘઉંના લોટથી બનાવેલા સ્ટીમ્ડ બ્રેડ છે અને તેમાં છૂંદેલા બટેટા, લીલા વટાણા અને મસાલાના મિશ્રણ સાથે ભરેલા હોય છે.

આખરે જો આપણે પશ્ચિમ બંગાળમાં જઈએ તો ચિંગરીમલાઈ કરી સાથે અજોડ રસોઈ અનુભવ કરી શકાય છે. આ વાનગીમાં રસદાર ઝીંગા ક્રીમી કોકોનટ મિલ્ક ગ્રેવીમાં પકવવામાં આવે છે, જેને મસ્ટર્ડ સીડ, લીલાં મરચાં અને ચપટીક હળદર સાથે સ્વાદિષ્ટ બનાવાય છે.

રસોઈકળાનાં સાહસોનાં આ તો જૂજ દાખલા છે, જે આપણા બધાની વાટ જોઈ રહ્યા છો. આથી જો તમે ખાદ્યના શોખીન હોય અને સામાન્યથી પાર કશું અજમાવવા માગતા હોય તો તમારી પ્રવાસની બકેટ લિસ્ટમાં આ છૂપાં રસોઈકળાં રત્નો ઉમેરવાનું ભૂલશો નહીં.

**કળાત્મક હાવભાવ**

પારંપરિક કળા સ્વરૂપો પેઢી દર પેઢીથી સમકાલીન કળામાં પસાર કરાતી આવી છે, જે સીમાઓને ધકેલે છે.ભારતની કળા તેની સંસ્કૃતિ પ્રમાણે જ વૈવિધ્યપૂર્ણ અને સ્વર્ણિમ છે.

મણિપુરની વાત કરીએ તો અહીં પારંપરિક નૃત્ય રાસ લીલા શાસ્ત્રીય નૃત્ય, નાટક અને સંગીતનું મંત્રમુગ્ધ કરનારું સંમિશ્રણ છે.આ નૃત્ય સ્વરૂપ રાધા અને કૃષ્ણની પ્રેમકથા પ્રદર્શિત કરે છે, જે નાજુક કોશ્ચ્યુમ્સ અને સુંદર મુવમેન્ટ્સ સાથે પરફોર્મ કરાય છે.તે મંદિરોમાં અને મહોત્સવોમાં યોજાય છે, જે અજોડ સાંસ્કૃતિક અનુભવ આપે છે.

પશ્ચિમ બંગાળમાં પાટચિત્ર નામે ઓછું જાણીતું કળા સ્વરૂપ છે. આ પારંપરિક સ્ક્રોલ પેઈન્ટિંગનો ઉદભવ મેદિનિપુરનાં ગામમાંથી થયો છે,જે તેની નાજુક બારીકાઈ અને સ્વર્ણિમ રંગો માટે જાણીતું છે. કલાકારોને પટુઆસ તરીકે ઓળખવામાં આવે છે,જેઓ પુરાણકથા અને લોકકથાની વાર્તાઓ મોટે ભાગે ગીતો સાથે ચિત્રકળાઓ થકી કથન કહે છે.

રાજસ્થાનમાં ફાડ પેઈન્ટિંગ છૂપું રત્ન છે. આ સ્ક્રોલ પેઈન્ટિંગનું પારંપરિક સ્વરૂપ ભિલવારા પ્રદેશની ઊપજ છે,જે સ્થાનિક દેવ-દેવીઓ અને વીરોની પૌરાણિક વાર્તા પ્રદર્શિત કરે છે. આ ચિત્રો કપડાના લાંબા ટુકડા પર નિર્માણ કરાય છે અને બોપા સમુદાય દ્વારા મોબાઈલ મંદિરો તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

દક્ષિણમાં આપણે કેરળમાં આગમન કરીએ છીએ, જ્યાંનું પારંપરિક નૃત્ય-નાટક કૂડિયટ્ટમ અવશ્ય જોવા જેવું છે. યુનેસ્કો દ્વારા માનવતાના મૌખિકઅને અમૂર્ત વારસાના નંગ તરીકે સન્માનિત કૂડિયટ્ટમ દુનિયામાં હયાત સૌથી જૂની રંગમંચીય પરંપરામાંથી એક છે. આ નાટક અનેક દિવસો સુધી ચાલી શકે છે, જેમાં ભારેખમ કોશ્ચ્યુમ્સ, અભિવ્યક્ત અંગચેષ્ટાઓ અને નાજુક મેકઅપ વિલક્ષણ હોય છે.

**નિસર્ગની અજાયબીઓ**

ભારતનાં હરિયાળાં જંગલોથી ઊંચી ઊંચી પહાડીઓ સુધીનું નિસર્ગસૌંદર્ય મંત્રમુગ્ધ કરનારું નિસર્ગ સૌંદર્ય પ્રદાન કરે છે.

મેઘાલયમાં લિવિંગ રૂટ પુલો રબરનાં ઝાડનાં મૂળિયાંથી હાથથી બનાવવામાં આવેલા છે, જે નિસર્ગ અને માનવી કૌશલ્યના સહઅસ્તિત્વનો અસાધારણ દાખલો છે. આ પુલોમાં અમુક 100 ફીટ લાંબા હોઈ અત્યંત મજબૂત અને સદીઓ સુધી ટકાઉ હોય છે.

લડાખમાં મંત્રમુગ્ધ કરનારું પાંગોંગ લેક તેના સતત બદલાતા આકાશી શેડ્સ સાથે જોવા જેવું સ્થળ છે. 14, 270 ફીટ ઊંચાઈએ સ્થિત ભારતથી તિબેટ સુધીનો આ પટ્ટો મંત્રમુગ્ધ કરનારો અને આહલાદક નજારો પ્રદાન કરે છે.

દક્ષિણમાં કેરળમાં પશ્ચિમી ઘાટ સાઈલન્ટ વેલી નેશનલ પાર્ક માટે ઘર છે, જે અણસ્પર્શી સ્વર્ગમાં દુર્લભ વાઈલ્ડલાઈફ અને ગાઢ વરસાદી જંગલો સાંનિધ્યમાં વસેલાં છે.

સમુદ્રના પ્રેમીઓ માટે આંદામાન અને નિકોબાર આઈલેન્ડમાં કોરલ રીફ સ્વર્ણિમ સમુદ્રિ જીવન અને અદભુત કોરલ રચના સાથે ભરચક ભૂજળ વંડરલેન્ડ પ્રદાન કરે છે.

**નિરંતર શક્યતાઓ**

હમણાં સુધી ભારત તમારી બકેટ લિસ્ટમાં શા માટે હોવું જોઈએ તે તમને સમજાઈ ગયું હશે એવી આશા છે. ઈતિહાસથી વાનગીથી કળા અને નિસર્ગ સુધી, દેશનો દરેક ખૂણો કાંઈક અજોડ પ્રદાન કરે છે. તો ચાલો, તમારી બેગ પેક કરો, એક્સપ્લોર કરો અને ભારતથી આશ્ચર્યચકિત થવા માટે તૈયાર થઈ જાઓ. શુભ પ્રવાસ!

**નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.**



# મને સવા શેર લોહી ચડ્યું

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

ગયા હપ્તામાં હેમા દીવાન નામની અભિનેત્રીએ અચાનક છોડી દીધેલા નાટકમાં કામ કરવાની તક મને મળી એની વાત કરી હતી. કાંતિ મડિયાનું એ નાટક 'કોઈ ભીંતેથી આયના ઉતારો' તેમના શ્રેષ્ઠ સર્જનમાંનું એક ગણાય છે. દસેક વર્ષ પહેલાં 'મુંબઈ સમાચાર'ના તંત્રી નીલેશ દવેએ પણ પ્રવીણ સોલંકી લિખિત આ નાટકના શો કર્યા હતા એની જાહેરખબર જોઈ હતી. સાચું કહું છું મને બહુ આનંદ થયો હતો. આવું નાટક આજના સમયમાં ભજવવા માટે હિંમત જોઈએ અને રંગભૂમિ માટે લગાવ હોય એવી જ વ્યક્તિ આવી કોશિશ કરે.

મારું નાટક ઑપન થયું અને પહેલા જ શોમાં નાટકને જબરદસ્ત આવકાર મળ્યો અને મારા રોલની, મારા અભિનયની પણ પ્રશંસા થઈ. આ આનંદનો ગુણાકાર થયો જ્યારે ખુદ કાંતિભાઈ મોઢામાં આંગળાં નાખી ગયાં અને 'મહેશ્વરી બહેન, તમે બહુ જ સારાં આર્ટિસ્ટ છો' એવું સર્ટિફિકેટ આપી દીધું. શો પત્યા પછી મળતાં કવર (શોમાં કામ કરવાનું મહેનતાણું)થી કલાકાર રાજી તો થતો જ હોય છે, પણ પ્રેક્ષકોની દાદ અને ડિરેક્ટર પીઠ થાબડે ત્યારે એને શેર લોહી ચડતું હોય છે. એ દિવસે મને સવા શેર લોહી ચડ્યું. મારી નાટ્યસફરનું એ અનોખું સંભારણું છે.

'આ રોલમાં કોઈ દમ નથી' એવું કહી આ નાટક એક અભિનેત્રીએ છોડી દીધું હતું અને એ જ નાટકના એ જ રોલમાં હું દીપી ઊઠી એ મારે મન બહુ મોટી વાત હતી. નાટકના ૧૦૦ કરતાં વધુ શો થયા હતા. આવી સફળતાથી અમે બધાં પોરસાઈ ગયાં. આ નાટકની એક રસપ્રદ વાત એ હતી કે મુંબઈમાં જે સફળતા મળી એની સરખામણીમાં સુરતમાં વધુ સફળતા મળી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે મુંબઈના પ્રેક્ષકોને 'કોઈ ભીંતેથી આયના ઉતારો' સિરિયસ નાટક લાગ્યું હતું જ્યારે સુરતના પ્રેક્ષકો નાટક જોતી વખતે ખડખડાટ હસતા હતા. આ પ્રતિક્રિયાની મને જ નહીં બધાને નવાઈ લાગી કારણ કે નાટકનો મુખ્ય થીમ 'બ્રેઈન ટ્રાન્સફર'નો હતો. પ્રેક્ષકને ક્યારે શું અને કેમ ગમી જાય એની કોઈ વ્યાખ્યા કે માપદંડ નથી હોતાં એ અનેક વાર સાંભળેલી વાત ઘણી વાર સાચી પડતી જોઈ છે અને 'કોઈ ભીંતેથી આયના ઉતારો' વખતે પણ એની પ્રતીતિ થઈ.

નાટકની સફળતાના આનંદમાં હું રાચતી હતી ત્યારે મારું ઘર તૈયાર થઈ જતાં હરખ બેવડાઈ ગયો. ૧૯૮૬માં મને ઘરનું પઝેશન મળી ગયું. બિલ્ડરે મને ફ્લૅટની ચાવી આપી ત્યારે મારી આંખોમાં આનંદનાં અશ્રુ ઊભરાઈ આવ્યાં. આપણે ત્યાં જ્યારે સંયુક્ત પરિવારની પ્રથા હતી ત્યારે પરણીને ઘરે આવેલી વહુની દરેક આવડત સાસુ ચકાસતાં. રસોઈથી માંડી એની ઘરસજાવટ અને પરિવારના સભ્યોની રખાવટ જેવી બાબત સાસુની નજરમાં જોખાઈ જતી અને હા, એની વ્યવહારકુશળતા પર પણ ચાંપતી નજર રહેતી. આ બધામાં જો એ સાંગોપાંગ ઊતરે તો સાસુ વહુને ચાવીનો ઝૂડો આપે જે વહુ માટે બહુ મોટું સન્માન કહેવાતું. એ ચાવીનો ઝૂડો કમરમાં ખોસ્યા પછી વહુના કદમમાં, એની ચાલમાં એક અલગ જ પ્રભાવ આવી જતો અને એ


'સૌભાગ્યસુંદરી' નાટક

જવાબદારી સુપેરે નિભાવવા એ તૈયાર થઈ જતી. એવો જ આનંદ બિલ્ડર પાસેથી ચાવી લેતી વખતે થયો. સપનાંનાં વાવેતરને જ્યારે કૂંપળ ફૂટે ત્યારે આખું આકાશ આપણી મુઠ્ઠીમાં આવી ગયું હોય એવી લાગણી થતી હોય છે.

સજાવટ એ સ્ત્રીના સ્વભાવનું અંતરંગ પાસું છે. શરીરની સજાવટ, ઘરની સજાવટ અને જીવનની સજાવટ એ ત્રણ બાબત દરેક નારીને મનગમતી વાત હોય છે. અનેક કષ્ટ વેઠીને તેમ જ અથાક પ્રયત્નો પછી તૈયાર થયેલા ઘરની - મારા ઘરની મારી રીતે સજાવટ કરવી હતી. મને ફૂલ પ્રત્યે અત્યંત અનુરાગ રહ્યો છે. શોભા અને એની સુગંધ એ બે તત્ત્વ ફૂલને ઊંચે આસને બેસાડે છે. સુકુમારતા, કોમળતા અને સૌંદર્ય ફૂલના એવા ગુણ છે જે અવર્ણનીય અને અમૂલ્ય છે. ઘરનો કબજો મળ્યા પછી સૌ પ્રથમ પ્રાધાન્ય મેં ફૂલોની સજાવટને આપ્યું. અનેક લોકોને ગુલાબનું ફૂલ સૌથી વધુ ગમતું હોય છે. પછી ચંપો અને મોગરાનો વારો એની સુગંધને કારણે આવે. જોકે, મને પહેલેથી જ પારિજાત ફૂલ માટે લગાવ રહ્યો છે. અગાઉના એક એપિસોડમાં મેં મરાઠી નાટક 'પારિજાત' ભજવ્યું હતું એની વાત કરી હતી. પારિજાત વિશે શ્રીકૃષ્ણ, રુક્મિણી અને સત્યભામાની કથા પણ જાણીતી છે. એટલે જ કદાચ એ સ્વર્ગીય ફૂલ તરીકે પણ નામના ધરાવે છે.

પારિજાતનાં ફૂલની એક ખાસિયત એ પણ છે કે એ રાત્રે જ ખીલે અને સૂર્યોદય પહેલાં ખરી પડે. એક એવી પણ કથા છે કે પારિજાત નામની રાજકુમારી સૂરજને ખૂબ ચાહતી હતી, પણ તે સૂર્યદેવનું હૃદય ન જીતી શકી. એવી લોકવાયકા છે કે પારિજાતનું વૃક્ષ રાજકુમારીના અસ્થિની રાખમાંથી ઉદ્ભવ્યું હતું. સૂર્યોદય પહેલાં ખરી પડી બધાં ફૂલ જાણે સૂર્યદેવ સમક્ષ આક્રોશ વ્યક્ત કરતાં હોય એવું લાગતું હોવાનું કહેવાય છે. એટલે આ વૃક્ષ 'વેદનાનું વૃક્ષ' તરીકે પણ ઓળખાય છે. આ વાત મારા સબ કૉન્શિયસ માઈન્ડમાં ઘરબાઈ પડી હશે એટલે જ કદાચ પારિજાત માટે મને પ્રીતિ થઈ હશે એવું હું માનું છું. ઘરમાં રહેવા લાગ્યા પછી સૌથી પહેલાં મેં મારા બિલ્ડિંગ સામેના બગીચાની રખેવાળી કરતા માળી પાસે પારિજાતની રોપણી કરાવી. બાળકનું સ્કૂલમાં પહેલું એડમિશન થાય ત્યારે માને કેવી લાગણી થાય, બસ એવી જ લાગણી પારિજાતની રોપણી વખતે મેં અનુભવી. આ સિવાય ઘરની બાલકનીમાં પણ કેટલાંક ફૂલનાં કૂંડાં વસાવ્યાં. ઘર મઘમઘતું રહેવું જોઈએ.

મારી જીવનસફરનો એક નવો અધ્યાય શરૂ થઈ ગયો. નાટકોમાં સતત કામ મળ્યા કરતું હતું એ એક સારી વાત હતી. ક્યારેક ગુજરાતી તો ક્યારેક મરાઠી નાટકની ઑફર આવ્યા કરતી હતી. બંને દીકરી પણ નોકરી કરતી હતી અને એટલે ઘર ખર્ચ પછી થોડી બચત પણ થતી હતી. એટલે સગવડ થાય એ પ્રમાણે થોડું થોડું ફર્નિચર વસાવી ઘરસજાવટ પણ શરૂ કરી દીધી. સંઘર્ષમય જીવનનો સૂર્યાસ્ત થઈ ગયો છે અને નવા પ્રભાતનાં કિરણો રેલાઈ રહ્યાં હોય એવું હું અનુભવી રહી હતી. એવામાં એક નવી વાત બની. મારી મોટી દીકરીને એના ફ્રેન્ડ સર્કલમાંથી કોઈ યુવાન સાથે પ્રેમ થઈ ગયો અને જીવનમાં વધુ એક વળાંક પર આવીને હું ઊભી રહી ગઈ.

*પ્રભાશંકર નાયક જ્યારે પ્રભાશંકર 'રમણી' બન્યા - બોક્સ*

નામ હતું જયશંકર ભોજક, પણ બાપુલાલ નાયક પાસે અભિનયની તાલીમ મેળવનાર નટ 'સૌભાગ્યસુંદરી' નાટકમાં સુંદરીનું પાત્ર ભજવી નાટ્યરસિકો પર એ હદે છવાઈ ગયા કે એમનું નામ જ જયશંકર 'સુંદરી' પડી ગયું. આવું જ પ્રભાશંકર નાયકની બાબતમાં બન્યું. મુંબઈ ગુજરાતી મંડળીના 'કામલતા' નાટકમાં જયશંકર 'સુંદરી'ને અભિનય કરતાં જોઈ ગાયક પ્રભાશંકર નાયકને રંગભૂમિ પર અભિનયનાં અજવાળાં પાથરવાના અભરખા જાગ્યા. બાપુલાલ નાયકે લીધેલી સ્વર પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા ૧૫ વર્ષના પ્રભાશંકરને મંડળીમાં રાખી લીધો. નાની નાની ભૂમિકા કર્યા પછી 'ચંદ્રભાગા' અને 'નવલશા હીરજી' નાટકમાં મહત્ત્વની ભૂમિકા ભજવી તેમણે નામના મેળવી. પછી તો મોહનલાલ અને પ્રભાશંકરની જોડી જામી અને એ હદે લોકપ્રિય બની કે નાટકની તાલીમ (રિહર્સલ) પછી મોહન મારવાડી, જયશંકર 'સુંદરી' અને પ્રભાશંકર વગેરે નટ ભૂલેશ્વર જમવા જાય ત્યારે એમની સાથે હાથ મિલાવવા લોકોની ગિરદી થતી. નાટક કંપનીએ કલાકારોના રક્ષણ માટે ચોકીદાર રાખવા પડતા હતા. ૧૯૨૦માં પ્રભાશંકર નાયકે 'રોયલ નાટક કંપની'ના 'એક જ ભૂલ' નાટકમાં 'રમણી'ની ભૂમિકા કરી. નાટક જોવા આવતા પ્રેક્ષકોને રમણીનું પાત્ર એ હદે પસંદ પડ્યું કે જયશંકર 'સુંદરી'ની જેમ પ્રભાશંકર સાથે 'રમણી' જોડાઈ ગયું અને તેઓ પ્રભાશંકર 'રમણી' તરીકે ઓળખાવા લાગ્યા. *(સંકલિત)* ■

# હમ નયે જમાને કે બિઝનેસમેન હૈ...

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com



આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ, જ્યાં વેપાર જગતમાં રોજ કંઈક નવું જાણવા મળે છે. જૂની રીતે થતા વેપારો નવી રીતે થઈ રહ્યા છે, તો નવા નવા વેપારો પણ આવી રહ્યા છે. સ્ટાર્ટઅપ્સ અને નવા યુગના વ્યવસાયો ઝડપથી ઊભરી રહ્યા છે. જ્યારે આપણે કંઈ પણ ખરીદીએ છીએ ત્યારે આપણી સમસ્યા વિશે પહેલાં વિચારીએ છીએ અને પછી એના ઉકેલ માટે પહોંચીએ છીએ.

'હું કંટાળી ગયો છું, તેથી હું OTT અથવા TV પર મનોરંજન શોધું છું. મને તરસ લાગી છે તેથી હું એક ગ્લાસ પાણી પીઉં છું... ' આમ, પ્રોડક્ટ કે સર્વિસ એ કોઈ વ્યક્તિ અનુભવી રહી હોય તેવી સમસ્યાનો ઉકેલ છે. ગ્રાહકો ક્યારેય ઉકેલો વિશે વિચારતા નથી. એ પોતાની સમસ્યાઓ વિશે વિચારે છે. જોકે, વ્યવસાયી સામાન્ય રીતે પોતાના ઉકેલ વિશે પહેલાં વિચારે છે ને પછી તેને ગ્રાહક માટે આકર્ષક બનાવવાનો પ્રયાસ કરે છે.

હાર્વર્ડના એક અભ્યાસ મુજબ, ૯૫% ઉત્પાદનો નિષ્ફળ જાય છે તે એટલા માટે નહીં કે એ ખરાબ રીતે બનાવવામાં આવ્યાં છે, કારણ કે કોઈને એની જરૂર નથી. બસ, આ વિચારધારા સાથે આજે ઉદ્યોગોમાં બદલાવ જોવા મળે છે.

ન્યૂ એજ બિઝનેસ અર્થાત્ નવા જમાનાના વેપારો કૉન્સેપ્ટ આધારિત હોય છે. પહેલાં જરૂરિયાત પ્રમાણે પ્રોડક્ટ કે સર્વિસ નથી આવ્યાં તે વાત નથી, પણ આજે તેનો રેશિયો વધુ છે. તેમ કહી શકાય કે લોકોની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ઉત્પાદનો બનાવવા તે આજનો મંત્ર છે.

આવા અમુક કૉન્સેપ્ટની વાત કરીએ, જેણે થોડા સમયમાં મોટા થવાની સાથે નવી કેટેગરી ઊભી કરી છે.

તમારા સમયે, તમારી જગ્યાએ જોઈતું ટ્રાન્સપોર્ટ આપવા 'ઓલા-ઉબર-રેપીડો' જેવી કંપનીઓએ ટ્રાન્સપોર્ટની વ્યાખ્યા બદલી નાખી. 'ઍર બીએનબી' અને 'ઓયો'એ તમારા બજેટમાં દુનિયામાં ક્યાંય પણ રહેવા માટે સગવડ કરી આપી. 'સ્વિગી-ઝોમેટો' રેસ્ટોરન્ટને તમારાં ઘરે લાવ્યાં.... આ બધી વાતથી આપણે વાકેફ છીએ. આ બધા ક્રાંતિકારી કૉન્સેપ્ટ છે અને એ કરોડોનો ધંધો કરવાની સાથે લોકોની જીવનપદ્ધતિ સુદ્ધાં બદલાવીને લોકોની મુશ્કેલીઓને સમજી એમને ઉકેલ આપ્યા. આવી જ રીતે હયાત કેટેગરીમાં નવી વાત કરવાના કૉન્સેપ્ટ તરફ નજર દોડાવીએ, જ્યાં તે કેટેગરીની અંદર બીજી નવી કેટેગરી ઊભી થઈ ગઈ.... પેકેજડ પ્રોડક્ટ, રેડી ટુ ઈટ આપણે આસાનીથી અપનાવ્યું. આવી જ રીતે નોન-વેજ ખાવાવાળા માટે જ્યાં અમુક ચીજો એવી સમજ સાથે એમની નજર સામે કપાતી કે એ ફ્રેશ છે. એ પછી ફ્રોઝન ચિકન આવ્યું. આને અપનાવતાં લોકોને વાર લાગી, પણ આને એક કૉન્સેપ્ટ તરીકે સ્થાપિત કર્યું. લોકોને સજાગ કર્યા કે, ફ્રોઝન વધુ ફ્રેશ અને હાઇજિનિક છે. આજે આજ વિચારધારાએ ફ્રોઝન વટાણા અને બીજા શાકભાજીઓ પણ આપણને જોવા મળે છે. આમાં તે જ વસ્તુ પીરસી પણ નવા સ્વરૂપે. લોકો પાસે આજે સમય નથી, લોકોને સાફ-સૂથરી ચીજો જોઈએ છે એટલે જ લોકોએ આવા નવા કૉન્સેપ્ટને અપનાવી લીધા છે.

જ્વેલરી કોઈ પણ ભાષા કે જાતિની સ્ત્રીઓ માટેનો મનગમતો વિષય. આમાં પણ ડાયમંડ જ્વેલરીનું સ્થાન અલગ છે. આજ ડાયમંડ જેને લોકો 'નેચરલ ડાયમંડ સ્ટોન' તરીકે ઓળખે છે એમના માટે નવો કૉન્સેપ્ટ આવીને ઊભો રહ્યો અને તે છેઃ 'લેબ ગ્રોન ડાયમંડ.' પાશ્ચાત્ય દેશોમાં આની ડિમાન્ડ ઘણી વધી ગઈ છે. આપણે અમેરિકન ડાયમંડ સાંભળ્યું છે, પણ તેને ક્યારેય ડાયમંડનો દરજ્જો નહોતો આપ્યો, પણ અહીં, આ પણ ઑરિજિનલ ડાયમંડ છે, ફર્ક ફક્ત તેટલો કે ખાણોની જગ્યાએ તે જ રીતે તેને લેબમાં બનાવવામાં આવ્યો છે. આ કૉન્સેપ્ટ આજે મોટા પાયે બધા અપનાવી રહ્યા છે. નવી પેઢીને પર્યાવરણના બચાવની વાતો કરવામાં રસ છે અને તેને નુકસાન ના થાય તેની કાળજી લેવી છે. આવા સમયે પર્યાવરણને હાનિ ના પહોંચે અને એમને તે જ ચીજ મળે તે પણ તેનાથી ઘણા સસ્તા દરે તો બીજું શું જોઈએ? આ પણ એક કૉન્સેપ્ટ તરીકે વેચાયું અને હવે પોતાનામાં એક કેટેગરી બની ગઈ છે.

'સ્વિગી-ઝોમેટો'ની વાત આપણે કરી, તેમાં પણ હવે 'ક્વિક કોમર્સ' આવી ગયું. ૧૦ મિનિટમાં જોઈએ તે વસ્તુ હાજર. એક સમયે છેલ્લી પળે જોઈતી વસ્તુઓ જે ભુલાઈ ગઈ હોય તેના માટે આની શરૂઆત થઈ છે. તે આજે કહે છે જ્યારે જોઈએ ત્યારે. આમ નવા નવા કૉન્સેપ્ટ આજે આવી રહ્યા છે, જેને લોકો અપનાવે પણ છે, કારણ એ લોકોની સમસ્યાઓનો ઉકેલ લઈને આવે છે. આવી બ્રાન્ડ્સનું વેલ્યુએશન પણ હજારો કરોડોમાં જાય છે. એક સમયે મોટા રોકાણકારો ગોલ્ડ, સ્ટોક અને ફિક્સ્ડ આવકમાં પૈસા રોકતા એ હવે આવી કંપનીઓમાં રોકાણ કરતા થઈ ગયા છે, કારણ કે એ જાણે છે અહીં રિટર્ન વધુ છે.

આમ નવા જમાનામાં વેપાર નવા નવા કૉન્સેપ્ટને આભારી છે અને કૉન્સેપ્ટ ફક્ત બનાવવા માટે ના બનાવતાં તે જો લોકોની સમસ્યા સમજી તેના ઉકેલ આપશે તો જરૂરથી એ સફળ થશે. એક સમયની નામી કંપનીઓ આજે નવા જમાનાની કંપનીઓ ખરીદે છે અથવા તે પ્રમાણેના વેપારો શરૂ કરે છે. આના થકી આવનારા સમય માટે પોતાને તૈયાર કરે છે અને પોતાના શેરહોલ્ડરને ગર્વથી કહેશે કે

'હમ ભી નયે જમાને કે બિઝનેસમેન હૈ...!' ■

# શહીદ ભારતીય સૈનિકોનું યુદ્ધ સ્મારક ફ્રાન્સના ગામમાં!

## પ્રથમ વિશ્વયુદ્ધ પછી ભુલાઈ ગયેલા વીર ભારતીય નાયકોની અજાણી કહાની!

કેન્વાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૨ ફેબ્રુઆરીના રોજ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે માર્સેલીમાં મઝાર્ગ્યુસ યુદ્ધ કબ્રસ્તાનની મુલાકાત લીધી હતી. (તેનો ઉચ્ચાર 'મેઝેરેગ' છે એટલે આપણે એ જ રીતે તેની અહીં જોડણી કરી છે..) ત્યાં આપણા વડા પ્રધાને પ્રથમ વિશ્વયુદ્ધમાં એમની સેવા બદલ યાદ કરવામાં આવેલા ૯૦૦ સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી.

આ સમાચાર પછી ઘણા ભારતીયોને આશ્ચર્ય થયું કે આપણા શહીદ સૈનિકોનું સ્મારક છેક ફ્રાન્સમાં?! તો ઇતિહાસનું આ અજાણ્યું પ્રકરણ ખોલીએ કે ઘણા બહાદુર ભારતીય સૈનિકો ફ્રાન્સ માટે લડ્યા હતા અને ફ્રાન્સ હજુ પણ તે શહીદ ભારતીય સૈનિકોને ભૂલ્યું નથી... આ પાછળનો ઇતિહાસ ઘણો રસપ્રદ છે અને એક સજાગ ભારતીય નાગરિક તરીકે આપણે એ ઇતિહાસ જાણવો પણ જોઈએ.


ફ્રાન્સમાં શહીદ ભારતીય સૈનિકોની સમાધિ પર સ્મરાંજલિ

ઑગસ્ટ ૧૯૧૪માં જ્યારે બ્રિટન પ્રથમ વિશ્વયુદ્ધમાં સામેલ થયું ત્યારે ભારત તે સમયે બ્રિટિશ વસાહત હતું એટલે કે બ્રિટનનું ગુલામ રાષ્ટ્ર હતું. માલિકનો દુશ્મન તે ગુલામનો દુશ્મન એ અનુસાર ભારત પણ આપમેળે એ પ્રથમ વિશ્વયુદ્ધમાં જોડાયું. ૧૩ લાખથી વધુ ભારતીય સૈનિકોને વિશ્વભરનાં યુદ્ધક્ષેત્રોમાં મોકલવામાં આવ્યા હતા, જેમાંથી ૧,૩૮,૦૦૦ સૈનિકો યુરોપમાં ને એમાં પણ ખાસ કરીને ફ્રાન્સ અને બેલ્જિયમમાં તહેનાત કરવામાં આવ્યા હતા. આ સૈનિકો ભારતના વિવિધ ભાગમાંથી આવ્યા હતા, જેમાં પંજાબ, રાજસ્થાન, ગઢવાલ અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે. પારકા દેશોની લડાઈમાં ભારતના સૈનિકો ગયા હતા તે વિચિત્ર વાત છે. હા, ભારતીય સૈનિકોને પગાર મળતો પણ જીવનું જોખમ પણ એટલું જ રહેતું. વતન પરત ફરી શકશે કે નહિ એ કોઈને ખ્યાલ ન હતો.

ભારતના ખુશ્કીદળની બે ઇન્ફન્ટ્રી ડિવિઝન અને એક કેવેલરી બ્રિગેડને પશ્ચિમી મોરચા પર બ્રિટિશ અને ફ્રેન્ચ સૈન્યમાં જોડાવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૧૯૧૪ સુધીમાં, ભારતીય સૈનિકો ફ્રાન્સ પહોંચી ગયા હતા. આપણા સૈનિકોને ખાસ તાલીમ આપવામાં આવી ન હતી. એક રીતે કહીએ તો ભારતીય સૈનિકોને ભગવાન ભરોસે છોડી દેવામાં આવ્યા હતા. એમને આપવામાં આવેલાં શસ્ત્રો પણ પ્રાથમિક કક્ષાના જ હતાં. ઓક્ટોબર સુધીમાં આપણા સૈનિકોને ભીષણ યુદ્ધમાં સંપૂર્ણપણે સામેલ થવું પડ્યું હતું. તેમાંય બેલ્જિયમમાં મેસિન્સ રિજનું કુખ્યાત યુદ્ધ પણ સામેલ હતું.

ત્રીજી (લાહોર) અને સાતમી (મેરઠ) ડિવિઝન ધરાવતી ભારતીય કોર્પ્સે ભયંકર પરિસ્થિતિઓનો સામનો કર્યો. આમ વિશ્વયુદ્ધના ઇતિહાસની કેટલીક સૌથી ઘાતક લડાઈઓમાં આપણા સૈનિકો શામેલ હતા. માર્ચ ૧૯૧૫માં ન્યુવ-ચેપલના યુદ્ધમાં, હુમલાખોર દળનો અડધોઅડધ ભાગ ભારતીય સૈનિકોનો હતો. એ બધા સેન્ટ જ્યોર્જ ચર્ચમાં પણ બહાદુરીથી લડ્યા. જુલિયન (એપ્રિલ ૧૯૧૫), ઓબર્સ રિજ (મે ૧૯૧૫), ફેસ્ટબર્ટ (મે ૧૯૧૫) અને લૂસ (સપ્ટેમ્બર ૧૯૧૫) ખાતેની ભીષણ લડાઈઓમાં હજારો ભારતીય સૈનિકો ઘાયલ થયા હતા.

આ યુદ્ધકાળ દરમિયાન આપણા જવાનોએ ઝેરી તાપમાન, ભારે તોપમારો અને ગૅસના ટોક્સિક હુમલાઓ સહન કરવા પડતા હતા. ભારતના ગરમ વાતાવરણમાં રહેવા ટેવાયેલા સૈનિકો


THE DAILY MIRROR, Friday, October 2, 1914.
ARRIVAL OF INDIAN TROOPS IN FRANCE: PICTURES
The Daily Mirror
LATEST CERTIFIED CIRCULATION MORE THAN 1,000,000 COPIES PER DAY
No. 3,414. FRIDAY, OCTOBER 2, 1914 One Halfpenny.
INDIA FLINGS THE KAISER'S LIE BACK IN HIS TEETH AND SENDS HER SOLDIERS TO HELP TO CRUSH HIM.

માટે આ તદ્દન અજાણ્યો અને વિકટ અનુભવ હતો. દવાદારૂ કે ખાધાખોરાકીનો પૂરતો પુરવઠો ક્યારેય મળતો નહિ એવા વિષમ પડકારો વચ્ચે ભારતના જવાનોએ અસાધારણ હિંમત દાખવી હતી..

પ્રથમ વિશ્વયુદ્ધના સૌથી પ્રખ્યાત ભારતીય સૈનિકોમાંના એક ૩૯મી ગઢવાલ રાઇફલ્સના રાઇફલમેન ગોબર સિંહ નેગી હતા. ન્યુવ-ચેપલના યુદ્ધ દરમિયાન, જ્યારે એના સેનાપતિ મૃત્યુ પામ્યા, ત્યારે એણે કમાન સંભાળી અને દુશ્મનની ટ્રેન્ચ પર હુમલો કરવા માટે પોતાની આખી બ્રિગેડનું બહાદુરીપૂર્વક નેતૃત્વ કર્યું. દુઃખની વાત છે કે, આ હુમલામાં તેમનું અવસાન થયું, પરંતુ એમને મરણોત્તર બ્રિટનના સર્વોચ્ચ લશ્કરી સન્માન એવા 'વિક્ટોરિયા ક્રોસ'થી નવાજવામાં આવ્યા. એમનું નામ ફ્રાન્સના ન્યુવ-ચેપેલ મેમોરિયલ પર અંકિત થયેલું જોવા મળે છે.

બીજા એક ભુલાઈ ગયેલા નાયક મેજર પંડિત પ્યારેલાલ અટલ છે, જે ૧૨૯મા ડ્યુક ઑફ કનોટમાં મેડિકલ ઑફિસર હતા. દુશ્મનના ભારે ગોળીબાર વચ્ચે ઘાયલ સૈનિકોની સારવાર કરવા માટે જાણીતા બન્યા હતા. દુશ્મનનો ગોળો એમની મેડિકલ પોસ્ટ પર ફાટતાં એ શહીદ થયા. એમની જવામર્દીનો ઉલ્લેખ મરણોત્તર ન્યુવ-ચેપલ મેમોરિયલ પર કરવામાં આવ્યો છે.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન માર્સેલી ફ્રાન્સમાં આવતા ભારતીય સૈનિકો માટે મુખ્ય મથક તરીકે સેવા આપતું હતું. ૧૯૧૪થી ૧૯૧૮ની વચ્ચે, ફ્રાન્સ અને બેલ્જિયમમાં ૯૦,૦૦૦થી વધુ ભારતીય સૈનિકો અને સહાયક કર્મચારીઓ તહેનાત કરવામાં આવ્યા હતા. આમાંથી, ૮,૫૦૦ માર્યા ગયા અને ૫૦,૦૦૦ ઘાયલ થયા. જુલાઈ ૧૯૨૫માં, ફિલ્ડ માર્શલ સર વિલિયમ બર્ડવુડે ૧,૪૮૭ ભારતીય સૈનિકોના સન્માનમાં માર્સેલીમાં 'મેઝેરેગ ઈન્ડિયન મેમોરિયલનું' ઉદ્ઘાટન કર્યું હતું. 'કૉમનવેલ્થ વૉર ગ્રેવ્સ કમિશન (CWGC)' આ કબ્રસ્તાનની આદરના પ્રતીક તરીકે સંભાળ રાખે છે.

૧૯૨૭માં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન સર્વોચ્ચ અલાઈડ કમાન્ડર માર્શલ ફર્ડિનાન્ડ ફોચે ભારતીય સૈનિકોને ભાવુક શ્રદ્ધાંજલિ આપી ત્યારે એમના લશ્કરી ભાષાના શબ્દો હતાઃ

'પૂર્વના પ્રકાશથી પ્રજ્વલિત એવા તમારા દૂરના દેશોમાં તમારાં ઘરો પર પાછા ફરો, અને ગર્વથી જાહેર કરો કે તમારા દેશભક્તોએ ફ્રાન્સ અને ફ્લેન્ડર્સની ઠંડી ઉત્તરીય ભૂમિને પોતાના લોહીથી કેવી રીતે રંગી દીધી... અમે એમનાં દ્વારા સ્થાપિત ઉદાહરણોની યાદને હૃદયમાં સાચવીશું. એમણે આપણા માટે રસ્તો ખોલ્યોઃ આ એ લોકો હતા, જેમણે અંતિમ વિજય તરફ પહેલું પગલું ભર્યું હતું.'

મેઝેરેગ યુદ્ધ કબ્રસ્તાન ઉપરાંત, ફ્રાન્સમાં વિવિધ સ્મારકો પર ભારતીય સૈનિકોનું સન્માન કરવામાં આવે છે-

* ન્યુવ-ચેપેલ મેમોરિયલ - યુદ્ધમાં શહીદ થયેલા ૪,૭૦૦થી વધુ ભારતીય સૈનિકોની યાદમાં બનાવવામાં આવ્યું છે.
* વિલર્સ-ગિસ્લેન મેમોરિયલ - તેમાં સમ્રાટ અશોકનું ચિહ્ન છે, જે ભારતના યોગદાનનું પ્રતીક છે.
* વિવિધ CWGC યુદ્ધ કબ્રસ્તાનો - જ્યાં ૮,૦૦૦ ભારતીય સૈનિકોને વ્યક્તિગત કબરોમાં દફનાવવામાં આવ્યા છે.

દાયકાઓ સુધી પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતીય સૈનિકોની ભૂમિકાને અવગણવામાં આવી હતી. જોકે, તાજેતરનાં વર્ષોમાં એમના બલિદાનને નિયમિત યાદ કરવામાં આવે અને શહીદ સૈનિકોનું સન્માન જળવાય તેના પ્રયાસો કરવામાં આવ્યા છે.

પ્રધાનમંત્રી મોદીની મેઝેરેગ યુદ્ધ કબ્રસ્તાનની તાજેતરની મુલાકાતને કારણે લાખો લોકોનું ધ્યાન તે તરફ ગયું, પણ કેટલાને અનુભૂતિ થઈ કે આ બહાદુર ભારતીય સૈનિકોનું બલિદાન ક્યારેય ભુલાવું ન જોઈએ....? ■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગઝલની વિદ્યાપીઠ એટલે અમીન આઝાદ

## લજ્જત મળે તો એવી કે આઠે પ્રહર મળે હર દર્દની છે માગણી, મારું જિગર મળે

ગાંધીયુગના ગઝલકારોમાં મોખરાનું નામ છે અમીન આઝાદ. આઝાદી સંગ્રામમાં સૂરતમાં યોજાતી સભાઓમાં પોતાના બુલંદ સ્વરે શૌર્યગીતો ગાઈને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવાની એમની સર્જકશક્તિને લીધે દક્ષિણ ગુજરાતમાં રાષ્ટ્રીય કવિ તરીકે ઊભરી આવ્યા હતા અને અસાધારણ આદર પામ્યા હતા. ‘ભારત મારો દેશ વિદેશી, ભારત મારો દેશ’ એમની ઓળખ બની ગયું હતું. એમનાં એ પ્રકારનાં ગીતો-ગઝલોનો સંગ્રહ ‘સબરસ’માં પ્રગટ થયો હતો.


અમીન આઝાદ

મૂળ નામ તાહેર બદરુદ્દીન, ઉપનામ હતું અમીન આઝાદ. જન્મ સૂરતમાં ૧૩ એપ્રિલ ૧૯૧૩ અને ઇંતેકાલ ૧૩ સપ્ટેમ્બર, ૧૯૯૨. મૂળ તો આરબ, મૂળ વતન યમન. દાઉદી વહોરા કોમના વડા ધર્મગુરુ સૂરતના અને મુલ્લાજીની દેવડી પર આવેલી મદરેસામાં એમના મોટાભાઈ અરબી ભાષાના શિક્ષક હતા એટલે સહકુટુંબ સૂરતમાં આવીને વસેલા. ઘરમાં અરબી ભાષા બોલાય તો બીજાઓ સાથે વહોરાશાહી ગુજરાતીમાં વહેવાર ચાલે. તાહેરભાઈનું પ્રાથમિક શિક્ષણ અરબી શાળામાં, પણ ગુજરાતી ભણવાની ખૂબ જ ઇચ્છા એટલે મિશન હાઇસ્કૂલમાં સાતમા ધોરણ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. ગુજરાતી સાથે અંગ્રેજીનો પણ અભ્યાસ કર્યો. કાવ્ય પ્રત્યેની અભિરુચિ એટલે ગઝલ લખતા થયા. પહેલાં ઉર્દૂમાં ગઝલો લખતા. એ સમયે રાંદેર મુસ્લિમ ગુજરાત સાહિત્ય મંડળ દ્વારા યોજાતા મુશાયરામાં ભાગ લેવા માંડ્યા અને ગુજરાતી ગઝલ લખતાં થઈ ગયા, જેમ કે:

*છું એવો પ્રવાસ, મહોબ્બત છે સાથી*
*હું જ્યાં જાઉં ત્યાં ભાઈચારો મળે છે*
*કિનારેય તોફાન મળતું રહે છે*
*ને તોફાનમાં પણ કિનારો મળે છે.*

એમનો પ્રેમ, વ્યથા કે વિષાદ તારસ્વરે પ્રગટ નથી થતાં, પણ વ્યક્તિગત મટીને બધા સુધી વિસ્તરે છે. રાષ્ટ્રપ્રેમમાં શેર રજૂ કરે ભારે મુશાયરો જીવંત બની જતો. એમનો ગઝલસંગ્રહ ‘રાત ચાલી ગઈ’ બહુ જ આવકાર પામ્યો હતો. શ્રોતાઓની દાદ એમનો નશો હતો. ગઝલની રજૂઆતમાં સૂરીલો કંઠ ભળે ત્યારે મુશાયરો જામતો હોય છે. રાત ક્યારે પૂરી થવા આવી એ ખબર ન પડે ત્યારે માનવું કે આ મુશાયરામાં ‘અમીન આઝાદ’ ઉપસ્થિત છે. ‘રાત ચાલી ગઈ’એ એમની મશહૂર ગઝલ સાથે મુશાયરો પૂરો થતો.

‘મહાગુજરાત ગઝલ મંડળ’ની સ્થાપના કરી. મંડળનું મુખ્ય મથક મહામંત્રી અમીન આઝાદની સૂરતના નવાપરા કરવા રોડ પર આવેલી એમની સાઇકલની દુકાન. અમીનભાઈ સાઇકલની ટ્યૂબનું રફૂવર્ક કરે અને સાથે સાથે નવોદિત શાયરોના કલામનું પણ રફૂ કરી આપે. આપણા કવિ રતિલાલ ‘અનિલ’ સૂરતના. ગઝલનો ગ પણ જાણે નહીં ત્યારે એને ગઝલ લખતા કેવી રીતે કર્યા એની સરસ વાત કરી છે. ‘અનિલ’ નોંધે છે કે સાંજ પછી પેલી દુકાને દરરોજ જવાનું થયું. ફાઇલાતૂન મફાઇલૂનમાં કંઈ સમજ ન પડે, પણ અમીન આઝાદ ટેબલ પર ટકોરા મારતાં ધીમા સાદે ગાય, કહે આ છંદ આમ છે. એમના મંદગાને ગઝલના માપ, છંદ, બે લઘુ એક ગુરુ થઈ શકે એવું વિરલ જ્ઞાન પ્રાપ્ત થયું અને મંડળના બીજા મુશાયરે તો એમણે મંચ પર મૂકી દીધો. ‘તને શું, મને જે ગમે તે કરું છું’ એ પંક્તિ પર જાહેર મુશાયરો, મથામણે ગઝલ લખી, અમીન આઝાદની દોરવણીએ મઠારી, ‘કયાંક એમણે ઇસ્લાહ કરી અને જુઓ આ શેર પેશ કર્યો:

*દશા જોઈ મારી હસે છે દિશાઓ,*
*કે મંજિલ છે સામે ને પાછો ફરું છું.*

અમીનભાઈની દુકાનમાં ઝવેરચંદ મેઘાણીનાં પગલાં પણ થયેલાં. ઘાયલ સૂરત આવે ત્યારે આ મહેફિલમાં હાજર, મરીઝ હોય એટલે એ એક સાકી અને મયપરસ્તનું મદિરાલય. મરીઝની યાદદાસ્ત અદ્ભુત. એક પછી એક ઉર્દૂ ગઝલ બે કલાક સુધી બોલ્યે જાય. મિજલસ પતે પછી જુવાન મંડળી સામે અમીનભાઈ ઉત્તમ ઉર્દૂ ગઝલોનું ગાન કરે. એ દુકાન ગઝલની સ્કૂલ હતી.

*મારું સર્જન એનું સર્જન થઈ ગયું*
*મેં જ સર્જ્યાં મારા સર્જનહારને!*

આ શેર લખનાર અમીન વ્યવહારે ખૂબ શાલીન. ન ગમતી દલીલ સાંભળે, એક કે બે શબ્દ બોલે અને હસે! એમની ઉદ્દામ વિચારણા અને સ્વભાવ છેવટે સુધી રહ્યાં. અમીનભાઈમાં સાલસતા અને સહિષ્ણુતા ન હોત તો મુશાયરા-પ્રવૃત્તિ ગુજરાતમાં છેલ્લી રેખા સુધી સુધી અંતરંગમાં વ્યાપી તે, પહોંચી ન હોત. એમની લોકપ્રિયતા કોઈ માટે ભલે ઈર્ષાપાત્ર હશે, પણ એમની લોકપ્રિયતા કદી એમનો અહમ્ બની નહીં. એટલે એ બધાના પ્રિય રહ્યા. આમ ગઝલનો કારવાં ચાલી રહ્યો હતો. ત્યારે અમીનભાઈ સૂરત છોડીને મુંબઈ આવે છે. એ વખતે પ્રગટ થતા ‘વેણી’ નામના સાપ્તાહિકમાં પત્રકાર તરીકે જોડાઈ ગયા. પછી ‘છાયા’ સાપ્તાહિકના તંત્રી બન્યા.

અમીનભાઈનું વ્યક્તિત્વ એવું હતું કે જ્યાં હોય ત્યાં આપોઆપ ગઝલ અને ગઝલકારોનું વર્તુળ રચાઈ જાય. એમની મૂળ ઓળખ જ શાયરની. એમની ઑફિસમાં પણ મુંબઈના શાયરો આવતા રહે. ક્લબમાં તો શાયરો અને શ્રોતાઓની હાજરી અને પછી રચાયું ગુજરાત ગઝલ મંડળ. મુશાયરાઓ યોજ્યા. એમની કોમના નવયુવાન કવિઓ જેવા કે ‘નજર’ કાબિલ ડેડાણવી અને યુસુફ બુકવાલા મહેફિલમાં હાજર હોય.

એ વખતે સૈફ પાલનપુરી અને મરીઝ તથા અમીરી કેટલાંક ‘વતન’ અને ‘બેગમ’ જેવાં સમાચારપત્રો ચલાવતા, પણ તે કાળક્રમે અસ્ત પામ્યાં. ગઝલ મંડળ પણ ના રહ્યું. પછી અમીનભાઈ રવિવાર પ્રેસની ઑફિસમાં માળિયાની જગ્યામાં ‘ઉમ્મત’ નામનું ધાર્મિક માસિક શરૂ કરે છે, પણ એ તરણોપાય જેવું બને છે. સૂરતમાં વસતા પુત્ર જુવાન વયે મુંબઈમાં વસે છે ત્યારે ક્લબમાં રહેતા અમીનભાઈ પોતાના ઘરે પાછા ફરે છે. નવોદિત શાયરો સાથેના સંબંધોના તાણાવાણા પાતળા પોતથી લંબાયેલા રહે છે. છેવટે અસ્તિત્વ ઇતિહાસ થઈ જાય એવી ક્ષણ આવી ચૂકી. એમનો ‘રાત ચાલી ગઈ’ સંગ્રહ એમના અવસાન પછી પ્રગટ થયો.

*જિંદગીનાં સૌ રહસ્યો વણઉકેલ્યાં રહી ગયાં,*
*જિંદગી જીવી ગયા ને? છોને જિવાયું નહીં.*

અમૃત ઘાયલે રતિલાલ ‘અનિલ’ પરના પત્રમાં એ વખતે લખ્યું કે ‘ભાઈશ્રી, અમીન આઝાદે ગઝલકારનો ધર્મ સત્યનિષ્ઠાથી બજાવ્યો છે એનો હું સાક્ષી છું. સૂરતની એમની સાઇકલ રિપેર કરવાના નાની દુકાન. આપણે ત્યાં - હું, તમે, મરીઝ મળતા, અને ગઝલ, બસ ગઝલ એ લગના, લગની, ધગશની, ઘટનાઓ - ભાઈ અમીનની દુકાન સાથે, હજુ નજર સામે તરે છે.

*અભી ગયા નહીં યારાના રફતગાં કા ખ્યાલ*
*અભી તો ફિરતી હૈ, આંખો મેં સુરતે ઉનકી.*

અમીરભાઈ ગુજરાતી ગઝલની ધૂણી ધખાવીને બેઠા હતા અને તેનાં તેજ, પ્રકાશ, જયોતિ અને આભા આજે ગુજરાતી ગઝલમાં ઝળાહળાં શોભે છે. આવા ભેખધારી શાયરનાં કેટલાંક કલામ અને ગઝલથી સમાપન કરીએ.

*કોઈના પ્રેમની અંતરમાં આગ સળગે છે*
*જીવનના બાગમાં જાણે પરાગ સળગે છે*
*વિરહની રાતના અંધકારમાં પ્રકાશ રહ્યો*
*તમારી યાદના પળપળ ચિરાગ સળગે છે*

* * *

*મજા એ છે સૂર્યાસ્તની સાથે સાથે*
*મજા માણી લઈએ છીએ સૂર્યોદયની*
*તમારી લટોમાંથી રજનીના રંગો*
*અને સ્મિતમાંથી સવારો મળે છે*

* * *

*લજ્જત મળે તો એવી કે આઠે પ્રહર મળે*
*હર દર્દની છે માગણી, મારું જિગર મળે*
*ઇચ્છાઓ કેટલી મને ઇચ્છા વગર મળી*
*કોણ કહ્યું ‘અમીન’ ન માગ્યા વગર મળે?*

* * *

*હૈયું છટકી હાથથી ઝુલ્ફોમાં જઈ વસવા મથે*
*પ્રેમીને હોવાનો હોનારતનો ડર વરસાદમાં*
*નિજ ઝરૂખે એણે દેખાડી હજી તો એક ઝલક*
*ઝાંખી થઈ ગઈ મારી નજરોની સફર વરસાદમાં*

* * *

*જશે, ચાલી જશે, ગઈ, એ વિચારે રાત ચાલી ગઈ*
*ખબર પણ ના પડી અમને કે ક્યારે રાત ચાલી ગઈ*
*જુઓ રંગભેદથી બે નારીઓ ન રહી શકી સાથે*
*ઉષા આવી સવારે તો શરમાઈ સવારે રાત ચાલી ગઈ*
*તમારા સમ ‘અમીન’ ઊંઘી શક્યો ના રાતભર આજે*
*પરંતુ કલ્પનાઓના સહારે રાત ચાલી ગઈ.*

* * *

*સંકુચિત જે હશે, સીમાઓ બદલવી પડશે*
*દૂર મંજિલ છે તો દુનિયાઓ બદલવી પડશે*
*બિમ્બ છું પૂર્ણ કળાકારનું પણ કહેવા દો*
*ચિત્રમાંની ઘણી રેખાઓ બદલવી પડશે*
*આખરે એ જ નિરાશાની રહી વાત ‘અમીન’*
*કોઈ કહેતું હતુંઃ આશાઓ બદલવી પડશે.* ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# સુખની જેમ દુઃખનો પણ પાસવર્ડ બની શકે મોબાઈલ ફોન !

લેખ :

થોડા દિવસો અગાઉ મહારાષ્ટ્રનાં સાંગલીમાં વિશ્વજિત અશ્વિન નામના એક પંદર વર્ષીય કિશોરે આત્મહત્યા કરી લીધી.

શા માટે?

એણે માતા પાસે નવા મોબાઈલ ફોનની માગણી કરી હતી. કુટુંબની આર્થિક સ્થિતિ ખરાબ હોવાથી માતાએ તેને કહ્યું હતું કે ‘હું તને નવો મોબાઈલ ફોન અપાવી શકું એમ નથી.’ એ દિવસે વિશ્વજિતનો જન્મદિવસ હતો.


બીજી રાતે માતા અને બહેન ઊંઘી રહ્યાં હતાં ત્યારે વિશ્વજિતે પંખા સાથે ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું!

આઘાત લાગે,પણ આવા કિસ્સાઓ સમયાંતરે બનતા રહે છે. થોડા સમય અગાઉ એક કિશોરે મોબાઈલ ફોન આપવાની ના પાડનારી માતાનું ખૂન કરી નાખ્યું હતું. મોબાઈલ ફોનના વળગણને કારણે આપણે એવી દિશા તરફ ધકેલાઈ રહ્યા છીએ કે જેની કલ્પના કરતા પણ ધ્રૂજી જવાય.

મોબાઈલ ફોનને કારણે મનોરોગીઓની સંખ્યા પણ વધી રહી છે. મોબાઈલનો બેફામ ઉપયોગ કરનારા ઘણા લોકો અનિદ્રાના રોગથી પીડાતા થઈ ગયા છે. એવા ઘણા કિસ્સાઓમાં મનોચિકિત્સકોની મદદ લેવી પડે છે. કોરોનાના સમયમાં તો મોબાઈલ ફોનનો ઉપયોગ ભયંકર હદે વધ્યો હતો. મોબાઈલ ફોનને કારણે ‘ફિયર ઓફ મિસિંગ આઉટ’થી પીડાતા માણસોની (બીજા લઈ જશે -પોતે રહી જશે એટલે કે કશુંક ચુકાઈ જશે એવા માનસિક ભય હેઠળ જીવનારાઓ) સંખ્યા પણ વધી ગઈ છે. મોબાઈલ ફોનને કારણે આત્મહત્યા અને ખૂન સહિતના ગુનાઓની ઘટનાઓ તો અવારનવાર બની જ રહી છે, પરંતુ એ સિવાય સંબંધોમાં પણ તનાવ સર્જાય એવા અસંખ્ય કિસ્સાઓ પણ બની રહ્યા છે.

*** *** ***

માણસ ટેક્નોલોજી શોધે ત્યારે એનો હેતુ એ ટેક્નોલોજી માનવજાતને મદદરૂપ થાય એ હોય છે, પરંતુ માનવી ટેક્નોલોજીને પોતાની ગુલામ બનાવવાને બદલે ટેક્નોલોજીના ગુલામ બનતા જાય છે. મોબાઈલ ફોનના મુદ્દે પણ એવું જ છે. મોબાઈલ ફોન આપણો ગુલામ હોવો જોઈએ એને બદલે આપણે મોબાઈલ ફોનના ગુલામ બની ગયા છીએ.



મોબાઈલ (ફોન)ના ઉપયોગથી અનેક કામ ઝડપી અને સરળ થયા છે એ ખરું, પણ એનો ઉપયોગ યોગ્ય માત્રામાં કરવો જોઈએ એ વાત સમજવામાં પુખ્ત વયના માણસો પણ નિષ્ફળ સાબિત થતા હોય તો પછી બાળકો અને ટીનેજર માટે તો એનું વળગણ કઈ હદ સુધીનું થઈ શકે એ સમજી શકાય એવું છે. ટીનએજ છોકરા-છોકરીઓ રાતના મોડે સુધી મોબાઈલ ફોન પર વ્યસ્ત રહેતા હોય છે. એવાં ઘણાં તારણ નીકળ્યાં છે, જેમાં કહેવાયું છે કે મોબાઈલ ફોનને બેડરૂમમાં ન લઈ જવો જોઈએ. એને બીજા રૂમમાં રાખવો જોઈએ, પરંતુ એવાં તારણની કોઈ પરવા કરતું નથી એને કારણે મોટાભાગના લોકો રાત-દિવસ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા રહે છે. ઘણા કિસ્સામાં રાતે ઊંઘમાંથી ઝબકીને બેબાકળા થઈને મોબાઈલ ફોન ચેક કરવા લાગે છે. જેમ આપણા વડવાઓ મહિનામાં અમુક દિવસ ઉપવાસ રાખવા માટે આગ્રહ કરતા એ રીતે મોબાઈલ ફોન માટે પણ કરવું જોઈએ. અઠવાડિયામાં એક દિવસ મોબાઈલ ફોનના ઉપયોગ કર્યા વિના દિવસ વિતાવવો. એટલે કે નકોરડા ઉપવાસની જેમ મોબાઈલ ફોનને અડવો જ નહીં. એ અઘરું છે, પણ મુશ્કેલ નથી. અને દિવસમાં પણ અમુક સમય પૂરતા જ મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો એવો નિર્ણય કરવો જોઈએ.

જે લોકોએ ઈમરજન્સી સર્વિસિસમાં કામ કરવું પડતું હોય એવા લોકો માટે અલગ વાત છે, પરંતુ વિદ્યાર્થીઓ કે દસથી છની નોકરીવાળા માણસો અથવા ગૃહિણીઓએ આખો દિવસ કે આખી રાત મોબાઈલ ફોનને ચોંટીને ન રહેવું જોઈએ. પોલીસ કર્મચારી કે ઈમરજન્સી સર્વિસ સાથે જોડાયેલી હોય એવી વ્યક્તિઓ માટે સમજી શકાય કે એમણે સતત મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા રહેવું પડે, પણ અત્યારે મોટાભાગના માણસો ચોવીસ કલાક મોબાઈલ ફોન સાથે ને સાથે લઈને ફરતા રહે છે.

જોકે હવે કેટલાક લોકો મોબાઈલ ફોન નામના શ્રાપથી ચેતીને એનાથી દૂર થવા લાગ્યા છે અથવા તો સ્માર્ટ ફોન છોડીને બેઝિક મોબાઈલ ફોન તરફ વળવા લાગ્યા છે.

ફિલ્મ અભિનેતા આમિર ખાને ઘણા સમય અગાઉ જ મોબાઇલ ફોનનો ઉપયોગ કરવાનું છોડી દીધું હતું. એ પછી એમણે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ‘મેં મોબાઈલ ફોનનો ઉપયોગ કરવાનું છોડી દીધું એ પછી મારા જીવનમાં ઘણું સકારાત્મક પરિવર્તન આવ્યું છે. મોબાઈલ ફોન છોડવાને કારણે મારી જિંદગી પૂર્વવત્ બની ગઈ છે. હવે હું કારમાં બેસું છું તો મારી પાસે ફોન નથી હોતો. હું વિચારું છું, જેમ હું પહેલા વિચારતો હતો. હું મોબાઈલ ફોન હાથમાં લેવાને બદલે હવે મારી જિંદગી માટે, મારાં બાળકો માટે, પત્ની માટે, માતા માટે, મારી ફિલ્મ આવવાની છે એના કામ માટે વિચારું છું. આ બધુ ફોન આવવાથી આપણી જિંદગીમાંથી જતું રહ્યું હતું એ વાતનો મને ત્યારે અહેસાસ થયો જ્યારે મેં ફોન છોડી દીધો. જ્યાં સુધી ફોન છોડ્યો નહોતો ત્યાં સુધી મને ખબર નહોતી કે મેં કેટલું મોટું પગલું લીધું છે. ફોન છોડ્યો ત્યારે અનુભવ થયો કે મારો આ નિર્ણય કેટલો મોટો છે. મોબાઈલ ફોન કોરાણે મૂક્યો એ પછી મારું દિમાગ બહુ ઝડપથી ખૂલી ગયું.’

મોબાઈલ ફોનનો સદુપયોગ કરતા આવડે તો એ ‘સુખના પાસવર્ડ’ સમો સાબિત થઈ શકે, પરંતુ જો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા ન આવડે, આપણે મોબાઈલ ફોનને વાપરીએ એના બદલે મોબાઈલ ફોન આપણને ‘વાપરતો’ થઈ જાય તો એ ‘દુઃખનો પાસવર્ડ’ પણ સાબિત થઈ શકે! ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# પ્રેમ ને પ્રેતઃ વાસી વેલન્ટાઇન્સ-ડેનું વહાલ

**ટાઇટલ્સઃ**

**ઈશ્ક ને ઇબ્લિસ (શૈતાન) પીછો ના છોડે. (છેલવાણી)**

સંબંધોનાં ભૂત જલ્દી મરતાં નથી. ચીકણા-ચૂપડા લેખકો, વેવલા વક્તાઓ ને પોકળ કવિઓએ, પ્રેમને ‘અમર-અમર’ કહીને જેટલા રોટલા રળ્યા છે એટલા તો ત્રણે લોકનાં તંદૂરમાં યે નહીં શેકાયા હોય. ખેર, પ્રેમ ને પ્રેત વચ્ચે એક જ અક્ષરનો ભેદ છે. વળી, પ્રેમ-અફેર-તૂટેલાં લગ્નોનાં પ્રેત તો જીવનમાં ને મોતની બાદ પણ પીછો છોડે નહીં.



બુએલ મુલેન નામની આંતરરાષ્ટ્રીય કલાકાર, સ્ટેનલેસ સ્ટીલ પર કોતરણીથી કલાત્મક છબીઓ બનાવતી. મુલેન એકવાર વેકેશન પર મિશિગનમાં બહેનપણી સેલેસ્ટ હોલ્ડનને ત્યાં રહેવા ગયેલી. સેલેસ્ટનું ઘર ખૂબ વિશાળ પણ આસપાસ કશું જ નહીં. છૂટાછેડાં લીધેલી સેલેસ્ટ, ૪ મહિનાની દીકરી અને આયા સાથે ત્યાં સાવ એકલી રહેતી. .....પણ...પણ.. એ ઘરમાં આયા કે નોકરો, કોઇ રાત રોકાવા તૈયાર નહોતું થતું, કારણ કે સૌએ ત્યાં કોઇ ભૂતને ફરતાં જોયેલું. જો કે સેલેસ્ટ, આ બધામાં માનતી નહોતી.

એકવાર સેલેસ્ટે પોતાની કલાકાર મિત્ર મુલેનને કહ્યું, ‘તું તારા પતિને પણ અહીં રહેવા બોલાવને?’ પછી મુલેન પતિને પત્ર લખવા બેઠી. જ્યારે મુલેન પત્રમાં સેલેસ્ટનું સરનામું લખી રહી હતી ત્યારે એને લાગ્યું કે કોઈએ એનો હાથ પકડી રાખ્યો છે પછી અચાનક એક અદૃશ્ય હાથે મુલેનનો હાથ પકડીને પત્રમાં લખાવ્યુંઃ

‘સાવધાન. જેકથી સાવધાન...’

જેક એ મુલેનની સખી સેલેસ્ટનાં ભૂતપૂર્વ પતિનું નામ હતું! મુલેન ચોંકી ગઇ કે એણે લખેલ પત્રમાં એના અક્ષર સાવ અલગ જ દેખાતા હતા.... એણે આ વાત બહેનપણી સેલેસ્ટને કહી. સેલેસ્ટને થયું કે પ્રેત સાથે વાત કરાવે એવું કોઇ ‘મીડિયમ’-‘માધ્યમ’ને (આપણી ભાષામાં ભૂવા-ઓઝાને) મળીને આ વાતનો તાગ મેળવીએ. પછી સેલેસ્ટે અને મુલેન પેલો પત્ર લઈને પ્રેતવિદ્યા જાણનારાને ત્યાં ગયા. એ મીડિયમે ભૂતને પ્લેન-ચેટ પર બોલાવી આખી વાત પૂછી. સામે ભૂતે જવાબ લખાવ્યોઃ

‘સેલેસ્ટ અને એની દીકરીની હત્યા...સાવધાન!’

પછી પુરાવા શોધીને સેલેસ્ટને ભૂતપૂર્વ પતિ જેકને પોલીસમાં પકડાવી દીધો. ભૂતને કારણે નિઃસહાય ડિવોર્સી સ્ત્રી, સેલેસ્ટ અને દીકરીનો જીવ બચી ગયો... પણ એ ભૂત હતો કોણ? એ તો હતો સેલેસ્ટનો કોલેજકાળનો અજ્ઞાત-અનામ પ્રેમી, જે પડછાયાની જેમ સેલેસ્ટને સાચવતો.



**ઇન્ટરવલઃ**

**મોતની યે બાદ તારી ઝંખના કરતો રહ્યો,**
**કે તું જન્નતમાં મળે, એવી દુઆ કરતો રહ્યો. (બેફામ)**

‘ધ પેઇડ’ નામની સુપરહિટ ફિલ્મની સ્ટાર-અભિનેત્રી જૂલી સોમાર્સ એની બહેનપણી સાથે લોસ ઍંજેલસમાં જૂના સ્પેનિશ શૈલીનાં વિલામાં રહેતી હતી, પણ એમાં સૂર્યાસ્ત પછી બહુ જ અજીબ દુર્ગંધ આવતી.

એકવાર જૂલી સોમાર્સની બહેનપણી લોસ ઍંજલસથી બહાર ફરવા ગઈ. એ રાત્રે જૂલી સોમાર્સને નીંદરમાં લાગ્યું કે કોઇક એને ગાઢ આલિંગન આપી રહ્યું છે કે એની છાતીને વળગીને ચૂમી રહ્યું છે! ક્ષણભર તો જૂલીને ગમ્યું, પણ પછી એણે ખુદને એ બાહુપાશમાંથી છોડાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. એને લાગ્યું કે કદાચ એને હાર્ટ-એટેક આવ્યો છે કે કોઈ ખરાબ સપનું આવી રહ્યું છે. એટલામાં અચાનક એને લાગ્યું કે રૂમમાંથી પેલી રોજની દુર્ગંધ જતી રહી છે અને હવે તાજી સુગંધિત હવા આવી રહી છે. રોમાંસની રસ-સમાધિમાં, એ પછી સરી પડી. વરસો બાદ તલાકશુદા એ સ્ત્રીનાં જીવનમાં પ્રેમનો વરસાદ જાણે થવા માંડ્યો. જૂલી સોમાર્સ ખોવાઇ ગઇ. પોતે એકલી છે એ તર્ક, તરલ અને તીવ્ર આવેગના સમંદરમાં ભૂલાઇ ગયો.

...પણ એવામાં અચાનક જૂલીનું ધ્યાન દીવાલ પરનાં અરીસા તરફ ગયું. જેમાં એને પ્રકાશનું એક તેજ-બિંદુ દેખાયું, જે એણે આજ પહેલાં ક્યારેય જોયું નહોતું. એને આ બધું ખૂબ વિચિત્ર લાગ્યું. પછી જોતજોતામાં તો એ તેજ-બિંદુ આખા અરીસાની આસપાસ ફરવા લાગ્યું. ક્યારેક એ ઉપર જાય, ક્યારેક નીચે જાય. ક્યારેય ડાબી તો ક્યારેક જમણી બાજુ. પછી અચાનક રહસ્યમય રીતે એ તેજ-બિંદુ અદૃશ્ય થઈ ગયું!

પછી જૂલીને યાદ આવ્યું કે થોડા દિવસ પહેલાં તેણે જૂનાં મકાનોમાં રહેતા ભૂત વિશે પુસ્તક વાંચેલું, જેમાં લખ્યું હતું કે ઘણીવાર ભૂત, જીવંત વ્યક્તિઓને સ્પર્શ કરીને અથવા અરીસામાં તેજ-બિંદુ દર્શાવીને અથવા હવાને સુગંધિત કે દુર્ગંધમય બનાવીને પોતાનો અહેસાસ કરાવે છે.

એવામાં ફરીથી જૂલીને ધીમે ધીમે ગમવા લાગ્યું કે કોઇ એને ગાઢ આલિંગન આપી રહ્યું છે. કોઇ એને વળગીને પ્રેમ કરે છે, ચૂમે છે અને પળભર તે એમાં ખોવાઇ ગઇ! એને એ અજ્ઞાત પુરૂષત્વનું વળગવું, એ હાંફતી હૂંફ, એ સુંવાળો સ્પર્શ ગમવા માંડ્યો. એ ભાન ભૂલીને અગમ્ય અનુભવમાં ભીની ભીની થઇ ગઇ! પણ બીજી જ ક્ષણે એને ત્યાં કોઇ જ દેખાયું નહીં તો એ ડરી ગઇ અને પછી ખૂબ ગભરાઇને ચીસો પાડી પાડીને બેભાન થઈ ગઈ.

જૂલીને ભાન આવ્યું ત્યારે બહેનપણી રોઝી એની પાસે હતી. જૂલીએ રોઝીને પેલા અંધારિયા રોમેંટિક, ગાઢ-ગૂઢ અનુભવ વિશે કહ્યું. ત્યારે રોઝીએ ઠંડકથી કહ્યું, ‘લે! કાલે બેડરૂમમાં અદૃશ્ય ભૂતનાં આલિંગનને કારણે તું ડરી ગઈ? અરે, તું એક સ્ટાર-અભિનેત્રી છે ને એ તારો ફેન હતો. એણે મને ઘણીવાર તારાં પ્રત્યેનાં એનાં પ્રેમ કે વળગણ વિશે કહ્યું છે. એ મર્યા બાદ પણ તને ખૂબ ચાહે છે, તન ને મનથી! મેં તને આ વિશે કદી કહ્યું નહોતું, કારણ કે મને ઇર્ષ્યા થતી કે કોઇ તને મર્યા પછી યે પ્રેમ કરે છે ને મને તો કોઇ જીવતાં જીવત પણ નથી કરતું! તારે તો હરખાવું જોઇએ.’

જી હા, સંબંધોનાં ભૂત કદી મરતાં નથી. તો હે વાચકો, તમેય જીવનમાં કદીયે પ્રેમને મરવા ના દેતા. જોકે હમણાં જ વેલન્ટાઇન્સ-ડે ગયોને?!

**એન્ડ-ટાઇટલ્સઃ**

**ઇવઃ વાસી વેલન્ટાઇન્સ-ડે પર શું આપું?**

**આદમઃ મૌન.** ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# સતહી સંસ્કૃતિનું સેક્સી હાસ્યઃ ભારતમાં અશ્લીલ કૉમેડીની બોલબાલા




રણવીર અલ્લાહબાદિયા નામના એક સેલિબ્રિટી યુ-ટ્યુબર અને પોડકાસ્ટરના એક ગંદા અને અશ્લીલ જોક પર તાજેતરમાં આખા દેશમાં હોબાળો થયો તે પહેલીવાર નથી. રમૂજવૃત્તિના નામે વધતી અશ્લીલતાનું એ લેટેસ્ટ ઉદાહરણ છે.

'ઇન્ડિયા'સ ગોટ લેટેન્ટ' નામના યુ-ટ્યુબના એક કાર્યક્રમમાં જે પ્રકારની રમૂજ થઇ તેમાં નવું કશું નથી. દસ વર્ષ પહેલાં 'ઓલ ઈન્ડિયા બકચોદ નોકઆઉટ' (એઆઈબી રોસ્ટ) કાર્યક્રમમાં અશ્લીલ અને ફૂવડ રમૂજ બદલ અદાલતના આદેશથી મુંબઈ પોલીસે ગુનો દર્જ કર્યો હતો તેને યાદ કરવા જેવો છે અને એ પણ યાદ રાખવા જેવું છે કે કપિલ શર્માનો શો ફૂવડ અને સ્ત્રીઓ વિરોધી જોક્સ પર જ લોકપ્રિય થયો છે.

એ શો માટેની ટિકિટ ૪,૦૦૦ થી ૮,૦૦૦ રૂપિયા સુધીની હતી અને લગભગ ૪,૦૦૦ લોકોએ તેને જોયો હતો. તેમાં મુંબઈના હાઈ-પ્રોફાઇલ લોકો અને 'પેજ ૩'ની હસ્તીઓ હતી. આ કાર્યક્રમમાં હાજર લોકો માત્ર દર્શકો જ નહોતા, પરંતુ લોકો આ શોનો એક ભાગ પણ બન્યા હતા, જેમણે જાહેર મનોરંજનના ક્ષેત્રમાં શાલીનતાની સીમાઓને તોડવાનો પ્રયાસ કર્યો હતો.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં, ભારતીય મનોરંજન ઉદ્યોગમાં, ખાસ કરીને સોશિયલ મીડિયા અને સ્ટેન્ડઅપ કોમેડીમાં અશ્લીલતા અને ડાર્ક રમૂજનું વધતું વલણ ગંભીર ચર્ચાનો વિષય બની ગયું છે. અમુક દાયકા પહેલાં આપણે જે રમૂજ પર હસતા હતા તેની પરિભાષા હવે બદલાઈ ગઈ છે.

આપણે ત્યાં એક કૃષ્ણા કોંડકે ઉર્ફે દાદા કોંડકે હતો, જેમની દ્વિઅર્થી અને અશ્લીલ સંવાદોવાળી ફિલ્મે 'ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ' બનાવ્યો હતો. સેક્સ અંધારાનો ખેલ છે અને તે વખતે ફિલ્મ સર્જકોને થિયેટરનું અંધારું માફક પણ આવતું હતું, પરંતુ ટેલિવિઝન, સોશિયલ મીડિયા અને સ્માર્ટફોને આ મર્યાદા લોપી નાખી છે- ભૂંસી નાખી છે.

એ દિવસો ગયા જ્યારે ભારતીયો ફલોપ શો, યે જો હૈં જિંદગી, નુક્કડ અને હમ પાંચ જેવી સિરિયલો જોઈને હસતા હતા અને શેખર સુમન, જસપાલ ભટ્ટી, રાકેશ બેદી, શફી ઈનામદાર અને સતીશ શાહના વન લાઈનર્સ પર તાળીઓ ગાજતી હતી. એ પછી કપિલ શર્મા થિયેટરના અંધકાર વચ્ચેની દાદા કોંડકેની ફૂવડતાને ડ્રોઇંગરૂમના અજવાળામાં લઈ આવ્યો. શર્માના શોમાં ભદ્દા ટુચકા, સ્ત્રી વિરોધી વન લાઈનર્સ અને સ્ત્રીના વેશમાં ફૂવડતાએ લોકપ્રિયતાની નવી લકીર ખેંચી છે.

'એઆઈબી રોસ્ટ' ભારતનો સૌથી વધુ લોકપ્રિય ઓનલાઈન એડલ્ટ શો છે, જેમાં મુખમૈથુનથી લઈને ગુદામૈથુન સુધીની રમૂજ પર બોલિવૂડની જાણીતી હસ્તીઓ હસી હતી અને પોલીસે એમની સામે જ ગુનો નોંધ્યો હતો. તાજેતરમાં રણવીર અલ્લાહબાદિયાએ તેનું જ પુનરાવર્તન કર્યું હતું.

ભારતમાં નાના-મોટા ફૂવડ વ્યંગ કરનારને બુદ્ધિશાળીની કક્ષાએ મૂકવામાં આવે છે. બ્રિટિશ લેખક આલ્ડસ હક્સલેએ કહ્યું હતું કે, 'બુદ્ધિજીવી માણસ એટલે એવો માણસ જેણે સેક્સથી વધુ દિલચસ્પ બાબત શોધી છે.'

આપણે ત્યાં ભારતમાં ઊંધું થઈ રહ્યું છે. આપણી દિલચસ્પી સતહી અને છીછરી બની રહી છે. ગંભીરતા અને વિદ્વતાને આપણે ખારીજ કરી દીધી છે. મુંબઈનાં ગુજરાતી નાટકોમાં દ્વિઅર્થી સંવાદોનો એક લાંબો ઈતિહાસ છે. તેની લોકપ્રિયતા એ વાતની સાબિતી છે કે મહાનગરના ગુજરાતીઓ કેવી કોમેડી પસંદ કરે છે. મોટાભાગની રમૂજ અને ટુચકામાં એક પ્રકારનો દ્વેષ, વિરોધ હોય છે. સાર્કાઝમના ગ્રીક શબ્દ સર્કેઝઈનનો અર્થ જ 'ગોસ્તને ચીરવું' એવું થાય છે. સ્કૂલ કે કોલેજમાં રેગિંગ કરવાવાળા કે ધોંસ (બુલીઈંગ) જમાવવાવાળા જે કામ શરીરથી કરે છે એ જ કામ કેટલાક લોકો ભાષાથી કરે છે. ગુસ્સૈલ, અસુરક્ષિત અને ડરપોક માણસોના વ્યંગ શારીરિક હિંસાથી ઓછા હોતા નથી એટલા માટે જ મોટાભાગના ટુચકા અને વ્યંગ સેક્સુઅલ, નસ્લીય અને વંશીય પૂર્વગ્રહતાથી ભરેલા હોય છે. તમે જ્યારે તમારી કરણીથી સર્વોપરિતા સિદ્ધ ન કરી શકો ત્યારે કથની દ્વારા બીજાને નીચા દેખાડવાનો ટૂંકો (અને છીછરો) રસ્તો અપનાવો છો.

આપણે આટલા બધા તનાવગ્રસ્ત, સંતાપગ્રસ્ત, ઉગ્ર અને નારાજ શા માટે છીએ? ટેલિવિઝન અને સિનેમામાંથી રમૂજ ઘટી ગઈ છે અને એનું સ્થાન કટાક્ષ અને વ્યંગે લઈ લીધું છે જે માણસની સતહી જિંદગીનું પ્રતિબિંબ છે. ફૂવડ હાસ્ય અને ભદ્દા જોક્સ 'અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય' કે 'પરિપક્વતા'ની નિશાની નથી. એ અંદર પડેલી-પનપી રહેલી ખરાબી અને દસ વર્ષની ઉંમરમાં જ 'ચતુર' થઈ ગયેલા બાળકની વાહિયાત માનસિકતા છે. જેને આપણે 'સેન્સ ઓફ હ્યુમર' કહીએ છીએ એ ઘણી વખત તીક્ષ્ણ હથિયાર તરીકે વપરાય છે. સાયકોલોજિસ્ટ કહે છે કે જે નાર્સિસ્ટિક હોય, આત્મરતિક હોય એની સેન્સ ઓફ હ્યુમર અત્યંત કાતિલ હોય છે.

કપિલ શર્મા ભલે તમને 'મસ્ત' લાગતો હોય પણ ધ્યાનથી જુઓ તો એ એક 'ટ્રબલ્ડ ચાઇલ્ડ'થી કમ નથી. ગુફાવાસી માણસ નગરોમાં વસતો થયો છે, પરંતુ એના મનની ગુફાઓમાં હજુય સભ્ય અને અસભ્ય માણસના કિરદાર ભજવાતા રહે છે. સિગ્મંડ ફ્રોઈડ નામના મનોશાસ્ત્રીએ એમના પુસ્તક 'ધ જોક્સ એન્ડ ઈટ્સ રિલેશન ટુ ધ અનકોન્સિસયસ'માં કહ્યું હતું કે અચેતન મનમાં દબાઈને પડેલી લાગણીઓ જ્યારે મુક્ત રીતે અભિવ્યક્ત થાય ત્યારે કોમેડી પેદા થાય.... ભદ્દા જોક્સ પર પડતી તાળીઓ મનની ગુફામાં દબાયેલી અસભ્યતાના જાહેર પ્રદર્શનનો પુરાવો છે. થિયેટરનાં અંધારામાં આપણે જંગાલિયત અને અસભ્યતાની જે હિંસા માણીએ છીએ એ આપણો કિરદાર છે જે મનની ગુફામાં વર્ષોથી ભજવાતો રહે છે. આ કિરદારને 'ઇન્ડિયા'સ ગોટ લેટેન્ટ- એઆઈબી રોસ્ટ' કે કપિલના મંચ પર લાવીને આપણે આપણા સભ્ય ચહેરાને ભૂંસવા પ્રયાસ કરી રહ્યા છીએ.

ભારતમાં મનોરંજનનો ચહેરો કેવો બદલાયો છે તેનો એક કિસ્સો જાણવા જેવો છે. 'ન્યુ યોર્ક ટાઈમ્સ' માં લખતા વિકાસ બજાજે હિન્દીના હાસ્યકવિ અશોક ચક્રધરને મનોરંજનની નવી પરિભાષા વિશે પૂછ્યું હતું. અશોક ચક્રધરે જવાબમાં એક રમૂજ સંભળાવી હતીઃ

'૮૦ના દાયકામાં સ્ત્રી પુરુષને કહેતી- પ્યાર કરો પર કિસ મત કરો. ૯૦માં એ કહેતી- ટચ કરો પર કિસ મત કરો. ૧૯૯૫માં એ બોલતી- કિસ કરો પર ઈસસે આગે કુછ નહીં.... ૨૦૦૦ આવતાં એ કહેવા લાગી- જો ભી કરના હૈ વો કરો પર કિસકો બોલના મત.... ૨૦૧૦માં એ બોલી- કુછ કરો, વરના મૈં સબકો બોલ દુંગી કે તુમ્હે કુછ નહીં આતા! ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# મ્યુચ્યુઅલ ફંડ સલાહકારો-વિતરકોએ સોશિયલ મીડિયા પર શું કરવું - શું ન કરવું?

## સોશિયલ મીડિયાનો સદુપયોગ કરતાં દુરુપયોગ તેજ ગતિએ વધી રહ્યો છે. લોકો માટે સત્યને ઓળખવું -સમજવું અઘરું બની રહ્યું છે ત્યારે 'સેબી'ના નવા નિયમો સમજી લેવા જરૂરી છે.

**શેર બજારનું** નિયમન તંત્ર 'સેબી' પણ હવે સોશિયલ મીડિયા ક્ષેત્રે વધુ સક્રિય ને સાવચેત થતું જાય છે. તાજેતરમાં 'સેબી'એ એક કન્સલ્ટેશન પેપર્સ દ્વારા મ્યુચ્યુઅલ ફંડસના વિતરકો(ડિસ્ટ્રિબ્યુટર્સ) અને સલાહકારો માટે ચોકકસ નિયમો જાહેર કર્યા છે.

મ્યુચ્યુઅલ ફંડસમાં નાના રોકાણકારોનો સતત વધી રહેલો રસ અને પ્રવાહને ધ્યાનમાં રાખી 'સેબી'એ પોતાના પેપર્સમાં કહ્યું છે કે મ્યુચ્યુઅલ ફંડના વિતરકોએ વળતર વિશે વાત કરવી જોઈએ નહીં અને સોશિયલ મીડિયા પર વણમાંગી નાણાકીય સલાહ પણ ન આપવી જોઈએ. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ડિસ્ટ્રીબ્યુટર્સએ એમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર કંઇ પણ મુકતા પહેલા સાવચેત રહેવું પડશે. 'સેબી'એ જણાવ્યા મુજબ 'એમએફડી' (મ્યુચ્યુઅલ ફંડસ ડિસ્ટ્રીબ્યુટર્સ) સાશિયલ મીડિયા પર કોઈ વણમાગી ભલામણ કરી શકે નહીં અને શેરો અને મ્યુચ્યુઅલ ફંડ્સ યુનિટસ જેવી મૂડીબજાર પ્રોડક્ટ્સના વળતર અથવા પ્રદર્શન અંગે પણ કોઈ દાવા કરી શકશે નહીં.

આ પરિપત્રના પગલે વિતરકોમાં પોતે સોશિયલ મીડિયા પર શું કરી શકે અને શું ન કરી શકે તેને લઈને મૂંઝવણમાં પડ્યા છે. 'એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડસ ઓફ ઈન્ડિયા' (એમ્ફી)ની આચારસંહિતાના આધારે 'એમએફડી' માટે શું કરવું અને શું ન કરવું તે અને 'સેબી'ના પરિપત્રના અર્થઘટનના આધારે કેટલાક મુદ્દા આપણે સમજવાનો પ્રયત્ન કરીએ.

### કોઈ સ્પેસિફિક સ્કિમ વિશે વાત નહીં કરવાની..

વિતરકો એ મની સોશિયલ મીડિયા ચેનલ્સ ચાલુ રાખી શકે છે, પણ એ વળતર અથવા કોઈ ચોક્કસ સ્કીમ વિશે વાત નહીં કરી શકે. મ્યુચ્યુઅલ ફંડ વિશે જાગૃતિ ફેલાવવા માટે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર શૈક્ષણિક સામગ્રી પોસ્ટ કરી શકે છે, પણ તેમાં કોઈ લખાણ કે વીડિયોમાં કોઈ ખાસ સ્કીમનો પ્રચાર નહીં કરી શકે.

વિતરકો માત્ર ગ્રાહકો સાથે જ મ્યુચ્યુઅલ ફંડ વિશે વાતચીત કરી શકશે, પણ જાહેર માધ્યમોમાં એની ચર્ચા કરી શકશે નહીં. હા, ગ્રાહકોને મ્યુચ્યુઅલ ફંડ અંગે આકસ્મિક સલાહ આપવાનું ચાલુ રાખી શકે છે.

વિતરકો બેન્ચમાર્કના ભૂતકાળના પ્રદર્શનના ઉદાહરણનો ઉપયોગ કરી શકે છે. ગયા વર્ષે




'એમ્ફીએ એસેટ મેનેજમેન્ટ કંપની'ઓ (એએમસી)ને ચોક્કસ ધ્યેય માટે આયોજન અને કમ્પાઉન્ડીંગનું મહત્ત્વ સમજાવવા તેમ જ એસઆઇપી (સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન), એસટીપી (સિસ્ટેમેટિક ટ્રાન્સફર પ્લાન) અને એસડબલ્યુપી (સિસ્ટેમેટિક વિડ્રોઅલ પ્લાન) દ્વારા ચક્રવૃદ્ધિ વળતરના ખ્યાલને સમજાવવા માટે ૨%-૧૩% ની રેન્જમાં વળતરની અપેક્ષાનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી.

જો કે, 'એમ્ફી'એ સ્પષ્ટ કર્યું છે કે, આ પ્રકારનું ઉદાહરણ કોઇ ચોક્કસ સ્કીમ માટે હોઈ શકે નહીં. અલબત્ત, જ્ઞાન-માર્ગદર્શનના પ્રસાર માટે 'એએમસી' પ્રમાણિત સામગ્રીનો ઉપયોગ આવકારદાયક ગણાય.

### અફવામાં સહભાગી થવું નહીં...

મ્યુચ્યુઅલ ફંડ વિતરકોએ એએમસી, એમ્ફી અને અન્ય એમએફડીઓ અને મ્યુ. ફંડ યોજનાઓ વિશે કોઈ ખોટું અથવા બદનક્ષીભર્યું નિવેદન ન કરવું. વ્યાવસાયિક આચારસંહિતા જાળવી અસત્ય અથવા અફવાઓ ફેલાવવામાં ભાગ ન લેવો. આવા વિતરકોએ સામગ્રીનાં ધોરણો અને અધિકૃતતાના સંદર્ભમાં જવાબદારીપૂર્વક સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો જોઈએ.

મ્યુચ્યુઅલ ફંડ વિતરકો આ ટેગલાઇનનો ઉપયોગ તમામ પ્રકારના સંદેશ વ્યવહારમાં કરી શકે છે - એમ્ફી રજિસ્ટર્ડ મ્યુચ્યુઅલ ફંડ ડિસ્ટ્રીબ્યુટર, ફંડ હાઉસ અને તેમના વિતરકો અને રજિસ્ટર્ડ રોકાણ સલાહકારો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ફાઇનાન્સ ઇન્ફલુઅન્સર્સ સાથે જોડાઈ શકતા નથી.

### માર્કેટિંગ ટેકટિકસથી દૂર રહેવું...

તમામ વિતરકોએ ખાતરી કરવી જોઈએ કે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે માર્કેટિંગ ટોપી પહેરીને પ્રચાર કરવાનાં પ્રયાસ ટાળવા જોઈએ. 'એમએફડીઓ'એ હંમેશા એમ્ફી જેવા જાણીતા સ્રોતોના ડેટા પોઈન્ટ્સનો જ ઉપયોગ કરવો જોઈએ અને કોઈપણ માહિતીને સનસનાટીભરી બનાવવી જોઈએ નહીં.

### રોકાણકારો પોતે પણ જાગ્રત બને

અહીં એક હકીકત સૌએ નોંધવા જેવી એ છે કે મ્યુચ્યુઅલ ફંડસ ભારતીય ઈન્વેસ્ટમેન્ટ જગતમાં સતત પોતાનો વ્યાપ અને વોલ્યુમ વધારતા રહ્યા છે. આ ઉધોગનું કદ છેલ્લાં દસ વરસમાં જબરદસ્ત વધ્યું છે અને આગામી દસ વરસમાં હજી જબ્બર વધવાની શક્યતા ને અવકાશ છે. મ્યુચ્યુઅલ ફંડસની યોજનાઓ ઘેર-ઘેર પહોંચી રહી છે. ફંડસનું શેરબજારમાં પણ વર્ચસ્વ વધી રહ્યું છે, જે એ હદ સુધી આગળ વધ્યું છે કે ફોરેન ઈન્સ્ટિટયુશનલ ઈન્વેસ્ટર્સ સામે તે હરીફાઈ કરી શકે છે. મ્યુચ્યુઅલ ફંડ ભારતના નાનામાં નાનાં શહેરો સુધી પણ પહોંચી ગયા છે. આ ઉદ્યોગમાં નવી પ્રવેશ અને નવી પ્રોડકટસ-સ્કિમ્સ પણ આવતા -ઉમેરાતા જાય છે. બીજી બાજુ, માર્કેટિંગના માધ્યમ વધુને વધુ અસરકારક બનતા જાય છે, જેમાં બચતકાર-રોકાણકાર વર્ગ ગેરમાર્ગે દોરાવાની સંભાવના સતત રહે છે- ખાસ કરીને સોશિયલ મીડિયાનું મંચ આ કામ જાણતા-અજાણતા કરી શકે છે. 'સેબી'એ આને લઈને નવા નિયમોનો ડ્રાફટ તો રજૂ કર્યો છે. આમ છતાં, રોકાણકારોએ ખુદ પોતાની રીતે સાવચેત અને જાગ્રત રહેવું જોઈશે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# ન વિઝા, ન વર્ક પરમિટઃ રહો મનફાવે ત્યાં સુધી સ્વાલબાર્ડમાં

(ભાગ-૧)

અમેરિકા, બ્રિટન, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં સરકાર બદલાય કે ઈમિગ્રેશનના કાયદામાં તસુભાર ફેરફારની શક્યતાથી લાખો (કે કરોડો?) ભારતીયોના જીવ અધ્ધર થઈ જાય. સ્વદેશ છોડીને વિદેશમાં તોતિંગ કમાણી કરવાના અને લક્ઝુરિયસ લાઈફ જીવવાના આંતરરાષ્ટ્રીય સપનાં વચ્ચે અચાનક સ્પીડબ્રેકર આવી જાય.

આવા પરદેશ-પ્રેમીઓએ એક વિદેશી ટાપુની વાત ખાસ જાણવા જેવી છે. અહીં આવવા માટે વિઝાની જરૂર નથી. હા, તમે સાચું વાચ્યું કે વિઝાની આવશ્યકતા નથી. એટલું જ નહીં, ગમે તેટલા દિવસો કે મહિનાઓ રહો, કોઈ પ્રતિબંધ નથી. નોર્વે સરકારે પોતાના આધિપત્ય હેઠળના આ ટાપુઓ પર ભારતીય સહિત કોઈ પણ દેશના નાગરીકોને અહીં આવવા, રહેવા, વસવા કે કમાવા માટે વિઝા કે વર્ક પરમિટ લેવા જ પડે એવા નિયમો લાદ્યા નથી. આ અનોખી સગવડ આપનારું સ્થળ છે સ્વાલબાર્ડ દ્વીપસમૂહ.

સ્વાલબાર્ડ આયલેન્ડ્સ ઉપડી જવા માટે બેગ-બિસ્તરા બાંધતા-બાંધતા ઘણી રસપ્રદ હકીકતો જાણી લો.

સ્વાલબાર્ડ નવ મુખ્ય અને થોડા નાનકડા ટાપુઓનો દ્વીપસમૂહ છે. સ્વાલબાર્ડનો કુલ વિસ્તાર ૨૪,૨૦૯ ચોરસ માઈલ છે. નવ મુખ્ય ટાપુઓ છે સ્વીટ્સબર્ગેન, નોર્ડાઉસ્ટલેન્ડર, ઇજોયા, બારેન્ડસોયા, પ્રિન્સ કાર્લ્સ ફોરલેન્ડ, ક્વીટોયા, કોંગ કાર્લ્સ લેન્ડ, બોર્ન આયલેન્ડ અને હોપેન. આમાંથી સ્વીટ્સબર્ગેન સૌથી મોટો ટાપુ છે. આ એક માત્ર ટાપુમાં માનવ વસાહત છે.

સ્વાલબાર્ડની શોધનો સત્તાવાર શ્રેય વિલેમ બારેન્તેઝને અપાય છે પણ એ છેક ૧૨મી સદીમાં નોર્સમેને શોધી કાઢ્યો હોવાની શક્યતા પણ વ્યક્ત થાય છે. આ નોર્સમેને જ એને નામ આપ્યું હતું સ્વાલબાર્ડ અર્થાત્ ઠંડા કિનારા કે શીત કાંઠા.

બસ, આ ઠંડા કે શીત શબ્દના મૂળમાં જ છૂપાયેલા છે સ્વાલબાર્ડમાં અપાતી અધધ સુવિધા પાછળના કારણો. વર્ષના પાંચ મહિનામાં અહીં સૂર્ય અસ્ત થતો નથી. હા, ઉનાળામાં ૧૯મી એપ્રિલથી ૨૩મી ઑગસ્ટ વચ્ચે સૂરજદેવ સ્વાલબાર્ડના ૨૪×૭ પરમેનન્ટ રેસિડન્ટ બનીને રહે છે. એટલે સૂર્યપૂજક માટે આનાથી શ્રેષ્ઠ સ્થળ બીજું કયું હોય? પણ હા, આંખને તડકાથી બચાવવા ગ્લેર્સ એટલે કે ગોગલ્સ લેવાનું યાદ રાખજો.





સતત પાંચ મહિના સૂરજ સાથે રહ્યા પણ પછી એકધારા ત્રણ મહિના એના વગર રહેવાનું પણ સ્વાલબાર્ડમાં જ બને છે. અહીં શિયાળાની કડકડતી ઠંડીમાં નવેમ્બરના આરંભથી જાન્યુઆરીના અંત વચ્ચે સતત રાત રહેશે અને સૂર્યદર્શન એકદમ અશક્ય.

હવે મોટાભાગનાને ખ્યાલ આવી ગયો હશે કે આ વાત ઉત્તર ધ્રુવની નજીકના વિસ્તારની થઈ રહી છે. સ્પીટ્સબર્ગેન આઈલેન્ડ પર લોંગયરબીનમાં મુખ્ય વસાહત છે, લગભગ બે હજાર માણસોની. અહીં બધી માળખાકીય સુવિધા ઉપલબ્ધ છે. આંતરરાષ્ટ્રીય વિમાનમથક, હોટલ, બાર, રેસ્ટોરાં, મોલ વગેરે. અમુક વિસ્તારમાં વિજ્ઞાનીઓ અને સંશોધકો રહે છે. આખું વર્ષ લગભગ ૩૫ જણા રહે, જે ઉનાળામાં આંકડો વધીને ૧૨૦ સુધી પહોંચી જાય. બારેન્ટબર્ગ વસતિની દૃષ્ટિએ બીજા ક્રમે આવે. અહીં રશિયનો અને યુક્રેનિયન સાથે રહે છે, સંપથી. એમની વસતિ માત્ર ૪૭૦.

ભૂતકાળમાં સોવિયેત સંઘના અંકુશ હેઠળના માઈનિંગ ટાઉન પિરામીડેમાં ક્યારેક એકાદ હજાર માણસો વસતા હતા. પણ મહાસત્તા સોવિયેત સંઘના વિઘટન બાદ ત્યજી દેવાયેલા આ સ્થળે હવે માત્ર ગણતરીના માણસો રહે છે.

દ્વીપસમૂહ હોવાથી મોટાભાગનો વાહનવ્યવહાર દરિયાઈ જ હોય એ સ્વાભાવિક છે. આથી આખા સ્વાલબાર્ડમાં માંડ ૨૫ માઈલ લાંબો રોડ છે. અહીં ક્યારેય ટ્રાફિક જામ તો થતો જ નથી પણ એવું થવાના સપનાય આવતા નથી. અહીં શિયાળામાં સ્નૉમોબાઈલ અને ઉનાળામાં બોટથી પ્રવાસ થઈ શકે છે. અહીં સરેરાશ ઉષ્ણાતામાન માઈનસ ૧૪ થી છ સેન્ટિગ્રેડ રહે છે.

સ્વાલબાર્ડ વધુ એક બાબતમાં વિશ્વમાં સૌથી અનોખું છે. અહીં ગ્લોબલ સીડ વૉલ્ટ બનાવાયું છે. ૨૦૦૮માં બનેલા આ વૉલ્ટમાં વિશ્વના એક એક બીજ સાચવી રખાયા છે. ન કરે નારાયણ ને કોઈ જાગતિક આફતમાં કોઈ જૂના અનાજ-ફળથી વંચિત રહેવાનો વારો ન આવે. એટલે જ એ 'ધુ ડુમ્સડે વૉલ્ટ' તરીકે ઓળખાય છે.

સ્વાલબાર્ડ દુનિયાનું એકમાત્ર સ્થળ છે કે જ્યાંનો ક્રાઈમ રેટ ઝીરો છે. મોટાભાગના નાના-નાના ગુના બારમાં દારૂડિયાઓની ધમાલના નોંધાય છે. હા. ૨૦૧૮માં સ્થાનિક બૅંકમાં સશસ્ત્ર લૂંટ થતા જોરદાર સનસનાટી મચી ગઈ હતી.

હા, અહીં પશ્ચિમી દેશોના નાગરીકો જેવી વેલ્ફેર સ્કીમની સુવિધા નથી. અહીં સૌએ પોતાની જરૂરિયાત પોતે પૂરી કરવાની રહે છે. આવી આર્થિક તાકાત ન દેખાય એવા પરદેશીઓને સ્વદેશ પાછા મોકલી દેવાય છે.

અહીં વસાહતની બહાર નીકળનારા માટે બંદૂક કે રિવૉલ્વર રાખવાનું ફરજિયાત છે. હા, પોલાર બિઅર (ધ્રુવિય રીંછ)ના જોખમ સામે આ અનિવાર્ય છે. આની સાથોસાથ ધ્રુવિય રીંછને મારવું કે હાનિ પહોંચાડવું ગુનો કહેવાય છે.

પહાડો અને હિમપર્વતોમાંથી બનેલા થીજેલા રણ જેવા સ્વાલબાર્ડનો ૬૦ ટકા વિસ્તાર બરફાચ્છાદિત રહે છે. એટલે માંડ દસ ટકાથી ઓછી જગ્યામાં વનસ્પતિ ઊગે છે. છતાં અહીં ૧૬૪ જાતના છોડવા ઉગતા હોવાની નોંધ છે.

સ્વાલબાર્ડની વિશિષ્ટતા એ છે કે રહેવાસીઓમાંથી કોઈ મૂળ વતની કે અહીં જન્મેલું નથી. એટલું જ નહીં, અહીં કોઈની દફનવિધિ કે અંતિમવિધિ થતી નથી. ઠંડા માહોલને લીધે શબ વરસોના વરસો જેમના તેમ જળવાઈ રહે એટલે આ નિર્ણય લેવાયો છે. માનવીઓથી વધુ સંખ્યા સ્નોમોબાઈલ વાહનની છે. એ પ્રમાણે ૨૭૦૦ માણસોની વસતિ સામે ધ્રુવિય રીંછોની સંખ્યા ૩૦૦૦ છે. અહીં એક પણ બિલાડી નથી. ભૂતકાળમાં કોઈકે અહીં ખોટા નામ સાથે દાણચોરીથી બિલાડી લવાયાની ઘટના નોંધાઈ હતી.

સ્વાલબાર્ડની હજી અનેક વિશિષ્ટતા, વિચિત્રતા છે. પણ એક નોંધપાત્ર કાયદો જાણી લો. સ્વાલબાર્ડની ઐતિહાસિક ચીજો અને સ્મારકો કાયદાથી રક્ષિત છે. ગમે તેવી નાનકડી કે નગણ્ય પણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ચીજને હટાવવાની ય સખત મનાઈ છે. આમાં વપરાયેલી કારતૂસથી લઈને તૂટેલા માટલા ય આવી જાય!■

જાણીતા પત્રકાર-લેખક પ્રફુલ શાહની
નવી કૉલમ
આગામી 'ઇન્ટરવલ' પૂર્તિથી પ્રારંભ...
તમે એને કૌભાંડ કહો કે તરકટ...
કલ્પનામાં ન આવે એવાં
દેશ- દુનિયાનાં અવનવાં
કૌભાંડોની ક્રાઇમ-કુંડળી છતી થશે
૧૯ ફેબ્રુઆરી - બુધવારથી...
'ઇન્ટરવલ' પૂર્તિની નવી કૉલમઃ
'આ તો સ્કેમ છે.... સ્કેમ છે!'
વાંચવાનું ચૂકશો નહીં

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# એક મૂર્ખામાંથી સો મૂર્ખા થાય



એક ધનવાન શેઠનો ધંધો એના નિષ્ઠાવાન મુનિમને કારણે ધમધોકાર ચાલતો હતો. જોકે મુનિમનું માનપાન શેઠાણીને ખૂંચ્યા કરતું હતું. શેઠાણીનો એક ભાઈ હતો જે કામધંધા વગર નવરો બેઠો હતો. મુનિમની જગ્યાએ પોતાના ભાઈને બેસાડવાની પ્રબળ ઇચ્છા શેઠાણીને ઘેરી વળતાં લાગ જોઈ શેઠાણીએ શેઠને કહ્યું કે 'મુનિમને પગાર ઉપરાંત વારતહેવારે બક્ષિસ પણ આપો છો. મારો ભાઈ કેટલા સમયથી કામધંધા વિના બેઠો છે. એને મુનિમનું કામ સોંપી તો જુઓ. અવ્વલ સાબિત થશે.' શેઠ પોતાના સાળાને બરાબર ઓળખતા હતા અને એ જવાબદારી નહીં નિભાવી શકે એ જાણતા હતા. જોકે, શેઠાણીના વારંવારના આગ્રહથી મુનિમને થોડા દિવસ રજા આપી સાળાને મુનિમનું કામ સોંપી દીધું. શેઠાણી રાજી થયાં અને પોતાના ભાઈને **એક કામમાં અનેક કામ કરવા** એવી સલાહ આપી જેથી શેઠ રાજી રાજી થઈ જાય.

અચાનક શેઠને મંદવાડ આવ્યો. માંદગી બહુ વધી ગઈ એટલે શેઠાણીએ ભાઈને-મુનિમને વૈદને બોલાવી લાવવા મોકલ્યો. વૈદને ઘરે આવવા જણાવી એ પાછો ફરતો હતો ત્યારે તેને શેઠાણીની શિખામણ યાદ આવી કે **એક કામમાં અનેક કામ કરવા.** એને વિચાર આવ્યો કે 'શેઠનો મંદવાડ બહુ વધી ગયો છે અને જો માંદગીમાંથી ઊઠ્યા જ નહીં તો? એટલે ખાપણ (મૃતદેહ પર વીંટાળવાનું કાપડ), નાળિયેર, સૂતર, વાંસ વગેરે લાવવા આંટાફેરા થશે. જો અત્યારે જ એ બધું સાથે લઈ જાઉં તો **એક કામમાં અનેક કામ થશે** ને શેઠ રાજી થશે.' એટલે વૈદને શેઠ પાસે જવા કહી શેઠાણીનો ભાઈ ખાપણ વગેરે વસ્તુ લઈ ઘર તરફ વળ્યો. થોડું ચાલ્યો હશે ત્યાં વિચાર આવ્યો કે જો શેઠ દેવલોક પામશે તો સગાંવહાલાંને કહેવા જવું પડશે. ચાલ, ઘરે જતાં જતાં રસ્તામાં આવતાં સગાંના ઘરે કહેતો જાઉં જેથી આંટો બચી જાય. એટલે અમુક સગાંનાં ઘરે જઈ જણાવી દીધું કે 'શેઠનો મંદવાડ ભારે છે તો તમે ઝટ પહોંચી જજો.'

ઘરે પહોંચ્યો ત્યારે શેઠાણીએ પૂછ્યું કે 'આ બધું શું લઈ આવ્યો?' ભાઈએ જવાબ આપ્યો કે 'બહેન, તું કહેતી હતી ને કે **એક કામમાં અનેક કામ કરવા** એટલે વૈદને તેડવા ગયો હતો ત્યારે રસ્તામાંથી ખાપણ, સૂતર, શ્રીફળ, વાંસ (અંતિમયાત્રાનો સામાન) વગેરે સામાન પણ લેતો આવ્યો અને શેઠનો જીવ જાય તો મારે બીજો ફેરો ન કરવો પડે એટલે સગાંને કહેતો પણ આવ્યો છું.' આ વાત પૂરી થઈ ત્યાં કેટલાક લોકો આવી પોક મૂકવા લાગ્યા. શેઠાણીનો ક્રોધ જ્વાળામુખીની જેમ ફાટ્યો અને બોલ્યા કે 'મારા રોયા! મારા પિટ્યા! તારા બનેવીનું મોત તું ઇચ્છે છે અને મને ધણી વિનાની કરવા ધારે છે? જા, અહીંથી ચાલતી પકડ અને તારું મોં કાળું કર. તને શું કહેવું? તું તો **એક મૂર્ખામાંથી સો મૂર્ખા થાય** એવો છે.' એમ કહી શેઠાણીએ એને રજા આપી અને શેઠે જૂના મુનિમને પાછો બોલાવી લીધો.

## ENગ્લિશ વિંGLISH — IDIOM STORY



દરેક ભાષામાં એવી કેટલીક કહેવતો હોય છે જેના શબ્દાર્થ પરથી એના ભાવાર્થનો ખ્યાલ પહેલી નજરે ન આવે, પણ એના વિષે થોડું વિચારીએ તો અણસાર તો જરૂર આવી જાય. Feeling under the weather is one such example. આ કહેવતનો અર્થ થાય છે તબિયત નાદુરસ્ત હોવી, શરીરમાં મજા નથી એવું આપણે કહેતા હોઈએ છીએ એ જ એનો અર્થ છે - To feel ill. Example: My son was sick yesterday, and now I'm feeling a bit under the weather. ગઈ કાલે મારા દીકરાની તબિયત સારી નહોતી અને હવે આજે મને ઠીક નથી. Under the weather is generally accepted in all contexts. For example, you can use the idiom whether you're talking to a friend or notifying your boss about your absence from work. મિત્ર સાથેની વાતચીતમાં કે પછી ઑફિસમાં ગેરહાજરી બદલ બોસને જાણકારી આપવા આ શબ્દપ્રયોગનો ઉપયોગ કરી શકાય છે. However, you should be aware that this phrase is only to be used to refer to minor and temporary illnesses, such as a common cold or headache. If someone has a severe medical condition, it would not be appropriate to use this phrase to describe this. જોકે, આના વપરાશમાં એક વાતની સાવચેતી રાખવી જરૂરી છે કે શરદી-ઉધરસ કે માથાના દુખાવો જેવી સામાન્ય સમસ્યા માટે જ આ કહેવત ઉપયોગમાં લેવી જોઈએ. કોઈ ગંભીર માંદગી વખતે આનો ઉપયોગ કરવો બરાબર નથી. આ કહેવતનું ઊગમસ્થાન સમુદ્ર અને ખલાસી સાથે નાતો ધરાવે છે. લોકવાયકા અનુસાર દરિયાઈ સફર દરમિયાન જહાજ પરના કોઈ ખલાસીની તબિયત સારી ન હોય ત્યારે એ વહાણનો મોરો એટલે કે આગળનો ભાગ - હિસ્સો હોય એની નીચે જતો રહે. આમ કરવાથી પ્રતિકૂળ હવામાનની અસર એને ન થાય. ખરાબ હવામાન એની અસ્વસ્થતા વધારી શકે છે. Therefore, a sailor who was sick could be described as being 'under the weather.'

## રાષ્ટ્ર ભાષા — कहावत की कथा

સંસારમાં ઉદ્યમી માણસો હોય છે તો સાથે આળસુના પીર પણ અનેક હોય છે. મોઢા પર બણબણતી માખી ઉડાડવાની મહેનત પણ ન કરવી ગમે એ આળસપણાની હદ ગણાય છે. આળસુ આદમીની એક કહેવત **हाथ पाँव की काहिली और मुँह में मूँछे जाएँ** વિશે જાણીએ અને એની પાછળ રહેલી કથાનો સ્વાદ લઈએ. કાહિલી એટલે આળસુ, સુસ્ત વ્યક્તિ. એક ખાધેપીધે સુખી પરિવારનો ગૃહસ્થ એ હદે આળસુ હતો કે જાતની સારસંભાળ રાખવાનો પણ તેને કંટાળો આવતો હતો. કપડાં તો ઘરનોકર ધોઈ આપતો હતો, પણ માથાના વાળ અને દાઢી - મૂછ બાબતે બહુ લાપરવાહ રહેતો. માથાના વાળ કપાવી લેતો અને દાઢી સુધ્ધાં કરાવી લેતો, પણ અનેક મહિના સુધી મૂછ વધવા દેતો. એક દિવસ ઘરેથી જમી બજારમાં મોટી મૂછો સાથે એ નીકળ્યો ત્યારે લોકો એની મૂછ ધ્યાનથી જોઈ રહ્યા હતા. કારણ એવું હતું કે મૂછની નીચે ભાતનો દાણો ચોંટી ગયો હતો. પીળી દાળ પણ ડોકિયું કરી રહી હતી. આ જોઈ લોકો હસવું રોકી ન શક્યા. ઘરના એક વડીલે તેને ટપાર્યો અને કહ્યું કે 'માથાના વાળ અને દાઢીના વાળ ક્યારેક જ કપાવે છે. હાથેથી મૂછ સરખી રાખતો જા.' આ સાંભળી બીજા વડીલ બોલ્યા કે '**भैया, असली बात तो यह है कि हाथपाँव की काहिली और मुँह में मूँछे जाएँ**' આ એવો આળસુનો પીર છે, કામનો એવો ચોર છે કે હાથપગ હલાવવા તો ગમતા નથી, પણ ભગવાને આપેલા બે હાથની મદદથી મૂછ પણ સરખી રાખવાનો કાયર છે.

## સગ્ગી બહિણ — म्हणीची कथा

આદર્શની વાતો કહેતા રહેવાને બદલે વર્તનમાં આદર્શનું અનુકરણ કરવું વધુ ઉપયુક્ત સાબિત થાય છે. **आचार्य विनोबा भावे यांनी सांगितलं होतं की 'आचार हाच मतप्रसार आहे.'** તમારી માન્યતાને લોકો અનુસરે એવી જો ઇચ્છા ધરાવતા હો તો પહેલાં તમે એવું આચરણ કરશો તો લોકોને એને અનુસરવાની ઈચ્છા થશે, એવું આચાર્ય વિનોબા ભાવે કહી ગયા છે. આ સંદર્ભની મરાઠી કહેવત છેઃ **आधी केले मग सांगितले.** પહેલાં આચરણ કર્યું પછી શિખામણ આપી એ ભાવ છે. જાતે જે ન કરી શકાય એ વાત કરવા કોઈને કહેવું નહીં. સંત તુકારામની બોધકથામાં આ વાત સ્પષ્ટ ઊભરી આવે છે. એક દિવસ એક સ્ત્રી પોતાના પુત્રને લઈ તુકારામ મહારાજ પાસે આવી કહેવા લાગી કે 'મહારાજ, આ છોકરો ગોળ બહુ ખા ખા કરે છે. મેં એમ ન કરવા બહુ સમજાવ્યો, પણ માનતો જ નથી. તમે કહેશો તો માની જશે.' ફરિયાદ સાંભળી મહારાજે કહ્યું કે 'વારુ, બે દિવસ પછી આવજો.' બે દિવસ પછી ગઈ તો મહારાજે ફરી કહ્યું 'બે દિવસ પછી આવજો.' સ્ત્રીને નવાઈ લાગી, પણ બે દિવસ પછી ફરી ગઈ ત્યારે મહારાજે બાળકને પાસે બેસાડી કહ્યું કે 'દીકરા, વધુપડતો ગોળ ખાવાથી શરીરને નુકસાન થઈ શકે છે. માતા આપે એટલો જ ગોળ ખાજે. બાળકોએ માનું કહ્યું માનવું જોઈએ.' માતા તો જોઈ જ રહી અને મહારાજને કહ્યું કે 'આટલી જ વાત કરવાની હતી તો પહેલે જ દિવસે કેમ ન કરી? ચાર દિવસ કેમ જવા દીધા?' સ્મિત કરી મહારાજ બોલ્યા કે 'વાત એમ છે કે મને પણ ગોળ બહુ ભાવે છે. હું પણ દરરોજ ખાઉં છું. છેલ્લા બે દિવસ હું ગોળ ખાધા વિના રહ્યો અને ના પાડવાની યોગ્યતા મેળવી અને પછી તમારા બાળકને કહ્યું.' **यालाच म्हणतात 'आधी केले मग सांगितले.'** ■

વ્યંગ

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ચિત્રગુપ્ત કેમ ચિંતાના ચકરાવે ચડી ગયા?



**'અસંભવમ્....!'**

ચિત્રગુપ્તે હોઠ ફફડાવી સ્વગત ઉચ્ચાર કર્યો. ચિત્રગુપ્તના મુખારવિંદ પર પ્રસ્વેદનાં બિંદુઓ મોતીની જેમ ચમકી રહ્યાં હતાં. લેખાપાલ કે લેખાધ્યક્ષ ચલિત કે વિચલિત થાય તે આવકાર્ય સ્થિતિ-પરિસ્થિતિ ન કહેવાય. ચિત્રગુપ્તનું ચિત ચકરાવે ચડી ગયેલું. આખલો કોઈને શિંગડે ચડાવી ગોથે ચડાવે તેમ ચિત્રગુપ્ત ગોથે ચડેલા. ચિત્રગુપ્ત સ્થિતપ્રજ્ઞ પ્રકૃતિના લેખાપાલ. જાતકોનાં બધાં જ કર્મનાં નિષ્પક્ષ અને તટસ્થ લેખાં-જોખાં રાખીને સમગ્ર દેવતાગણના હૃદય જીતી લીધેલાં. કર્મ, સત્કર્મ કે દુષ્કર્મનું કોઇ ઇદમ્ તૃતિયમ્ ન હોય.

'આ કેવી રીતે સંભવ બને?' ચિત્રગુપ્તે મનની વાત વિચારી.. કદાચ આંતરબ્રહ્માંડીય ષડ્યંત્ર હોઈ શકે. કદાચ વિપક્ષી અસૂરના હસ્ત આમાં સંડોવાયા હોય... વિધાતાનો પણ સાથસહકાર હશે કે શું? વિધાતાના લેખ મિથ્યા ન થાય, પરંતુ અત્રે વિધાતાએ લખેલા લેખમાં પણ છેકછાક કે છેડછાડ થઈ રહી હતી.. ષડ્યંત્રકારોનું પ્રયોજન-આયોજન શું હશે? યવનોનું પ્રપંચ હશે?

ચિત્રગુપ્તનું મન ઉદ્વિગ્ન થયું. ચિત્રગુપ્ત આસન પરથી ઊભા થયા. તામ્ર પાત્રમાં શીતળજળ ભર્યું. આખું તામ્ર પાત્ર ગટગટાવી ગયા, કિન્તુ મનનો ઉત્પાત શાંત ન થયો. ચિત્રગુપ્તે 'નારાયણ... નારાયણ'નો મંત્રજાપ કર્યો. ચિત્રગુપ્તની માનસિક સ્થિતિ અંશતઃસ્થિર થઈ.

'છેલ્લા મહિનાથી ગરબડગોટાળાનો આરંભ થયો છે. ચિત્રગુપ્તે એક એક નોંધ સ્વયં તપાસી-ચકાસી હતી. તમામ નોંધ યોગ્ય હતી. જાતકના સાત ભવનાં પાપ-પુણ્ય, સંચિત કર્મોની નોંધમાં કોઈ ઘાલમેલ ન હતી. તો પછી કયો મયૂર કળા કરી ગયો?

'દમંયતીના હાથમાં મૃત માછલી મૂકવામાં આવે તો તે માછલી સજીવન થાય તેવું વરદાન હતું, પરંતુ અત્રે તો અનેક આત્માના હિસાબોને સ્પર્શ કરો અને પાપની બાજુ અલોપ થાય તેવું બન્યું છે. દુન્યવી શરીરનો ત્યાગ કરીને આત્મા પરત ફરે ત્યારે એનાં પાપ-પુણ્યના આધાર પર એના ભવિષ્યનો નિર્ણય કરવામાં આવે. બધાનાં પાપ ભૂંસાઈ જાય તો એમને ઊકળતા તેલની કડાઈ કે આગમાં શેકવાની સજા કેવી રીતે કરી શકાય? સ્વર્ગમાં તો અમસ્તી પણ ભીડ છે. આ બધાનાં પાપ આ રીતે 'નાબૂદ' થઈ જાય તો એ તમામ આત્મા સ્વર્ગના અધિકારી બની જાય...! જો એમ થાય તો સ્વર્ગ ધારાવી ઝૂંપડીપટ્ટી ન બની જાય? તો તો તો મહાપાતક અને મહાનર્થનું નિર્માણ થઈ જાય.' ચિત્રગુપ્તનું વિચારવલોણું સમુદ્રમંથનની જેમ ચાલતું રહ્યું.

'હવે દીનદયાળ ભગવાન વિષ્ણુને શરણે જઈ યથેચ્છ માર્ગદર્શન મેળવવું જ યોગ્ય રહેશે. અન્યથા મારું ચિત ચસ્કી જશે.' આમ વિચારી ચિત્રગુપ્તે ભગવાન વિષ્ણુ પાસે જવા પ્રસ્થાન કર્યું.

'ભગવાન વિષ્ણુને મારા પ્રણામ પાઠવી મારા આગમનની સૂચના આપવાનું કષ્ટ કરવા પ્રાર્થના છે.' ચિત્રગુપ્તે જય- વિજય નામના દ્વારપાળને પોતાના આગમન અંગે પ્રભુને સૂચિત કરવા જણાવ્યું. જય-વિજય પ્રભુ પાસે જઈ પરત આવ્યા.

'ભગવન આપની પ્રતીક્ષા કરી રહ્યા છે.'

'ભગવન, મારા કોટિ કોટિ પ્રણામનો સ્વીકાર કરો.' ચિત્રગુપ્ત કર જોડી પ્રભુ સન્મુખ ઉપસ્થિત થયા.

'ચિત્રગુપ્ત, અંતકરણથી આપનું સ્વાગત કરું છું.' ભગવાન વિષ્ણુએ હસ્ત વડે આસન દેખાડી ચિત્રગુપ્તને સ્થાન ગ્રહણ કરવા અનુરોધ કર્યો.

'ચિત્રગુપ્ત, આપના આગમનનું પ્રયોજન જાણી શકું?'

'ભગવન, આપ તો અંતર્યામી છો...' સહેજ થોભીને ચિત્રગુપ્તે વાત શરૂ કરીઃ

'ભગવન, મારી મતિ મારી ગઈ છે. પ્રભુ, કેટલાય યુગોથી આત્માના કર્મોના હિસાબ રાખું છું. એક પણ કર્મનો યદ્યપિ ગોટાળો થયો નથી. છેલ્લા કેટલાક દિવસથી કોઈ અદૃશ્ય શક્તિ કે વ્યક્તિ કોઈ એવો ખેલ કરી રહ્યો છે કે લાખો લોકોનાં કર્મો અકારણ ક્ષીણ થઈ રહ્યાં છે. સામે રાતોરાત એમનાં પુણ્યકર્મોમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ રહી છે! ભગવન, મારા સંશયનું નિવારણ કરો અન્યથા મારે મારી સેવા અને જિંદગીનો લોપ કરવો જ રહ્યો.' ચિત્રગુપ્તે વ્યથિત થઈ પ્રભુને નિવેદન કર્યું.

'ચિત્રગુપ્ત,બસ... આટલી જ ક્ષુલ્લક ઘટનાથી આપ જેવા ધૈર્યવાન પુરુષ વિચલિત થઈ ગયા?! બ્રહ્માંડમાં જે કંઈ સૂક્ષ્માતિસૂક્ષ્મ કે બૃહદ ઘટના ઘટે છે તે મારી લીલાનો એક ભાગ હોય છે. આત્માનાં પાપ-પુણ્યનાં લેખાં-જોખાંમાં પરિવર્તન થાય છે તે મારી ઇચ્છાનો પ્રતિઘોષ છે!' ભગવાન વિષ્ણુએ ચિત્રગુપ્તના ખભા પર હાથ મૂકીને સાંત્વના આપી.

'પ્રભો, મુજ પામરને કાંઈ સમજાયું નહીં. સરળ ભાષામાં મને સમજ આપો.'

'હે ચિત્રગુપ્ત આત્માનાં પાપ-પુણ્ય કે કર્મોની ખાતાવહીમાં કોઈ પ્રપંચ અંતર્ગત પાપની નોંધ અલોપ થતી નથી. કોઈનું કાવતરું પણ નથી. આર્યાવર્ત એટલે ભારતવર્ષનાં તીર્થ સ્થળ પ્રયાગરાજ ખાતે પ્રતિ શતઃ ચુમ્માળીસ વરસે મહાકુંભ મેળાનું આયોજન થાય છે. મહાકુંભમાં સ્નાન કરનાર આત્માનાં તમામ પાપ શીઘ્ર નાશ પામે છે. એટલે તમારાં કર્મોનાં લેખાંજોખાંમાં અસંતુલન થયું છે!' ભગવાને ફોડ પાડ્યો.

'પ્રભુ, પણ આનાથી તો કોઈ આત્માને એનાં પાપ બદલ દંડિત કરી શકાશે નહીં.' ચિત્રગુપ્તે સંશય વ્યક્ત કર્યો.

'ના' ચિત્રગુપ્ત... કદાપિ એવું બનશે નહીં, કેમ કે કુંભસ્નાન કરનાર આત્મા ઋષિમુનિ નથી. કુંભસ્નાન પશ્ચાત્ આત્મા પાપાચાર પર પૂર્ણવિરામ મૂકવાનો નથી. એટલે ચિંતા કરવાનું કોઈ કારણ નથી.' પ્રભુએ સ્મિત રેલાવતાં ચિત્રગુપ્તને જણાવ્યું.

'અરે વાહ નારાયણ નારાયણ' કહેતાં ચિત્રગુપ્તના મન-મસ્તિષ્ક પરનો ચિંતાનો બોજ દૂર થયો. પીંછા જેવા હળવાફૂલ થઈને ગંતવ્યસ્થાને પ્રસ્થાન કર્યું. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છનું દરિયાઈ સંગીત એ અદ્વિતીય સંસ્કૃતિનો ભાગ છે



(ફોટોઃ સતીશ શનિશ્ચરા)

કચ્છ, જેની તળે રણકાંઠાની જેમ દરિયાકિનારા પર એક આગવી સંસ્કૃતિનો વિકાસ થયો છે. કચ્છના લોકોએ પોતાની કુશળતા અને વિચારોના આધારે અનોખાં વહાણો બનાવ્યાં અને આ સાગર ખૂણેથી વિશ્વભરમાં પોતાનું નામ પ્રસિદ્ધ કર્યું છે. કચ્છનાં વહાણોમાં ખાસ કરીને 'કોટિયો' આજે પણ અખાત સહિતના પ્રદેશોમાં ખૂબ જ માગ ધરાવે છે. કચ્છના સાહસિક સોદાગરો, જેમણે સાત સમંદરો પાર કરીને વ્યવસાયિક આધાર પૂરો પાડ્યો, તેમના દરેક સાગર પાનના પ્રવાસની શરૂઆત કચ્છના અનોખા વ્હાણોથી થઈ હતી એવું કહીએ તો કદાચ ખોટું નહીં ગણાય.

આ પ્રદેશમાં જુદી-જુદી ૨૦૦ જેટલી જ્ઞાતિના લોકો પોતાની સાથે ભાતીગળ સંસ્કૃતિને લાવીને અહીં વસ્યા છે. જેમ એ બધાની સંસ્કૃતિ, પહેરવેશ, રીત-રિવાજ અને રહેણીકરણી નોખી નોખી છે, તેમ એમનું પોતાનું સંગીત પણ અનોખું છે. જન્મથી લઇને મરણ સુધીની ગાયકી અને વાદ્યોથી કચ્છી સંગીત કળા સધ્ધર છે. તેમાંય વળી દરિયાઈ વિસ્તારની આગવી છાપ તેના સંગીતમાં વરતાય છે. કચ્છને ગુજરાતનો સૌથી લાંબો એટલે કે ચારસો કિ.મી. લાંબો દરિયા કિનારો છે. તો દરિયા કિનારે વસતી પ્રજામાં ખાસ કરીને માછીમારી, અગરિયા અને વહાણવટા સાથે સંકળાયેલા લોકોનું પણ આગવું દરિયાઇ સંગીત છે. ગાયકીમાં ખાસ કરીને લોરી, લોકગીત અને રાસુડા વગેરે ગવાય છે, વાદ્યોમાં ઢોલ, ઢોલકની સંગાથે રાસ રમાય અને ગવાય છે. માછીમારી સાથે જોડાયેલા સમુદાયમાં ખાસ વાઘેર, કોલી અને જત લોકો છે. વહાણવટા સાથે સાગરખેડુ એવા ખારવા ખાસ દરિયાખેડુ કે દરિયાના છોરું ગણાય છે. એમણે કચ્છના આ વૈવિધ્ય સભર વારસાને કંઠસ્થ જાળવી રાખ્યો છે.

સિંધના સૂફી શાયર શ્રી શાહ અબ્દુલ લતીફ ભીટાઇ સાહેબે પણ દરિયાઇ સંગીતને તેમની શાયરી (ગાયકી)માં ચાર સૂરમાં દરિયાનો મહિમા ગાયો છે. દરિયાનો તાગ મેળવવો અઘરો છે. દરિયો જેટલો ઊંડો-અગાધ છે તેમ દરિયાઇ સંગીત પણ એટલું જ ઊંડાણવાળુ અને માણવા લાયક છે. દરિયાના પેટાળમાં ઊંડાણમાં જવાથી સાચા મોતી મળે તેમ આ દરિયાઇ સંગીતના ઊંડાણમાં પણ ઘણો સરસ વૈવિધ્યસભર વારસો છે. મૂળ કચ્છના વડોદરા સ્થિત કળામર્મી પ્રદીપ ઝવેરીએ 'દરિયાઈ ગીતો' નામક એક નાનકડી પુસ્તિકા મોકલાવી હતી જેમાં કચ્છ સંગીત સાધક સંગઠન દ્વારા દરિયા જેવા અગાધ સંગીતમાંથી કેટલાંક વીણેલાં મોતી જેવાં ગીતોનું સંકલન કરવામાં આવ્યું છે. જે આજે લેખ લખવા નિમિત બન્યું. સંગઠન અને પ્રદીપભાઈના આભાર સાથે દરિયાઈ ટાઢી લહેરકીનો એક નમૂનો પેશ કરતાં વિરમું છું.

*ખારવા રે અમે ખારવા,*
*સાગર સપુત અમે ખારવા,*
*દરિયા છોરુ અમે ખારવા,*
*ઝુલેલાલના બાળ અમે ખારવા,*
*તોફાનોથી ના ડરીએ, પવન દેવને અમે પુજીયેં,*
*સાગરના ખોળામાં રમીયે.*
*હૈયા રે હૈયા રે હૈયા હો.. ખારવા રે.....*

**ભાવાનુવાદઃ** કચ્છજી ધરા મથે રિણ સિવા ધરિયે તે પ આઉગી સંસ્કૃતિજો વિકાસ થ્યો આય. કચ્છજા માડૂ પિંઢજી કુશલતા ને વિચારેંજે આધારેં ખાસ વહાણ ભનાયા નેં હિન સાગર ખૂણેતાનૂં સજી ધૂનિયામેં પિંઢજો નાંલો પ્રિખ્યાત ક્યો. કચ્છજા વહાણ તેમેં પ ખાસ ત 'કોટિયે' જી અજ પ અખાત સમેત બારા જે પ્રિડેસમેં જભરી માંગ આય. કચ્છજા સાહસી સોધાગર, જુકો સત સમંધર પાર વિઞિનેં કમાણીજો આધાર ઊભો કેં ઇનીજે ધરિયાપાર ખેડાણજી સિરૂઆત કચ્છજે આઉગે વાણેસેં થિઇ હૂઇ એડો઼ ચોં ત કીં ખોટો ન ગણાજે.

હિન પ્રિડેસમેં નિડારી નિડારી બસો જિતરી કોમૂ પિંઢ ભેરી પિંઢજી સંસ્કૃતિકે ગિઞિનેં વસ્યા ઐં. જીં હિન મિડેજી સંસ્કૃતિ, પહેરવેશ, રીત-રિવાજ ને રેણીકેંણી નોખી આય તીં ઇનીજો સંગીત પ નોખો આય. હિન થકી જનમનું કરે મરણ તઇં ગાયકી ને વાદ્યસેં કચ્છી સંગીત કલા બરવારી ભનંધી રિઇ આય. તેમેં વરી ધરિયાઈ વિસ્તારજી આઉગી છાપ ઇનીજે સંગીતમેં ન્યારેલા જુડેતી. કચ્છકે ગુજરાતજો મિણીયા લમો ઇતરે ક ચારસો કી.મી. લમો ધરિયા કિનારો હાંસલ થ્યો આય. ત ધરિયેતે વસંધલ વસંધી પ્રિજામેં ખાસ કરેને માછીમાર, અગરિયા ને વહાણવટ ભેરા જુડલ માડૂએંજો આઉગો ધરિયાઇ સંગીત મન મોહી ગિએં તેડો઼ આય. ગાયકીમેં ખાસ ત લોરી, લોકગીત ને રાસુડા જેડા઼ ગીત ગવાજેતા, વાદ્યમેં ઢોલ, ઢોલક ભેરો રાસ રમાજે નેં ગવાજે ઉ ચિતર વિચારેનેં મુંજો ત મન રોમાંચિત થિઇ વિએંતો. માછીમારી ભેરા જુડલ સમુડાયમેં ખાસ વાઘેર, કોલી ને જત લોકો ઐં. વહાણવટભેર સાગરખેડુ ઇ ખારવા જુકો ધરિયાખેડુ ક ધરિયાછોરુ તરીકે ઓરંખાજેતા, હિની પિંઢજે વિવિધતાવારે વારસેકે કંઠસ્થ જાડવે રિખ્યો આય.

સિંધજા સૂફી શાયર શાહ અબ્દુલ લતીફ ભીટાઇ પણ ધરિયાઇ સંગીતકે ઇનીજી શાયરી (ગાયકી)મેં ઢારેનેં ધરિયાજો મઇમા ગાતે આય. ધરિયાજો તાગ મેડવ઼ણો ત અઘરો આય જ નેં ધરિયો જિતરો ઊનો અગાઢ આય તીં તેંજો સંગીત પ ઇતરો જ રોચક નેં માણે લાયક આય. જીં ધરિયે જે પેટાડ઼ મિંજાનું સચા મોતી મિલે તીં હિન સંગીતજે ઊનાણમિંજા રસસભર વારસો મિલેતો. અનાં થોરા ડીં પેલા, મૂર કચ્છજા નેં વડોદરા રોંધલ કલામર્મી પ્રદીપ ઝવેરી 'દરિયાઈ ગીતો' નાંલે હિકડી઼ નિંઢી ચોપડી઼ હલાય વે જેમેં કચ્છ સંગીત સાધક સંગઠન ભરાં ધરિયાઇ ગીતેંજો સંકલન કરેમેં આયો આય. જુકો અજ઼ લેખ લિખેલા નિમિત ભનઇ. ઇનીજો આભાર. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




અભિ અને આદિલ ખાને રાજકીય રાહ પર ચાલવાના કરેલા નિર્ણયને પગલે અખબારોને સમાચારોનો ચારો મળી ગયો હતો. ફિલ્મી ફરફરિયા અને ચોપાનિયાં એમના વિશે જાતજાતની ગોસિપ લખતા, ગપગોળા હાંકતા. આવા બેહૂદા, ઢંગધડા વિનાના સમાચારોથી એમના ફેન લોકોને જોકે જલસો પડી ગયો હતો. એક અખબારે એની ફિલ્મી કોલમમાં અભિની ફિલ્મ 'ટક્કર કાંટે કી'નો હવાલો આપીને અભિનય ઔર આદિલ કે બીચ ટક્કર કાંટે કી હેડિંગ આપી દઇ સનસનાટી મચાવી હતી. એક ચોપાનિયાએ અભિ ઔર આદિલ કે બદલતે રાસ્તે એવું હેડિંગ આપ્યું હતું. બંને કલાકારો વિશે અખબારો કાંઇક તો શોધી કાઢીને છાપી મારતા. અખબારોનો સાફ ઇરાદો બંને વચ્ચેની દુશ્મનાવટને હવા આપતા રહીને પોતાનું સર્ક્યુલેશન વધારવાનો હતો.

એક ફિલ્મી ચોપાનિયું હદ વટાવી ગયું હતું. એણે અભિનય અને આદિલ ખાનને લઇને નવી ફિલ્મ આવી રહી હોવાની અટકળ વહેતી મૂકી હતી. બંને સ્ટાર ખુલાસા કરશે એવું એ ચોપાનિયાનું અનુમાન સાચું ઠર્યું. પ્રતિભાવ આપવા કૂદી પડનારો આદિલ ખાન પહેલો હતો.

'સાથ મેં કામ કરને કા સવાલ હી પૈદા નહીં હોતા. વો સિર્ફ નામકા અભિનય હૈ. એક્ટિંગ મેં ઝીરો હૈ. જલ્દી ચમકે જો સ્ટાર, વો જલ્દી ગીરે.

અભિનય નામ કા યે સિતારા જલ્દ હી ટૂટને વાલા હૈ. ખલ્લાસ.'

'મૌન હી મેરા પ્રતિભાવ હૈ' અભિએ અકબર પીઆરની સલાહથી માત્ર આટલો ટૂંકો પ્રતિભાવ આપ્યો હતો.

આદિલ ખાનના પ્રહારોનો પ્રતિભાવ આપવાની બાબતે અકબર પીઆર માત્ર એટલું જ કહેતો કે સામેવાળાની હરકતોનો જવાબ ન આપવો એ જ મોટો જવાબ છે. મૌન નામના જવાબની ચોટ બહુ મોટી હોય છે.

*********

અકબર પીઆરને અભિના કેટલાક નિર્ણયો પસંદ પડતા નહીં. જે અભિ એની સલાહ લેતો એની ધીરે ધીરે અવગણના થવા લાગી હતી. કદાચ અભિનો આશય અકબર પીઆરને નીચું જોવડાવવાનો કે એની બુદ્ધિમત્તાને ઓછી આંકવાનો ન હતો, પણ એટલું તો ચોક્કસ હતું કે અભિના તેવર બદલાઇ રહ્યા હતા. સત્તાનો મોહ, લોકપ્રિયતાનો નશો અને પૈસાની તાકાતે અભિને ધરતીથી એક વેંત ઉપર કરી દીધો હતો. અને અકબર પીઆરને આ સંકેતો સારા લાગતા નહીં. એક રાતે અભિએ અકબર પીઆરને બોલાવી લીધો.

'અકબરભાઇ, હું ચોરીછૂપીથી લગ્ન કરવા માગું છું....ગોરમા'રાજ અને તારી સાક્ષીએ....પછી કોર્ટમાંથી મેરેજ સર્ટિફિકેટ મેળવી લેશું.'

'કોણ છે એ ખુશનસીબ જેની સાથે તારે ચોરીછૂપીથી લગ્ન કરવા છે.?' અકબર પીઆર જાણી ગયો કે અભિનો ફરીએક અણગમતો નિર્ણય આવી રહ્યો છે.

'મુંબઈમાં પગ મૂકતાની સાથે જેણે મને જગ્યા આપી, હું જેની રૂમમાં રહ્યો એ સીમા સાથે.'

'ઓહ...જેણે તને થોડો વખત રહેવા માટે જગ્યા આપી, તેં એને બદલામાં દિલ આપી દીધું, વાહ' અકબર પીઆરના શબ્દોમાં માત્ર કટાક્ષ નહતો, એમાં ભારોભાર ગંભીરતા પણ હતી.

'અને પ્રિયાનું શું થશે...એને શું જવાબ આપીશ.?'

'એને સોરી કહી દઇશ' અભિ બોલ્યો.

'અભિ, આ કોઇ ફિલ્મ નથી કે તું પ્રિયાનો પ્રેમ, એની લાગણી, એના તારા પરના ઉપકારોનું તું એડિટિંગ કરી નાખે. સોરી કહી દેવાથી તમારી વચ્ચેના સંબંધનો ધી એન્ડ આવી જશે એવું તું માને છે. એ છોકરી તારી પાછળ ખુવાર થઇ છે.'

'એ મારી પાછળ ખુવાર નથી થઇ. એનો ઉપકાર એણે સોચીસમજીને લીધેલું પગલું હતું. એને સો ટકા ખાતરી હતી કે હું એક દિવસ મોટો કલાકાર બનીશ અને એ મોટા સ્ટારની વાઇફ તરીકે મોજ કરશે...મારા સ્ટેટસનો લાભ લેશે.' અભિએ કહ્યું.

અકબર પીઆરને થયું.....એની સામે નાના શહેરમાંથી આવેલો ગઇકાલનો કોઇ નાનકડો નમ્ર નાટ્યકલાકાર નહીં, એક મોટો ઘમંડી ફિલ્મી અદાકાર ઊભો છે. એક વખતનું તહેઝીબ અને સંસ્કારિતાનું ઝરણું, એક તુમાખીભર્યો સમંદર બની ગયો છે.

'અભિ, સોરી, મેં તારા અંગત જીવનમાં દખલઅંદાજી કીધી. આખરે તો તું તારી મરજીનો માલિક છો. હું શાદીની તૈયારી કરું છું.'

*********

> 'અભિ, આ કોઈ ફિલ્મ નથી કે તું પ્રિયાનો પ્રેમ, એની લાગણી, એના તારા પરના ઉપકારોનું એડિટિંગ કરી નાખે.'

એ જ રાતે અભિએ સીમાને ઘરે જઇને લગ્ન માટે તૈયાર રહેવા કહી દીધું. સીમા એક અલગ દુનિયામાં...એક અલૌકિક વિશ્વમાં ડગલું માંડવા માનસિક રીતે સજ્જ હતી જ.

'સીમા, આપણાં લગ્નમાં કોઇ ધામધૂમ નહીં, બેન્ડબાજા નહીં....બારાત નહીં...કોઇ ઝાકઝમાળ નહીં...ફિલ્મી પબ્લિસિટી નહીં....અખબારોમાં સમાચાર નહીં...ફોટા નહીં. આપણે દુનિયાને બતાવી દેવા લગ્ન નથી કરતા..લગ્ન એ આપણો અંગત પ્રસંગ છે...અંગત જીવન છે.'

સીમા અભિની છાતી પર માથું ઢાળીને કોઇ ઊંડા વિચારમાં ખોવાઈ ગઇ હતી.

'સીમા, શું વિચારે છે.?'

'સુહાગરાત વિશે' પછી ખડખડાટ હસતાં બોલીઃ 'સુહાગરાત તો ધામધૂમથી ઉજવશુંને.?'

'નો લાઇટ્સ...નો કેમેરા.....ઓન્લી એક્શન..' અભિએ સીમાને બાહુપાશમાં જકડી લેતાં કહ્યું.

*********

બીજે જ દિવસે સીમાએ મોતીબાબુને ફોન કરીને કહી દીધું કે હું જણાવું પછી જ ટેક્સી ભાડાના પૈસા આપવા આવે. અચંબિત મોતીબાબુએ જોકે કારણ જાણવા માગ્યું, પણ સીમાએ બહારગામ જતી હોવાનું બહાનું ધરી દીધું. મોતીબાબુને દર અઠવાડિયે મળતી સીમા પહોંચની બહાર જતી દેખાઇ. સીમાને મારિયા પાસે હરખથી ઠાલવવાનો વિચાર આવ્યો....જોકે પછી એણે છેલ્લી મિનિટે કહેવાનો નિર્ણય કર્યો.

*********

મોતીબાબુ બસ્તા શેઠના વકીલને લઇને વાઇ પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો ને બસ્તાના ઇશારે હબીબની કારને ખાઇમાં ધકેલનારા બંસીલાલ નામના ડ્રાઇવરને જામીન પર છોડાવ્યો. બસ્તા શેઠની વાહી વાહી અને નગદ નોટો સાથે મોતીબાબુ ફરી ચંદનના મોતનું રહસ્ય જાણવા જોરાવરની સંગતમાં રહેવા માંડ્યો. જોરાવરને બારમાં મળવું એની સાથે દારૂ પીવો અને ક્યારેક તો જોરાવરની જીભ લપસશે એવી ખરા દિલથી દુવા માગવી એ કોઇ સાધનાથી કમ નહતું અને સાધના ક્યારેક તો ફળે જ છે.

'તુંને બસ્તા શેઠ મેં ક્યા દેખા.? તૂ ક્યું ઇસ ધંધે મેં આયા.?' એક સાંજે મોતીબાબુને સવાલ કર્યો. એ દિવસે કદાચ જોરાવરને ચડી ગઇ હતી.

'કહાની લંબી હૈ દોસ્ત લેકિન, તુઝે બતા કે ક્યા ફાયદા.?'

'પૈસે કે લિયે યા કોઇ ઓર કારન હૈ.?'

'કોઇ ઓર કારન હૈ,' મોતીબાબુએ કહ્યું. જોરાવરને થયું કે પોતાના શેઠનો જીવ જોખમમાં લાગે છે, કારણ જાણવું પડશે.

'તૂ પુલીસ કા આદમી હૈ? કોઇ ગેંગ કા આદમી હૈ? તૂ હૈ કૌન.? તેરા કારન બતા'

'નહીં નહીં મૈં કોઇ પુલીસ યા ગેંગ કા આદમી નહીં. કારન જાનોગે તો મુઝ પર હસોગે.'

'નહીં હસુંગા...કારન બતા'

'મૈં ચંદન કી મૌત કા રહસ્ય જાનને કે લિયે બસ્તા શેઠ કા કામ કરતા હું.' મોતીબાબુએ જોરાવરને ઝટકો પી દીધો. આ મચ્છર જેવો મોતીબાબુ રહસ્ય જાણીને કરશે શું. એને તો હું આમ ચપટીમાં ચોળી નાખું. એ ગુસ્સામાં ગ્લાસમાં બચેલો દારૂ ગટગટાવી ગયો.

'તુઝે રાઝ જાન કે ક્યા કરના હૈ. બસ્તા શેઠ કા મર્ડર કરેગા.? તૂ કરેગા ક્યા બતા.?' જોરાવરે પોતાની છાતી ચૌડી કરીને બંને બાવડાં ફુલાવ્યાં.

'નહીં નહીં મૈં કૂછ નહીં કરનેવાલા.' મોતીબાબુ ગેંગેંફેંફેં થઇ ગયો.

'તો ફિર ક્યું કરતા હૈ યે સબ...બસ્તા શેઠ કે લિયે.?'

'ચંદનની બીવી કો રાઝ બતા કે મૈં ઉનકો ઇમ્પ્રેસ કરના ચાહતા હું...ફિર ઉસસે શાદી કરની હૈ.'

જોરાવર ટેબલ પર જોરથી મુક્કા પછાડતો હસ્યો. અટ્ટહાસ્ય અટક્યું. ધણધણી ઊઠેલું ટેબલ ને ધ્રૂજી ઉઠેલા જામ સ્થિર થયાં.

'ચંદનની મૌત એક્સિડેન્ટ સે હુઇથી યા ઉસકો મરવા દિયા.? સચ બતાઓ. મેરી શાદી કા સવાલ હૈ.'

જોરાવર શાંત પડી ગયો. થોડીવાર પહેલાં ફુલાવેલા બાવડાં અને ચૌડી છાતી સંકોચાઇ ગયા. એને થયું કે પેલી લાચાર અબળા વિધવા બાઇ સીમા બદલો લેવા આવવાની નથી. આ બહાને જો મોતીબાબુ એક વિધવા સાથે ઘર માંડીને વિધવા વિવાહના વિચારને વેગ મળતો હોય તો સાચું કહેવામાં શું વાંધો.? અને કોઇ મુશ્કેલી ઊભી થાય તો મોતીબાબુનું મોં બંધ કરતા કેટલી વાર.

'મહાબળેશ્વરના ઘાટમાં જેવું કામ હબીબના કેસમાં થયું એવું કામ મુંબઈના રસ્તા પર ચંદનના કેસમાં થયું. બંનેમાં બેકસીટ ડ્રાઇવિંગ બસ્તા શેઠનું હતું.'

મોતીબાબુ એની ખુરસી પરથી ઉછળી ઉઠ્યો. એણે જોરાવર માટે દારૂની બીજી એક ક્વાર્ટર મગાવી. જોરાવરનો નશો બમણો થયો ને મોતીબાબુની આંખોમાં અલગ જ ખુમાર ઊતરી આવ્યું.

'મુઝે તેરી શાદી મેં બુલાના..' જોરાવર બોલ્યો.

'જરૂર બુલાયેગા....લેકિન અપની યે બાત બસ્તા શેઠ કો નહીં બતાના.' એણે પોતાના હોઠ પર આંગળી મૂકીને બતાવ્યું.

'બિલકુલ નહીં બોલેગા....મૈને કૂછ સૂના હી નહીં હૈ.' જોરાવરે પોતાના બંને કાન પર હાથ મૂકી દીધા. (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

કલ્પના દવે
feedback@bombaysamachar.com

# પ્રેમનું ઉપનિષદ



નિલેશ પારેખ તો પ્રેમને પૂજા જ ગણે છે, અને પત્ની પૂજા જ એનો પ્રેમ. પણ આ પ્રેમ પણ સહેલાઈથી ક્યાં મળે છે? પ્રેમના સાચા સ્વરૂપને પામવા રાધા અને મીરાં જેવો સમર્પિત ભાવ, તો નરસૈંયા જેવી ભક્તિ જોઈએ. પ્રેમ પંથ પાવકની જ્વાળા ભલે કહેવાય પણ એ પ્રેમતત્ત્વને પામવા આપણે શું શું નથી કરવું પડતું?

આજે નિલેશ પત્ની કમ પ્રેમિકાને યાદ કરતાં ભૂતકાળમાં સરી પડ્યો.

એ દિવસે કોલેજના કલ્ચરલ પ્રોગ્રામે તો મારા હૈયે પ્રેમનું મોટું વાવાઝોડું જ ઊભું કર્યું હતું. કોલેજના સ્ટુડન્ટ એસોસિયેશનનો હું ઈનચાર્જ હતો. તે સમયે હાથમાં વીડિયો કેમેરા પકડીને શૂટીંગ કરવામાં આવતું, પ્રોગ્રામ શરૂ થવાનો હતો, એસેમ્બ્લી હોલમાં બધા ગોઠવાઈ ગયા. પ્રો. મહેતાએ કાર્યક્રમ ચાલુ કરવા કહ્યું. પ્રિન્સીપાલ મેડમ અને ગેસ્ટ પહેલી હરોળમાં ગોઠવાઈ ગયાં હતાં, પણ કેમેરામેન આવ્યો ન હતો. આખરે મેં જ વીડિયો શૂટીંગ શરૂ કર્યું.

એસ.વાય બી.કોમ.ની લક્ષ્મી નાયરે કલાસિકલ સ્વાગત નૃત્ય કર્યું. સંચાલકે કહ્યું- દિલ થામ કે બૈઠો. અબ આ રહી હૈ રાજસ્થાન કી છોરી પૂજા ભટ્ટ. પેશ કરતે હૈ- ઘૂમર ડાંસ. બધાએ તાળીઓ પાડી તો કેટલાકે સિટી વગાડતાં આનંદ વ્યકત કર્યો. હાથમાં વીડિયો કેમેરા પકડીને નિલેશ સ્ટેજના જમણે ખૂણે ઊભો હતો, મનોમન કેમેરામેન નથી આવ્યો એ બદલ અકળાઈ ગયો.

ત્યાં જ ટેપરેકર્ડ પર ગીત શરૂ થયું અને પૂજાએ નૃત્ય શરૂ કર્યું. પૂજાની વેશભૂષા, એની કમનીયતા અને અદા જોતાં બધા મંત્રમુગ્ધ થઈ ગયાં. નૃત્યને અંતે પૂજાએ થાળી પર કરેલું ઘૂમર નૃત્ય તો અદભુત હતું. નૃત્ય કરી રહેલી પૂજાએ મારા હૈયે એવું કામણ કર્યું કે એ શૂટીંગ માત્ર કેમેરામાં જ નહીં મારા હૈયે જડાઈ ગયું છે.

(આજે વીસ વર્ષે નિલેશ ડાયરીના પાના ઉથલાવી રહ્યો છે.) એ કામણે અમે પ્રેમના રાજમાર્ગે નીકળી પડ્યા જે આજે પણ એવો જ આનંદપ્રદ અને નિર્મળ છે. વળી ખર્ચે ન ખૂટે- દિન-દિન બઢત સવાયો થયાનો અદ્ભુત આનંદ.

નિલેશ એની ડાયરીના પાનાં ઉથલાવતાં સભર થઈ ગયો. પોતાને પૂજા સાથે આ વેલેન્ટાઈન્સ ડે- કેવી રીતે મનાવવો એના વિચાર કરી રહ્યો છે. હવે જવાબદારીઓ વધી છે. પૂજા પણ આઈ.ટી. કંપનીમાં જોબ કરે છે. ઓફિસ-ઘરની જવાબદારી અને દીકરો આલોક અને દીકરી માનસીના ભણતર પર ધ્યાન આપવાનું બધું કામ તો પૂજા જ કરે છે. સાચું પૂછો તો હું તો બેંકના લેખા-જોખામાં જ અટવાયેલો રહું છું.

તરત એનું મન બોલી ઉઠ્યુંઃ- અરે, આપણે ગમે તેટલા બિઝી હોઈએ વેલેન્ટાઈન્સ ડે તો સાથે જ ઉજવવાનો હોય ને- આ દિવસ તો અમારા માટે ખાસ છે, આ જ દિવસે કોલેજની બાજુમાં આવેલા કોફી હાઉસમાં અમે પહેલી વાર એકલા બેઠાં હતાં. મેં હાથમાં હાથ મેળવીને એને રેડ રોઝ આપતાં કહ્યું હતું- વીલ યુ બી માય વેલેન્ટાઈન ગર્લ?

ત્યારે એક નાજુક વેલની જેમ શરમાતાં પણ મીઠું સ્મિત આપતાં એણે કહ્યું- તું જ મારા પ્રેમનું આકાશ છે. પણ, જિંદગીના કપરા સંજોગોમાં પણ સાથે જ રહેજે.

નિલેશ વિચારી રહ્યો કે આ વખતે તો મારે સ્પેશિયલ કંઈ કરવું છે. આ વખતે મારી પૂજાને સરપ્રાઈઝ કરી દઉં. કોલેજની મારી એ વેલેન્ટાઈન સ્વીટી આજે આઈ.ટી કંપનીમાં મેનેજરીયલ પોસ્ટ પર છે.

નિલેશ મનોમન વેલેન્ટાઈન પ્રોગ્રામ ઘડી રહ્યો હતો. રાત્રિના દસ વાગ્યા હતા. દીકરો આલોક એની રૂમમાં અભ્યાસ કરતો હતો, એની બારમાની બોર્ડની પરીક્ષા હતી. જયારે નાની માનસી દાદા-દાદીના રૂમમાં સૂઈ ગઈ હતી. ત્યાં જ બેડરૂમમાં પ્રેમનો વાયરો લઈને પૂજા આવી. નિલેશ સૂઈ જવાનો ડોળ કરતો પડ્યો હતો.

પૂજા મધુર અવાજે ગાઈ રહી હતી.

તું મારો શ્યામ ને હું તારી રાધા.
તું મનમોહન ને હું તારી મીરાં.

લગ્નના વીસ વર્ષે પણ આ પ્રેમની વસંતને માણતા નિલેશે સ્મિત આપતાં કહ્યુંઃ- કેમ, મેડમ મિસિસ પારેખ આજે તમે ખૂબ ખુશ છો ને ! કોઈ ખાસ કારણ?

નિલેશ, મારે તને ગુડ ન્યૂઝ આપવાના છે.

શું વાત છે પૂજા ફરીથી આપણે ઘેર પારણું બંધાવાનું છે?

અરે શું તું પણ ! નો વે માય ક્રેઝી હબી. આય એમ ફોર્ટી અપ નાવ. કહેતાં પૂજા નાજુક વેલની જેમ શરમાઈ ગઈ. બંને એકમેકના બાહુપાશમાં ઝૂલી રહ્યા ત્યારે ત્યાં સ્વર્ગ રચાઈ ગયું.

યસ, ડીયર બોલ ગુડ ન્યૂઝ તો કહે.

આ શુક્રવારે અમારી બોર્ડની મીટિંગ છે. મને મારા ડિરેક્ટરે કહ્યું કે કંપની મને રીજનલ મેઈન ઓફિસમાં પ્રમોશન આપશે. હાય સેલેરી અને શોફર સાથે મને પર્સનલ કાર પણ મળશે. મારી કેબિન પરની તકતી પર લખાશે રીજનલ ઈનચાર્જ મેનેજર મિસિસ પૂજા પારેખ.

વાહ, રિયલી ઈટ્સ ગ્રેટ ન્યૂઝ. યુ આર માય વંડરફૂલ -જીનીયસ વાઈફ. કહેતાં નિલેશે આલિંગન આપ્યું.

આય એમ વેરી પ્રાઉડ ઓફ યુ પૂજા. નિલેશે વહાલ કરતાં કહ્યું.

યસ, મને પણ રીજનલ ઈન્ચાર્જ તરીકે પ્રમોશન મળ્યું એનો આનંદ તો છે. પણ, નિલેશ આ જવાબદારી ખૂબ મોટી છે. આ પોસ્ટ માટે કંપનીમાં અઢાર ડીઝર્વ કેન્ડિડેટ હતા પણ ડિરેકટર ટીમે મને પસંદ કરી. જવાબદારી સાથે કામનો બોજો પણ વધશે. હું કેવી રીતે મેનેજ કરીશ પૂજાએ કહ્યું.

માય સ્વીટ ચાર્મિંગ પૂજા, આય નો યુ આર બેસ્ટ મેનેજર- એટ ઓફિસ એન્ડ એટ હોમ. તો, મેડમ મને પણ કોઈ સ્પેશિયલ ગિફ્ટ મળશે ને?

બોલો બોસ, તમને શું ગિફ્ટ જોઈએ ?

યસ, સ્પેશિયલ પાર્ટી- સિર્ફ હમ ઔર તુમ.

યસ સ્યોર.

બીજે દિવસે સવારે નિલેશ ટેબલ પર ચા પી રહ્યો હતો, ત્યારે સેન્ડવીચ બનાવતાં જ પૂજાએ કહ્યું- અરે, કાલે તને કહેવાનું રહી ગયું કે આ શુક્રવારે જ બોર્ડની મીટિંગ છે. એમાં મારે હાજર રહેવાનું છે. મારા ડિરેકટરે મને સિક્રેટલી કહ્યું છે.

આ શુક્રવારે? એ તો આપણો સ્પેશિયલ વેલેનટાઈન ડે, છેલ્લાં ૨૨ વર્ષ થયાં આપણે એને સેલીબ્રેટ કરીએ છીએ. એકે વાર મિસ નથી થયો. તે દિવસે આપણે ફ્રી બર્ડ થઈને એન્જોય કરીએ છીએ. નિલેશે ભાવુક થતાં કહ્યું.

યસ, પણ મને પ્રમોશન મળવાનું હોય અને હું જ ન જઉં એ કેમ ચાલે?

શું હું મીટિંગ બદલાવી શકું ? તું જ કહે.

પણ, મેં સ્પેશિયલ પ્લાન કર્યો છે.

લગ્નના વીસ વર્ષે પણ આપણે પ્રેમની વસંત ઉજવીએ છીએ તે જ મહત્ત્વનું છે. આપણે શનિવારે એન્જોય કરીશું.

એટલે નો વેલેનટાઈન્સ ડે ઓ.કે ઓલ ધ બેસ્ટ મેડમ.

નિલેશ પોતે પણ સમજતો જ હતો કે પૂજાનું પ્રમોશન કેટલું મહત્ત્વનું છે.

નિલેશે વેલેનટાઈન્સ ડે- સરપ્રાઈઝ પાર્ટી તો આપી જ. પ્રમોશન લઈને આવેલી પૂજાને વિલેપાર્લાની તુલીપ હોટલમાં નિલેશે સપરિવાર સાથે પાર્ટી માણી.

નિલેશે હાથમાં પુષ્પગુચ્છ આપતાં કહ્યું- માય હેપી સ્પેશિયલ વેલેન્ટાઈન સ્વીટી.

પ્રેમના ઉપનિષદને પામવા લાગણીના ગહન દરિયાને ઉલેચીએ ત્યારે જ સાચું મોતી મળે. ■

ફોકસ

દેવેશ પ્રકાશ
feedback@bombaysamachar.com

# ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ
# શૂન્યમાંથી સર્જાઈ રહેલાં હવાઈમથક





યુપીએસસીએ જયારથી સિવિલ સેલની પ્રારંભિક પરીક્ષાઓમાં સી-સેટનો પ્રારૂપ સામિલ કર્યો છે ત્યારથી જનરલ સ્ટડીઝનો વ્યાપ વધુ વિસ્તૃત થયો છે. હવે ફક્ત આઇએએસની પરીક્ષામાં જ નહીં, પણ અંદાજે દરેક પરીક્ષાઓમાં જનરલ સ્ટડીઝના સવાલો પૂછવામાં આવે છે. પહેલી ફેબ્રુઆરી, ૨૦૨૫માં કેન્દ્રીય બજેટ રજૂ કરતી વખતે નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટની વાત ઉચ્ચારી ત્યારે ઘણાને આ અંગે કંઇ ખબર જ નહોતી. ઘણાએ આ અંગે જાણવા માટે ગૂગલનો પણ સહારો લીધો હતો. આજે આપણે આ ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ અંગે જ જાણવાના છીએ.

ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ એ ઍરપૉર્ટ છે જે તદ્દન નવી જમીન, નવા સ્થાને અને આંતરરાષ્ટ્રીય માપદંડ અને આર્કિટેક્ચર પ્રમાણે બનાવવામાં આવે છે. એમ કહી શકાય કે શૂન્યમાંથી બનાવવું. એવી જમીન જેના પર કંઇ પણ સુવિધા ઉપલબ્ધ ન હોય અને તેના પર શરૂઆતથી કામ કરીને રનવે, ઇન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય સુવિધાઓ બનાવવામાં આવે તેને ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ કહેવામાં આવે છે. પટણા જે હાલનું ઍરપૉર્ટ છે તેનાથી અલગ જે ઍરપૉર્ટ બનવાનું છે તે ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ હશે. ભારતમાં હાલમાં ૩૪ આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ સહિત કુલ ૪૮૭ ઍરપૉર્ટ છે. તેમાં અમુક ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટનો પણ સમાવેશ થાય છે જેમાંથી અમુક મુખ્ય ઍરપૉર્ટ છે....

- રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ, હૈદરાબાદ
- કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ, બેંગલૂરુ
- કોચીન આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ, કેરળ
- કન્નૂર આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ, કેરળ
- નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ (નિર્માણાધિન)
- નોએડા આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ, જેવર (નિર્માણાધિન)
- મોપા ઍરપૉર્ટ, ગોવા

આ સિવાય પણ ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ છે. સૌથી પહેલું ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ, હૈદરાબાદ છે જેની શરૂઆત ૨૦૦૮માં થઇ હતી. વિશ્વના પ્રથમ ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટની વાત કરીએ તે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) પ્રમાણે જાપાનના ઓસાકાનું કંસાઇ ઇન્ટરનેશનલ ઍરપૉર્ટ છે. તેને ઓસાકાના એક કૃત્રિમ દ્વીપ પર બનાવવામાં આવ્યું હતું અને ૧૯૯૪માં ખુલ્લુ મુકાયું હતું. ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ ઍરપૉર્ટનો સૌથી પહેલો વિચાર વીસમી સદીના ઉતરાર્ધમાં આવ્યો હતો. જ્યાં હવાઇ પ્રવાસીઓ વધવાને કારણે વધુ ઍરપૉર્ટની જરૂર જણાઇ હતી. હાલમાં વિશ્વમાં ૩૦૦થી વધુ ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ છે અને ૨૦૩૦ સુધી આ સંખ્યા ૫૦૦ સુધી પહોંચવાની શક્યતા છે.

ભારતના પ્રથમ ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટની ઘણી એવી વિશેષતાઓ છે જે અન્ય ગ્રીન ફિલ્ડ ઍરપૉર્ટ કરતા તેને અલગ પાડે છે. ભારતના પ્રથમ રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ, હૈદરાબાદ એ ઍરપૉર્ટનું નિર્માણ આધુનિક ટેક્નોલોજી અને ઇન્ફ્રાસ્ટકચર સાથે કરવામાં આવ્યું છે. તેને વિવિધ સુવિધાઓ સાથે ડિઝાઇન કરવામાં આવ્યુ છે જે તેને પારંપરિક ઍરપૉર્ટથી અલગ કરે છે. હૈદરાબાદના શમશાબાદ ક્ષેત્રમાં સ્થિત આ ઍરપૉર્ટ ક્ષેત્રફળના હિસાબે પણ દેશનું સૌથી મોટું ઍરપૉર્ટ છે. તે ૫,૯૪૮ એકરમાં ફેલાયેલુ છે. તેમાં ડિસેમ્બર, ૨૦૧૫થી જ ઇ-બોર્ડિંગની સુવિધા ઉપલબ્ધ છે. ઇ-બોર્ડિંગ એવી સુવિધા છે જેમાં પ્રવાસી ભૌતિક દસ્તાવેજો વગર જ સુરક્ષા તપાસ, ચેક-ઇન અને બોર્ડિંગ કરી શકે છે. તેમાં પ્રવાસીઓ મોબાઇલમાં એર દ્વારા પણ સંપૂર્ણ પ્રક્રિયા કરીને પણ બોર્ડિંગ કરી શકે છે. તેમાં પ્રવાસીને એક બારકોડ આપવામાં આવે છે તેનો ઉપયોગ ચેક-ઇન કરતી વખતે કરી શકાય છે.

એએઆઇની વેબસાઇટ પર ઉપલબ્ધ આંકડા અનુસાર હાલમાં ભારતમાં ૪૮૭ ઍરપૉર્ટ છે જેમાંથી ૧૩૭ ઍરપૉર્ટનું સંચાલન એએઆઇ કરે છે. તેમાં ૧૦૩ ડોમેસ્ટિક, ૨૪ આંતરરાષ્ટ્રીય ઍરપૉર્ટ છે. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# આધુનિક ઍરકૅબ

## પરિવહનના નવા પ્રકરણ સામે કેવા છે પડકાર?



પ્રયાગરાજમાં ચાલી રહેલા આસ્થના મહાકુંભમાં કરોડોની સંખ્યામાં ભાવિકોએ પુણ્યની ડૂબકી મારી છે અને હજુ મારી પણ રહ્યા છે.

સંગમતીર્થ ક્ષેત્રમાં મહા મુશ્કેલી ટ્રાફિક જામે સર્જી દીધી હતી. ૩૦૦ કિલોમીટર સુધી ટ્રાફિક જામમાં ફસાયેલા દરેકને એક વખત તો ઍરકૅબ કે ઍરટૅક્સીની યાદ આવી હશે. જે ઍરટૅક્સી ગણતરીની મિનિટ સુધી લૅન્ડિંગ પોઈન્ટ પર ઊભી રહીને લોકોને ચોક્કસ સ્થાન પર મૂકી શકે.

ઍરકૅબ પરિવહનની નવી દિશા છે એ વાત ચોક્કસ છે. નવી શરૂઆતના સાહસ સાથે કેટલીક સમસ્યા એના પાયાથી જોડાયેલી હોય છે. મુંબઈ, અમદાવાદ અને દિલ્હી જેવાં શહેરમાં કૉમન પ્લોટ શોધવા મુશ્કેલ છે ત્યાં એ ઍરટૅક્સી માટે લોંચપેડ કેવી રીતે શક્ય છે?

આ બધું સમજવા વાત કરવી છે ઍરકૅબ ટ્રાન્સપોર્ટ સિસ્ટમના આરંભથી અંત સુધીની.

લિથિયમ બેટરીથી ઈ-વ્હિકલ્સની દુનિયામાં એક નવો સૂર્યોદય થયો છે. સારી વાત છે, પર્યાવરણના જતન સાથે ટેકનોલૉજીનું મોટું અપગ્રેડેશન માનવજીવને કામ આવી રહ્યું છે. યુરોપના દેશમાં પરીક્ષણ થયા બાદ ઍરકૅબ એટલે કે હવાઈ ટૅક્સી અંગે ઘણા દેશોમાં પરિવહન ક્ષેત્રે ખાસ કોઈ એકસૂત્રતા જોવા-જાણવા નથી મળી. આ પાછળનું કારણ એ છે કે, મજબૂત પ્લાસ્ટિક, લોઢું અને મશીન ટેકનોલૉજી મોંઘી પડી રહી છે. ઍરકૅબનો વિચાર શ્રેષ્ઠ છે. ખેતીક્ષેત્રે દવા છંટકાવમાં ડ્રોનનો ઉપયોગ સફળ સાબિત થયો છે. આ ઉપરાંત પૅકેજિંગ ડિલિવરીમાં પણ તે પ્રાથમિક તબક્કે સફળ છે, પરંતુ વ્યક્તિને ઊંચકીને બીજા સ્થાને લઈ જવામાં આ પ્રયોગ જોઈએ એટલો સફળ નથી.

બીજું કારણ એ છે કે, આ ઍરકૅબની ડિઝાઈનિંગ અને ઉપયોગમાં લેવાતી ટેકનોલૉજીની કાચી સામગ્રી જ મોટી ઊર્જાને ખાઈ જાય છે, જેમ કે એકથી વધારે બેટરીના ઉપયોગથી કૅબિનને હવામાં વગર આધારે તરતી રાખી શકો, પણ જમીન પરથી ઉઠાવવામાં જે ઈંધણ અને ઈલેક્ટ્રિસિટીનો વ્યય થાય છે એ કોઈ કંપનીને પરવડે એમ નથી, તો પછી સામાન્ય ગ્રાહકના ખિસ્સાની શું વાત કરવી?



જર્મનનીના કેબ એનાલિસ્ટ તો ત્યાં સુધી કહે છે કે, ટ્રાફિકમાં રોકાઈ જવું સારું, જેમાં વ્યક્તિ પોતાનું વાહન બંધ કરીને થોડું ફ્યૂલ તો બચાવી જ શકે છે. આ ઉપરાંત થોડું કાર્બન ઉત્સર્જન પણ કરે છે.

ઈ-વ્હિકલમાં બેટરીનો મુદ્દો શરીરમાં હૃદય જેટલું મહત્ત્વ ધરાવે છે. આખો સ્લોટ આપવામાં આવે તોપણ બેટરીની આવરદા નક્કી કરેલા સમય કરતાં વહેલા ખતમ થાય ત્યારે શું? જે રીતે ઈ-બાઈક્સ કે ઈ-કાર સફળ નીવડી એમ ઍરટૅક્સીની સફળતા અંગે કહેવું એ અંધારાંમાં તીર મારવા બરોબર છે. ગત વર્ષે ઑટો એક્સપોમાં પેસેન્જર ડ્રોનનો અભિગમ દિલ્હીથી સમગ્ર દેશમાં જાણીતો થયો. કરોડની કિંમત ધરાવતી અને હેલિકૉપ્ટરની કોકપીટ જેવા આકારની બેઠક વ્યવસ્થાનો માત્ર નિભાવ ખર્ચ કરોડોમાં થાય છે. ઑટોમેટિક ટેકનોલૉજીથી નિયંત્રણ અવશ્ય કરી શકાય, પણ એક વખત ફ્લાઈટ શરૂ થયા બાદ હવામાં કેટલાક કંટ્રોલ અનિવાર્ય હોય છે જેમ કે, સ્પીડ, હવાની દિશા. એક કંપનીના રોકાણ તળે આવી સર્વિસ શરૂ થાય તોપણ દરેકનાં ખિસ્સાંને આ પોસાય એમ નથી. ટેકનિકલ કારણ એ પણ છે કે, સમગ્ર ઍરકૅબનો કાચો માલ જ લાખોમાં પડે છે. કરોડોમાં તે તૈયાર થાય છે. નિભાવ માટે ખાસ તાલીમ પામેલા લોકો જોઈએ છે. કૉન્સેપ્ટ સારો છે, પણ કેશનો દાટ વાળી દે એમ છે.

ઍરોસ્પેસ નિષ્ણાત બિયાંકા શુખાર્ટ તો ત્યાં સુધી કહે છે કે, માર્કેટની માગ સામે કોઈ કંપની પાસે ભલે રોકાણ હોય, ટેકનોલૉજી હોય, પણ રિસોર્સ નથી. મુંબઈ જેવા શહેરમાં જ્યાં રાઈડ શેરિંગનો કૉન્સેપ્ટ પણ કામ કરી જાય. જ્યાં એક રૂટમાં રહેતી બે વ્યક્તિ સરળતાથી ઘર સુધી પહોંચી જાય ત્યાં ઍરપોર્ડ ઍરકૅબ પરવડે એમ નથી. ઉત્તમ ટેકનોલૉજીની સામે ઘણી વાર એનું પ્રાયોગિક ધોરણે સ્વીકારવું શક્ય નથી હોતું.

હા, એક આઈડિયા આ પાછળ કામ કરી શકે. ભારત જેવા દેશમાં ઘણા રાજ્ય પાસે પોતાના ટ્વિન સિટી છે જેમ કે, અમદાવાદ-ગાંધીનગર, રાજકોટ-જામનગર, મુંબઈ-થાણે, મુંબઈ-નાગપુર આવા રૂટ પર શટલ ઍરબસ તરીકે તે બેસ્ટ કામ આપી શકે છે. પ્રશ્ન એ પણ ઊભો થાય કે, એકથી વધારે કૅબ સેટ કરીએ તોપણ મોટી સંખ્યામાં લોકો જઈ શકે એમ નથી. વધુમાં વધુ ૩૦ લોકોનું પરિવહન થાય ત્યાં બેટરી જવાબ આપી શકે છે. આ વસ્તુ જો પેટ્રોલ ડીઝલના મૉડલ પર આધારિત હોત તો તે વિમાનની હરોળમાં ઊભું રહી શકે, પણ એનાથી પર્યાવરણ બચે એની ગેરેન્ટી નથી. સમગ્ર ઍરકૅબનો કૉન્સેપ્ટ જ પર્યાવરણના જતન સાથે ફ્લાય કરવાનો છે. ■

### આઉટ ઑફ ધ બોક્સ

AIનું એક નવું સોપાન એ આવી રહ્યું છે કે, ૫૦ પાનાની કોઈ બુક આખીયે વાંચવાના બદલે એ માત્ર હાઈલાઈટ્સના કમાન્ડ પર કામ કરશે. હા, આ માટેનું પ્રોગ્રામિંગ કરવા પાછળ હાથ તો માનવ દિમાગનો જ છે!

''આપણી ભાવી પેઢીઓ માટે એક બહેતર દુનિયા છોડી જવાની આપણા સૌની એક નૈતિક જવાબદારી છે.''



દેવેન શેઠ
શેઠ બ્રધર્સ-ગ્રીન સીટી
વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો
ભાવી પેઢીને સુરક્ષીત બનાવો

ફોકસ
પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

# વાહનની ચાવી ખૂંચવી લેવાનો અધિકાર પોલીસને છે?



તમે ઘણી વાર જોયું હશે અથવા અનુભવ્યું હશે કે ટ્રાફિક પોલીસવાળા બાઇક અથવા કારને રોકીને સૌથી પહેલા તેના વાહનની ચાવી કાઢી લેતા હોય છે, પણ હકીકતમાં આવું કરવું એ તદ્દન ગેરકાયદે છે. સુપ્રીમ કોર્ટે પણ સ્પષ્ટ કર્યું છે કે ટ્રાફિક પોલીસનો કોઇ પણ અધિકારી, ભલે એ કોઇ પણ ઉચ્ચ રેન્કનો હોય તેને બાઇક અથવા કારચાલકના વાહનની ચાવી બળજબરીથી કાઢી લેવાનો કોઇ અધિકાર નથી. ઈન્ડિયન મોટર વ્હીકલ એક્ટ, ૧૯૩૨ અથવા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ હોય, કોઇ પણ કાનૂન હેઠળ ટ્રાફિક પોલીસ, ભલે તે કોન્સ્ટેબલ હોય, એએસઆઇ હોય, એસઆઇ હોય અથવા ઇન્સ્પેક્ટર કે કોઇ ઉચ્ચ અધિકારી હોય તે દસ્તાવેજ તપાસતી વખતે વાહનની ચાવી કાઢી શકે નહીં.

ટ્રાફિક પોલીસ દ્વારા રસ્તા પર તમારા વાહનને રોકવાનો અર્થ એ નથી કે તમે કોઇ અપરાધ કર્યો હોય. તમારા વાહનના પેપર ચકાસવા માટે પણ તેઓ તમને રોકી શકે છે. તેથી જો તમે કોઇ પણ ટ્રાફિક નિયમ તોડ્યો નહીં હોય તો તમને જ્યારે તેઓ રોકે તો ગભરાવાની જરાય જરૂર નથી. તમારા વાહનના દસ્તાવેજ ચકાસતી વખતે જો કોઇ નિયમોનું ઉલ્લંઘન થયું હોય અને તેઓ તમારી પાસેથી દંડ વસૂલે તો તેમની પાસેથી દંડની રિસિપ્ટ જરૂરથી લેવાની. આ રિસિપ્ટ પર તમે જે નિયમનો ભંગ કર્યો હોય તેની માહિતી આપી હોય છે અને તે પ્રમાણે જ દંડની રકમ વસૂલવાની હોય છે. રસ્તા પર વાહન રોકીને દંડ વસૂલતી વખતે જો તમારી પાસે તે સમયે પૈસા ન હોય અથવા તે ટ્રાફિક પોલીસ પાસે ઓનલાઇન દંડ ચૂકવવાની સુવિધા ન હોય તો તે તમને કોર્ટમાં દંડની રકમ જમા કરવાની સુવિધા આપશે. જગ્યા પર જ દંડ ભરી દેવાથી અમુક છૂટ મળતી હોય છે, પરંતુ જો કોર્ટમાં દંડ જમા કરાવવાનો હોય તો રિસિપ્ટમાં જોઇ લેવું કે તેમાં આ અંગેની માહિતી છે કે નહીં.

રસ્તા પર ટ્રાફિક પોલીસ તમને રોકે છે અને દસ્તાવેજ દેખાડ્યા બાદ અમુક નિયમોનો ભંગ થયો હોય એમ કહીને દંડ ભરવાનું કહે ત્યારે અમુક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી હોય છે. ચલાન કાપતી વખતે ટ્રાફિક પોલીસ પાસે ચલાન બૂક અથવા ઇ-ચલાન મશીન હોવું જરૂરી હોય છે. જો તેની પાસે આ બન્નેમાંથી કંઇ ન હોય તો તે તમારું ચલાન કાપી શકે નહીં. ચલાન કાપતી વખતે ટ્રાફિક પોલીસવાળાએ યુનિફોર્મમાં હોવું પણ જરૂરી છે. જો તે યુનિફોર્મમાં ન હોય તો તે ચાલાન કાપી શકે નહીં. આ સિવાય તેના યુનિફોર્મમાં નામ અને બેચ નંબર હોવો પણ જરૂરી હોય છે. ટ્રાફિક પોલસનો હેડ કોન્સ્ટેબલ તમારી પાસેથી ૧૦૦ રૂપિયા જેટલો જ દંડ વસૂલ કરી શકે છે. તેનાથી વધુ દંડ વસૂલવાનો અધિકાર ફક્ત એએસઆઇ અથવા એસઆઇને જ હોય છે.

જો કોઇ ટ્રાફિક પોલીસ તમારા વાહનની ચાવી કાઢી લે છે તો તમે તેનો વીડિયો કાઢી લઇ શકો છો અને નજીકના પોલીસ સ્ટેશનમાં આ અંગેની ફરિયાદ કરી શકો છો.

લોકલ પોલીસ જો તમારી ફરિયાદ સ્વીકારવા તૈયાર ન હોય તો તમે ટ્રાફિક પોલીસની હેલ્પલાઇન નંબર પર પણ ફરિયાદ કરી શકો છો. આ સિવાય ટ્રાફિક વિભાગનું અલગથી ઓનલાઇન પોર્ટલ હોય છે, સોશિયલ મીડિયા પર અલગથી અકાઉન્ટ હોય છે તેના પર પણ ફરિયાદ કરી શકાય છે. દરેક રાજ્યમાં હેલ્પલાઇન નંબર અલગ અલગ હોય છે. જો કોઇ ટ્રાફિક પોલીસ તમારી સાથે બળજબરી કરતો હોય તો ૧૦૦ અથવા ૧૧૨ પર પોલીસ કન્ટ્રોલ રૂમમાં કોલ કરી શકો છો. માનવાધિકાર પંચ અથવા સ્થાનિક અદાલતમાં પણ જઇ શકો છે. ટ્રાફિક પોલીસે તમારી પાસેથી જળજબરીથી વાહનની ચાવી લઇ લીધી હોય અથવા તમને ધમકી આપી હોય તો આઇપીસીની કલમ ૩૪૧ (ગેરકાયદે રીતે રોકવું), ૩૪૨ (ગેરકાયદે રીતે અટક) અને ૫૦૬ (ધમકી આપવી) હેઠળ સંબંધિત અધિકારી સામે કેસ નોંધાવી શકાય છે.

નીચે જણાવેલી અમુક બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે...

રોડ પર ડ્રાઇવિંગ કરતી વખતે તમને પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે લાઇસન્સ, પોલ્યુશન અંડર કન્ટ્રોલનું ઓરિજિનલ સર્ટિફિકેટ સાથે હોવું જોઇએ. આ સિવાય વાહનની રજિસ્ટ્રેશન અને ઇન્શ્યોરન્સની ફોટોકોપી પણ પાસે હોવી જોઇએ.

જો તમારી પાસે જગ્યા પર દંડ ભરવા માટે પૈસા ન હોય તો ટ્રાફિક પોલીસ કોર્ટનું ચલાન જારી કરી શકે છે અને તેનો દંડ કોર્ટમાં ભરવાનો હોય છે. દંડ કોર્ટમાં ભરવા સુધી તમારું લાઇસન્સ ટ્રાફિક પોલીસ પોતાની પાસે રાખી શકે છે.

દારૂ પીને વાહન ચલાવવા માટે હાલમાં કડક નિયમો બન્યા છે તેથી દારૂ પીને વાહન ન ચલાવવું તથા અન્યોના જીવ જોખમમાં મૂકવા નહીં.■

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## ભારત - તિબેટ વચ્ચેનો ભવ્ય ઈતિહાસ

# અડીખમ ઊભેલું કુદરતી વંડર - સ્પિતિ



આંખો પર વિશ્વાસ ન બેસે એવા ઉત્તુંગ પહાડો અને ધરતીના કેનવાસ પર જાણે કોઈ ખૂબ જ ઉમદા કલાકારે આર્ટવર્ક કર્યું હોય એમ એકસાથે અનેક વાંકાંચૂકાં વહેણોમાં વહેતી સ્પિતિ નદી અને એક તરફ પિન નદી, બહુ જ ધ્યાનથી નાનું બાળક દરિયા કિનારે એના કોમળ હાથોથી રેતીનું ઘર બનાવે એ રીતે જ માટીમાંથી સર્જાયેલા ખડકો અને એ બધા જ વચ્ચે આપણા ઝીણકા અમથા અસ્તિત્વનું ભાન થાય એવા સૂક્ષ્મ આપણે કુદરતના વિશાળ સર્જનની વચ્ચે ફરી રહ્યા હોઈએ ત્યારે હિમાલયમાં આવેલી આ 'મિડલ લૅન્ડ' સ્પિતિની સુંદરતાનો એહસાસ થાય અને સાથે કુદરતની મહાનતાનો પણ. સ્પિતિ એ માત્ર સ્થળ નહિ, પણ એક એહસાસ છે - એક આધ્યાત્મિક ઊર્જા છે અને જાતને મળવા માટેની એક ક્ષણ છે. શૂન્ય ડિગ્રીથી નીચું તાપમાન હોય છતાં પણ સૂર્યનાં કિરણો દઝાડતાં હોય, પરસેવો ન વળે એ પ્રકારની ગરમી, આંખો પહોંચે ત્યાં સુધી સફેદ વૃક્ષવિહીન ગગનચુંબી માટીનાં ડુંગરાઓ તો વળી ક્યાંક બરફની સફેદ ચાદર ઓઢેલા પહાડો, દૂર ઊડતી માટીની ડમરીઓ... આ બધી જ વિષમ પરિસ્થતિઓ વચ્ચે લાલ કપડાં પહેરેલાં નિખાલસ હાસ્ય વેરતાં નાનકડા લામાઓને જોઈને એક નવી જ ઊર્જાનો સંચાર થાય એવી આ બૌદ્ધ ભૂમિ પર પગ મૂકતાં જ જાણે કોઈ નવા જ ગ્રહ પર આવ્યા હોઈએ એવું અનુભવી શકીએ.

અહીંનું નાનકડું નગર કાઝા એ સ્પિતિનું મુખ્ય મથક છે. ૪૨૭૦ મીટરની અધધ ઊંચાઈએ આવેલું કાઝા ખૂબ જ ભાવુક બૌદ્ધ ધર્મ ધરાવતા માણસોનું નગર છે. સ્પિતિ વેલીમાં કાઝા જ એવું સ્થળ છે જ્યાં પેટ્રોલ, ATM અને જીવનજરૂરિયાતનું માર્કેટ છે. અહીંની માર્કેટમાં આપણે ઘણી બધી લોકલ વસ્તુઓ જેમ કે પ્રેયર માને, નવ ધાતુઓના બનેલા તિબેટિયન પ્રેયરબાઉલ, રંગબેરંગી પ્રેયર ફ્લેગ્સ વગેરે જેવી ઑથેન્ટિક વસ્તુઓ ખરીદીને સ્થાનિક લોકોને રોજગારી આપી શકીએ. કાઝામાં ઘણા એવા હોમસ્ટે અને એકમાત્ર હોસ્ટેલ છે જ્યાં સસ્તા દરે રહેવાની સુવિધા અને લોકલ તિબેટિયન ફૂડ મળે છે. અહીંના મોટા ભાગનાં હોમ સ્ટેની વિશેષતા એ છે કે કોઈ પણ રૂમની બારીમાંથી સૂર્યાસ્ત અને સૂર્યોદય સમયે પહાડોમાં રમાતી કુદરતની સોનેરી ચાદર અને વાદળોમાં રંગોનો મેળાવડો જોઈ શકાય. સાંજ ઢળે કે કાઝામાં આવેલી મોનેસ્ટરીમાં ઇવનિંગ પ્રેયરમાં ભાગ લઈ શકાય જે જીવનમાં મેડિટેશનનો એક આગવો અનુભવ રહેશે. અહીંની રાત ઠંડી પણ ક્યારેય ન વીસરી શકાય એવી હોય છે. ખાસ તો કૃષ્ણ પક્ષ હોય તો જ્યાં નજર કરો ત્યાં સુધી ચમકતા સિતારાઓ તો વળી ક્યાંક ખરતા તારાઓનાં શેરડા, નરી આંખે સ્પષ્ટ રીતે નજર સમક્ષ તરવરતી તેજસ્વી આકાશગંગા, અવનવા તારામંડળો એ આ નાનકડા નગરની રાત્રિને દિવસ કરતાં વધુ મહત્ત્વની બનાવે છે.

વહેલા ઊઠીને કાઝાથી સવારે સૂરજની રોશની ધરતીને સ્પર્શે કે કુદરતી નજારાઓને જોવા નીકળી પડવું. સ્પિતિ નદીની આંગળી પકડીને થોડે દૂર સ્પિતિની જાહોજલાલીની ચાડી ખાતી એક ખૂબ જ જૂની અને ભવ્ય સભ્યતા અહીંના એક નાનકડા એવા ગામડાં ધનકારમાં વસે છે. અહીં આવેલ ધનકારનો કિલ્લો એ એક એવી ઇમારત એટલે કે ઇમારતનું ખંડેર કહી શકાય જેનું અસ્તિત્વ એક સમયે એટલું સમૃદ્ધ હતું કે આખાય સ્પિતિની એ સદીઓ સુધી રાજધાની રહી હતી. ધનકારનો કિલ્લો કોઈ પક્ષીના માળા જેવી રચના ધરાવે છે જે વિશ્વના સહુથી ઊંચા કિલ્લાઓમાંનો એક કિલ્લો છે. કિલ્લાની સાથે સાથે અહીં જૂની મોનેસ્ટરી પણ છે જે આજે જીર્ણ ખંડેર અવસ્થામાં છે અને આજે યુનેસ્કો વર્લ્ડ હેરીટેજ સાઈટમાં શામેલ થયા બાદ ભારતીય પુરાતત્ત્વ વિભાગની દેખરેખ હેઠળ છે. મધપૂડા માફક વિશાળ પહાડો પર દેખાતો ધનકાર ફોર્ટ એક સમયે સ્પિતિની જાહોજલાલી હતી. આશરે ૧૨૭૭૪ ફૂટ ઊંચાઈ પર આવેલા સ્પિતિ અને પિન નદીના સંગમ સ્થળે હિમાલયના પવનો સામે ઝીંક ઝીલીને આજે પણ જીર્ણ અવસ્થામાં ઊભા રહેલા આ અદ્ભુત સ્થળ સાથે બે ઘડી બેસીને કરેલી ચર્ચાઓમાં એનું અસ્તિત્વ માટીમાં મળી જશે એનું દુ:ખ સ્પષ્ટપણે વર્તાઈ આવતું હતું. ધનકાર ફોર્ટ જેટલું અદ્ભુત સ્થળ મેં આખા સ્પિતિમાં ક્યાંય પણ નથી જોયું. ધનકારનો કિલ્લો અને વહેતી સ્પિતિ નદી સાથે ભૂખરા ધૂળિયા પહાડો જોઈને એના અસ્તિત્વ સામે સવાલ થાય કે આવા ધૂળિયા પહાડો અડીખમ કઈ રીતે ઊભા હશે?

ઇતિહાસનાં પાનાં ફેરવીએ તો સ્પિતિ એક સમયે પશ્ચિમ તિબેટનાં સામ્રાજ્યનો એક હિસ્સો હતું. ૧૧મી સદીના તિબ્બેતના શાસકે એના બે દીકરાઓ માટે ઝંસ્કાર અને સ્પિતિ એમ બે વિસ્તારો સ્થાપ્યા જેમાં સ્પિતિ એ સમયે નોનો નામથી ઓળખાતું હતું. અજોડ સુરક્ષાનાં ઘેરા વચ્ચે બનેલો ધનકારનો કિલ્લો તેના સ્થાનના લીધે જ ભેદવો ખૂબ જ મુશ્કેલ હતો. પિન અને સ્પિતિ નદીની સપાટીથી લગભગ ૧૦૦૦ ફૂટ ઊંચાઈ પર માટીના પહાડ પર સ્થિત આ કિલ્લો ઊંચી પહાડીઓ અને વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે પોતાનો ભવ્ય વારસો સાચવીને જીર્ણ અવસ્થામાં પણ અડીખમ ઊભેલો છે. કિલ્લા પાસે આવેલી ધનકાર મોનેસ્ટ્રીમાં કંઈક અલગ જ અનુભવ થાય છે. પહાડોમાં નાની ગુફા જેવું કોતરીને મેડિટેશન રૂમ બનાવેલ હોઈ, એ સ્થળ કંઈક અલગ જ વાઈબ્સ આપે છે. મોનેસ્ટ્રીની આસપાસ કમળના આકારના આઠ પહાડો છે જે માટીથી સર્જાયા છે. એ માટીથી સર્જાયેલા પહાડો જ ધનકાર કિલ્લાનો મુખ્ય સુરક્ષા ઘેરો બની ગયા. ગામમાં જવાનો એક માત્ર રસ્તો એટલે ધનકારનો કિલ્લો. એ સમયે ફેલાયેલા ૭૫૦૦ સ્ક્વેર કિ.મી.ના વગડામાં ફેલાયેલા સામ્રાજ્યને સાચવવા માટે ધનકાર એકમાત્ર સ્થળ રાજા માટે બધી જ રીતે યોગ્ય હતું. વેરાન વગડામાં હોવા છતાં આ સ્થળ હિન્દુસ્તાન અને ઓલ્ડ સિલ્ક રૂટ સાથે જોડાયેલું હતું. પશ્ચિમ તિબ્બેતથી આવતા વેપારીઓ મહિનાઓ સુધી બરફ ઓગળે ત્યાં સુધી પ્રતીક્ષા કરતા. અહીંના લોકો મીઠું તથા કીમતી રત્નો લઈને યાકનાં દૂધનું ચીઝ અને ઊનનો વ્યાપાર કરતા હતા. આશરે ૯૦૦ વર્ષ પહેલાં અહીં તિબ્બેતના રાજકુમારનું શાસન હતું. સ્થાનિક લોકો અનુસાર આઠસો વર્ષ જૂનો ધનકારનો કિલ્લો ૭૦ના દાયકામાં આવેલા ભયંકર ભૂકંપ પછી લગભગ પડી ભાંગ્યો અને ઇમારતનો મુખ્ય હિસ્સો જમીનદોસ્ત થઈ ગયો છતાં પણ માટી, પથ્થર અને લાકડીથી બનેલા એ શાનદાર કિલ્લાના ત્રણ માળ ખંડેર અવસ્થામાં આજે પણ યથાવત્ છે. ધ વર્લ્ડ મોન્યુમેન્ટ ફંડ દ્વારા આ સ્થળ વિશ્વનાં ૧૦૦ સંકટગ્રસ્ત અવસ્થાનાં સ્થળોની યાદીમાં શામેલ કરવામાં આવ્યું છે. કિલ્લાની છત પરથી દૂર દૂર સુધી પિન અને સ્પિતિ નદીનો પ્રવાહ અને રસ્તાઓને જોઈ શકાય છે.

કુદરતની કરામત તો જુઓ, હજારો વર્ષો પહેલાં સર્જાયેલા માટીના પહાડોને જોઈને કોઈ પણ કહી શકે કે હમણાં કડડભૂસ કરતાં આ પહાડો નીચે આવશે, પણ વર્ષોથી એ તસુભાર પણ નથી હલ્યા. અહીં બેસીને સ્પિતિના ઠંડા અને સૂકા પવનોની લહેરખી કાનમાં સ્પિતિની ભવ્યતાનો ભૂતકાળ વર્ણવી જાય છે. અનેક સદીઓ જોઈ ચૂકેલો ધનકારનો કિલ્લો પોતાના પાયામાં સદીઓથી અનેક રહસ્યોને સંગોપીને બેઠો છે. આ કિલ્લાના અંત સમયે આ કિલ્લા પર લૂંટારાઓ અને હુમલાખોરો તૂટી પડ્યા હતા અને બ્રિટિશ અમલદારોએ આ કિલ્લાને સંપૂર્ણ રીતે લૂંટી લીધો હતો. એ પહેલાં પણ એક સમયે લૂંટારાઓ કિલ્લાની તળેટીએ મોકાની રાહમાં ડેરો જમાવ્યો અને સમય પારખીને કિલ્લાના દરવાજા સુધી પહોંચી ગયા. કિલ્લામાં રહેતા લોકોએ આ હુમલાખોરોને પહોંચી વળવા એક અલગ જ વ્યૂહરચના ઘડીને તેઓને કિલ્લાની અંદર બોલાવી લીધા અને તેઓને ખવડાવ્યું-પિવડાવ્યું.

સામાન્ય રીતે બળદને, એમાં પણ હાલ તો આપણે ટ્રેક્ટર જ ખેતરમાં ચાલતા જોયા હશે, પણ સ્પિતિમાં આપણને ખેતર ખેડતા યાક જોવા મળશે. ખૂબ જ ઓછાં સંસાધનો, પ્રતિકૂળ વાતાવરણમાં પણ અહીંના લોકો પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર પોતાનો નિર્વાહ કરી જાણે છે. અહીં લીલા વટાણાંની ખેતી ઉનાળુ પાક તરીકે કરવામાં આવે છે. સ્પિતિનું મુખ્ય આકર્ષણ છે અહીંની કી મોનેસ્ટ્રી. ત્યાં પહોંચતા રસ્તાઓના તીવ્ર વળાંકો, પહાડોના બદલાતા જતા રંગો અને વાદળો આપણને એકદમ રોમાંચિત કરી દેશે. કી મોનેસ્ટ્રી સ્પિતિની સૌથી જૂની અને સૌથી મોટા મઠમાંની એક છે. રસ્તામાં દૂરથી જ આપણે કી મઠને જોઈ શકીએ એટલી ઊંચાઈ પર સ્થિત છે અને મઠની નીચે જ તીવ્ર વળાંક લેતી સ્પિતિ નદી વહી રહી દેખાય છે. મોનેસ્ટ્રી પરથી પણ સ્પીતી નદીનો પ્રવાહ અને આસપાસનાં ગામડાં જોઈ શકાય છે અને એ દૃશ્ય પણ એટલું સુંદર હોય છે કે અહીં મે કલાકોના કલાકો વિતાવ્યા છે. મોનેસ્ટ્રીથી થોડે ઉપર હાઈક કરીને ત્યાં જઈને બેસીને કી મઠ અને તેની પાછળ વહેતી સ્પિતિ નદીનું દૃશ્ય શબ્દોમાં ના વર્ણવી શકાય એટલું આશ્ચર્યજનક અને અનન્ય છે. સ્પિતિ ઉપરથી વહેતાં વાદળો જાણે સાગરને નદીઓના સંદેશાઓ આપવાની ઉતાવળમાં હોય એવા દૃશ્યમાન થયા છે... સ્પિતિ એની ધૂનમાં એકદમ નિર્મળતા સાથે વહેતી જતી હોય એવું દીસે અને આસપાસની ધારાઓ સ્પિતિ સાથે મૂક રીતે ભળી જતી લાગે. એમ લાગે જાણે તે ઉપર ઊડતા મેઘદૂતો મારફતે સાગરને સંદેશો પાઠવતી હોય. સ્પિતિ નદીના કિનારા પર બેસીને સાંભળેલું તેનું સંગીત તમને અભિભૂત કરી દેશે. આપણે મોટા ભાગે શહેરોમાં ફૅક્ટરીઓની ચીમનીમાંથી નીકળતા ધુમાડા જોતાં આવ્યા છીએ. અહીં કોઈ પડાહી પર ઊભા રહી હાથ લાંબા કરી તો જુઓ વાદળો તમને દોડીને ગળે લગાવી લેશે. સ્પિતિની કોઈ પહાડી પર બેસીને સૂર્યાસ્તના રંગો જોવા એ જીવનભરનું સંભારણું બની જશે. એમાં પણ કોઈ ગમતી કંપની હોય, હાથમાં ગરમ ચાનો કપ હોય, ધીમે ધીમે પહાડીઓ પાછળ સૂર્ય લપાતો જતો હોય અને તે સમયના રંગો - દુનિયાના કોઈ ચિત્રકારની એવી આવડત નહીં હોય કે એ રંગોને હૂબહૂ કેનવાસમાં કંડારી શકે એટલા અદ્ભુત, સૂર્યપ્રકાશની લાલિમા વાદળોને વીંધીને પહાડીઓ અને નદી પર પડે ત્યારે તમામ જાણે તેના રંગે રંગાયું હોઈ એવું દૃશ્ય ખડું થાય.

જીવનમાં શ્રેષ્ઠ ક્ષણો આપોઆપ આવતી નથી, એને અથાગ પ્રયત્નોથી લાવવી પડે છે અને જાળવવી પણ પડે છે. જેમ છોડને પાણી આપીએ એમ એ ખીલે છે એ જ રીતે જિંદગીને ફુરસદની ક્ષણોમાં એક અલગ માહોલ આપવો પણ જરૂરી છે. દેશનાં એવા સ્થળો જે ઓછાં જોવાયાં છે અથવા તો છૂટાછવાયા લોકો જ જ્યાં રહે છે તેઓને મળવાની ઇચ્છા મને ઘણા સમયથી હતી. મિડલ લૅન્ડ તરીકે ઓળખાતા સ્પિતિમાં ફુરસદની ક્ષણો એ રીતે વિતાવવાનું નક્કી કર્યું કે હું ત્યાંનો જ રહેવાસી હોઉં. સ્થળને સ્થળ તરીકે નહીં પણ મારા પોતાના ઘર તરીકે અપનાવીને મેં કાઝામાં આવેલી કી મોનેસ્ટરીને નજીકના પહાડ પર ચઢીને નિહાળી. માટીના બનેલા વિશાળકાય પહાડો, આકાશમાં ઊડાઊડ કરતા હિમાલયનાં પંખીઓ, શાંતિ અને સૌમ્યતા ફેલાવતા પ્રેયર ફ્લેગ્સ, એકસાથે અનેક પ્રવાહોમાં વહેતી સ્પિતિ નદી અને દૂર ક્યાંક પહાડોમાંથી ઊડતી ધૂળ આ બધું જ એકસાથે મનમાં એ રીતે વસી ગયું જાણે હું સ્પિતિનો નહીં, સ્પિતિ મારું છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

**મહાશિવરાત્રી- મહાકુંભ**
નિમિત્તે 26/02/2025, બુધવારે (જાહેર રજા), શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન આયોજીત કરે છે ભવ્ય લઘુરૂદ્રી= રૂદ્રાભિષેક અને મહાકુંભનો સંયુક્ત ભક્તિમય કાર્યક્રમ કાંદીવલીમાં. સંપર્ક- 9082825482. (બી-૧૫૪૭૪)

## ૯. લગ્ન સંબંધી

**યુવક**
Born oct' 92, 5'8 DENTIST MDS Well Settled in Mumbai, Handsome, Pure Vegetarian, નિર્વ્યસની યુવક (વૈષ્ણવ ધર્મમાં માનતા) માટે સંસ્કારી, ગ્રેજ્યુએટ કન્યાના વડીલો સંપર્ક કરે. 9870155575 / 9892864570. (જ્ઞાતિબાધ નથી) (દહેજ નહીં.) (એસડીબી-૨૪૫૨)

**''કંકોત્રી-50''**
અસંખ્ય વેરાયટી- વ્યાજબી પ્રિન્ટીંગ ભાવ- ડિલિવરી 6 દિવસમાં સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ- બોરીવલી- 9820000538/ 9820441711. (દહેજ નહીં) (૧૫૬૨૪-એ)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.). (૧૫૬૦૮-સી)

■ દાદરમાં 1990, એલ.એલ.બી. વેરી ઈન્ટેલિજન્ટ બ્યુટીફૂલને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

■ ઘાટકોપર 1992 સી.એ. 5'-6" દેખાવડીને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

## ૯. લગ્ન સંબંધી

■ વસઈમાં 1996, ગ્રેજ્યુએટ સ્માર્ટ વેલસેટને જૈન કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૫૯૬/બી)

**શિયાળુ પાક**
વસાણાથી ભરપૂર અડદીયા- સાલમ- ગુંદર- ખજૂરપાક, કચેરીયું, ઘારી, વિવિધ ચિક્કીઓ. મેઘસન્સ, મલાડ 9930222700. (૧૫૫૫૬-સી)

**સુરતીપોંક-ઉંધીયું**
મલાડમાં રોજેરોજ વહેલી સવારમાં આવતો વાનીનો લીલોછમ પોંક, લીંબુમરી સેવ, કતારની પાપડીનું ચટાકેદાર ઉંધીયું, મેઘસન્સ, મલાડ 8657222700 (Wefastથી ડિલિવરી). (૧૫૫૫૬-ડી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાકુંભનો મોકો**
**AC પુશબેક મિનિબસ - હોટલ, પ્રયાગસ્નાન, ચિત્રકુટ, અયોધ્યા, વારાણસી પ્રસ્થાન 21/2 (ગ્રુપ આવકાર્ય) ગ્લોબલ ટુર્સ - 9967894750. (બી-૧૫૫૭૯)**


# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722


## ૧૨. યાત્રા સહેલગાહ

**કુંભ સ્નાન**
ચિત્રકૂટ, પ્રયાગરાજ અયોધ્યા ગોરખપુર પોખરા કાટમંડુ બનારસ 7 માર્ચ જયઅંબે જગદીશભાઈ 9930929799. (૧૫૫૫૫-એ)

**બદ્રીકેદાર**
ગંગોત્રી યમનોત્રી હરીદ્વાર ઋષિકેશ મે, જૂન, સપ્ટેમ્બર. જયઅંબે જગદીશભાઈ 9930929799. (૧૫૫૫૫-બી)

**શ્રી યમુના**
84 કોષ પરિક્રમા. વ્રજયાત્રા, વૈષ્ણોદેવી, કાશ્મીર, અમૃતસર, ચારધામ, માના, ચોપતા, ગ્રુપ કન્સેસન. 9892377559. (બી-૧૫૫૨૪)

**ચિરાગ હોલીડેઝ**
ચારથી ચારસો વ્યક્તિના ગ્રુપનું 21 વર્ષથી સંસ્થાઓમાં સર્વે સમાજનાં મંડળોની પ્રથમ પસંદગી, ચારધામ સ્પેશીયલ, પ્લેનમાં, હેલીકોપ્ટરમાં, 3-4 સ્ટાર હોટલમાં 6 દિવસ, 11, બે ટાઈમ પ્લેનમાં/ રાજધાની ટ્રેનમાં 12 દિવસ, 15/16 રેગ્યુલર ટ્રેનમાં, લકઝરીયસ હોટલમાં, રસોડું સ્વતંત્ર વાહનમાં, મે, જૂનમાં, ઓગસ્ટથી ઓકટોબરમાં, જુલાઈ ઓગસ્ટમાં ફલાવર ઓફ વેલી સાથે ચારધામ વગર પણ. 7303560200/ 9833009445. (બી-૧૫૫૧૧)

**ચિરાગ**
વૈષ્ણોદેવી, સંપૂર્ણ કાશ્મીર 7 એપ્રિલ, 09 દિવસ, 12. 7303560200. (બી-૧૫૫૧૦)

## ૧૭. જગ્યા આપવી છે

**લોનાવાલા - ખંડાલા**
ફલેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૫૫૩૪)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની સામે, રેડીમાં 3 બેડરૂમ 1195' ફૂટ બે પાર્કિંગ સાથે, હાયર ફલોરમાં વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૧૫)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની સામે, રેડીમાં ૧ બેડરૂમ ૪૦૦' તથા ૪૭૫' ફૂટ (પાર્કિંગ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૧૪)**

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૫૦૪)

**ઘાટકોપર**
ફલેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૫૦૫-એ)

**મુલુંડ (વેસ્ટ)**
2 BHK, 715 Sq. Ft. ડો. આમ્બેડકર રોડ અને RHB રોડ પર, પાર્કીંગ, OC સાથે ફલેટ વેચવાનો છે. નવું બિલ્ડીંગ. સંપર્ક- 9930333456. (૧૫૫૬૬-એ)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**
૧ થી ૬ બેડરૂમના ફલેટ તથા ઓફિસ, દુકાન લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ ૯૯૨૦૯૨૭૯૫૮, ૯૮૨૦૦૦૮૦૦૩. (૧૫૬૦૨-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
બજાજ રોડ, સ્ટેશન નજીક, 2 બેડ, 736 કારપેટ, 3 બેડ 934 કારપેટ અંડર કન્સ્ટ્રકશન, પઝેશન 12 મહિનામાં જીમ, રૂફ ટોપ ગાર્ડન વેચાણથી. 9136663063. (૧૫૫૬૨-એ)

**ચેમ્બુર/ ઘાટકોપર**
પ્રાઈમ લોકેશનમાં ફલેટ, ઓફિસ, દુકાન ઓનરશીપથી/ ભાડેથી- લેવા- વેચવા ''પ્રેમદાસભાઈ'' 9324023466, ''દિનેશભાઈ'' 9892544207. (૧૫૪૯૮-એફ)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૬ બેડરૂમ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરિયા ૨૩૦૦' કારપેટ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૨૫૩)

**જાજરમાન ફલેટ**
બાલ્કની સાથે, કાંદીવલી (વેસ્ટ) 14' હાઈટ્સ, 6 બેડરૂમ 3900' કાર્પેટ - 4 બેડરૂમ 2400' કારપેટ, લકઝરીયસ એમિનીટીઝ સંપર્ક 9820344084. (જેપી/૪૯૭૨-બી)

**વિશાળ ફલેટ્સ**
બાલ્કની સાથે કાંદીવલી (વેસ્ટ)- 3.5 બેડરૂમ 1450' કાર્પેટ - 4 બેડરૂમ 1600' કારપેટ - 6 બેડરૂમ 2900' કારપેટ - 11' ફૂટ હાઈટ, લકઝરિયસ એમિનીટીઝ સંપર્ક 9820344084. (જેપી/૪૯૭૨-સી)

**બોરીવલીમાં/કાંદિવલીમાં**
**કલ્પતરુમાં/લોઢામાં/રીવાલી પાર્કમાં/ ઓબેરોયમાં/ચાંડકમાં/સેઠિયામાં/ શાપુરજીમાં/વાધવામાં/ગોદરેજમાં/ મહિન્દ્રમાં. લેવા/વેચવા/ભાડેથી ''શ્રીજી'' 9820045571. (જેપી/૪૯૭૨-ઈ)**

**2 બેડરૂમ**
વેચાણથી કાંદીવલી વેસ્ટ એમ જી રોડ Aprox 875' કાર્પેટ, હાયર ફ્લોર, પાર્કિંગ, ગુજરાતી જૈન વૈષ્ણવ સોસાયટી, 2.59 કરોડ નીગોસીએબલ રેડી પજેસનથી લેવા 9820344084. (જેપી/૪૯૬૯-જી)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફલેટ, ઓફિસ, દુકાન, ભાડેથી /વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્ર વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૬૦૯-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**Ready Duplex**
5 બેડરૂમ, ડુપ્લેક્સમાં personal Lift, કાંદીવલી વેસ્ટ, ઓપન વ્યુ, હાયર ફલોર, વાસ્તુ પ્રમાણે, જૈન વૈષ્ણવ ફેમિલી માટે ખાસ, માર્કેટ દેરાસર હવેલી નજીક 3 પાર્કિંગ સંપર્ક. 9820344084 (જેપી/૪૯૬૯ એચ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**ફલેટ, ઓફિસ, દુકાન/ ભાડે/ વેચાણથી લેવા- વેચવા રાજેશભાઈ સાવલા- 9892329269. (૧૫૬૨૬-એ)**

**લીઝ ફલેટો**
૨/૩/૪ બેડરૂમ ફર્નિશ્ડ ફલેટો લીઝ ૩ બેડરૂમ ઓનરશીપ જુહુ ધારા કોમ્પલેક્ષ જેવી લીંકરોડ ૧ બેડરૂમ જુહુ ગ્રીનફિલ્ડ ૪ બેડરૂમ પાર્લા (વેસ્ટ) લીઝ, બી. નરેન્દ્ર જોશી ૯૮૨૦૨૯૪૯૨૨, ૯૧૬૭૩૦૯૮૬૯, ૯૮૯૨૨૯૭૭૭૫. વિષાલ. (૧૫૬૧૬-સી)

**શાન્તાક્રુઝ (વેસ્ટ)**
એસ. વી. રોડ- ૩ બેડરૂમનો ટેરેસ ફલેટ ૩,૭૦,૦૦૦,૦૦/- રિડેવલપમેન્ટ ઓફર આવેલ છે. વધુ વિગત માટે સંપર્કઃ- ''ચેતન નાગર'' ૯૮૨૦૧૪૧૫૪૪/ ૯૯૨૦૧૪૧૫૪૪. (બી-૧૫૪૫૨)

**મલાડ (વેસ્ટ)**
ભાડેથી, 2 બેડરૂમ કપોળ સોસાયટી મારવે રોડ, Owner 8080354777. (જેપી/૪૯૬૪-જી)

**નમન ટાવર**
હવેલી કોમ્પ્લેક્સમાં, કાંદિવલી વેસ્ટ, 2 બેડરૂમ, 765' કાર્પેટ ડક કવર, હાયરફલોર, વેચાણથી. Owner 8080354777. (જેપી/૪૯૬૪-એફ)

**માટુંગા સેન્ટ્રલ**
ફોર સેલ, જેડ વેદાંત, શેઠ બી એન રોડ, ૨ બીએચકે ફલેટ, ૭૪૧ કાર્પેટ, છઠ્ઠા માળે, લીફ્ટ, પાર્કિંગ છે, માટુંગા સ્ટેશન, દેરાસર અને કિંગ્સસર્કલથી ૫ મિનિટ, 3.35 કરોડ નેગોશીએબલ. સંપર્કઃ ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૫૪૩)

**પ્રભાદેવી**
2 BHK (800' કાર્પેટ) + ક્લોઝડ ગેરેજ + ઓપન પાર્કીંગ - ઓછું મેન્ટેનન્સ, આઉટરાઈટથી (3.75 કરોડ). ''જીતુભાઈ'' 9869322453. (૧૫૬૧૫-એ)

**વર્લી**
3 બેડરૂમ- 1100' - કાર્પેટ - પાર્કીંગ - સી.ફેસીંગ 5,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/બી)

**તારદેવ**
3 બેડરૂમ- 1600' - કાર્પેટ - પાર્કીંગ - 6,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/સી)

**મલબાર હીલ**
3+4 બેડરૂમની જોડી. 3500'- 2 ગેરેજ- પાર્કીંગ- સી ફેસીંગ શાહ- 9820068382. (૧૫૩૨૦/ડી)

**ગામદેવી**
2 1/2 બેડરૂમ- 825' - કાર્પેટ - પાર્કીંગ - 5,0000000/= સ્ટેમ્પડ્યુટીની સાથે શાહ - 9820068382. (૧૫૩૨૦/એ)

**ANDHERI WEST**
1 BHK Second Floor 650 Carpet Near Paaneri 7208072007. (247)

**DOSTI MEZZO SION,**
**Quiet Location All Amenities, Pool, Club, Gym, Possn in 6 months Group Booking Discounted Deals 2 Bed 3.20 Cr. ++ 3 Bed 4.45 Cr. ++ 8655929524. (B-15280)**

**SANTACRUZ (WEST)**
Available Luxurious 2/3 Bed Flats (Prime Location, Possession April) Glorious Enterprises - 9920689842. (B-15515)

**READY POSSESSION**
3 BHK Borivali West. 32 floor building near Railway and Metro station 968' Carpet area for Rs. 3,08,95,000/-* with luxurious Amenities 11th floor with surface Car Parking. group booking welcome. - 8451880090, 9967430313. (JP/4972-G)

**VILEPARLE EAST**
Hanuman Road, 1RK 240 Carpet, 3rd Top Floor, No Lift, 1.15 Nego. 9082123289. (B-15564)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**શીરસાટ ઈન્ડસ્ટ્રીયલ N.A. PLOT- 10,000'- 20,000' ફૂટ લેવાઃ 8780264376. (૧૫૬૧૮-બી)**

**INDUSTRIAL UNIT FOR SALE**
**Immediate Ready Possession In**
MIDC, Malegaon, Sinnar, Nashik, 150 KM from Mumbai, with MIDC Water & 250 H P Power, 4 Nos. Loading Points, In & Out gates 17544 Sq. Mtr Plot area having Factory Building constructed around 62000 Sq.Ft area.
All compliance approved by Govt authorities & clear title for sale.
GENUINE BUYERS / AGENTS WELCOME.
Mobile: 9833547481 / 9924021230
E Mail: kurup@systematicltd.com & ashwani@systematicltd.com
(B-15576)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઝવેરી બજાર**
**છીપીચાલ ૧૩૦ સ્કવેર ફિટ ૫મે માળે ફુલ હાઈટ મેડાની પરવાનગી છે. ઘરેણાં બનાવનાર બંગાલી માટે. સંપર્કઃ- 9322255218. (૧૫૫૭૪-એ)**

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૫૯૦-બી)

**''હર્ષ શાહ''..**
"live".. લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૫૪૯)

## ૩૨. જમીન-મિલકત

■ વેચવાનું છે બીલીમોરા ગુજરાતમાં રેલવે સ્ટેશન, એસ.ટી. ડેપો, સ્કૂલ , એપીએમસી માર્કેટની પાસે, ટાઈટલ કલીયર ૧૧૨૦૦ સ્કે. ફૂટનો પ્લોટ, ૧૭૨૦૦ સ્કે. ફૂટના મકાન કમ્પાઉન્ડ વોલ સાથે ૨૪ કલાક પાવર, પાણી, ગૅસની સગવડ સાથે ફેક્ટરી, હોસ્પિટલ, ઓફિસ, એપાર્ટમેન્ટને લાયક. કોલ ૯૮૯૮૭૫૬૦૦૯. (બી-૧૫૫૭૭)

**દેવલાલી**
5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબ્જો. યોગેનભાઈ- 9869170308. (બી-૧૫૫૫૨)

■ 5 એકર NA પ્લોટ વેચવાનો છે. રોડટચ મહાબળેશ્વર- કાસ રોડ, રેગડેવાડી- મહાબળેશ્વર. ભાવ- રૂ. 16 કરોડ. સંપર્ક- 9765407930. (૧૫૬૦૭-એ)

## ૩૩. ધંધાદારી

**વોટ્સએપમાં જાહેરાતો**
300 રૂપિયામાં 1.20 લાખ કસ્ટમર/ ફ્રી ટ્રાયલ માટે. 9821112796. (૧૫૬૨૪-બી)

■ ઘરે ડ્રોન પીપરડીશ બનાવો. દર મહિને 30-35 હજાર કમાઓ બે વર્ષનો કરાર- 9028160157. (બી-૧૫૫૪૮)

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**HOME LOAN - MORTGAGE LOAN**
From 5 Cr. to 50 Cr. - to Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be Solved. Jalaram Finance 9820441711. (15608-A)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**
**Civil, Plumbing, Water Proofing, Interior by Civil Engineer. 9833521709. (15321-A)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૫૪)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ઈલોન મસ્કને મોટો ઝટકો, ડીઓજીઇની શક્તિઓ પર અમેરિકાની કોર્ટે કાતર ફેરવી

વોશિંગ્ટનઃ 'અમેરિકન ફેડરલ કોર્ટે ઈલોન મસ્કની કંપની ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ એફિશિયન્સી ડીઓજીઇ વિરુદ્ધ મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ઈલોન મસ્કની કંપનીના અધિકારીઓને અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટના કામકાજમાં દખલ કરવાથી રોકી દીધા છે, કારણ કે આ વિભાગ પાસે અમેરિકાના લાખો લોકોની અત્યંત સંવેદનશીલ અને વ્યક્તિગત માહિતી છે, જેને ઍક્સેસ કરવાનો ઈલોન મસ્કની કંપનીને કોઈ કાનૂની અધિકાર નથી.

ડેમોક્રેટિક એટર્ની જનરલના એક ગ્રૂપે ઈલોન મસ્ક, ડોનલ્ડ ટ્રમ્પ અને ડિઓજીઇ સામે દાવો દાખલ કર્યો. આ મામલે અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, 'અમે કોર્ટના આદેશનું પાલન કરીશું.' આ દરમિયાન મસ્ક-ટ્રમ્પ સાથીઓએ ચુકાદો આપનારા ન્યાયાધીશો સામે મહાભિયોગની માંગ કરી છે. મેનહટનમાં ડિસ્ટ્રિક્ટ જજ જેનેટ વર્ગાસે આ કેસમાં ચુકાદો આપ્યો હતો, જ્યારે બીજી કોર્ટે વિરુદ્ધ દિશામાં ચુકાદો આપ્યો હતો, જેનાથી મસ્કની કંપનીને રેકોર્ડ્સ ઍક્સેસ કરવાની મંજૂરી મળી હતી.

શનિવારે (૧૫મી જાન્યુઆરી) જિલ્લા ન્યાયાધીશ જીનેટ વર્ગાસે અરજીનો નિકાલ કર્યો અને ઈલોન મસ્કની કંપની ડીઓજીઇ પર લાદવામાં આવેલ કામચલાઉ સ્ટે લંબાવ્યો. આનાથી મસ્કની ટીમ અમેરિકાના ટ્રેઝરી સિસ્ટમ સુધી પહોંચી શકશે નહીં, જે ટ્રિલિયન ડોલરની ચુકવણી માટે જવાબદાર છે. ડીઓજીઇને રેકોર્ડ્સ સુધી પહોંચવા દેવાની ન્યાયાધીશની વિનંતીને ૧૯ ડેમોક્રેટિક રાજ્યોના એટર્ની જનરલોએ મંજૂરી આપી હતી.

આમાંથી એક અરજીની સુનાવણી દરમિયાન આ આદેશ આપવામાં આવ્યો છે. બાકીની અરજીઓ પર નિર્ણય હજુ જાહેર થવાનો બાકી છે. ડેમોક્રેટિક એટર્ની જનરલના એક જૂથે મસ્ક, ટ્રમ્પ અને ડીઓજીઇ પર દાવો માંડ્યો, જેમાં આરોપ લગાવવામાં આવ્યો કે ઈલોન મસ્કની સરકારી નિમણૂક ગેરબંધારણીય હતી અને ફેડરલ ન્યાયાધીશને તેમને સરકારી ડેટા ઍક્સેસ કરવા અને તેનો ઉપયોગ કરવાથી રોકવા માટે કહ્યું. ■

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં અપેક્ષિત દૂરોગામી પ્રગતિ સાથે ભવિષ્ય નાટ્યાત્મક બનશેઃ રાષ્ટ્રપતિ

રાંચીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) અને મશીન લર્નિંગનાં ક્ષેત્રોમાં દૂરગામી પ્રગતિ સાથે, ભવિષ્ય નાટકીય બનવાનું છે.

રાષ્ટ્રપતિ મુર્મૂ શુક્રવારે ઝારખંડની બે દિવસીય મુલાકાતે પહોંચ્યાં હતાં અને રાજભવનમાં રાત્રી રોકાણ કર્યું હતું. તેમની મુલાકાતને ધ્યાનમાં રાખીને ઝારખંડની રાજધાનીમાં સુરક્ષા સઘન કરવામાં આવી છે.

મુર્મૂએ જણાવ્યું હતું કે કેન્દ્ર એઆઈને ઉચ્ચ શિક્ષણમાં એકીકૃત કરવા માટે પગલાં લઈ રહ્યું છે, અને તે ગર્વની વાત છે કે બિરલા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, મેસરા, રાંચી ૨૦૨૩માં શરૂ કરાયેલ સંબંધિત અભ્યાસક્રમો સાથે આગળ હતું.

''એઆઈ, મશીન લર્નિંગમાં અપેક્ષિત દૂરોગામી પ્રગતિ સાથે ભવિષ્ય નાટ્યાત્મક બનવાનું છે. ભારત સરકાર એઆઈને ઉચ્ચ શિક્ષણમાં એકીકૃત કરવા માટે પગલાં લઈ રહી છે. સર્જાઈ રહેલી તકનીકી તકો હાંસિયામાં ધકેલાઈ ગયેલાં સમુદાયો માટે પણ ઉપલબ્ધ થવી જોઈએ, અને જે મહાન પરિવર્તન લાવવામાં આવી રહ્યું છે તેનાથી બધાને ફાયદો થવો જોઈએ,'' એમ મુર્મૂએ સભાને સંબોધિત કરતા કહ્યું.

તેમ છતાં, મુર્મુએ પરંપરાગત સમુદાયોના જ્ઞાન આધારને અવગણવા માટે સંશોધકો અને ઉદ્યોગસાહસિકોને ચેતવણી આપતા કહ્યું કે, ''ઘણીવાર, સમસ્યાઓને મોટા તકનીકી હસ્તક્ષેપની જરૂર હોતી નથી.''

રાષ્ટ્રપતિએ વિજ્ઞાન, ટેક્નોલોજી, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને દર્શાવતા પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું, જેમાં એઆઈ સક્ષમ રોબૉટ્સ અને સ્વ-સંચાલિત કારનો સમાવેશ થાય છે.■

# વાયનાડ પુનર્વસન માટે કેન્દ્રીય લોનની શરતો 'ભયાનક' અને 'ક્રૂર મજાક' છેઃ મહેસૂલ પ્રધાન

થ્રિસુર/વાયનાડઃ વાયનાડ પુનર્વસન માટે કેન્દ્ર દ્વારા મંજૂર કરાયેલ રૂ. ૫૨૯.૫૦ કરોડની લોનમાં એવી શરતો છે જે 'ભયાનક' અને 'ક્રૂર મજાક' છે, એમ કેરળના મહેસૂલ પ્રધાન કે રાજને શનિવારે જણાવ્યું હતું.

મહેસૂલ પ્રધાને જણાવ્યું કે આ દર્શાવે છે કે વાયનાડ અને કેરળમાં ભૂસ્ખલન પીડિતો પ્રત્યે કેન્દ્ર સરકારના વલણમાં કોઇ ફેરફાર થયો નથી. રાજને અહીં પત્રકારોને જણાવ્યું કે કેરળને બિનશરતી નાણાકીય સહાય આપવાને બદલે કેન્દ્રએ ફક્ત કડક શરતો સાથે લોન આપી, જેમાં ૩૧ માર્ચ સુધીમાં સંપૂર્ણ રકમનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે. પ્રધાને કહ્યું કે લોનનો ભાગ રહેલી શરતો ભયાનક છે. રાજ્યને આગામી ૪૫ દિવસમાં, ૩૧ માર્ચ સુધીમાં સંપૂર્ણ રકમનો ઉપયોગ કરવાનો નિર્દેશ આપવો એ ક્રૂર મજાક છે.

દરમિયાન વાયનાડમાં એક ટીવી ચેનલ સાથે વાત કરતાં કેટલાક આપત્તિગ્રસ્ત લોકોએ જણાવ્યું કે તેઓ ઘટનાક્રમથી નિરાશ છે. તેમજ કેન્દ્ર અને રાજ્ય તેમને એક છાવણીથી બીજી છાવણીમાં બોલની જેમ ફેંકી રહ્યા હોવાનું કહ્યું હતું. તેમણે કહ્યું કે જ્યારે વડા પ્રધાન અહીં આવ્યા અને પુનર્વસન કાર્ય માટે તમામ શક્ય મદદનું વચન આપ્યું ત્યારે અમને ઘણી આશાઓ હતી. પરંતુ કેન્દ્ર સરકારે રાજ્યને માત્ર લોન આપી છે. અમારી પાસે વિરોધ અને આંદોલન સિવાય બીજો કોઇ વિકલ્પ નથી. નોંધનીય છે કે ગયા વર્ષે જુલાઇમાં વાયનાડ જિલ્લાનાં ત્રણ ગામોમાં થયેલા ભૂસ્ખલનમાં ૨૦૦થી વધુ લોકોનાં મોત થયાં હતાં. ■

# ઐતિહાસિક કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરમાં નવી યાત્રા શરૂ થઈઃ ધનખડ

કટરાઃ જમ્મુ અને કાશ્મીરમાં ૨૦૧૯ માં કલમ ૩૭૦ની ''ઐતિહાસિક'' નાબૂદી થયા પછી એક નવી સફર શરૂ થઈ અને પવિત્ર પ્રદેશને હવે સંઘર્ષ ક્ષેત્ર માનવામાં આવતું નથી અને તેના લોકોની આશાઓ વધી રહી છે, એમ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે શનિવારે જણાવ્યું હતું. ભાજપના વિચારક શ્યામા પ્રસાદ મુખર્જીના સ્પષ્ટ સંદર્ભમાં, ધનખડે કહ્યું હતું કે ધરતીના એક મહાન પુત્રે એકવાર 'એક દેશ મેં એક નિશાન, એક વિધાન, એક પ્રધાન'ની માંગ ઉઠાવી હતી અને તે સપનું અનુચ્છેદ ૩૭૦ નાબૂદ થયા પછી પૂર્ણ થયું છે જેણે જમ્મુ રાજ્ય અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપ્યો હતો. શ્રી માતા વૈષ્ણો દેવી યુનિવર્સિટીના ૧૦મા દીક્ષાંત સમારોહ દરમિયાન એક સભાને સંબોધતા ઉપ-રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ''જ્યાં એક સમયે અવ્યવસ્થા હતી, ત્યાં હવે આપણે વાસ્તવિક વ્યવસ્થા અને સ્થિરતાના સાક્ષી છીએ.''

''પેઢીઓની આકાંક્ષાઓને પાંખો મળી જ્યારે ૨૦૧૯માં કલમ ૩૭૦ની ઐતિહાસિક નાબૂદી સાથે અલગતાની બંધારણીય દીવાલો તૂટી ગઈ. માતા વૈષ્ણો દેવીની પવિત્ર ભૂમિમાં, એક નવી તીર્થયાત્રાની શરૂઆત થઈ - એકલતાથી એકીકરણ તરફની યાત્રા. અનુચ્છેદ ૩૭૦ એક અસ્થાયી લેખ હતો,'' એમ તેમણે લેખમાં જણાવ્યું હતું. બંધારણના ઘડવૈયા બી આર આંબેડકરે કલમ ૩૭૦ સિવાયના તમામ કલમોનો મુસદ્દો તૈયાર કર્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, ભારતીય રાજકીય ક્ષેત્રના અન્ય ''મહામાનવ'' સરદાર પટેલે જમ્મુ અને કાશ્મીર રાજ્ય સિવાય ભૌતિક રાજ્યોને એકીકૃત કરવાનું કાર્ય પોતાના પર લીધું હતું. ■

## મુંબઈ સમાચાર કલાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧ મી માર્ચ ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ કલાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# વિશ્વભરમાં ફેલાઇ રહ્યો છે સ્વદેશી કલ્ચરનો પવન?

**ઓપિનિયન**

**સી. એ. પ્રકાશ દેસાઈ**

મેક ઇન ઇન્ડિયાનો નારો જયારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં આપેલો ત્યારે તેની મજાક ઉડાડવામાં કોઇએ કસર છોડી નહોતી. તેથી જ આજે જગતમાં મોબાઇલ ફોનના ઉત્પાદનમાં ભારત દ્વિતીય સ્થાને છે. તેવી ઘણી એચિવમેન્ટસ સ્વીકારવી આ ટીકાખોરો માટે મુશ્કેલ છે.

પણ જયારે ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકા ફર્સ્ટ અને મેઇડ ઇન અમેરિકાના નારા આપે છે. ત્યારે પૂરી દુનિયા તેને સ્વીકારે છે અને તે બરાબર છે તેમ જસ્ટીફાઇ પણ કરે છે આમ ઘરકી મુર્ગી દાલ બરાબર જેવો ઘાટ છે!

સ્વદેશી પ્રોડક્ટસ અને સ્વદેશી કલ્ચરનો પવન દુનિયાભરમાં ફેલાઇ રહ્યો છે અને દરેક દેશ તેના સેંકડો વર્ષ જૂના કલ્ચરને આજની પેઢીને બતાવીને તેઓને તેમના દેશના રીચ કલ્ચરથી વાકેફ કરવાના પ્રયત્નો કરે છે અને તેનું તાજેતરનું ઉદાહરણ છે ''ને ઝા ૨''નામના ચીની મુવીની સફળતા.

દુનિયામાં બોકસ ઓફિસ કલેકશનમાં અમેરિકા પ્રથમ ક્રમાંકે અને ચીન બીજા નંબરે આવે છે પણ ચીનની મુવી ટિકિટ સેલની આવક હોલીવૂડ મુવી ચીનમાં પ્રદર્શિત કરવામાં આવે છે તેની છે પણ ૨૦૨૩ પછી પહેલીવાર તેમાં પરિવર્તન થતું જોવા મળે છે. જેમ કે ૨૦૨૩માં ચીની બોક્સ ઓફિસ કલેકશનમાં પહેલી ૧૦ ફિલ્મોમાં માત્ર એક હોલીવૂડ ફિલ્મ ''ગોડઝીલા એક્સ કિંગ ધ ન્યુ એમ્પાયર'' હતી. ૧૯૯૦માં ચીની થિયેટર્સ હોલીવૂડ મુવી એક્ઝિબીટ કરવા માટે ખોલવામાં આવ્યા ત્યાર પછી ચીની બોકસ ઓફિસમાં આટલા વર્ષોમાં પહેલીવાર જોવા મળ્યું છે કે પહેલી ૯ બોકસ ઓફિસ સક્સેસફૂલ મુવી પ્રોડયુસ્ડ ઇન ચાઇના છે. મુવી મેકિંગમાં સ્વદેશીકરણની શરૂઆત તો ચીનમાં ૨૦૧૭માં થઇ ગયેલી, જયારે ''વુલ્ફ ઓફ વોરિયર'' મુવી ચીને બનાવેલી જેમાં ચીની રિટાયર્ડ સોલ્જર્સ અમેરિકન વિલનને પીટી નાખે છે અને તેના પછી તો ૨૦૨૧માં ''ધ બેટલ એટ લેક ચેન્જિંગ'' મુવી પ્રોડયુસ કરવામાં આવ્યું. જેમાં ચીની વોલન્ટિયર્સ અમેરિકન સોલ્જર્સને કોરિયન વોરમાં હરાવતા બતાવવામાં આવ્યા છે.

ચીની સિવિલ સોસાયટીનું માનવું છે કે એ દિવસો ગયા જયારે ચાઇનીઝ કુંગ ફું પાંડા ઉપર હોલીવૂડવાળા મુવી બનાવે અને ચાઇનીઝ લોકો પૈસા ખર્ચીને જોયા કરે, કારણકે ચીની કલ્ચરને ચીન કરતા કોઇ વધારે સારી રીતે ના સમજી શકે અને તેથી જ ચીનમાં ચીની કલ્ચર ઉપર મુવી બનાવવાની શરૂઆત થઇ ચૂકી છે. જેનું છેલ્લું ઉદાહરણ છે ''ને ઝા ૨'' કે જે ૧૬મી સદીની માયથોલોજિકલ સ્ટોરી ઉપર આધારીત છે. જે ૨૦૧૯માં આવેલી ''ને ઝા''મુવીની સિકવન્સ છે. જેમાં ૩ વર્ષની એક બાળકી સુપર પાવર સાથે જન્મે છે. જેની આયુ માત્ર ૩ વર્ષની જ છે. પણ જેમાં તે તેના ગામને પોલિટિશયન, ગુન અને દાનવોથી ત્રાસથી બચાવે છે. ફિલ્મ ૨૯ જાન્યુઆરી ૨૦૨૫ના રિલીઝ થયેલી અને ૧૦ દિવસમાં તો તેણે ૧.૨ બિલ્યન ડોલર્સની કમાણી કરી લીધી છે અને સૌ પ્રથમ ફિલ્મ છે કે જે પૂરેપૂરી ચીનમાં ચીની ટેક્નિશિયનોએ પ્રોડયુસ કરેલી છે.

ચાઇનીઝ કોમ્યુનિસ્ટ પાર્ટી આ મુવીની અભૂતપૂર્વ સફળતાથી બહુ ખુશ છે અને તેથી જ ચીની સરકારે ચીની નવા વર્ષની અઠવાડિયાની રજા વધુ એક દિવસથી વધારી દીધી કે જેથી ચીનાઓ આ ફિલ્મ જોઇ શકે.

ચીની મુવીઝમાં થતી અમેરિકન સૈનિકોની કોરિયન વોરમાં ધોલાઇ વગેરે ૨૦૧૭થી જ ચાલુ થઇ ગયેલ છે. તેથી અમેરિકા સાથે સંબંધો વણસવાની શરૂઆત તમામ મોરચે થઇ ગયેલ છે અને તેના કરતાં પણ ચીન તેના કલ્ચરને ચીનાઓની નવી પેઢીને અને દુનિયાને તેના ગૌરવશાળી વારસાથી વાકેફ કરવા માગે છે અને સાચે જ કહે છે કે તેનું ચિત્રીકરણ વિદેશી નહીં પણ ચીનાઓ જ સાચી અને ઇફેકિટવ રીતે કરી શકે જેમ કે ભારતમાં પણ ૨૦૨૫ના કેન્દ્ર સરકારના બજેટમાં ૫૦ ઐતિહાસિક સ્થળોની પહેચાન કરીને તેના ભવ્ય ભૂતકાળને સજીવન કરીને જીવંત કરવા માગે છે જેથી ભારતની નવી અને જૂની પેઢી ભારતના ભવ્ય ભૂતકાળ પરંપરા અને એચીવમેન્ટસથી ગુપ્તા, ચોલા, મોર્ય, ચૌહાણ, પાંડયા વગેરે ડાયનેસ્ટીના રાજમાં ભારતે શોર્ય અને સમાજક્ષેત્રે કરેલી આર્થિક પ્રગતિને દુનિયા જાણી શકે અને આટલું જ નહીં પણ રામાયણ, મહાભારત ઉપર આજે પણ નાટકો એને ટીવી સિરિયલોના માધ્યમથી પણ લોકો સુધી ભારતની મહાન ગૌરવશાળી ઉપલબ્ધિઓ પ્રદર્શિત કરવામાં આવે છે, અને લગભગ ૫૦૦ વર્ષ ઉપરાંતની કાનૂની લડાઇ પણ અયોધ્યામાં સ્થાપિત રામમંદિરે તો એવી હવા સર્જી છે કે ભારતમાં નહીં પણ વિદેશમાં રહેતા ભારતીયોની પણ જિંદગીમાં એક ઇચ્છા છે કે એકવાર તો અયોધ્યા જઇને રામ ભગવાનના દર્શન કરીને આશીર્વાદ પ્રાપ્ત કરવા અને આના કારણે રિલિજીલિયસ ટૂરિઝમ આજે ટોચના ક્રમાંકે છે. જે રોજગાર અને આવકના નવાં ક્ષેત્રો ઊભા કરે છે. જેનું સૌથી મોટું ઉદાહરણ ૧૪૪ વર્ષ બાદ પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ છે કે જેમાં ૫૦ કરોડ કરતાં વધારે શ્રદ્ધાળુઓ સંગમમાં સ્નાન કરીને ડૂબકી મારીને પવિત્રતાનો અનુભવ કરેલ છે. રશિયામાં પણ ''ધ અગ્લી સ્વોન' મુવી ૧૯૬૭ની બહુ ચર્ચિત અને સફળ નવલકથા પર આધારિત છે. આજ વસ્તુ આજે જાપાન જર્મની જેવા મોટા ભાગના દેશો કરી રહ્યા છે. અને તેથી આજે દુનિયાભરમાં કલ્ચરલ રિવોલ્યુશન આવી રહ્યું છે. તેથી જ તો શાળામાં ભણાવવામાં લેખોમાં, ટીવી ડિબેટમાં સોશિયલ મીડિયામાં ચર્ચાઓમાં અને મુવી પ્રોડકશન, ટીવી સિરિયલો અને ડ્રામામાં રિચ કલ્ચર પ્રમોટ થતું જોવા મળે છે. હાલમાં જ અમેરિકાની વિઝિટ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીની જયારે એલન મસ્કએ તેના ૩ સંતાનો સાથે મુલાકાત કરી ત્યારે મોદી સાહેબે મસ્કના બાળકોને પંચતંત્રની ચોપડીઓ ભેટ આપેલી હતી. અમેરિકન ઓથર અને સ્ક્રીપરાઇટર રે બ્રેડ બરીનું કહેવું છે કે ''યુ ડોન્ટ હેવ ટુ બર્ન બુકસ ટુ ડિસ્ટ્રોયે અ કલ્ચર, જસ્ટ ગેટ પીપલ ટુ સ્ટોપ રીડિંગ ધેમ.'' ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૭.૬૫૪ અબજ ડૉલરનો વધારો

મુંબઈ: ગત તા. સાતમી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૭.૬૫૪ અબજ ડૉલર વધીને ૬૩૮.૨૬૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૧.૦૫ અબજ ડૉલર વધીને ૬૩૦.૬૦૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. તેમ જ આ સાથે જ સતત ત્રીજા સપ્તાહમાં દેશની વિદેશી હુંડિયામણની અનામતમાં વધારો જોવા મળ્યો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે દેશની કુલ અનામત વધીને ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી, પરંતુ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં સતત હસ્તક્ષેપ કરવો પડતો હોવાથી અનામતમાં સતત ઘટાડો થતો રહ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં મોટો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૬.૪૨૨ અબજ ડૉલર વધીને ૫૪૪.૧૦૬ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૧.૩૧૫ અબજ ડૉલર વધીને ૭૨.૨૦૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, પરંતુ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૧.૧ કરોડ ડૉલર ઘટીને ૧૭.૮૭૮ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૭.૧ કરોડ ડૉલર ઘટીને ૪.૦૬૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરનો ફફડાટ: સોનામાં સલામતી માટેની માગે એકતરફી તેજીનું વલણ

## તેજીના માહોલમાં લગ્નસરાની અપેક્ષિત માગ પર પાણી ફરી વળ્યું

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગત સપ્તાહે તેમની અર્થશાસ્ત્રીઓની ટીમને પ્રત્યેક દેશો સાથેના વેપારમાં રેસિપ્રોકલ ટેક્સની યોજના ઘડવાનો આદેશ આપવાની સાથે આગામી પહેલી એપ્રિલથી રેસિપ્રોકલ ટેક્સ લાગુ થશે, એવી જાહેરાત કરી હતી. આમ આ જાહેરાત કરવામાં આવતા વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની સ્થિતિ નિર્માણ થાય તેવી ભીતિ સપાટી પર આવતા રોકાણકારોની સોનામાં સલામતી માટેની અવિરત માગને ટેકે ગત મંગળવારે વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૨૯૪૨.૭૦ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા. જોકે, રેસિપ્રોકલ ટેક્સનો અમલ એપ્રિલ મહિનાથી શરૂ થવાનો હોવાથી અમુક ઘણાં દેશોએ રાહતનો શ્વાસ લીધો હોવા છતાં ટ્રેડ વૉરની ભીતિ હેઠળ સપ્તાહ દરમિયાન સોનામાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. જોકે, સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર રોકાણકારોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજર ભાવમાં ૧.૬ ટકાનો ઘટાડો નોંધાયો હોવા છતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે અંદાજે ૦.૮ ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો.

એકંદરે વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં સ્થાનિક ઝવેરી બજારમાં પણ તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું અને ભાવ વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના સ્થાનિક વેરા રહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત સાતમી ફેબ્રુઆરીના રૂ. ૮૪,૬૯૯ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૮૫,૩૬૮ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૮૪,૮૪૫ અને ઉપરમાં રૂ. ૮૬,૦૮૯ની રેન્જમાં અથડાઈને અંતે રૂ. ૧૨૯૯ અથવા તો ૧.૫૩ ટકા વધીને રૂ. ૮૫,૯૯૮ના મથાળે બંધ રહ્યા હતા. એકંદરે બજારમાં એકતરફી તેજીના માહોલમાં માત્ર સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગમાં સોંપો પડી ગયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ગત કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં આભૂષણો માટેની માગમાં ભારત ચીન કરતાં આગળ નીકળી ગયું હોવાનું વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે એક આંકડાકીય માહિતી આપતા જણાવ્યું હતું કે ગત સાલ ભારતની સોનાની આભૂષણો માટેની વપરાશી માગ ૫૬૩.૪ ટનની સપાટીએ રહી હતી, જ્યારે ચીનની માગ ૫૧૧.૪ ટનની સપાટીએ રહી હતી.

સોનામાં જોવા મળેલી આગઝરતી તેજી અને ભાવ વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હોવાથી ખાસ કરીને લગ્નસરાની મોસમની અપેક્ષિત માગ પર પાણી ફરી વળ્યું હોવાના અહેવાલ હતા, જ્યારે વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ગ્રાહકો ડીલરોને આકર્ષવા માટે ઔંસદીઠ ૭થી ૧૦ ડૉલર જેટલું ડિસ્કાઉન્ટ ઑફર કરી રહ્યા હતા, પરંતુ અપેક્ષિત માગનો વસવસો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કોઈમ્બતુરસ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે ઘણાં ગ્રાહકો લગ્નપ્રસંગ માટે સોનું ખરીદવા ઉત્સુક છે, પરંતુ ઊંચા ભાવને કારણે તેઓએ ખરીદી અટકાવી છે અને ભાવઘટાડાની રાહ જોઈ રહ્યા છે. અત્રે નોંધનીય બાબત એ છે કે ભારતમાં લગ્નપ્રસંગમાં ભેટ-સોગાદ આપવા માટે સોનાની ખરીદીનું આગવું મહત્ત્વ હોય છે. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત વર્ષ ૨૦૨૪માં સ્થાનિકમાં સોનાના ભાવમાં ૨૧ ટકાનો ઉછાળો આવ્યો હતો, તેની સરખામણીમાં વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ભાવ ૧૦ ટકા જેટલા વધી ગયા છે. આમ તેજીને કારણે સ્થાનિક સ્તરે માગ રૂંધાઈ જવાથી ગત સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૩૦થી ૩૮ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સત્તારૂઢ થતાં ચીનથી આયાત થતાં માલ સામે ૧૦ ટકા ડ્યૂટી લાદી હતી. જોકે, કેનેડા અને મેક્સિકોથી થતી આયાત સામે સૌ પ્રથમ ૨૫ ટકા ડ્યૂટી લાદ્યા બાદ તેનો અમલ એક મહિનો મુલતવી રાખ્યો હતો. ત્યાર પછી ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને યુરોપિયન યુનિયનને લક્ષ્યમાં રાખીને રેસિપ્રોકલ ટેક્સ અથવા ટેરિફ લાદવાની જાહેરાત કરતાં વૈશ્વિક ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતાં સોનામાં સતત સાતમા સપ્તાહમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. વધુમાં ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના આર્થિક આંકડાઓમાં ખાસ કરીને ફુગાવામાં તથા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં વધારો થવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કપાત કરે તેવી શક્યતાઓ પણ ધૂંધળી બની હોવા છતાં વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં લેતાં રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે સોનામાં તેજીનું વલણ જળવાઈ રહ્યું હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૨૮૬૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૨૯૮૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૪,૮૦૦થી ૮૭,૯૦૦ આસપાસની રેન્જમાં અથડાતા રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર એકતરફી તેજીનું વલણ રહ્યા બાદ ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજરમાં ભાવ આગલા બંધ સામે ૧.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૨૮૮૨.૮૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ છતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે ૦.૮ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી હતી. આ સિવાય વાયદામાં પણ ભાવ ૧.૫ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૨૯૦૦.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવા છતાં ટેરિફ, ડૉલર ઈન્ડેકસમાં નરમાઈ, ફુગાવાલક્ષી દબાણ અને એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (પેપર ગોલ્ડ)ની તુલનામાં હાજર સોનામાં વધી રહેલી માગ જેવાં કંઈક પરિબળોને ધ્યાનમાં લેતાં સોનામાં આંતરપ્રવાહ તો મજબૂત જ હોવાનું એલિગન્સ ગોલ્ડના ચીફ ઓપરેટિંગ ઑફિસર એલેક્સ ઍબકરિઅને જણાવતા ઉમેર્યું હતું કે રેસિપ્રોકલ ટેરિફના અમલને કારણે અમેરિકા ખાતે ફુગાવામાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા પણ સોનાને સલામતી માટેની માગનો ટેકો મળતો રહેશે. ■

# ૨૦ એનબીએફસીએ આરબીઆઈને રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પરત કર્યાં

મુંબઈ: રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ અને આઈડીએફસી લિ. સહિતની ૨૦ નોન બૅન્કિંગ ફાઈનાન્સ કંપનીઓ (એનબીએફસી)એ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ પરત કર્યા હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ ગત શુક્રવારે જણાવ્યું હતું.

જે નોન બૅન્કિંગ ફાઈનાન્સ કંપનીઓએ સર્ટિફિકેટ ઑફ રજિસ્ટ્રેશન પરત કર્યા છે તેમાંથી બે કંપનીઓ હવે નોન બૅન્કિંગ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશન બિઝનૅસમાંથી બાકાત થઈ ગઈ છે તેમાં મેનોવે ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિ. અને રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિ.નો સમાવેશ થાય છે. આ સિવાય આઈડીએફસી લિ., આઈડીએફસી ફાઈનાન્સિયલ હોલ્ડિંગ કંપની લિ. અને અન્ય ૧૬ કંપનીઓનું સર્ટિફિકેટ ઑફ રજિસ્ટ્રેશન પરત કરવાનું કારણ અમાલગમેશન અથવા તો મર્જરને કારણે તેમનું અસ્તિત્વ નથી રહ્યું. આ ઉપરાંત રિઝર્વ બૅન્કે ૧૭ એનબીએફસીનું સર્ટિફિકેટ ઑફ રજિસ્ટ્રેશન કેન્સલ અથવા તો રદબાતલ કર્યું હોવાનું આરબીઆઈએ યાદીમાં જણાવતાં ઉમેર્યું હતું કે રદબાતલ કરવામાં આવેલ એનબીએફસીઓની રજિસ્ટર્ડ ઑફિસ પશ્ચિમ બંગાળમાં હતી. વધુમાં અન્ય એક યાદીમાં આરબીઆઈએ જણાવ્યું હતું કે અપેલેટ ઑથોરિટી/કોર્ટના આદેશને ધ્યાનમાં રાખીને કામધેનુ ફાઈનાન્સ કંપની પ્રા. લિ.નું લાઈસન્સ પુનઃ સ્થાપિત કરવામાં આવ્યું છે. ■

# ખાંડમાં છૂટાછવાયા વેપારે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીના અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં એકંદરે વેપારો છૂટાછવાયા હોવાથી હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ પાંખા કામકાજો વચ્ચે સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી રૂ. ૨૦નો ઘટાડો જોવા મળ્યો હતો. આમ એકંદરે આજે મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ હતો તેમ જ રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૪ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૮૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૫૨થી ૪૦૮૨માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ વધીને રૂ. ૩૮૩૦થી ૩૮૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગે વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૬૦થી ૩૯૩૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની સ્ટીલ ઉત્પાદન ક્ષમતા ૩૦ કરોડ ટનની પાર થશે: સેઈલ

નવી દિલ્હી: દેશમાં સ્ટીલની માગને ટેકે આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની સ્ટીલ ઉત્પાદન ક્ષમતાં ૩૦ કરોડ ટનની પાર થઈ જવાની શક્યતા સ્ટીલ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (સેઈલ)નાં અધ્યક્ષ અમરેન્દુ પ્રકાશે વ્યક્ત કરી છે. વર્ષ ૨૦૧૭માં જ્યારે રાષ્ટ્રીય સ્ટીલ નીતિ ઘડવામાં આવી હતી ત્યારે વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશની સ્ટીલ ઉત્પાદન ક્ષમતા ૩૦ કરોડ ટન સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો અને તે સમયે આ લક્ષ્યાંક અવાસ્તવિક જણાઈ રહ્યો હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે આગામી પાંચ વર્ષમાં સ્ટીલની ઉત્પાદન ક્ષમતા જે હાલ ૧૮ કરોડ ટનની છે તે વધીને ૩૩ કરોડ ટન સુધી પહોંચશે.વાસ્તવમાં વર્ષ ૨૦૧૭માં રાષ્ટ્રીય સ્ટીલ નીતિ ઘડવામાં આવી હતી અને અમે ઈચ્છીએ છીએ કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ઉત્પાદન ક્ષમતા વધીને ૩૦ કરોડ ટનની સપાટીએ પહોંચે.

આ લક્ષ્યાંકથી અમને એક સ્ટીલ ઉત્પાદક તરીકે હસવુ આવ્યું હોવાનું અમે કબુલી રહ્યા છીએ. તે સમયે અમારી ક્ષમતા માત્ર આઠ કરોડ ટનની હોવાથી વર્ષ ૨૦૩૦ સુધીની વાત અમે હસવામાં કાઢી હતી. જોકે, ત્રણ મહિના પૂર્વે અમારી બેઠક થઈ હતી અને અમે લક્ષ્યાંક સુધારતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦ કરોડ ટનની ક્ષમતા નહીં, પરંતુ ૩૩ કરોડ ટનની ક્ષમતાનો લક્ષ્યાંક રાખવામાં આવે. ગત સાલ માગની સ્થિતિ આશ્ચર્યજનક રહી હતી અને દેશનાં ૬.૫૦થી ૭ ટકાના જીડીપી સામે ભારતીય સ્ટીલ ક્ષેત્રનો વૃદ્ધિદર ૧૪ ટકાનો રહ્યો હતો અને આ વર્ષેનાં પહેલા ૧૦ મહિનામાં ક્ષેત્રનો વૃદ્ધિદર ૧૧ ટકાના સ્તરે છે. ■

# માદક પીણાંના ઉત્પાદક સંગઠનની ડમ્પિંગ પર નિયંત્રણોની માગ

નવી દિલ્હી: દેશનાં માદક પીણાંનાં ઉત્પાદકોના સંગઠન કોન્ફેડરેશન ઑફ ઈન્ડિયન આલ્કોહોલિક બિવરેજ કંપનીઝ (સીઆઈએબીસી)એ સરકારને આયાતી સ્પિરિટ પર કડક નિયંત્રણો લાદવાની તેમ જ સ્થાનિક ઉત્પાદકોને બજારના એક્સેસના વિસ્તરણ માટે પગલાં લેવાનો સરકારને અનુરોધ કર્યો છે.

કોન્ફેડરેશને જણાવ્યું હતું કે ભારતીય લિકર ઉત્પાદકો આયાત જકાતમાં કરવામાં આવેલા ઘટાડાનો વિરોધ નથી કરતાં જોકે, તેઓ તબક્કાવાર ધોરણે ડ્યૂટીમાં ઘટાડો કરવાની માગ કરી રહ્યા છે. અત્રે નોંધનીય બાબત એ છે કે સરકારે ગત ૧૩મી ફેબ્રુઆરીના રોજ મુખ્યત્વે અમેરિકાથી આયાત થતી બર્બન વ્હિસ્કી પરની આયાત જકાતમાં ૧૦૦ ટકાનો ઘટાડો કર્યો હતો. વધુમાં કોન્ફેડરેશને સરકારને અનુરોધ કર્યો હતો કે ભારતીય કંપનીઓની સમસ્યાઓને ઉકેલ લાવે અને મુક્ત વેપાર કરાર હેઠળ વાટાઘાટો કરીને સ્થાનિક કંપનીઓને લેવલ પ્લેઈંગ ફિલ્ડ મળે તેવી બાંયધરી આપે તથા ભારતીય આલ્કોહોલિક ઉત્પાદનોને સારી રીતે આંતરરાષ્ટ્રીય બજારમાં એક્સેસ મળે કેમ કે તેઓ ટેરિફ સિવાયનાં ઘણાં અંતરાયોનો સામનો કરી રહ્યા છે.

વધુમાં કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડો કરવામાં આવ્યો હોવાથી રાજ્ય સરકારો દ્વારા આયાતી લિકરને આપવામાં આવતી એક્સાઈઝ ડ્યૂટીની રાહતો પાછી ખેંચવાનો અનુરોધ કરતાં કોન્ફેડરેશનનાં ડિરેક્ટર જનરલ અનંત એસ ઐયરે જણાવ્યું હતું કે સરકારે કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડા અને મુક્ત વેપાર કરાર અંગે લેવામાં આવતા નિર્ણયોમાં ભારતીય લિકર ઉત્પાદકોનાં હિત જાળવવાની જરૂર છે. અમે સરકારને છેલ્લાં ૧૦ વર્ષથી સ્પિરિટ પરની કસ્ટમ ડ્યૂટીમાં કાપ મૂકવાની ભલામણ કરી છે. આ ઉપરાંત પશ્ચિમના દેશોની બજારમાં એક્સેસ અંગે બાંયધરી આપવાનું અને બહારનાં દેશોમાંથી સસ્તા ભાવથી થઈ રહેલા ડમ્પિંગ સામે ભારતીય કંપનીઓનાં હિત જાળવવા માટે સરકારને અનુરોધ કર્યો છે. ખાસ કરીને પશ્ચિમના દેશો દ્વારા લાદવામાં આવેલા ટેરિફ સિવાયના અંતરાયોને કારણે ભારતીય ઉત્પાદનોને એક્સેસ નથી મળી રહ્યું, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# ટીન અને નિકલમાં જળવાતી આગેકૂચ

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ટીન અને નિકલમાં સતત ત્રીજા સત્રમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૩ અને રૂ. પાંચની આગેકૂચ જળવાઈ રહી હતી, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦ સુધીનો પ્રત્યાઘાતી ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૩ વધીને રૂ. ૨૮૭૧ના મથાળે અને રૂ. પાંચ વધીને રૂ. ૧૩૮૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૮૭, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૨૫, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૮૦૮, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૧૭, રૂ. ૭૫૨ અને રૂ. ૫૮૪, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૫૩૮ અને રૂ. ૨૭૧ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૬૨ના મથાળે રહ્યાં હતાં. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રીકલ કામ**

ADEE/TRD/BL આમંત્રિત કરે છે ટેન્ડર નં.: EL/TRD/W/૧૧૮/૨૪-૨૫/૧૭ તા. ૧૨.૨.૨૦૨૫. કામનું નામ: મુંબઈ ડીવીજનના વિરાર - સૂરત સેક્સનમાં બિલીમોરા સ્ટેશનમાં બોલાસ્ટ લોડીંગનું ઓગમેન્ટેશન તેમજ ચિકૂ લોડીંગના સંબંધમાં OHE કામ. એડવર્ટાઈઝડ કિંમત: ₹ ૪૬,૯૦,૪૦૦/-. બારડી: ₹ ૯૩,૮૦૦/ - સુપ્રતિની તારીખ અને સમય: ૭.૩.૨૦૨૫ સુધી ૧૫ ક. ખૂલવાની તારીખ અને સમય: ૭.૩.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપયા મુલાકાત લો અમારી વેબસાઈટ www.ireps.gov.in મેન્યુઅલ ઓફર્સની વિચારણા નહીં થાય. 1074

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**મધ્ય રેલવે**

**મુંબઈ ડીવીજન**

માસિક ધોરણ પર CCM (PM)ની ઓફીસમાં ૧૮ માસ માટે પેસ્ટ અને રોડન્ટ/ કોક્રોચીસ/ જીવજંતુઓના નિયંત્રણ માટે વિવિધ પાર્ટીઓ પાસેથી કોટેશન મંગાવવા માટે.

કામનું નામ: ઓપન ટેન્ડરીંગ પ્રક્રિયા દ્વારા કોન્ટ્રાક્ટમાં વધુ પ્રવેશ માટે CCM (PM)ની ઓફીસમાં પેસ્ટ અને રોડન્ટ/ વાંદા/ જીવજંતુઓના નિયંત્રણ માટે આકારણી કરવા એરીયાના સર્વે બાદ વિવિધ પાર્ટીઓ પાસેથી કોટેશન મંગાવવા. નોટીસ નં. C/CRS/BB-૬૪/ પેસ્ટ કંટ્રોલ/Pt-II, ઓફીસનું સરનામું જ્યાં અરજી સુપ્રત કરવાની છે- ચીફ કોમર્સીયલ મેનેજર (PM)ની ઓફીસ, ન્યૂ એનેક્ષ બિલ્ડીંગ (કોર્ટ બિલ્ડીંગ), ૩જા માળે, મુંબઈ CSTM, પીન-૪૦૦૦૦૧. સહી અને સ્ટેમ્પ સાથે અરજી સુપ્રત કરવાની અંતિમ તારીખ: ૨૦/૨/૨૦૨૫ના ૧૬ ક. સુધી. અરજી ખૂલવાની તારીખ- ૨૦/૨/૨૦૨૫ના ૧૬.૩૦ ક. પૂર્ણતા/મુદત સમયગાળો- ૧૮ માસ. શરૂ થવાની તારીખથી માસિક ધોરણ પર.

ચીફ કોમર્સીયલ મેનેજર (PM)

SUN 779

टिकट के लिए UTS APP डाउनलोड करें

# બૅંકના ‘રક્ષક’ બન્યા ‘ભક્ષક’

## ન્યૂ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅંકમાં ૧૨૨ કરોડની ઉચાપત




(અમય ખરાડે)



**ભૂતપૂર્વ જનરલ મેનેજર હિતેશ મહેતાની ધરપકડ**

**કેસની ગંભીરતાને જોતા તપાસ આર્થિક ગુના શાખાને સોંપાઇ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૅંકના ભંડોળમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત કરવાના આરોપસર ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅંકના ભૂતપૂર્વ જનરલ મેનેજર અને હૅડ ઑફ એકાઉન્ટ્સ હિતેશ પ્રવીણચંદ્ર મહેતાની આર્થિક ગુના શાખાએ શનિવારે ધરપકડ કરી હતી. પોલીસે મહેતાના દહિસરના નિવાસે રેઇડ પાડી કેટલાક દસ્તાવેજો પણ જપ્ત કર્યા હતા.

બૅંકના એક્ટિંગ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દેવર્ષી શિશિરકુમાર ઘોષની ફરિયાદને આધારે દાદર પોલીસે શનિવારે મહેતા તથા તેના સાથીદાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. મહેતા અને તેના સાથીદારે બૅંકની પ્રભાદેવીમાં એસ. વી. નાગવેકર માર્ગ પર આવેલી બ્રાન્ચ તથા ગોરેગામ ખાતેની બ્રાન્ચમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત કર્યાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો. દરમિયાન મામલાને ગંભીરતાથી જોતાં તેની તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે મહેતા દાદર અને ગોરેગામની બ્રાન્ચ સંભાળતો હતો. તેણે ૨૦૨૦થી ૨૦૨૫ દરમિયાન પોતાના હોદ્દાનો દુરુપયોગ કરી બૅન્કની તિજોરીમાંથી ૧૨૨ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી. આમાં પ્રભાદેવીની બ્રાન્ચમાંથી ૧૧૨ કરોડ રૂપિયા અને ગોરેગામની બ્રાન્ચમાંથી ૧૦ કરોડ રૂપિયાની ઉચાપત કરાઇ હતી.

મહેતા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યા બાદ આર્થિક ગુના શાખાની ટીમ મહેતાના દહિસર વિસ્તારમાં આર્યાવત સોસાયટીમાં આવેલા નિવાસે પહોંચી હતી, જ્યાંથી કેટલાક

(જુઓ પાનું ૬) ▶▶

## બૅંકની બહાર બીજે દિવસે પણ ખાતાધારકોનો ધસારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આરબીઆઇ દ્વારા ન્યૂ ઇન્ડિયા કૉ-ઓપરેટિવ બૅન્ક પર નિયંત્રણો લાદવામાં આવ્યા બાદ બીજે દિવસે પણ બૅંકની મુંબઈ, થાણે સહિત અન્ય શાખાઓ બહાર ખાતાધારકોની ભીડ જોવા મળી હતી. જોકે તેમને બૅંકમાં પ્રવેશ આપવામાં આવ્યો નહોતો, જેને કારણે ખાતાધારકોમાં રોષ ફેલાયો હતો.

ખાતાધારકોએ પોતાની મૂડી લેવા માટે શનિવારે સવારે પણ બૅંક બહાર લાઇન લગાવી હતી અને રૂપિયા પાછા મળી રહ્યા ન હોવાથી બૅંકના સત્તાવાળાઓ વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો હતો. બૅંકની પ્રભાદેવી, મુલુંડ, થાણે બ્રાન્ચ બહાર મોટી સંખ્યામાં ખાતાધારકો જોવા મળ્યા હતા. વર્ષોથી બૅંકમાં ખાતું ધરાવતા સિનિયર સિટિઝને કહ્યું હતું કે તાજેતરમાં અમે બૅંકમાં રૂપિયા જમા કરાવ્યા હતા અને શુક્રવારે બૅંક બંધ થઇ ગઇ. બૅંકે પૈસા સ્વીકાર્યા અને તેઓ હવે પૈસા આપવાનો ઇનકાર કરે છે. અમે હવે શું કરીએ. ■

# નાશિકમાં ૨૦૨૭માં યોજાશે સિંહસ્થ મહાકુંભ

## મહારાષ્ટ્ર સરકારે તૈયારીઓ શરૂ કરી, યોગીજીનું માર્ગદર્શન મેળવાશે

મુંબઈઃ ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં મહાકુંભની સફળતા બાદ મહારાષ્ટ્ર સરકારે વર્ષ ૨૦૨૭માં યોજાનાર નાશિક - ત્ર્યંબકેશ્વર સિંહસ્થ મહાકુંભને ભવ્ય અને દિવ્ય બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં એક બેઠક મળી હતી. આ બેઠકમાં બંને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને અજિત પવાર પણ હાજર રહ્યા હતા.

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ નાશિક કુંભ ૨૦૨૭ની તૈયારી વિશે જણાવ્યું હતું કે ’મેં યોગી આદિત્યનાથ સાથે વાત કરી છે. પ્રયાગરાજમાં કરવામાં આવેલી તૈયારી અને વ્યવસ્થા જોવા માટે અહીંથી તમામ અધિકારીઓની એક ટીમ પ્રયાગરાજ જશે અને ત્યાંના લોકો તેમને માર્ગદર્શન આપશે.

પ્રયાગરાજ બાદ આગામી કુંભ મેળો ૨૦૨૭માં મહારાષ્ટ્રના નાશિકમાં ત્ર્યંબકેશ્વર ખાતે યોજાશે. ત્યારબાદ ૨૦૨૮માં પૂર્ણ કુંભ ઉજ્જૈનના સિંહસ્થમાં યોજાશે. ૨૦૩૦માં અર્ધ કુંભ મેળો પ્રયાગરાજમાં યોજાશે. આ પરિસ્થિતિમાં કુંભ મેળા ૨૦૨૭ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને રાજ્યની તમામ એજન્સીઓને પ્લાન તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. ■

# પક્ષ વિરોધી પ્રવૃત્તિ : ઉદ્ધવ ઠાકરેએ પાર્ટીમાંથી ત્રણ નગરસેવકની કરી હકાલપટ્ટી

મુંબઈઃ શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષમાં એક પછી એક ગાબડાં પડી રહ્યા છે ત્યારે પક્ષપ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ત્રણેય નગરસેવકોને હાંકી કાઢવાનો નિર્ણય લીધો છે. શિવસેનાના રત્નાગીરી જિલ્લા પ્રમુખ વિલાસ ચાળકે અને ભૂતપૂર્વ જિલ્લા પ્રમુખ રાજેન્દ્ર મહાડિકની પક્ષમાંથી હકાલપટ્ટી કરવામાં આવી છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિના આરોપ મૂકી કુલ ત્રણ જણને દરવાજો દેખાડી દેવામાં આવ્યો છે. આ સંદર્ભે પક્ષના સેક્રેટરી વિનાયક રાઉતના હસ્તાક્ષર વાળી એક અખબારી યાદી બહાર પાડવામાં આવી છે.

વિધાનસભા ચૂંટણી પછી ઠાકરે જૂથને કોંકણમાં મોટા આંચકા લાગ્યા છે. તાજેતરમાં જ માજી વિધાનસભ્ય રાજન સાળવીએ ઠાકરેને જય મહારાષ્ટ્ર ઘોષણા કરી શિંદે સેનામાં પ્રવેશ કર્યો હતો. કોંકણમાં શિવસેનાના ઓપરેશન ટાઇગરની ચર્ચા ચાલી રહી છે ત્યારે હવે રત્નાગીરી જિલ્લાના કેટલાક પદાધિકારીઓ સામે પક્ષવિરોધી પ્રવૃત્તિ બદલ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

કાર્યાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે રત્નાગીરી જિલ્લાના સહ-સંપર્ક પ્રમુખ રાજેન્દ્ર મહાડીક, જિલ્લા પ્રમુખ વિલાસ ચાળકે અને ચિપલુણ-સંગમેશ્વર વિધાનસભા પ્રમુખ રોહન બનેએ પક્ષ

(જુઓ પાનું ૬) ▶▶

# ‘વન સ્ટેટ, વન રજિસ્ટ્રેશન’ યોજના અમલમાં આવશે

મુંબઈઃ ‘વન સ્ટેટ, વન રજિસ્ટ્રેશન’ યોજનાથી પ્રોપર્ટી રજિસ્ટ્રેશન પ્રક્રિયા દ્વારા સરળ અને સુસજ્જ સેવાઓનો વિસ્તાર કરવામાં આવનાર હોવાથી નાગરિકોને જમીન ખરીદવા - વેચવામાં સરળતા રહેશે. રાજ્યના કોઈ પણ વિસ્તારનો દસ્તાવેજ અન્ય કોઈપણ જિલ્લામાં રજિસ્ટર કરી શકાય એ માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જાહેર કરેલી યોજનાનો અમલ ૧૭ ફેબ્રુઆરીથી કરવામાં આવશે. રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડ્યૂટી વિભાગ એક મહિનાની અંદર રાજ્યભરમાં તેનો અમલ કરવાનો ઇરાદો ધરાવે છે.

હાલ રાજ્યમાં જિલ્લા સંયુક્ત રજિસ્ટ્રાર કાર્યાલયના કાર્યક્ષેત્ર હેઠળના ખરીદ - વેચાણ દસ્તાવેજ એ જ સંયુક્ત રજિસ્ટ્રાર કાર્યાલયમાં નોંધવામાં આવે છે. ઘણી વખત બહારના જિલ્લાઓમાંથી આવતા ખરીદદારો જમીન અને મકાનો ખરીદવા માટે અન્ય જિલ્લાઓમાં લેવડદેવડ કરે છે. તેમણે સંબંધિત જિલ્લા સંયુક્ત રજિસ્ટ્રાર કાર્યાલયમાં જઈ વ્યવહાર પૂર્ણ કરવો પડે છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે હોદ્દો સંભાળ્યો એના ૧૦૦ દિવસની અંદર ‘વન સ્ટેટ, વન રજિસ્ટ્રેશન’ પહેલ શરૂ કરવાની જાહેરાત કરી હતી. એ અનુસાર રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પ ડ્યુટી વિભાગે આ અંગે ટેકનિકલ પાસાની પૂર્તતા કરવાનું શરૂ કર્યું છે.

પ્રાયોગિક ધોરણે મુંબઈ અને ઉપનગરો એ બે જિલ્લાની ૩૨ સબ - રજિસ્ટ્રાર કાર્યાલયો સંયુક્ત રીતે જોડાતા અને મુંબઈના ખરીદદારો આ કાર્યાલયોમાં ગમે ત્યાં દસ્તાવેજ રજિસ્ટર કરાવી શકશે. ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન અભયસિંહ મોહિતેએ જણાવ્યું હતું કે મુંબઇમાં ટેકનિકલ મુશ્કેલીઓ દૂર કર્યા પછી આગામી એક મહિનામાં આ પહેલ રાજ્યભરમાં શરૂ કરવામાં આવશે. ■

# પશ્ચિમ રેલવેમાં પ્રવાસીઓને મળશે સાફ-સુથરા શૌચાલય, હાથ ધરી કવાયત...

મુંબઈઃ મુંબઈના રેલવે સ્ટેશનો પર ગંદા શૌચાલયો એ ખૂબ જ સામાન્ય બાબત છે અને એમાં પણ સબર્બન સ્ટેશન પર લોકોની ભીડ જોતા તો આ શૌચાલયોમાં સાફ-સફાઈ રાખવી એ ખૂબ જ અઘરું કામ છે. આવી પરિસ્થિતિમાં પશ્ચિમ રેલવેના પ્રવાસીઓને રાહત આપનારા સમાચાર સામે આવી રહ્યા છે, કારણ કે પશ્ચિમ રેલવે દ્વારા ચર્ચગેટથી લઈને દહાણુ સુધી ટોઈલેટ્સની સ્થિતિનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર આ સર્વે દરમિયાન ટૂટેલી ટાઈલ્સ, ગાયબ થયેલાં નળ, ગળતર થઈ રહેલાં પાઈપ, તૂટેલી ટોઈલેટ્સ સીટ્સ, દાગ-ધબ્બાવાળા ગંદા વોશ બેસિન અને બીજી બાબતોનું નિરીક્ષણ કરવામાં આવશે.

રેલવે સ્ટેશન પરના નિઃશુલ્ક શૌચાલયો અંગે મળેલી ફરિયાદ બાદ રેલવેએ કેટલાક સ્ટેશન પર પે એન્ડ યુઝ ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ કરાવી આપી, પરંતુ આ શૌચાલયોની હાલત પણ ખાસ કંઈ સારી ન હોવાની ફરિયાદ મળી રહી છે. મુંબઈ ડિવિઝનમાં કુલ ૫૯ ટોઈલેટ બ્લોક છે અને એમાંથી ૪૩ પે એન્ડ યુઝ મોડેલ અંતર્ગત આવે છે. પશ્ચિમ રેલવેએ ૨૦૨૪માં સાત પે એન્ડ યુઝ ટોઈલેટસના કોન્ટ્રાક્ટરને ટર્મિનેટ કરી દીધા હતા. આ કોન્ટ્રાક્ટ અંગે ઓવરચાર્જિંગની ફરિયાદ મળતાં કોન્ટ્રાક્ટરની ૧૧.૫૦ લાખ રૂપિયાની ડિપોઝિટ પણ જપ્ત કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલવેના ડિવિઝનલ રેલવે મેનેજર પંકજ સિંહે આ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે અમે લોકોએ મુંબઈ ડિવિઝનના તમામ રેલવે પરિસરના ટોઈલેટનું સર્વે શરૂ કર્યું છે અને નાનામાં નાની બાબતની પણ નોંધ લેવામાં આવશે. જે સ્ટેશન પર પે એન્ડ યુઝ ટોઈલેટની વ્યવસ્થા કોન્ટ્રાક્ટર હેઠળ છે તેમને ગંદા ટોઈલેટ માટે જવાબદાર ઠેરવવામાં આવશે. આ

(જુઓ પાનું ૬) ▶▶



**હાય હાય ગરમી, ઉફ ઉફ ગરમી...**

હજી તો માંડ ફેબ્રુઆરી મહિનો અડધો પૂરો થયો છે ત્યાં જ રાજ્ય સહિત મુંબઈમાં તાપમાનનો પારો ઊંચેને ઊંચે જઈ રહ્યો છે. મુંબઈગરામાં છેલ્લાં કેટલાક દિવસથી વહેલી સવારે અને મોડી રાતે ઠંડી અને દિવસ દરમિયાન એપ્રિલ-મે મહિનાની ગરમીનો અનુભવ કરી રહ્યા છે. (જયપ્રકાશ કેળકર)

# મને સાદો સમજનારાના શું હાલ થયા?: શિંદેનો વિપક્ષ પર પ્રહાર

## રત્નાગિરિની સભામાં દબંગ અંદાજમાં જોવા મળ્યા શિંદે

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેએ શનિવારે રત્નાગિરિમાં એક સભાનું આયોજન કરતાં સમયે વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતા. અમે સોનાની ચમચી લઇને જન્મ્યા નથી, અમે સોનેરી સમય આવે એ માટે જ રાજકારણમાં પ્રવેશ્યા છીએ. અને. એની શરૂઆત અઢી વર્ષ પહેલાં અમે કરી દીધી હતી. હવે એમાં ગતિ પ્રાપ્ત કરવાની છે. અમે ઘરે બેસીને સરકાર નથી ચલાવતા, જનતા માટે અમે રસ્તા પર ઊતરીએ છીએ.

એકનાથ શિંદેએ ખેડૂતોને પ્રશ્ને બોલતાં કહ્યું હતું કે અમે ખેડૂતો સાથે વાત કરી છે અને અમે કોઇ પણ યોજના બંધ કરવાના નથી. અમે સાવધાનીપૂર્વક વિચાર કરીને જ યોજના બનાવી છે અને એ વાતને સ્પષ્ટ કરી હતી કે લાડકી બહેન સહિત તમામ યોજનાઓ ચાલુ જ રહેશે.

રાજકારણમાં તો પદ ક્યારેક ઉપર તો ક્યારેક નીચે થાય છે. જોકે મને રાજકારણમાં મારી એક નવી ઓળખ થઇ છે લાડકા ભાઉની. આ તમામ પદથી શિરમોર છે અને હું એનાથી સંતુષ્ટ છું. હું મહારાષ્ટ્રમાં સમર્પણની ભાવના સાથે ત્યાં સુધી કામ કરીશ, જ્યાં સુધી મારા લોહીનું એક એક ટીપું વહી ન જાય. મહારાષ્ટ્રમાં જનતાને ઘર જેવો અહેસાસ કરાવ્યો છે અને એ લોકો હજી પણ નથી સમજી શકતા, એવું વિપક્ષ પર નિશાન તાકતાં તેમણે કહ્યું હતું.

એક બાર મૈં જો કમિટમેન્ટ કરતાં હૂં ફિર મૈં અપને આપકી ભી નહીં સુનતા, એવું કહીને

(જુઓ પાનું ૬) ▶▶

# મની લોન્ડરિંગ પ્રકરણે ૧૨ સ્થળે ઈડીની સર્ચ

મુંબઈઃ જાણીતી બુલિયન કંપનીને સંડોવતા બૅન્ક સાથેની છેતરપિંડીના કેસ સાથે કડી ધરાવતા મની લોન્ડરિંગ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના મુંબઈ ઝોનલ અધિકારીઓએ ૧૨ સ્થળે સર્ચ હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ મુંબઈ ઝોન દ્વારા મની લોન્ડરિંગની તપાસ દરમિયાન ગુરુવારે સર્ચ હાથ ધરાઈ હતી. સર્ચ દરમિયાન ઈડીને મોટા પ્રમાણમાં સ્થાવર અને જંગમ મિલકતની માહિતી મળી હતી, જેમાં બૅન્ક ફંડ્સ અને અન્ય કેટલાક દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

સેન્ટ્રલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશને (સીબીઆઈ) એફઆઈઆર નોંધ્યા પછી આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. બે સરકારી બૅન્કને ૧૪૨.૭૨ કરોડ રૂપિયાનું કથિત નુકસાન પહોંચાડવાના મામલે સીબીઆઈએ બુલિયન કંપની સહિત અન્યો

(જુઓ પાનું ૬) ▶▶

# આઠવલેને આવ્યો ફ્રોડ કૉલ

## વિદ્યાર્થીઓ અકસ્માતમાં ઘાયલ થયાનું જુઠ્ઠાણું ચલાવીને પૈસાની કરી માગણી

મુંબઈઃ શાળાના વિદ્યાર્થીઓ સાથેના વાહનને અકસ્માત નડ્યો હોવાથી ઇજાગ્રસ્ત વિદ્યાર્થીઓની સારવાર માટે રૂપિયા જરૂર હોવાનું જુઠ્ઠાણું ચલાવીને કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલે સાથે ઠગાઇ આચરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે તેમના આસિસ્ટન્ટની સતર્કતાને કારણે ઠગાઇ ટળી હતી. કેન્દ્રીય પ્રધાન આઠવલે શુક્રવારે બિહારમાં એક કાર્યક્રમ માટે ગયા હતા. એ સમયે તેમને એક કૉલ આવ્યો હતો. કૉલરે પોતાની ઓળખ શિર્ડીના શિક્ષક તરીકે આપી હતી અને કહ્યું હતું કે ગોંદિયામાં તેની શાળાના વિદ્યાર્થીઓ સાથેના વાહનને અકસ્માત નડ્યો છે, જેમાં આઠથી દસ વિદ્યાર્થી ઘાયલ થયા છે. તેમની સારવાર માટે જીપે થકી નાણાંની માગણી કૉલરે કરી હતી.

આઠવલેએ જણાવ્યું હતું કે મેં ગોંદિયામાં મારા પક્ષના કાર્યકરોને ફોન કરીને મદદ કરવાનું કહ્યું હતું. ટૂંક સમયમાં જ મને કૉલરે ફરી કૉલ કરીને કહ્યું હતું કે અકસ્માત ભંડારામાં થયો છે અને બાળકોને મુંબઈની જે.જે. હોસ્પિટલમાં ખસેડવાના છે.

આઠવલેએ જણાવ્યું હતું કે વિદર્ભનું સૌથી મોટું શહેર નાગપુર ભંડારાથી મુંબઈ કરતાં વધુ નજીક હોવાથી મને કૉલરની વાત પર શંકા ગઇ હતી. મારા આસિસ્ટન્ટ સચિન ભાટીએ તપાસ કરતાં કૉલ બોગસ હોવાનું જણાયું હતું. આથી ભાટીએ મને નાણાં ટ્રાન્સફર ન કરવાનું કહ્યું હતું. મેં પોલીસ પાસે તપાસ કરાવતાં શિર્ડીથી ગોંદિયા કોઇ જ ટ્રિપ ગઇ ન હોવાનું જાણવા મળ્યું હતું. હવે કૉલરનો નંબર હું તપાસ માટે ગૃહ વિભાગને આપીશ, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઇ)■

# સેક્સ્ટોર્શનમાં ફસાયેલા શિક્ષકે બદનામીના ડરથી અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવ્યું

## શિક્ષક પોલીસ સ્ટેશને તો ગયો, પણ વાત જાહેર થવાના ભયથી ફરિયાદ નોંધાવ્યા વિના પોલીસ સ્ટેશનેથી નીકળી ગયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી મુંબઈમાં બનેલી આંચકાજનક ઘટનામાં સેક્સ્ટોર્શનની જાળમાં ફસાયેલા શિક્ષકે સમાજમાં બદનામીના ડરે અટલ સેતુ પરથી દરિયામાં ઝંપલાવ્યું હતું. સગાંસંબંધીની સલાહથી શિક્ષક પોલીસ ફરિયાદ કરવા પોલીસ સ્ટેશને પણ ગયો હતો, પરંતુ વાત જાહેર થવાના ભયથી ફરિયાદ નોંધાવી નહોતી, એમ પોલીસનું કહેવું છે.

ઉલવે પોલીસના જણાવ્યા મુજબ પનવેલ તાલુકાના કુર્ડુસ ગામની જિલ્લા પરિષદની શાળાના શિક્ષક વૈભવ પિંગળે (૫૦)એ શુક્રવારની સવારે કથિત આત્મહત્યા કરી હતી. અટલ સેતુ પરથી પિંગળેએ દરિયામાં કૂદકો માર્યા પછી ફાયર બ્રિગેડ અને માછીમારોની મદદથી પોલીસે તેની શોધ હાથ ધરી હતી, પરંતુ શનિવારે મોડી સાંજ સુધી તેની કોઈ ભાળ મળી નહોતી.

પોલીસ ફરિયાદ અનુસાર સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ પરિવારને આંટો મારીને આવું છું કહીને પિંગળે ઘરથી નીકળ્યો હતો. પોતાની કારમાં તે નવી મુંબઈના ઉલવે ખાતે પહોંચ્યો હતો. અટલ સેતુ પર થોડે અંતરે ગયા પછી એકાએક તેણે કાર ઊભી રાખી હતી. કારમાંથી ઊતરીને તરત જ તેણે દરિયામાં કૂદકો માર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ અટલ સેતુ પર કારણ વગર વાહન ઊભું રાખવાની મનાઈ છે. સીસીટીવી

(જુઓ પાનું ૬) ▶▶

"ચારધામ ચા રાજા"
"સાવધાન"
‘યાત્રા રજીસ્ટ્રેશન નહિ હોય તો ચારધામ યાત્રા નહિ કરી શકો’
રેલવે બુકીંગ પણ શરુ થઇ ગયું છે એપ્રિલ નું..જલ્દી કરો નામ નોંધાવો
યમનોત્રી - ગંગોત્રી
કેદારનાથ - બદ્રીનાથ
એ.ડી. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
વધુ વિગત માટે સંપર્કઃ અજય દત્તાણી
9869070203, 7400170203
કુણાલ:9823996229, 8999152766

# આજે ત્રણેય લાઈનમાં બ્લોક

## બોરીવલી-ગોરેગાંવ વચ્ચે પાંચ કલાકનો બ્લોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણા માટે આજે રવિવારના ત્રણેય લાઈનમાં વિશેષ બ્લોક રહેશે. મધ્ય, પશ્ચિમ અને હાર્બર લાઈન પર મેઈન્ટેનન્સ વર્ક માટે પાંચ કલાકનો બ્લોક હાથ ધરવામાં આવશે. બ્લોકના સમયગાળા દરમિયાન લોકલ ટ્રેનસેવા પર અસર રહેશે, એમ રેલવેએ જણાવ્યું હતું.

પશ્ચિમ રેલવે પર બોરીવલી-ગોરેગાંવ વચ્ચે અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર સવારે ૧૦થી બપોરે ૩ વાગ્યા સુધી બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમય

(જુઓ પાનું ૬) ▶▶

# ‘એક રૂપિયો તો ભિખારી પણ નથી લેતા’ પાક વીમા મુદ્દે નિવેદન આપતા કૃષિ પ્રધાન વિવાદમાં

## લોકોએ ખેડૂતોને ભિખારી સાથે સરખાવવા બદલ તેમની ટીકા કરી

મુંબઇઃ મહારાષ્ટ્રમાં રાજ્ય સરકાર પાક વીમો યોજના ચલાવે છે, જે હેઠળ ખેડૂતોને એક રૂપિયાના નજીવા દરે પાક વીમો મળે છે. આ યોજના વિશે રાજ્યના કૃષિ પ્રધાનના એક નિવેદનની હાલમાં ટીકા થઈ રહી છે. આ યોજના પર સરકારની ઉદારતાનું વર્ણન કરતી વખતે તેમણે એવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો કે જેના કારણે તેઓ ટીકાને પાત્ર બની ગયા છે.

તેમણે ભિખારી શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે ખેડૂતો ગુસ્સે થયા હતા અને તેમના નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો. મહારાષ્ટ્રના કૃષિ પ્રધાને દાવો કર્યો હતો કે એક રૂપિયો એવી વસ્તુ છે, જે ભિખારી પણ લેતા નથી, પરંતુ સરકાર આટલી નજીવી રકમમાં ખેડૂતોને પાક વીમા આપી રહી છે જેનો કેટલાક લોકો દુરપયોગ કરી રહ્યા છે. તેમના આ નિવેદન પર કેટલાક લોકોએ ખેડૂતોને ભિખારી સાથે સરખાવવા બદલ તેમની ટીકા કરી

(જુઓ પાનું ૬) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.